# પ્રાવચનિક પ્રશ્નોત્તર

## તૃતીય પડાવ




પ્રવચનકાર

તપાગચ્છાધિપતિ, વ્યાખ્યાન વાચસ્પતિ

પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

# પ્રવચન અને પ્રશ્ન



આજે ઘણા ઉપદેશકો શ્રોતાઓને પ્રશ્ન કરતાં અટકાવે છે. પણ એ બરાબર નથી.

*શ્રોતા જો જિજ્ઞાસુ ભાવે પૂછતો હોય તો એનું સમાધાન કરવું જ જોઈએ. નહીં તો શંકાશીલ* રહીને એ શ્રોતા કદાચ મરી જાય, તો ધર્મમાં એટલી શંકા રહી ગયા બદલ ઉપદેશક ગુનેગાર ગણાય !

ભગવાનની વાણી સર્વથા સંશયો છેદનારી હતી. છતાં ભગવાન બધાને પ્રશ્ન કરવા દેતા હતા. તો પછી સાધુ તો પ્રશ્નકારને પ્રશ્ન કરતાં કેમ રોકી શકે ? એની વાણીમાં ક્યાં સર્વનાં સંશયોને છેદનારી લબ્ધિ છે ?

હૈયામાં કોઈ વાત ઝીલી લે અને પછી પ્રશ્ન કરે, એ જ સાચો પ્રશ્નકાર ગણાય. એ ભરસભામાં પણ 'ભગવંત' કહીને અને હાથ જોડીને એવા વિનયથી પ્રશ્ન રજૂ કરે કે, સાધુને જવાબ આપવો જ પડે.

વિજય રામચંદ્રસૂરિ.

|| સકલવાંછિતપ્રદાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ||
પરમારાધ્યપાદ શ્રીમદાત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્ર-મહોદય-મિત્રાનંદ-મહાબલસૂરીશ્વરેભ્યો નમઃ ||

# પ્રાવચનિક પ્રશ્નોત્તર

## જિનવાણી
તૃત્તીય પડાવ


**પ્રવચનકાર**
જૈન શાસન શિરતાજ તપાગચ્છાધિરાજ
પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજા

**સંકલક-સંપાદક**
વાત્સલ્યવારિધિ ગુરુદેવ
પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **મહાબલસૂરીશ્વરજી** મહારાજાના
પટ્ટધરરત્ન વિહરમાન ગચ્છાધિપતિ
પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય **પુણ્યપાલસૂરીશ્વરજી** મહારાજા



પ્રકાશક
**પાર્શ્વાભ્યુદય પ્રકાશન**
અમદાવાદ

# ગ્રંથ પરિચય


ગ્રંથનું નામ : પ્રાવચનિક પ્રશ્નોત્તર (તૃતીય પડાવ)

વિષય : પ્રશ્નોત્તરી (જિનવાણીઆદિમાંથી ચૂંટેલા સભાના પ્રશ્નો)

ઉત્તરદાતા : વ્યાખ્યાન વાચસ્પતિ

પૂ.આ.ભ. શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

સંપાદક : ગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રીમદ્ **વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મહારાજા**

પ્રકાશક : પાર્શ્વાભ્યુદય પ્રકાશન

પ્રથમ આવૃત્તિ : નકલ (પ્રતિકૃતિ) ૧૦૦૦

વિમોચન પર્વ : વૈશાખ સુદ ૬ / વિ.સં. ૨૦૭૨ / ૧૨-૫-૧૬ / ગુરૂવાર

પુણ્ય નિમિત્ત : પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યશ્રીજીનો ૮૦મો આચાર્ય પદ સ્મૃતિ દિન.

મૂલ્ય : સાહિત્ય સેવા

**ISBN** : 978-93-83984-13-2



સંપ્રાપ્તિ સ્થાન

**પાર્શ્વાભ્યુદય પ્રકાશન**

**રમેશભાઈ એમ. જૈન**


બી/૩૧-૩૨, ઘનશ્યામ એવન્યુ, ચોથે માળે, ઈન્કમ ટેક્સ, અમદાવાદ - ૩૮૦૦૧૪,

ફોન. : ૦૭૯-૨૭૫૪૨૮૮૩/૨૭૫૪૨૮૧૯. મો. ૯૮૨૫૦ ૧૮૨૬૪

E-mail : mail2pby@gmail.com


**ખાસ વિનંતી :** આ ગ્રંથની આશાતના ન થાય તેની પૂરી તકેદારી રાખવી તથા આ ગ્રંથના સ્વાધ્યાય બાદ આપને જરૂર ન હોય તો પ્રાપ્તિસ્થાનના સરનામે પુનઃ પાઠવવા વિનંતી. જેથી અન્યના ઉપયોગમાં આવી શકે.


**મુદ્રક :** લીપી, દાંડિયાબજાર, વડોદરા. ફોન : ૦૨૬૫-૨૪૩૪૩૧૦ **www.lippipress.com**





પૂછ્યું પ્રભુને 'તત્ત્વ શું છે ?' ત્રણ પદો પ્રભુએ કહ્યાં.

तस्मै श्रीगुरवे नमः

तस्मै श्रीगुरवे नमः




ન્યાયામ્ભોનિધિ પૂ.આ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી
(આત્મારામજી) મહારાજા



સદ્ધર્મસંરક્ષક પૂ.આ.શ્રી વિજય કમલસૂરીશ્વરજી મહારાજા



વચનસિદ્ધ પૂ.મહોપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજા



સિદ્ધાંતમહોદધિ પૂ.આ.
શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા



સકલાગમ રહસ્યવેદી પૂ.આ.
શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજા



દીક્ષાદાતા પૂ.મુનિપ્રવર
શ્રી મંગલવિજયજી મહારાજા



પૂ. મુનિ શ્રી રામવિજયજી મહારાજામાંથી
વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

બોલ્યા તમે એ વાતને વરસો થઈ ગયા;
દિલમાં હજીપણ રાતદિન પડઘાય છે અવાજ.
નહિતર અંધકારમાં રસ્તો જડે નહિ;
થઈને પ્રકાશ આપનો ફેલાય છે અવાજ.



પ્રથમ પ્રવચનથી પાવન થયેલી ઐતિહાસિક પ્રવચન પીઠ - સિનોર.

# પૂજ્ય પરમતારકશ્રીજીની તેજસ્વી તારીખ

| | |
|---|---|
| જન્મ | : વિ.સં. ૧૯૫૨, ફાગણ વદ-૪, મંગળવાર<br>૩-૩-૧૮૯૬, દહેવાણ |
| દીક્ષા | : વિ.સં. ૧૯૬૯, પોષ સુદ-૧૩, સોમવાર,<br>૨૦-૧-૧૯૧૩, શ્રી ગંધાર તીર્થ |
| વડીદીક્ષા | : વિ.સં. ૧૯૬૯, ફાગણ સુદ-૨, સોમવાર,<br>૧૦-૩-૧૯૧૩, વડોદરા-જાનીશેરી |
| વ્યાખ્યાન વાચસ્પતિ | : વિ.સં. ૧૯૮૭, કાર્તિક વદ-૩, |
| ગણિ-પંન્યાસ પદ | : રવિવાર, ૯-૧૧-૧૯૩૦, ભાયખલા |
| ઉપાધ્યાય પદ | : વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ-૧૪, બુધવાર,<br>૧૭-૪-૧૯૩૫, રાધનપુર |
| આચાર્યપદ | : વિ.સં. ૧૯૯૨, વૈશાખ સુદ-૬, રવિવાર,<br>૨૬-૪-૧૯૩૬, લાલબાગ (મુંબઈ) |
| સ્વર્ગારોહણ | : વિ.સં. ૨૦૪૭, અષાઢ વદ-૧૪, શુક્રવાર,<br>૯-૮-૧૯૯૧, દર્શન બંગલો, અમદાવાદ |
| અગ્નિ સંસ્કાર | : વિ.સં. ૨૦૪૭, અષાઢ વદ૦))+શ્રાવણ<br>સુદ-૧, શનિવાર, ૧૦-૮-૧૯૯૧<br>સાબરમતી, અમદાવાદ |

| | |
|---|---|
| સંસારી નામ | : શ્રી ત્રિભુવનકુમાર |
| પિતાનું નામ | : શ્રી છોટાલાલ રાયચંદ |
| માતાનું નામ | : શ્રી સમરથબેન |
| નિવાસ સ્થળ | : પાદરા |
| જીવન ઘડતર | : પિતાના દાદી રતનબા |
| દીક્ષિત નામ | : પૂ.મુનિરાજ શ્રી રામવિજયજી મ. |
| દીક્ષા દાતા | : પૂ.મુનિરાજ શ્રી મંગલવિજયજી મ. |
| ગુરુનું નામ | : પૂ.આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. |
| દીક્ષા જીવન ઘડતર | : પૂ.આચાર્યદેવ શ્રી વિજય દાનસૂરીશ્વરજી મ. |
| દીક્ષાની ઉંમર | : ૧૭ વર્ષ |
| દીક્ષા પર્યાય | : ૭૯ વર્ષ |
| આચાર્યપદ પર્યાય | : ૫૬ વર્ષ |
| સંપૂર્ણ આયુષ્ય | : ૯૬ વર્ષ |
| સ્વશિષ્ય સંપદા | : ૧૨૧ |
| આજ્ઞાવર્તી સાધુ સંખ્યા | : ૩૦૦ લગભગ (તે સમયે) |
| આજ્ઞાવર્તી સાધ્વી સંખ્યા | : ૪૫૦ લગભગ (તે સમયે) |

વર્તમાન-સામ્રાજ્યવર્તી સાધુ સંખ્યા : ૪૨૨

વર્તમાન-સામ્રાજ્યવર્તી સાધ્વી સંખ્યા : ૧૧૩૧

# પ્રસ્તુત પ્રકાશન પ્રસંગે

અમારી પ્રકાશન-સંસ્થા દ્વારા આયોજાયેલી
**'પૃચ્છના સ્વાધ્યાય'** તીર્થની પ્રકાશન યાત્રા
**'પ્રાવચનિક પ્રશ્નોત્તર'** નામના પડાવને અસ્ખલિત ગતિએ
સ્પર્શી રહી છે. તેનો અમને અપરંપાર આનંદ છે...
અમારી પ્રકાશન યાત્રાની પ્રગતિ જે પુણ્યપુરૂષની પુણ્યકૃપાનું પરિણામ છે.
તે પરમોપકારી, પરમહિતસ્વી, પરમગુરુદેવ
જૈન શાસન શિરતાજ, તપાગચ્છાધિપતિ, વ્યાખ્યાનવાચસ્પતિ
પૂ.આ.ભ.શ્રીમદ્ **વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
જૈન પ્રવચનમાંથી ચૂંટેલા સભાના પ્રશ્નોત્તરોને
**'પ્રાવચનિક પ્રશ્નોત્તર'** ના નવા નામ સાથે પ્રકાશિત કર્યા બાદ હવે તે જ
પૂજ્યપાદશ્રીના જિનવાણી વગેરે પ્રવચન સાહિત્યમાંથી
ચૂંટેલા સભાના પ્રશ્નોત્તરોને કરવાની તક સાંપડી રહી છે..
એ અમારું પરમતમ સૌભાગ્ય છે...
જે સન્માર્ગદર્શક ગુરુવર્યોનું સંપાદકીય સાન્નિધ્ય અમારી પ્રકાશનયાત્રાનો પ્રાણવાયુ છે
તે પરમોપકારી પૂજ્યોના ચરણે વંદના-પુષ્પ અર્પવા સાથે
અમારી પ્રકાશનયાત્રાને વેગવંતી બનાવનારા લાભાર્થી પરિવારોની
શ્રુતભક્તિ અને ગુરુભક્તિની અનુમોદના કરી
ધન્યતા અનુભવીએ છીએ...
**શ્રી પાર્શ્વાભ્યુદય પ્રકાશન**-અમદાવાદ.

# પૃચ્છના સ્વાધ્યાય મહિમાષ્ટક

## વિવેક : અમૃતનો અભિષેક

જ્યારે જિનેશ્વરદેવ કેવલજ્ઞાન પામ્યા તે પળે,
દેવો પધાર્યા સમવસરણમ્ સ્થાપના થઈ શુભસ્થળે;
થઈ દેશના કંઈ કેટલા ઉત્તમ મનુષ્યો મુનિ થયા,
પૂછ્યું પ્રભુને **'તત્ત્વ શું છે ?'** ત્રણ પદો પ્રભુએ કહ્યાં. ।।૧।।

**'ઉપ્પન્નેઈ વા વિગમેઈ વા ધુવેઈ વા'** ત્રિપદી મળી,
ને ગણધરોએ દ્વાદશાંગી શાસ્ત્રની રચના કરી;
વિશ્વાતિશાયી સર્વવિષયક જ્ઞાન અહીં ઝળકી રહ્યું,
જો પ્રશ્ન પૂછ્યા ગણધરે, મહાજ્ઞાન આ ત્યારે મળ્યું. ।।૨।।

આ જગત કેવું ? કોણ હું ? ભગવાન છે ? તે ક્યાં વસે ?
સુખ એટલે શું ? ક્યાં મળે ? અજ્ઞાન શી રીતે ખસે ?
આ તત્ત્વજિજ્ઞાસા જરા જાગે હૃદયમાં જ્યારથી,
જ્ઞાનાવરણ-મિથ્યાત્ત્વકર્મ ક્ષય પળેપળ ત્યારથી. ।।૩।।

શ્રી ગૌતમસ્વામી પૂછે પ્રભુવીર ઉત્તર દે અને,
સદ્‌બોધ રત્નનિધાન જેવું ભગવતી આગમ બને;
પ્રશ્નોત્તરો અહીં છે હજારો જ્ઞાનજ્યોતિ ઝળહળે,
અહીં પરમપદનો પરમપથ સહેજે સરળતાથી મળે. ।।૪।।

શ્રી પુણ્યપાલ નરેશ પૂછે સ્વપ્નના ઉત્તર અને,
પ્રભુવીર ભાખે ભરતનું ભાવિ પરમહિતકર બને;
શ્રી હીરપ્રશ્ન શ્રી સેનપ્રશ્ન શ્રી વિવિધ પ્રશ્નોત્તર મળે ,
જ્યાં દેશ-કાળ વિચારવશ પ્રગટેલ સૌ શંકા ટળે. ॥૫॥

છે પ્રશ્ન વ્યાકરણમ્ વગેરે શાસ્ત્ર પ્રશ્નોત્તર ભર્યા,
પ્રશ્નોત્તરોથી જીવ બહુ અજ્ઞાન મહાસાગર તર્યા;
શું વિધિ-અવિધિ શું હિત-અહિત, શું પુણ્યપાપ વિવેક આ,
પ્રશ્નોત્તરોથી તરત પ્રગટે, **અમૃતનો અભિષેક** આ. ॥૬॥

''લબ્ધાર્થ ને ગૃહીતાર્થ પૃચ્છિતાર્થ હોય સુશ્રાવકો
ગીતાર્થને શાસ્ત્રાર્થ પૂછે સતત શ્રમણોપાસકો;''
શાસ્ત્રો કહે, ''જે આમ સત્યાસત્યનો નિશ્ચય કરે,
જે પ્રશ્ન પૂછતા જાય તે મતિમંત બહુશ્રુતતા વરે''. ॥૭॥

પ્રશ્નોત્તરોને વાંચવા તે **વાચના** સ્વાધ્યાય છે,
ગીતાર્થને જે પૂછવું તે **પૃચ્છના** સ્વાધ્યાય છે ;
જે પ્રશ્ન-ઉત્તર દે મુનિ, સ્વાધ્યાય ધર્મકથા કહ્યો ,
આનંદ-કર્મક્ષય અહીં ક્રમસર અધિક શ્રુતમાં કહ્યો. ॥૮॥

-:રચના:-
**કવિહૃદય**
**પૂ.પં.શ્રી મોક્ષરતિવિજયજી ગણિ.**

# Questions are the answers

તમારાં મનમાં પ્રશ્ન જાગે છે અથવા તમને પ્રશ્ન પૂછવામાં આવે છે, આ બન્ને પરિસ્થિતિમાં જવાબ સુધી પહોંચવું આવશ્યક છે. ડિટેક્ટિવ વાર્તાઓમાં અંતે તમને જવાબ મળે છે. સાધનામાં તો જ્યારે સવાલ જાગે ત્યારે જ જવાબ મળવો જોઈએ કેમ કે પ્રશ્ન અથવા સવાલ, તમારી શ્રદ્ધાને પ્રભાવિત કરી શકે છે. પ્રશ્ન પૂછનાર તમારી પરીક્ષા લેવા માંગતો હોય એવું પણ બની શકે. પ્રશ્ન પૂછનાર પોતાનું જ્ઞાન ચકાસીને આત્મવિશ્વાસ પામવા માંગતો હોય એમ પણ બને. પ્રશ્ન પૂછનાર તમારી બોલતી બંધ કરીને જીતવા માંગતો હોય - એવું પણ હોઈ શકે. પ્રશ્ન પૂછનાર તમારી રજૂઆતને ખીલવવા માંગતો હોય એવું પણ હોઈ શકે. તમારી વ્યક્તિમત્તા માટે કોઈ સવાલ ઊઠે તો એનો જવાબ તમારા વર્તનના આધારે નક્કી થાય છે. પરંતુ સવાલ જો વાણી દ્વારા આવ્યો હોય તો જવાબ વાણી દ્વારા જ આપવો પડે છે. તમે સવાલ પૂછનારની વાત ટાળી શકો છો. તમે વાત ઉડાવી દો એવું પણ બને. સવાલ જે જવાબની પ્રતીક્ષામાં હોય છે તે પ્રતીક્ષા તો ઊભી જ રહે છે.

**એલેન પીઝનું પુસ્તક સરસ મથાળું ધરાવે છે :**

Questions are the answers. અર્થાત્ તમારો સવાલ જ તમને જવાબ સુધી પહોંચાડે છે. પ્રશ્ન અથવા સવાલ જાગે જ નહીં તો પ્રગતિ થાય જ નહીં. પ્રશ્નો ઊભા થવા જોઈએ. પ્રશ્નોને અનુરૂપ જવાબ મળવા જોઈએ. ઘણી વખત તો અઘરો લાગતો પ્રશ્ન, સરળ જવાબ દ્વારા પૂરો થઈ જતો હોય છે અને ક્યારેક સરળ લાગતો પ્રશ્ન માથાભારે નીવડે છે.

**षड्दर्शन** નો અભ્યાસ કરતી વખતે **ननु** અને **न च** દ્વારા પ્રશ્ન પૂછવામાં આવે છે તે સમજાયું હતું. **ननु** અથવા **अथ** થી પ્રશ્ન શરૂ થાય તે **इति वाच्यम्** પર પૂરો થાય. **इति चेद् न** વાળો લય દરેક ટીકાગ્રંથોને સમૃદ્ધ બનાવે છે. **अधिगम** સમ્યગ્દર્શન સવાલ-જવાબ વિના સંભવે કે કેમ તે સ્વયં એક પ્રશ્ન છે. અવિશ્વાસ મૂલક સંશય અને શંકાઓ જોખમી છે. જિજ્ઞાસા અને જ્ઞાનપિપાસા આધારિત સવાલો અને પ્રશ્નો આવકાર્ય છે.

સાંભળતા સાંભળતા મનમાં પ્રશ્ન જાગે તે વક્તાને પૂછી લેવો જોઈએ. વાંચતા વાંચતા પ્રશ્ન જાગે તો જ્યાં પ્રશ્ન જાગ્યો ત્યાં નિશાની કરીને અનુભવી વ્યક્તિ પાસે ખુલાસો મેળવી લેવો જોઈએ. બેઠાં બેઠાં કે કામ કરતાં કરતાં પ્રશ્ન થયો તો તે કાળજી પૂર્વક નોંધપોથીમાં ટપકાવી લેવો જોઈએ. ઉચિત માર્ગદર્શક સાથે ચર્ચા કરીને એનો જવાબ મેળવી લેવો જોઈએ. **પૂછતા નર પંડિત.**

એક વધુ કામ કરી શકાય. જ્યાં જ્યાં પ્રશ્નો પૂછાતા હોય તે જગ્યાએ તે પ્રશ્નોને સમજવાની કોશિશ કરવી જોઈએ. પ્રશ્નનો જવાબ સાંભળવા કે વાંચવા મળે છે તેને લીધે પ્રશ્ન સહેલો લાગે છે. જો એ પ્રશ્નનો જવાબ તમારે આપવાનો હોય તો તમે શું જવાબ આપો? તે તે પ્રશ્નો પૂછાયા હોય અને તેનો જવાબ તમારે આપવાનો ન હોય એ ભૂમિકાએ જે પ્રશ્ન સાધારણ લાગતો હોય છે એ જ પ્રશ્ન, તમારી પાસેથી જવાબ આવે તેવી ભૂમિકા ધારણ કરે તો-અઘરો લાગે છે.

પ્રશ્નોત્તરીનાં પુસ્તકો વાંચતી વખતે હું બે કામ કરતો હોઉં છું. એક, કેવળ પ્રશ્ન વાંચું. જવાબ ન વાંચું અને એ પ્રશ્નનો મારી પાસે શો જવાબ છે તે વિચારું. બે, કેવળ જવાબ વાંચું, પ્રશ્ન ન વાંચું અને તે જવાબ પરથી શોધવાનો પ્રયત્ન કરું કે પ્રશ્ન શું છે? પ્રશ્નનો જે જવાબ મે વિચાર્યો હોય તે કરતાં જુદો જવાબ પુસ્તકમાં વાંચવા મળશે તો

મારી જ્ઞાનવૃદ્ધિ થશે તે વિશ્વાસ રાખું. એ વિશ્વાસ સાચો જ પડે. મે વિચારેલો જવાબ અને પુસ્તકમાં રજૂ થયેલો જવાબ - બેયની તુલના કરું. જો મારા જવાબમાં કચાશ જણાય તો પણ હું ફાયદામાં રહું કેમ કે પુસ્તકનો પાક્કો જવાબ, આ રીતે વાંચ્યાં પછી યાદ જ રહી જાય. પ્રશ્ન વિના વાંચેલો જવાબ, સહેજસાજ ઉપદેશ જેવો જણાય. એમાંથી હું પ્રશ્નનાં પગલાં શોધું. મનમાં જે પ્રશ્ન બને તેને લઈને હું પુસ્તકમાં રહેલા પ્રશ્નને વાંચું. તુલના કરું. આ રીતે તે તે પ્રત્યુત્તરની ભૂમિકા સમજું.

એક જવાબ વાંચો : શાસ્ત્ર કહે છે કે સુતર્ક કરતાં કુતર્ક અનેક ગુણા છે. એવા કુતર્ક કરનારાને બધા ઉત્તર આપવાની જરૂર નથી. (જવાબ આપનાર) ગમે તેવો તત્ત્વજ્ઞાની હોય પણ સામો (માણસ) પછી, પછી, પછી એમ પૂછ્યા કરે તો અંતે એને એમ જ કહેવું પડે કે પછી પછીત અને આગળ ભીંત. અમે હાર્યા અને તું જીત્યો, બસ તારા જેવાથી હારવામાં જ અમારું કલ્યાણ છે. (પ્રશ્ન : ૨૪૮)

આ જવાબ પર વિચાર કરશો તો તમને સવાલ શું છે એ નહીં સમજાય તમને થશે કે એવો તે કેવો પ્રશ્ન છે જેનો જવાબ આ રીતે આપવો પડ્યો? હવે તમે પ્રશ્ન વાંચો : ચોખા તથા બદામ વગેરે મંદિરમાં મુકાય. પછી તે વેચાય, ફરતાં શ્રાવકનાં ઘરમાં આવે ને એના પેટમાં જાય તો દેવદ્રવ્યના ભક્ષણનો દોષ ન લાગે ?

સવાલ સરળ લાગે છે. ચાલુ વ્યાખ્યાનમાં પૂછાયેલો આ પ્રશ્ન, જે ભૂમિકાથી પૂછાયો છે તે સમજવા માટે આ પંક્તિઓ વાંચો : આ બધા પ્રશ્નો મિથ્યાભ્રમ પેદા કરનારા છે. બરાબર વિચાર કરો. ધર્મથી ખસેડવા માટે ધર્મના વિરોધીઓએ ઉપજાવી કાઢેલા આ બધા પ્રશ્નો છે. મંદિરમાં ચોખા-બદામ મૂકવા જ નહિ એવું ઠસાવવાનો એમનો હેતુ છે. વસ્તુનું સંપૂર્ણતયા રૂપાંતર થઈ જાય પછી આવા પ્રશ્નો ઊભા રહેતા નથી.

જવાબ વાંચ્યા પછી સવાલ વાંચ્યો અને સવાલ જાણ્યા પછી ફરીથી જવાબ વાંચ્યો તો ફરક સમજાશે જ. સવાલ શું છે તે અગત્યનું છે એમ સવાલ શું કામ પૂછાયો છે તે પણ અગત્યનું છે. સારા ભાવે પૂછાયેલ પ્રશ્નનો જવાબ જુદો હોય અને નઠારા ભાવે પૂછાયેલ પ્રશ્નનો જવાબ અલગ હોય. આજના સમયે વ્યાખ્યાન દરમ્યાન પૂછાતા પ્રશ્નો માટે આ નીતિ અપનાવવી પડે છે. અલબત્, **હીરપ્રશ્ન, સેનપ્રશ્ન** જેવા પ્રશ્નોતરી ગ્રંથોમાં આ નીતિ નથી. તેનું કારણ પણ છે. એ લિખિતરૂપે પ્રશ્ન પૂછાયા છે અને તેના જવાબ લિખિત રૂપે અપાયા છે. **''પ્રાવચનિક પ્રશ્નોત્તર''** આ પુસ્તકમાં પ્રશ્ન અને ઉત્તર, વ્યાખ્યાન સમયે થનારા વાર્તાલાપ રૂપે સંગૃહીત છે. જે ક્ષણે પ્રશ્ન આવ્યો એ જ ક્ષણે જવાબ આપી દેવો એવી સંકલ્પના સ્પષ્ટ છે. હવે, તમે અમુક પ્રશ્નો વાંચો.

૧. ગુણમાં દોષ શી રીતે ? (પ્રશ્ન ૧૦૧)
૨. એકલા જાપથી કર્મક્ષય થાય કે નહીં ? (પ્રશ્ન ૨૫)
૩. સમજવા માટે શંકા કરે તો મિથ્યાત્વ લાગે ? (પ્રશ્ન ૨૯૫)
૪. સંવરની ક્રિયામાં સ્વરૂપહિંસા ન આવે ? (પ્રશ્ન ૩૧૯)
૫. આજે અન્યાયનું ધન ધર્મમાં વપરાય છે તે બરાબર છે ? (પ્રશ્ન ૪૫૧)
૬. અનુભવ વગરનું જ્ઞાન સમ્યક્ કહેવાય ? (પ્રશ્ન ૩૬૯)
૭. જીવનભર પાપ કરનારને સમાધિમરણ મળે ખરું ? (પ્રશ્ન ૨૯૨)
૮. પૂજા અને વ્યાખ્યાનમાં પ્રધાનતા કોની ? (પ્રશ્ન ૩૪૬)
૯. સમ્યગ્દર્શન સંસાર ન ગમે તો જ આવે કે સંસારને સારો ન માને તોયે આવે ? (પ્રશ્ન ૩૬૩)

આ પ્રશ્નોના જવાબ તમારી પાસે છે ? જો છે તો એ જવાબ શું છે તે સ્પષ્ટ કરી લો અને પછી આ પુસ્તકમાં તે પ્રશ્નના જે જવાબ આપેલા છે તેની સાથે તુલના કરી જુઓ.

પ્રશ્નના જવાબ તત્કાળ અપાયા છે. છતાં સ્પષ્ટ છે અને પ્રેરણાદાયી છે.

આજનો યુગ મુખપત્રોનો છે. દરેક મુખપત્રોમાં પ્રશ્નોત્તરી હોય છે. પ્રશ્ન ઉપર અને નીચે જવાબ - આ રીતે પ્રશ્નોત્તર વાંચવા મળે છે. એવા પ્રશ્નોત્તરને પુસ્તક રૂપે છાપવામાં વિષય વિભાજન સિવાયનું સંપાદનકાર્ય ઓછું હોય છે. આ પુસ્તકમાં પ્રસ્તુત પ્રશ્નોત્તરો મુખ્યત્વે વ્યાખ્યાન સાહિત્યમાંથી ઉદ્ધૃત છે. દરેક પ્રશ્ન સભામાંથી પૂછાયેલો છે અને તે પ્રશ્નની પૂર્વે કોઈ એક વિષયની છણાવટ ચાલી રહી હતી તેના સંદર્ભે પૂછાયો છે. પ્રશ્નોત્તરનું સંકલન કરતી વખતે કેવળ પ્રશ્ન અને તે સાથેનો ઉત્તર, આ બેયને લઈને સંપાદકશ્રી અટકી ગયા નથી. સંપાદકશ્રીએ પ્રશ્નની ભૂમિકા પણ રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

મૂર્તિ વિના કોઈ વીતરાગ થયા છે ? (પ્રશ્ન ૯૫) આ પ્રશ્નનો જવાબ સમજાય તે માટે દોઢ પાનાની ભૂમિકાની ઉપસ્થિતિ આવશ્યક હતી. સંપાદકશ્રીએ પ્રશ્નો માટે આ રીતે દરેક આવશ્યક સ્થળે કાળજી લીધી છે. તેને લીધે આ પ્રશ્નોત્તરનું સ્તર ઉચ્ચકક્ષાનું બન્યું છે.

સંપાદકે પ્રશ્નોત્તરનું વિષયવિભાજન કર્યું છે તેને લીધે સમાન વિષયક પ્રશ્નો એક સાથે વાંચવા મળે છે. કથાનુયોગ શ્રેણિના આ પ્રશ્નો જુઓ :

૧. સીતાજીને દીક્ષા આપી ત્યારે શ્રી રામચંદ્રજી વગેરે ત્યાં આવીને તોફાન કરત તો ? (પ્રશ્ન ૩૧)

૨. રાવણને નિયમ હતો માટે બળાત્કાર ન કર્યો, પણ બળાત્કાર કર્યો હોત તો સીતાજી શું કરત ? (પ્રશ્ન ૪૭)

૩. શ્રેણિક મહારાજા પણ ત્રિકાળપૂજા કરતા અને પુણિયો શ્રાવક પણ ત્રિકાળપૂજા

કરતો-છતાં પુણિયાનો શ્રેણિક મહારાજાએ ઉદ્ધાર ન કર્યો ? (પ્રશ્ન ૪૧)

૪. મરુદેવા માતાએ પૂર્વે તપ નહોતો કર્યો ? (પ્રશ્ન ૪૩)

૫. જેમ ચંદનબાળાની માતાએ શીલ માટે શરીરનો ત્યાગ કર્યો તે રીતે શરીરનો ત્યાગ કરનારની ગતિ સારી થઈ શકે ? (પ્રશ્ન ૪૪)

૬. શ્રી મલ્લિનાથ ભગવાનની માયા પ્રશસ્ત હતી ? (પ્રશ્ન ૫૨)

૭. ધર્મરુચિ અણગારને આજ્ઞા આહાર પરઠવવાની હતી, છતાં વાપરી કેમ ગયા? (પ્રશ્ન ૭૭)

આ પ્રશ્નો વાંચીને પણ તબિયત ખુશ થઈ જાય છે. વિષયવિભાજન અનુસાર - ઈતિહાસ, સ્ત્રી, કેવળી-કેવળજ્ઞાન, સાધુ, ક્ષમાપના, ખાદી, ગોચરી, ગ્રહણ, જિનપૂજા, જિનમંદિર, જિનેશ્વર, જ્ઞાન, દાન, દીક્ષા, ધર્મ, ધાર્મિક વહીવટ, ગુરુ, જિનાજ્ઞા, જિનપ્રતિમા, અને અન્ય અનેક વિષયો છે.

**મહત્ત્વની વાત હવે આવે છે.**

આ પ્રશ્નોના ઉત્તરદાતા છે મહામહિમ, સૂરિસમ્રાટ્, પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્ **વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા.** આ એક નામ જે ગ્રંથ સાથે જોડાય તે ગ્રંથ ધન્ય થઈ જાય. પ્રશ્નો પૂછનારા તો આજે ઘણા મળે છે. ખોટ વર્તાય છે યથાર્થ ઉત્તરદાતાની. આ પુસ્તકમાં રજૂઆત પામેલા પ્રત્યેક ઉત્તર જે સૂરિ ભગવંતના છે તેમણે આશરે સો વરસ પૂર્વે, જૈનશાસન અને સકલ શ્રી સંઘને બાધિત કરી રહેલા કેટલાય પ્રશ્નોને પોતાની પ્રતિભા અને વાણીનાં બળે ખાખ કરી નાંખ્યા હતા. કલ્પસૂત્રના પ્રારંભે સાંભળવા મળે છે તેમ **पुरुषविश्वासे वचनविश्वास** : ।। તે સૂરિ-ભગવંતે લગભગ સિત્તેર વરસ સુધી વ્યાખ્યાનો આપ્યા. **જૈનપ્રવચન** અને **જિનવાણી** અને **પ્રભાવક જિનવાણી**નાં હજારો પાનાંઓ તેમ જ આશરે ચારસોથી વધુ પુસ્તકો તેમ જ અનેક

મુખપત્રોના મુખ્યપાનાઓ, આ સૂરિભગવંતની વાણીના અજસ્ર પ્રવાહ દ્વારા છલકાતાં જોવા મળે છે. તેઓ શ્રીમદ્‌નાં જીવનની એક એક ઘટના ઈતિહાસને અજવાળી રહી છે, અજવાળતી રહેશે. **આ પ્રશ્નોત્તર ગ્રંથમાં તેઓ શ્રીમદ્‌નું પ્રતિભા બળ અને જ્ઞાન બેય અનુભવવા મળે છે તેને લીધે આ ગ્રંથ સ્વયં શાસ્ત્રીય સંદર્ભ બને છે.**

મુનિવર શ્રી સૌમ્યભૂષણ વિજયજીમ.એ આ ગહન ગંભીર ગ્રંથની પ્રસ્તાવના લખવા માટે મને ઘણો જ પ્રેમાળ આગ્રહ કર્યો તે મારું સૌભાગ્ય છે. જે મહાપુરુષ મારા જીવનની પ્રસ્તાવના લખીને ગયા છે તેમને માટે પ્રસ્તાવના લખવા મળે તે એક અહોભાવાનુભૂતિ છે.

સુવિશાલ ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યભગવંત્ શ્રીમદ્ **વિજય પુણ્યપાલ સૂરીશ્વરજી મહારાજાએ** વિવિધ સ્તરીય પ્રશ્નોત્તરોનું બૃહત્કાય સંપાદન કાર્ય પોતાના વિનયી શિષ્યપરિવારને સોંપ્યું છે. ગચ્છાધિપતિભગવંતનો શિષ્ય પરિવાર અત્યાર સુધી દસ થી વધુ પ્રશ્નોત્તર ગ્રંથ સંપાદિત કરી ચૂક્યો છે. મજાની વાત એ છે કે દરેક ગ્રંથના સંપાદક તરીકે કેવળ ગચ્છાધિપતિભગવંતનું નામ જ, શિષ્યપરિવાર લખે છે. **ગુરુ અને શિષ્ય વચ્ચેનો આ આત્મીયભાવ આ પ્રશ્નોત્તર ગ્રંથોની શ્રેણિને શાસ્ત્રીયગ્રંથોની શ્રેણિમાં બિરાજમાન કરશે એવું કહેવામાં કોઈ જ અતિશયોક્તિ નથી.**

**ગણધરવાદ** અને **દ્વાદશાંગી** રચનાનું પ્રારંભ બિંદુ પ્રશ્નોત્તર છે. પ્રશ્નોત્તરની આ મહાન્ પરંપરા અમર રહો.

**અમર સ્વરૂપ સંકુલ** **દેવર્ધિ**

**પારડી – નાગપુર** **આસો સુદ પંચમી**

**વિ.સં.૨૦૭૨**

# શ્રાદ્ધઃ શ્રોતા સુધીર્વક્તા

કર્મયોગે સંસારમાં રઝળપાટ કરી રહેલા જીવાત્માઓને કંઈક કર્મલઘુતા થવાના યોગે પરમાત્મ શાસનના તારક તત્ત્વને જાણવા-સમજવાની જિજ્ઞાસા જાગતી હોય છે. અને જિજ્ઞાસાનું સાચું સમાધાન અહીં જ મળશે એવી શ્રદ્ધા અને વિશ્વાસ સાથે તે ભવ્યાત્માઓ સર્વજ્ઞ શાસનના તત્ત્વમર્મજ્ઞ મહાત્માઓ પાસે આવતા હોય છે. આવા તત્ત્વપિપાસુ જીવોની તત્ત્વ જિજ્ઞાસાને સંતોષવાનું પરમકર્તવ્ય શ્રી સુધર્મા સ્વામીજીની પ્રવચન પીઠને શોભાવતા દરેક અધિકારી મહાત્માઓએ સુપેરે બજાવવું જ જોઈએ. **ચાલુ પ્રવચનમાં પ્રશ્ન પૂછવાની ના કહેવી કે પછી શ્રોતાને પ્રશ્ન પૂછતા અટકાવવા તે વાત પ્રવચનકારની ખામીને સૂચવે છે.**

આ જ રીતે પ્રશ્ન કરનાર શ્રોતામાં પણ એટલો તો વિવેક હોવો જ જોઈએ કે પ્રશ્નો જે વાત ચાલતી હોય તેને અનુરૂપ વિષયાંતર ન થાય તે રીતે, અસ્ખલિત વહેતી પ્રવચનધારા તૂટી ન જાય તે રીતે અને મુખ્ય પદાર્થ સમજવાનો રહી ન જાય તે રીતે પૂછાય. સાચો શ્રોતા એવો બહુશ્રુત, ગંભીર ને પીઢ હોય કે-ક્યારેક નવા-સવા વક્તાની ગાડી ક્યાંક ઉંધે પાટે ચઢી ગઈ હોય તો એવો પ્રશ્ન પૂછે કે-તે ગાડી આપમેળે સીધે રસ્તે આવી જાય અને પ્રસ્તુત વિષય પણ વધુને વધુ ખીલી જાય... માત્ર ટહુકા કરવા, સભાને હસાવવા, સભાને ડહોળી નાંખવા, સભામાં છવાઈ જવા, પોતાની વિદ્વત્તાનું પ્રદર્શન કરવા કે વક્તાને ઝાંખા પાડવા વગેરે આશયથી પ્રશ્નો પૂછનાર શ્રોતા જિનવાણીની આશાતનાનું મહાપાપ બાંધે છે.

માટે જ વકતા અને શ્રોતા બન્નેએ પોતપોતાની ફરજને બરાબર સમજી તે મુજબના આચરણથી જીવનને મંડિત બનાવવું આવશ્યક છે.

વચનસિદ્ધ મહાપુરુષ, પ્રદાદાગુરુદેવ પૂ. ઉપાધ્યાય **શ્રી વીરવિજયજી** મહારાજાની અમોઘ આજ્ઞા-આશિષને ઝીલીને મુનિ **શ્રી રામવિજયજી** મહારાજે દીક્ષાના પ્રથમ વર્ષે જ સિનોર મુકામે પ્રવચનદાનનું સર્વ પ્રથમ મંગલાચરણ કર્યું.

અંતરંગ ગુરુકૃપાના પ્રભાવે જિનશાસન અને જિનવચનના મર્મજ્ઞ બનેલા મુનિ **શ્રી રામવિજયજી** મહારાજની ભવતાપ-સંતાપને હરનારી વાણી દીક્ષાના પાંચમાં વર્ષથી ગંગા પ્રવાહની જેમ અસ્ખલિત વહેતી થઈ. ભારતવર્ષને પાવન કરનારી તે વાણી ગંગાનું વિ.સં. ૧૯૮૫ ની સાલે મોહમયી મુંબઈમહાનગરીમાં આગમન થયું. અગણિત ભવ્યાત્માઓના પાપમળને પખાળવામાં અને ભવતાપ-સંતાપને હરવામાં સફળ નીવડેલી આ વાણી ગંગા ઘરઘરમાં અને ઘટઘટમાં વહેતી થાય તો ખૂબ લાભ થાય. એવી સદ્‌ભાવના પરમગુરુદેવ પૂ.આ.ભ.શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના હૈયે પ્રગટી સુશ્રાવક **ભગવાનદાસભાઈ** હાલાભાઈએ (પછીથી પૂ.પં.શ્રી ભદ્રંકર વિ.ગ.) તે ભાવનાને સાકાર કરવાના સંકલ્પ સાથે પ્રશસ્ય પુરુષાર્થ આદર્યો તે પુરુષાર્થનું પુણ્ય પરિણામ એટલે જ "**જૈન પ્રવચન**" સાપ્તાહિકનો પુણ્ય પ્રારંભ.......!

શ્લોક અને શ્લોકના અર્થનું નિરુપણ કરનારા વ્યાખ્યાનકારોનો એ સમય હતો તે પ્રકારના વ્યાખ્યાનને સમજી શકે તેવો શ્રોતાવર્ગ પણ ત્યારે વિદ્યમાન હતો પરંતુ એક જ શ્લોક પર આખું વ્યાખ્યાન આપી શકે અથવા તો એક જ શ્લોક પર દિવસોના દિવસો સુધી વ્યાખ્યાન આપી શકે તેવા વ્યાખ્યાનકાર તરીકે મુનિ **શ્રી રામવિજયજી** મહારાજ

નોખા તરી આવતા હતા.

મુનિશ્રીના વ્યાખ્યાનની ઘણી બધી વિશેષતાઓ પૈકીની ઉડીને આંખે વળગે તેવી બે વિશેષતાઓ હતી. ૧) પ્રસ્તુતિની સરળતા.... સામાન્યમાં સામાન્ય શ્રોતા પણ સરળતાથી વિષયને સમજી શકે ભાષાનું તેવું સરલીકરણ.. અને ૨) પ્રશ્નોત્તર પદ્ધતિ. વ્યાખ્યાન હોય કે વાચના હોય પૂજ્યશ્રીની એક આગવી શૈલી હતી કે કોઈ પણ વાત શ્રોતાના મગજમાં જડબેસલાક બેસાડી દેવા માટે તેઓ સભાને હંમેશા બોલતી રાખતાં પૂજ્યશ્રીની પ્રવચન સભાઓમાં પ્રશ્નોની ઝડીઓ વરસતી ક્યારેક તેઓશ્રી સ્વયં પ્રશ્ન ઉઠાવે અને સભામાંથી જવાબ મેળવે તો ક્યારેક સભામાંથી પ્રશ્ન ઉઠે અને તેના સહજતાથી સરળતાથી અને શાંતિથી સમાધાન આપી સૌને મંત્રમુગ્ધ કરી દે. પૂજ્યશ્રી હાજરજવાબી કહેવાતા હજી પ્રશ્ન પૂરો થાય તે પૂર્વે જ પૂજ્યશ્રીના મુખમાંથી જવાબ વહેતો થઈ જાય. પ્રશ્નોત્તરીની આવી જુગલબંદીને સાંભળવાની ઉત્સુકતા શ્રોતાજનો સતત અનુભવતા માટે જ પ્રશ્નોત્તરી એ પૂજ્યશ્રીના પ્રવચનનું મુખ્ય આકર્ષણ બની જતી. આવી પ્રશ્નોત્તરાત્મક પ્રવચનશૈલીના પ્રભાવે કદાગ્રહી, સુધારાવાદી અને ઉત્સૂત્રભાષી આત્માઓએ ફેલાવેલા જૂઠનું અનાયાસે નિવારણ થઈ જતું અને સહુને સત્યનો નવપ્રકાશ લાધતો.

પૂજ્યશ્રીએ શાસ્ત્રગ્રંથોને એવા અભ્યસ્ત કર્યાં હતા કે પદાર્થની છણાવટ શાસ્ત્રપાઠ સાથે જ થાય. જ્યારે જે વિષયની રજૂઆત થતી હોય ત્યારે તેના આધારગ્રંથનું નામ અને સ્થાન પણ સાથે સાંભળવા મળે. સ્થાનકવાસી સંપ્રદાયમાં પ્રખર પ્રવચનકારિકા તરીકે પ્રખ્યાત **મૃગાવતીબાઈ** મહાસતી તથા **લીલાવતીબાઈ** મહાસતી જેવા પણ પૂજ્યપાદશ્રીજીના પ્રવચન-વાચનાદિમાં આવીને સીધા શ્રી ભગવતીજી વિગેરે

આગમગ્રંથોને લગતાં પ્રશ્નો પૂછતાં અને પૂજ્યપાદશ્રીજી તુરંત જ શાસ્ત્રપાઠ સાથે તેના સચોટ જવાબો આપતા તે સાંભળીને અને મહારાજજીની આ ઉંમરે પણ આવી પ્રજ્ઞા-પ્રતિભાને જોઈને તે મહાસતીઓ આશ્ચર્ય અને અહોભાવથી નમ્ર બની જતા.

પૂજ્યપાદશ્રી જવાબ આપવા સાથે સન્માર્ગની વાતો પણ એવી કહી દેતાં કે અવસરે સુયોગ્યઆત્મા માર્ગસ્થ બન્યા વિના ન રહે,

મારૂં ચાતુર્માસ સુરેન્દ્રનગરમાં હતું. ત્યારે લીલાવતીબાઈ મહાસતીજી મને મળવા આવ્યા હતા. ત્યારે પણ તે મહાસતીજીએ મને પૂછ્યુ હતું કે મોટા મહારાજજી અત્યારે ક્યાં બિરાજમાન છે? અમારે અમૂક પ્રશ્નો પૂછાવી તેઓશ્રીજી પાસેથી શાસ્ત્રીય સમાધાન મેળવવું છે. અન્ય સંપ્રદાયવાળાના હૈયે પણ પૂજ્યશ્રીની શાસ્ત્રનિષ્ઠા કેવી વસી ગઈ હતી તેનું આ પ્રત્યક્ષ ઉદાહરણ છે. **'હોઠ સાજા તો ઉત્તર ઝાઝા'** આ સુક્તિનો સાક્ષાત્કાર પૂજયશ્રીના પ્રવચનમાં પગલે પગલે જોવા મળતો. એક સાંભળેલો પ્રસંગ આ અવસરે સ્મૃતિપથમાં અવતરે છે. એકવાર એક ભાગ્યશાળીએ પૂજ્યશ્રીને પૂછ્યું કે - સાહેબ ! એવું ક્યારે બન્યું છે કે -કોઈએ આપને એવો પ્રશ્ન પૂછ્યો હોય કે જેનો જવાબ આપતા પૂર્વે આપને માથુ ખંજવાળવું પડ્યું હોય અથવા તો એમ કહેવું પડ્યું હોય કે આ પ્રશ્નના જવાબ માટે મારે શાસ્ત્રો જોવા પડશે ! ત્યારે પૂજ્યશ્રીએ જણાવ્યું હતું કે **હું એવા જ શ્રોતાની શોધમાં છું પણ હજી સુધી એવા શ્રોતાના મને દર્શન થયા નથી.**

પૂજ્યશ્રીનું અને પૂજ્યશ્રીના પ્રવચનોનું આત્મિક આકર્ષણ મને બાલ્યકાળથી જ રહ્યું છે. તેમાં પણ તેઓશ્રીના પરમગુરુદેવશ્રી સિદ્ધાંત મહોદધિ પૂ.આ.ભ. શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના સ્વમુખે તેઓશ્રી અને તેઓશ્રીના પ્રવચનો વિશે જે

ત્રણ વિશેષ વાતો સાંભળવા મળી ત્યારથી પૂજ્યશ્રી પ્રત્યેના આકર્ષણમાં જે અભિવૃદ્ધિ થઈ છે તે અવર્ણનીય છે. જ્યારે પણ પૂજ્યશ્રીના ગુણગાન કરવાનો અવસર આવે છે ત્યારે આ ત્રણ વિશેષ વાતોનો ઉલ્લેખ કર્યા વિના હું રહી શકતો નથી. તે ત્રણ વાતો પરમગુરુદેવશ્રીએ આ પ્રમાણે ફરમાવી હતી. "૧) પુણ્યપાલ ! રામવિજયજી ક્યારેય મારી સામે ઉંચા અવાજે બોલ્યા નથી. ૨) તેમના જૈન પ્રવચનમાં કોઈ પણ વાત સિદ્ધાંતથી વિરુદ્ધ લખાઈ કે બોલાઈ નથી. ૩) હું ઈચ્છું છું કે તેમના બધાય પ્રવચનો સંસ્કૃતમાં લખાવી જ્ઞાનભંડારોમાં મૂકાઈ જાય જેથી ભવિષ્યમાં તે આગમની ગરજ સારનારા બનશે." ગુરુદેવશ્રીના હૈયે પોતાના પટ્ટશિષ્યનું કેવું ઉચ્ચ સ્થાન-માન હતું તે જાણવા- જણાવવા માટે આ ત્રણ વાતો જ પર્યાપ્ત છે.

આ એ પ્રવચનો છે કે જે પ્રવચનોનાં સંપાદન દ્વારા અનેક તંત્રીઓ સાધુપદના ચાહક ને ગ્રાહક બની ગયા. તેમજ આ પ્રવચનોના શ્રવણ ને વાંચન દ્વારા પૂ.આ.ભ. **શ્રીભદ્રંકરસૂરિ** મ.સા., પૂ.આ.ભ. **શ્રી ભુવનભાનુસૂરિ** મ.સા., પૂ.આ.ભ. **શ્રી કલાપૂર્ણસૂરિ** મ.સા. તથા અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરિ** મ.સા. જેવા અનેક પુણ્યાત્માઓ સંયમધર્મને પ્રાપ્ત કરનારા બન્યા.

વિ.સં.૨૦૨૩ની સાલથી લઈને વિ.સં.૨૦૪૭ની સાલ સુધીમાં અગણિતવાર તે પૂજ્યશ્રીના પ્રવચનોની પ્રત્યક્ષધારામાં ભીંજાવાનું સૌભાગ્ય મને સાંપડ્યું ત્યારના આનંદની અને ધન્યતાના અનુભવની તો શું વાત કરું ? પરંતુ આજે પણ જ્યારે જ્યારે તે પરમારાધ્યપાદ પૂજ્યશ્રીના પ્રવચનો વાંચવા મળે છે ત્યારે કોઈ અદ્ભુત-અનોખી દુનિયામાં વિહરતો હોઉ એવો અનુભવ થયા વિના રહેતો નથી.

'પ્રાવચનિક પ્રશ્નોત્તર'ના યથાર્થ નામે પ્રગટ થઈ રહેલા પ્રસ્તુત પ્રકાશનમાં

**જિનવાણી** પાક્ષિકમાં પ્રકાશિત થયેલાં ૧ થી ૧૫ વર્ષના પ્રવચનોમાંથી અને **સન્માર્ગ પ્રકાશન** દ્વારા પ્રકાશિત સંઘ સ્વરૂપ દર્શન તથા આચારાંગના પ્રવચનોમાંથી ચૂંટીને ઉદ્ધરેલા પ્રશ્નોત્તરોનો સુસંગ્રહ કરવામાં આવ્યો છે. તે તે પ્રશ્નોત્તરોની નીચે સ્થાન નિર્દેશ પણ કરવામાં આવ્યો છે. જેથી વિશેષ જિજ્ઞાસુઓ પોતાની જિજ્ઞાસાને સહજતાથી સંતોષી શકે.

આશુકવિ મુ. **શ્રી. પ્રશમરતિ વિજયજીએ** પ્રસ્તાવનામાં પૂજ્યશ્રીની પ્રશ્નોત્તરાત્મક પ્રવચનશૈલીનો સુંદર પરિચય આપી હૃદયમાં વસેલી ગુરુભક્તિ પ્રદર્શિત કરી છે. તે હાર્દિક ગુરુભક્તિની હાર્દિક અનુમોદના.

આ પ્રશ્નોત્તરીના વાંચન દ્વારા સુજ્ઞ વાચકવર્ગ પૂજ્યશ્રીના પ્રવચન પ્રતિ આકર્ષાય અને તે પ્રવચન સાહિત્યને ચિંતન-મનન પૂર્વક વાંચી તેમાં આપેલા જિનાજ્ઞામય ઉપદેશોને હૃદયમાં અને જીવનમાં ઉતારી આત્મહિતના પંથે દ્રુતગતિએ પ્રગતિ સાધે એવો શુભભાવ આ સંપાદનની ક્ષણોમાં મારા હૃદયમાં સતત ધબકતો રહ્યો છે. મારા તે શુભભાવને સુજ્ઞ વાચકવર્ગ અવશ્ય સાર્થક કરશે એવા આશાભર્યા હૈયે વિરમું છું.

**વિજય પુણ્યપાલસૂરિ**
**વિ.સં.૨૦૭૨ ફા.સુ.૧૩**
**નંદ પ્રભા પ્રાસાદ**
**શ્રી સિદ્ધગિરિરાજ**

# સુકૃતાનુમોદનમ્

નાલાસોપારા-પાનબાઈ નગરનાં પ્રાંગણે વિ.સં. ૨૦૭૧ની સાલે

વાત્સલ્યવારિધિ પૂ.આ.ભ. શ્રીમદ્ **વિજય મહાબલસૂરીશ્વરજી મ.સા.** તથા

સુવિશાલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રીમદ્ **વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મ.સા.**ની

પુણ્યનિશ્રામાં ઉજવાયેલ

સ્વદ્રવ્યનિર્મિત શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલયનો અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ

તથા

સ્વદ્રવ્યનિર્મિત શ્રાવક-શ્રાવિકા ઉપાશ્રય,

આયંબિલશાળા-પાઠશાળા આદિ ધર્મસ્થાનોના

ઉદ્‌ઘાટન ઉત્સવની સ્મૃતિમાં તેમજ

શ્રી સિદ્ધગિરિ મહાતીર્થે કરાવેલ.

(વિ.સં. ૨૦૭૨) ચૈત્રી માસની ઓળીની સ્મૃતિમાં

સૌજત (રાજસ્થાન) નિવાસી

માતુશ્રી **જેઠીદેવી માણેકચંદજી સિંઘવી** પરિવાર

હસ્તે - **શ્રીમતી જયાદેવી ગુણવંતરાજ સિંઘવી**

પ્રતિક-દિપ્તી, જય-નિશા, નિધિ-સિમાંત

સાંજલી, અદ્ધવિતા, આદિયા, નાવિયા

આદિ સમસ્ત પરિવાર હાલ-વિલેપાર્લે

# ❊ સંક્ષિપ્ત વિષયાનુક્રમ તૃતીય પડાવ ❊



| ક્રમ | વિષય | કુલ પ્રશ્નો | પૃ.નં. |
|---|---|---|---|
| ૧. | અસજ્ઝાય | ૧ | ૧ થી ૪ |
| ૨. | આગમ-શાસ્ત્ર | ૫ | ૫ થી ૧૦ |
| ૩. | આચાર્ય | ૨ | ૧૧ થી ૧૨ |
| ૪. | આત્મા | ૨૧ | ૧૩ થી ૩૩ |
| ૫. | આશાતના | ૧ | ૩૪ થી ૩૫ |
| ૬. | ઈતિહાસ | ૨૫ | ૩૬ થી ૬૨ |
| ૭. | કર્તવ્ય | ૧ | ૬૩ થી ૬૫ |
| ૮. | કેવળી-કેવળજ્ઞાન | ૧૧ | ૬૬ થી ૭૩ |
| ૯. | ક્ષમાપના | ૨ | ૭૪ |
| ૧૦. | ખાદી | ૧ | ૭૫ થી ૭૬ |
| ૧૧. | ગુરૂ | ૨ | ૭૭ થી ૮૦ |
| ૧૨. | ગોચરી | ૫ | ૮૧ થી ૮૫ |
| ૧૩. | ગ્રહણ | ૧ | ૮૬ થી ૮૮ |
| ૧૪. | જિનપૂજા | ૧૧ | ૮૯ થી ૧૧૪ |
| ૧૫. | જિનમંદિર | ૪ | ૧૧૫ થી ૧૧૯ |
| ૧૬. | જિનપ્રતિમા | ૩ | ૧૨૦ થી ૧૨૬ |
| ૧૭. | જિનાજ્ઞા | ૬ | ૧૨૭ થી ૧૪૦ |
| ૧૮. | જિનેશ્વર | ૪૪ | ૧૪૧ થી ૧૬૯ |
| ૧૯. | જીવ | ૨ | ૧૭૦ |
| ૨૦. | જ્ઞાન | ૧૩ | ૧૭૧ થી ૧૮૩ |
| ૨૧. | તપસ્યા | ૩ | ૧૮૪ થી ૧૮૫ |
| ૨૨. | દાન | ૧૬ | ૧૮૬ થી ૧૯૭ |
| | | | |

# ❋ પ્રશ્નાનુક્રમ તૃતીય પડાવ ❋


| પ્રશ્ન | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| | **અસજ્ઝાય** | |
| ૧ | સં. ૧૯૮૯ના શ્રાવણ વદિ ૦)) ના દિવસે સૂર્યગ્રહણ છે, તો તે દિવસે અસ્વાધ્યાય હોવાથી શ્રી કલ્પસૂત્ર વંચાય ? | ૩ |
| | **આગમ-શાસ્ત્ર** | |
| ૨ | ત્રિપદીમાંથી આખી દ્વાદશાંગી કેવી રીતે ઉભી થાય ? | ૫ |
| ૩ | નવસ્મરણ રોજ ગણવાથી શો લાભ ? | ૫ |
| ૪ | પણ નવસ્મરણ ગણનારને બીજો શું લાભ થાય ? | ૬ |
| ૫ | નવસ્મરણ ગણે અને આવશ્યક ન કરે તો ચાલે ? | ૬ |
| ૬ | આગમનો અધિકાર સહુને મળી શકે ? | ૮ |
| | **આચાર્ય** | |
| ૭ | ઉપકારની દૃષ્ટિએ માર્ગના પ્રકાશક હોવાથી જેમ શ્રી અરિહંત પરમાત્માને પ્રથમ પદે મૂકયા, તેમ શ્રી આચાર્ય ભગવાન પણ માર્ગના પ્રકાશક છે તો શ્રી સિદ્ધ પરમાત્માને બદલે તેમને બીજા પદે કેમ ન મૂક્યા? | ૧૧ |
| ૮ | આચાર્યને શ્રી તીર્થંકર સમાન કહ્યાં છે ? | ૧૨ |
| | **આત્મા** | |
| ૯ | પૂર્વે કહેલા ત્રણે આત્માઓ કયા ગુણઠાણે હોય ? | ૧૩ |
| ૧૦ | બહિરાત્મામાં જુદા જુદા ભેદ હોય ? | ૧૫ |
| ૧૧ | 'મહાત્મા' શબ્દ પારિભાષિક છે ? | ૧૬ |
| ૧૨ | અરૂપી આત્માને કર્મ કેમ લાગે ? | ૧૬ |
| ૧૩ | 'આત્માનું બળ વધારે કે કર્મનું ?' | ૧૭ |

| | | |
|---|---|---|
| ૧૪ | ચોથા ગુણસ્થાનકવાળાને છઠ્ઠે જવાની રુચિ ખરી? | ૧૯ |
| ૧૫ | એમાં ભવસ્થિતિની પરિપક્વતા એ કારણ નહિ? | ૧૯ |
| ૧૬ | કાચી કેરી પકવવા જેમ ઘાસની જરૂર તેમ ભવસ્થિતિ પકવવા પુરુષાર્થ જરૂરી નહિ ? | ૨૦ |
| ૧૭ | ભગવાન અને ભાગ્યવાન એક ? | ૨૦ |
| ૧૮ | આત્મા અને કર્મનો સંયોગ ક્યારથી ? | ૨૧ |
| ૧૯ | ધર્મ સાદિ કે અનાદિ ? | ૨૨ |
| ૨૦ | છાણમાંથી વીંછી કેમ પ્રગટ્યા ? | ૨૪ |
| ૨૧ | ગર્ભજ જીવન ઉત્પન્ન થવાની સામગ્રી માતા-પિતાના યોગે મળી, પણ સંમુચ્છિમને કોણે મેળવી આપી ?' | ૨૫ |
| ૨૨ | 'તો માતા-પિતાનો ઉપકાર શા માટે મનાય ? | ૨૫ |
| ૨૩ | તો તો છાણનો પણ ઉપકાર મનાય ? | ૨૬ |
| ૨૪ | **સોऽहं** તે આ ? | ૨૮ |
| ૨૫ | એકલા જાપથી કર્મક્ષય થાય કે નહિ ? | ૨૯ |
| ૨૬ | પરવસ્તુમાં જવું એ વેશ્યાગમન છે ને ? | ૩૦ |
| ૨૭ | નાસ્તિક શબ્દ એ ગાળ છે ? | ૩૨ |
| ૨૮ | આ તો વ્યાખ્યા છે. | ૩૨ |
| ૨૯ | એના પ્રત્યે આસ્તિકની શી ફરજ ? | ૩૨ |
| | **આશાતના** | |
| ૩૦ | કહેવાય છે કે-ભગવાનનું નામ ગમે ત્યાં લેવાય. ? | ૩૪ |
| | **ઈતિહાસ** | |
| ૩૧ | સીતાજીને દીક્ષા આપી ત્યારે શ્રી રામચંદ્રજી વગેરે ત્યાં આવીને તોફાન કરત તો ?' | ૩૬ |

| | | |
|---|---|---|
| ૩૨ | લક્ષ્મણ પર રામનો મોહ ખરોને ? | ૩૭ |
| ૩૩ | સુવર્ણ સિદ્ધિ તો માગી ને? | ૩૯ |
| ૩૪ | શાલિભદ્રને એવી સાહ્યબી નહિ ? | ૪૦ |
| ૩૫ | એ જળ કેવું ? | ૪૧ |
| ૩૬ | આવી વાણી સાંભળવાથી સાચી વાત ન સમજાય ? | ૪૨ |
| ૩૭ | શ્રેણિક મહારાજા સમકિતી છતાં ભાન ભૂલ્યા હતા ને ? | ૪૨ |
| ૩૮ | એ વિરતિધર ન હતા તો તપ વિના અરિહંત પદની આરાધના શી રીતે કરી ? | ૪૩ |
| ૩૯ | એ ભવમાં જ તીર્થંકરનામ કર્મ બાંધ્યું? | ૪૩ |
| ૪૦ | શ્રેણિક રાજાએ નરકનું આયુષ્ય ક્યારે બાંધ્યું. ? | ૪૪ |
| ૪૧ | શ્રેણિક મહારાજા પણ ત્રિકાલ પૂજા કરતા અને પુણિયો શ્રાવક પણ ત્રિકાલ પૂજા કરતો. છતાં પુણિયાનો શ્રેણિક મહારાજાએ ઉદ્ધાર ન કર્યો? | ૪૪ |
| ૪૨ | શ્રેણિક આદિને ભાવ વિરતિધર કહેવાય ? | ૪૬ |
| ૪૩ | મરુદેવા માતાએ પૂર્વે તપ નહોતો કર્યો ? | ૪૬ |
| ૪૪ | જેમ ચંદનબાળાની માતાએ શીલ માટે શરીરનો ત્યાગ કર્યો તે રીતે શરીરનો ત્યાગ કરનારની ગતિ સારી થઈ શકે? | ૪૭ |
| ૪૫ | મંદોદરીની આ પ્રવૃત્તિથી એના સતીપણાને બાધ નહિ ? | ૪૮ |
| ૪૬ | મંદોદરીનો મોહ મિથ્યાત્વના ઘરનો નહિ ? | ૪૯ |
| ૪૭ | રાવણને નિયમ હતો માટે બલાત્કાર ન કર્યો પણ બલાત્કાર કર્યો હોત તો સીતાજી શું કરત? | ૪૯ |
| ૪૮ | રાવણ સમકિતી છતાં આવી આચરણા કેમ કરી ? | ૪૯ |

| | | |
|---|---|---|
| ૪૯ | બધાનું મનોબળ કાંઈ સરખું હોય ? | ૫૧ |
| ૫૦ | ભગવાન તો ગયા, એમનાં નામકર્મનો તો નાશ થયો થતાં આજે પણ તેમનું સ્મરણ, પૂજા, સન્માન સત્કાર છે ને ? | ૫૨ |
| ૫૧ | જ્ઞાનમાં રમણતા એ પૂર્ણ ક્રિયા નહિ? | ૫૩ |
| ૫૨ | શ્રી મલ્લિનાથ ભગવાનની માયા પ્રશસ્ત હતી? | ૫૫ |
| ૫૩ | શરૂઆતમાં પુણ્ય એકાંતે જરૂરી ? | ૫૬ |
| ૫૪ | ગૌતમ મહારાજાને રાગ ભગવાનના શરીર પર થયો, ગુણ પર થયો કે આત્મા પર થયો? | ૬૧ |
| ૫૫ | શોક કર્યો ત્યારે ગૌતમ મહારાજાને કેટલાં જ્ઞાન ? | ૬૨ |
| | **કર્તવ્ય** | |
| ૫૬ | દીકરા ઉપર પ્રેમ રાખવો, એ ગૃહસ્થની ફરજ ખરી કે નહિ ? | ૬૩ |
| | **કેવળી-કેવળજ્ઞાન** | |
| ૫૭ | જો ચૌદમા પહેલાં બંધ પડે જ છે, તો પછી કેવળજ્ઞાની વીતરાગદેવોને પણ બંધ પડે ? | ૬૬ |
| ૫૮ | કેવળજ્ઞાનીને ઉપયોગ મૂકવો પડે ? | ૬૭ |
| ૫૯ | અંતકૃત કેવળી થાય એવા કેવળજ્ઞાનની ખબર પડે ? | ૬૭ |
| ૬૦ | શ્રુતકેવળી પણ છદ્મસ્થ ગણાય ને ? | ૬૮ |
| ૬૧ | 'મુનિનો અર્થ મૌન ધરે તે' -એમ ખરો ને ? | ૬૯ |
| ૬૨ | પણ એ બોલવાથી અશાંતિ થતી હોય તો ? | ૬૯ |
| ૬૩ | 'ગૃહસ્થપણામાં સંયમ સ્પર્શે ?' કેવળજ્ઞાન થાય ? | ૭૦ |
| ૬૪ | કેવળજ્ઞાની આહાર લેવા જાય ? | ૭૧ |
| ૬૫ | 'અપંગને કે અંધને કેવળજ્ઞાન થાય?' | ૭૧ |
| ૬૬ | કેવળજ્ઞાન ક્રમથી મળે ? | ૭૨ |

૬૭ જ્ઞાન ઉદ્યોતનો આજનો જમાનો ક્રમની વાત કરે છે ને? ૭૨

**ક્ષમાપના**

૬૮ સામો મિચ્છામિ દુક્કડં ન કરે તો તે કયાં જાય ? ૭૪

૬૯ ક્ષમા માગવા જતાં ગૂનાનો એકરાર કરતાં જો સામી વ્યક્તિ સજા કરાવે તો? ૭૪

**ખાદી**

૭૦ વિલાયતી કાપડ પહેરવું કે ખાદી પહેરવી સારી ? એમાં આપનો શો મત છે ? ૭૫

**ગુરૂ**

૭૧ ગુરૂ તો પાષાણને પણ પલાળે ને ? ૭૭

૭૨ આપને આપના ગુરૂદેવનો પરિચય ક્યારે અને કેવી રીતે થયો? એમના જીવનના વિશેષ ગુણો કયા ? આપને કયો ગુણ વધારે ગમ્યો? ૭૯

**ગોચરી**

૭૩ ભિક્ષા માગવી તે લાંછન નહિ ? ૮૧

૭૪ મુનિને ઘી–દૂધ વહોરાવાય ? ૮૨

૭૫ મુનિનું સંયમ સચવાય એ બુદ્ધિએ ન વહોરાવીએ તો ? ૮૨

૭૬ મુનિ ગૃહસ્થના દેખતાં ન ખાય તેનું કારણ? ૮૪

૭૭ ધર્મરુચિ અણગારને આજ્ઞા આહાર પરઠવવાની હતી છતાં ખાઈ કેમ ગયા ? ૮૫

**ગ્રહણ**

૭૮ ગ્રહણ વખતે દેરાસરો બંધ રાખવા જરૂરી છે ? ૮૬

**જિનપૂજા**

૭૯ પૂજાનાં દ્રવ્યો સુંઘાય ? ૮૯

| | | |
|---|---|---|
| ૮૦ | સારી રીતે એટલે ? | ૯૦ |
| ૮૧ | આ બધું તો મરજીયાત છે ને? | ૯૦ |
| ૮૨ | ભગવાન સજા માફ ન કરે ?' | ૯૧ |
| ૮૩ | દ્રવ્યપૂજા સાધુ પોતે નથી કરતા માટે પાપ છે પાપ હોય તો શ્રાવકને દ્રવ્યપૂજા કરવા યોગ્ય છે એમ કેમ કહો ? | ૯૩ |
| ૮૪ | સગવડના અભાવે જેઓ જિનપૂજા કર્યા વિના રહી જતા હોય તેમને સગવડ આપવામાં આવે તો લાભ થાય ને ? | ૯૪ |
| ૮૫ | બીજાના દ્રવ્યથી પૂજા કરનારને સારો ભાવ આવે જ નહિ ? | ૯૫ |
| ૮૬ | ગમે તેમ પણ શ્રી જિનપૂજા કરે તો તેથી થોડો ઘણો પણ લાભ થાય ને ? | ૧૦૮ |
| ૮૭ | વર્તમાન કાળમાં ત્રણે કાળની પૂજા એક કાળે કરીએ તો ન ચાલે? | ૧૧૦ |
| ૮૮ | દુકાનનો કે નોકરીનો સમય જ એવો હોય તો શું થાય ? | ૧૧૧ |
| ૮૯ | સાહેબ ! લોકો દૂરદૂરથી આપને સાંભળવા આવે, આપ કેવળ મોક્ષની વાત કરો છો તો પણ તે રસપૂર્વક સાંભળે, આપ ફરમાવો તે બધી વાત સાચી અને કરવા જેવી માને, આપ બેવકૂફ કે અજ્ઞાન કહો છો તે પણ પ્રેમથી સાંભળી લે છતાં આપ સાવ નાપાસ કરો અને એક ટકો પણ માર્ક ન આપો તો નિરાશા ન ઉપજે ? | ૧૧૨ |
| ૯૦ | કોઈએ સારી આંગી બનાવી હોય તો પાછળથી પૂજા કરવા આવનારો તે કાઢી શકે ? | ૧૧૪ |
| | **જિનમંદિર** | |
| ૯૧ | વર્તમાનકાળમાં શ્રી જિનબિંબ આધારભૂત છે પણ આપને લાગતું નથી કે જિનબિંબો હવે ઘણાં થઈ ગયાં છે ? | ૧૧૫ |
| ૯૨ | શ્રી સિદ્ધગિરિજીમાં ઘણાં મંદિરો છે ને ? | ૧૧૫ |

| | | |
|---|---|---|
| ૯૩ | ઘર ભલે અમારૂં ન હોય પણ દેરાસર તો અમારા બાપનું છે ને? તેમાં તો અમે ગમે તેમ કરીએ ને ? | ૧૧૭ |
| ૯૪ | ભંડારમાં હોય તે બાપનું કહેવાય ને ? અને બાપનું તો છોકરા વાપરે ને? | ૧૧૮ |
| | **જિનપ્રતિમા** | |
| ૯૫ | મૂર્તિ વિના કોઈ વીતરાગ થયા છે ? | ૧૨૧ |
| ૯૬ | 'જે ધર્મ માટે આટલું બધું વર્ણવો તેને રક્ષાની શી જરૂર?' | ૧૨૨ |
| ૯૭ | 'કેટલાક કહે છે કે, કોઈ મૂર્તિ માથે હાથ દઈને બેસાડો તો કોઈ સૂતી પધરાવો' એમ જુદી જુદી આકૃતિ બનાવો' | ૧૨૫ |
| | **જિનાજ્ઞા** | |
| ૯૮ | અત્યારે આજ્ઞા પૂરેપૂરી પળાય છે ? | ૧૨૭ |
| ૯૯ | આજ્ઞાનો વિરોધ તો કોઈ મૂર્ખ હશે તે જ કરતો હશે ! બધા ક્યાં કરે છે ? | ૧૨૭ |
| ૧૦૦ | સાહેબ ! તો તો સંખ્યા ઘટે ! | ૧૨૯ |
| ૧૦૧ | ગુણમાં દોષ શી રીતે ? | ૧૩૪ |
| ૧૦૨ | કળા એટલે શું ? | ૧૩૭ |
| ૧૦૩ | સર્વોપરી સત્તા ચોવીસ તીર્થંકરની કે પચ્ચીસમાની ? | ૧૪૦ |
| | **જિનેશ્વર** | |
| ૧૦૪ | ભગવાન મહાવીરદેવ વખતે તો મેરૂ કંપ્યો છે ને ? | ૧૪૨ |
| ૧૦૫ | ગોશાળા પર શીતલેશ્યા ભગવાને મૂકી ત્યારે ગુણસ્થાનક કયું? | ૧૪૨ |
| ૧૦૬ | કરોડ દેવતા છતાં ગોશાળો ઉપસર્ગ કેમ કરી ગયો ? | ૧૪૩ |
| ૧૦૭ | ભગવાને આહારપાણીની વિધિ કેમ ન કહી ? | ૧૪૪ |
| ૧૦૮ | એ સ્થિતિ તો કેવળજ્ઞાન થયા પછી પણ ખરી ને ? | ૧૪૪ |
| ૧૦૯ | ચતુર્વિધ સંઘની સ્થાપના પહેલા તીર્થ તો છે જ નહિ છતાં તીર્થંકર કઈ રીતે તીર્થને નમે છે ? | ૧૪૫ |

| | | |
|---|---|---|
| ૧૧૦ | શ્રાવકોનો સમૂહ એ પણ સંઘ કહેવાય છે ને ? અમદાવાદનો સંઘ, સુરતનો સંઘ, એ રીતે ઓળખાય છે ને ? | ૧૪૬ |
| ૧૧૧ | તો રુઢિમાં આ માન્યતા કેમ રાખી ? | ૧૪૬ |
| ૧૧૨ | અરિહંત પાંચે પદને નમે ? | ૧૪૬ |
| ૧૧૩ | પાંચે પદનો જાપ કરે ? | ૧૪૭ |
| ૧૧૪ | આપ 'અઢાઈજ્જેસુ' બોલો ? | ૧૪૭ |
| ૧૧૫ | તીર્થંકર બોલે કઈ ભાષામાં ? ૐકાર ધ્વનિ મસ્તકમાંથી નીકળે એમાંથી ભાવ સમજી ગણધર સમજાવે ? | ૧૪૭ |
| ૧૧૬ | 'સંસારમાં રહેવા છતાં નિર્લેપ રહી શકે એવા આત્મા હોય ?' | ૧૪૮ |
| ૧૧૭ | 'સંસારમાં નિર્લેપપણે રહી શકાય છે, એ સિદ્ધાન્તના સમર્થન માટે એમ ન કહે ?' | ૧૪૮ |
| ૧૧૮ | 'ભગવાન પોતે તેમની પહેલાંના તીર્થંકરના સંતાનિયાને નમે કે નહિ ? અર્થાત્ મહાવીર ભગવાન શ્રી પાર્શ્વનાથ પરમાત્માના સંતાનીયાને ગૃહસ્થપણામાં નમે કે નહિ ?' | ૧૪૯ |
| ૧૧૯ | 'જૈનદર્શનમાં હઠયોગ છે કે નહિ ?' | ૧૪૯ |
| ૧૨૦ | 'અનંતજ્ઞાની પાસે કોઈ ધૂર્ત આવીને પ્રશ્ન પૂછે તો જવાબ આપે ?' | ૧૫૦ |
| ૧૨૧ | 'ભગવાનને ગૃહસ્થાશ્રમમાં પચ્ચક્ખાણ નહિ ?' | ૧૫૧ |
| ૧૨૨ | 'શાલિભદ્ર તો દેવતાઈ ભોગ ભોગવતા હતા ને ? | ૧૫૧ |
| ૧૨૩ | કહ્યું છે ને ! **यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत** ! એ શું? | ૧૫૨ |
| ૧૨૪ | પોતાનું શાસન બગડ્યું જાણીને ન આવે ?' | ૧૫૩ |
| ૧૨૫ | 'લોક-કલ્યાણ માટે જન્મે છે ને ?' | ૧૫૩ |
| ૧૨૬ | સાધુ આવું કહે તો ?' | ૧૫૪ |

| | | |
|---|---|---|
| ૧૨૭ | 'જેમ જૈન નવકાર ગણે તો નિર્જરા થાય, તેમ ઈતર જૈનેતર નવકારનો જાપ કરે તો એને નિર્જરા ન થાય ?' | ૧૫૬ |
| ૧૨૮ | 'ભગવાને સુલસાને ધર્મલાભ કેવળજ્ઞાન થયા પછી કહેવરાવ્યો ? | ૧૫૬ |
| ૧૨૯ | વીતરાગને એવું કહેવરાવવાનો હેતુ શો ?' | ૧૫૭ |
| ૧૩૦ | સુલસાને વખાણવાનો હેતુ નહિ ? ભગવાન કોઈને વખાણે?' | ૧૫૭ |
| ૧૩૧ | ગુણાભાસને પૂજનારો વખત જતા ગુણને પૂજનારો ન થાય?' | ૧૫૯ |
| ૧૩૨ | 'મૂર્તિમાં આરોપ કરીને પૂજા થાય છે ને ?' | ૧૫૯ |
| ૧૩૩ | અહીં પણ ગુણાભાસમાં ગુણનો આરોપ કરે તો ?' | ૧૫૯ |
| ૧૩૪ | ભગવાનને આજ્ઞા કોની ?' | ૧૬૦ |
| ૧૩૫ | ભગવાન પ્રતિક્રમણ કરે ? | ૧૬૧ |
| ૧૩૬ | સાધુ માટે શો નિયમ ? બાવીસ તીર્થંકરદેવના સાધુ પ્રતિક્રમણ કરે કે નહિ ?' | ૧૬૧ |
| ૧૩૭ | કેવળજ્ઞાન સમાન છતાં તીર્થંકર અને સામાન્ય કેવળીમાં આવો ભેદ કેમ? | ૧૬૧ |
| ૧૩૮ | કેવળજ્ઞાની તીર્થંકરને નમે પણ તીર્થંકર એમને કેમ ન નમે?' | ૧૬૨ |
| ૧૩૯ | કેવળજ્ઞાની તીર્થંકરદેવને પગે લાગે ?' | ૧૬૨ |
| ૧૪૦ | કેવળજ્ઞાની પર્ષદામાં શા માટે બેસે?' | ૧૬૨ |
| ૧૪૧ | કોઈ વ્યક્તિ તીર્થંકર જેવી ગુણવાન હોય તો પૂજ્ય મનાય?' | ૧૬૩ |
| ૧૪૨ | કોઈ વ્યક્તિને એ બધું ન પણ હોય તો ત્યાં અપવાદ નહિ? | ૧૬૩ |
| ૧૪૩ | જમીનમાં ઘૂસ્યા ? | ૧૬૫ |
| ૧૪૪ | તો પણ ખીલા વખતે ચીસ પાડી ને ? | ૧૬૫ |
| ૧૪૫ | દરેક અવસર્પિણીના દરેક ચોવીસમા તીર્થંકરને એવા ઉપસર્ગ હોય ? | ૧૬૬ |
| ૧૪૬ | મુનિએ કોઈને માઠું ન લાગે તેવું જ કહેવું જોઈએ ને ? એવું કહે તે જ | ૧૬૭ |

મહારાજ સરળ કહેવાય ને ??
૧૪૭ અમે લાવીએ, સામૈયાં કરીએ, ચંદરવા-પુંઠીયાં બાંધીએ અને તમે અમારું ન માનો એ કેમ બને ? એ આજનો મોટો સવાલ છે. ૧૬૭
જીવ
૧૪૮ ભારે કર્મી અને દુર્લભબોધિમાં ભેદ ? ૧૭૦
૧૪૯ તત્ત્વની રૂચિ થાય એને સંસારમાં રમવાનું મન થાય ? ૧૭૦
જ્ઞાન
૧૫૦ પરમાવધિ'-નો અર્થ શું ? ૧૭૧
૧૫૧ જ્ઞાન પહેલું કે વિનય પહેલો'? ૧૭૧
૧૫૨ વિનય વિનય માટે કે જ્ઞાન માટે ?' ૧૭૨
૧૫૩ જ્ઞાન આવ્યા પછી વિનય જાય ?' ૧૭૨
૧૫૪ સાધુને વંદન કરવાને બદલે સલામ ભરે તો એ વિનય નહિ?' ૧૭૫
૧૫૫ વિશેષણથી વિશેષ્યની કિંમત વધે કે ઘટે ?' ૧૭૭
૧૫૬ પાટલૂન પહેર્યું હોય તે ખમાસમણાં શી રીતે આપે ?' ૧૭૭
૧૫૭ 'જાત ભૂલવા-ભૂલવવા તો નહિ પહેર્યું હોય ?' ૧૭૭
૧૫૮ વ્યંજન તથા અર્થ તો કહ્યા; પછી ઉભય શા માટે ? ૧૭૮
૧૫૯ જ્ઞાન-પ્રાપ્તિમાં કાળના વિચારની જરૂર શી ?' ૧૭૯
૧૬૦ શિક્ષકમાં વિનય ન હોય તો શિષ્યમાં ક્યાંથી આવે ?' ૧૮૦
૧૬૧ 'જ્ઞાન અને ક્રિયામાં મહત્ત્વ કોનું વધારે ?' ૧૮૧
૧૬૨ આ કાળમાં અવધિજ્ઞાન ખરું ? ૧૮૨
તપસ્યા
૧૬૩ ભગવાન ગૌતમ મહારાજાને કેવળજ્ઞાન થયું તે દિવસે તપ થાય ? ૧૮૪
૧૬૪ છઠ્ઠ કરે અને એક ઉપવાસ પછી દુર્ધ્યાન થાય તો ? ૧૮૪

૧૬૫ ભાદરવા સુદ પાંચમે પણ ઉપવાસ કરવો જ પડે ? ૧૮૫

દાન

૧૬૬ સાચા દાનવીર કેવા હોય ? ૧૮૬

૧૬૭ તીર્થાદિમાં કાર્ય માટે તો કજીયા કરવા પડે છે ને ? ૧૮૮

૧૬૮ કજીયા કર્યા વિના પ્રશ્નો પતાવો ને ? ૧૮૮

૧૬૯ 'આપની વાતને સાચી જાહેર કરે પછી તો આપ આપની વાતને મૂકીને સમાધાન કરશો ને ?' ૧૮૮

૧૭૦ આપણો મુખ્ય સિદ્ધાન્ત તો મોહને મારવાનો છે ને ? ૧૮૯

૧૭૧ આંધળાના ટોળામાં આંધળા થવું પડે ને ?' ૧૮૯

૧૭૨ અભિયોગાદિ કારણે તો સિદ્ધાન્ત મૂકાય ને ?' ૧૮૯

૧૭૩ બધા સાચી વાત સ્વીકારશે એમ આપ માનો છો ? ૧૯૦

૧૭૪ ભગવાનના કાળમાં પાખંડી હતા ? ૧૯૦

૧૭૫ સાહેબ ! ખોટી વાત નભે ખરી ? ૧૯૦

૧૭૬ બધા સાચા માર્ગે આવશે ખરા ? ૧૯૦

૧૭૭ અન્યાય સંપન્ન વિભવની વ્યાખ્યા શું કરવી ? ૧૯૧

૧૭૮ આજે તો મોટા ભાગે ધર્મનાં કાર્યો બે નંબરના એટલે કે કાળા નાણાંથી થતાં હોય છે. જિન- મંદિરો, ઉપાશ્રયો, ઉત્સવો વિગેરે આપ જેવાની નિશ્રામાં પણ એવા નાણાંથી થાય છે તેનું શું ? ૧૯૨

૧૭૯ કાળા નાણાંથી ધોળાં કામ કરે તો કાળું નાણું ધોળું થઇ જાય? ૧૯૪

૧૮૦ એ આત્મા કઇ કોટિના કહેવાય ? ૧૯૪

૧૮૧ કેટલાકો એવું વિચારે છે કે પૈસા આપીને કસાઈના હાથમાંથી ગાયને છોડાવીએ તો એ પાછી બીજી લાવીને મારશે, તેથી એવો બચાવ શું કામનો ?' -આ વિચાર વ્યાજબી છે ? ૧૯૬

# પૃચ્છના સ્વાધ્યાય મહિમા ગાન

પૂછે છે ગણધરજી, જગમાં શું સાર ? પ્રભુજી ! કહો ને એકવાર
પ્રગટી છે હૈયામાં જ્યોતિ 'જય'કાર, પ્રભુજી ! કહો ને એકવાર

આપી ત્રિપદી તિહાં ત્રિલોકનાથે, વાસનિક્ષેપ કરી શાસન સ્થાપે,
એક જ પ્રશ્નોત્તરમાં સૃષ્ટિનો સાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

સ્વાધ્યાય તપ મહીં મહિમા છે જેહનો, પૂછતા પૂછતા ટળે કાંટો સંદેહનો,
તૃપ્તિથી છલકાયે અમીરસ ધાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

વિનય ધરીને પૂછે ગોયમ મહાવીરને, ઉત્તરથી શાંત કરે ભયવં ગુણધીરને,
જિજ્ઞાસા ઉઠે છે મનમાં હજાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

પ્રશ્નો ને ઉત્તરથી ભરીયો શ્રુતદરિયો, ખેડ્યો જેણે તેને ખજાનો મળીયો,
શ્રદ્ધા ની નાવલડી ઊભી મઝધાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

જ્ઞાનની વૃદ્ધિને દર્શનની શુદ્ધિ, પ્રશ્નોત્તરથી બને નિર્મળ બુદ્ધિ,
અજ્ઞાન ભેદે ને ટાળે અંધાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

પ્રશ્ન ચિંતામણી-પ્રશ્ન છે દીવો, પ્રશ્નોત્તર સુધાને પીવે ભવિજીવો,
પ્રશ્નો ને ઉત્તરની માળા મનોહાર, પ્રભુજી ! કહો ને એકવાર....પૂછે છે....

(રાગઃ ખુલ્લા મૂક્યા છે મેં તો દિલડાંના દ્વાર....)

**રચના : જયશ્રીબેન મુકેશભાઈ કોઠારી**
**૧૩/૧૦/૨૦૧૫**

## -: 'પૃચ્છના સ્વાધ્યાય' શ્રેણીના શ્રુતભક્ત મહાનુભાવો :-

### સાહિત્ય સ્તંભ

- સ્વ. હેમેન્દ્રભાઈ માણેકલાલ ઝવેરીના આત્મશ્રેયાર્થે તથા
  શ્રીમતી અરૂણાબેન કયવન્નભાઈ ઝવેરીના આત્મશ્રેયાર્થે
  શ્રી માણેકલાલ મોહોલાલ સંઘવી, વાલકેશ્વર - મુંબઈ
- શ્રીમતી તારાબેન માણેકજી મોતા, વાલકેશ્વર - મુંબઈ હસ્તે નિશાબેન હિતેશભાઈ મોતા

### સાહિત્ય સેવક

- શ્રીમતી મંજુલાબેન કિર્તિલાલ શાહ, પાલનપુર, હાલ-મુંબઈ
- શ્રી રાજેનભાઈ કિર્તિલાલ શાહ, પાલનપુર, હાલ-મુંબઈ
- શ્રીમતી દિપ્તીબેન રાજેનભાઈ શાહ, પાલનપુર, હાલ-મુંબઈ
- શ્રીમતી બિજલબેન માલવભાઈ શાહ, પાલનપુર, હાલ-મુંબઈ,હસ્તે-મિશ્કા-અનુષ્કા
- શ્રીમતી સ્નેહાબેન બિનોયભાઈ શાહ, પાલનપુર, હાલ-મુંબઈ, હસ્તે યુવરાજ
- શ્રી બાબુલાલ મંગળજી પરિવાર, ઉંબરીવાળા હસ્તે-ચેતનભાઈ
- શ્રી નાગજીભાઈ અચલદાસ, મુંબઈ
- શ્રી ચુનીલાલજી ઘમંડીરામજી, મુંબઈ
- એક સદ્‌ગૃહસ્થ હસ્તે વીતરાગ, મુંબઈ
- શ્રી ચિમનલાલ હરકચંદ શાહના આત્મશ્રેયાર્થે
- શ્રી બાબુલાલ પુનમચંદ શાહ, મુંબઈ
- શ્રી પ્રેમચંદ ઈશ્વરલાલ શાહ, વાલકેશ્વર-મુંબઈ
- શ્રીમતી જયાબેન નરોત્તમદાસ મોદી, મુંબઈ
- શ્રીમતી દેવીબેન શશીકાંતભાઈ શાહ, પાલનપુર
- શ્રાશ્રી સાહિલભાઈ મહેતા, એન્ટ્રોપ
- માતુશ્રી સોનાબેન તેજશી સાવલા, કચ્છ (મનફરા) હાલ-મુંબઈ
- શ્રીમતી સોમીબેન બાલુભાઈ શાહ, મુંબઈ
- શ્રી કેતનભાઈ કીર્તિભાઈ સંઘવી, મુંબઈ

## પાર્શ્વાભ્યુદય પ્રકાશનની સાહિત્ય-યાત્રાના યાત્રી બની
## પોતાની શ્રુતભક્તિ પ્રદર્શિત કરનારા
## મહાનુભવોની શુભ નામાવલી

શ્રીમતી ગુણવંતીબેન ભવાનજી કેશવજી છેડા પરિવાર ભચાઉ (કચ્છ-ગાવડ) હાલ-મુંબઈ.
શ્રીમતી ઝવેરબેન ભગવાનજી રામજી છેડા પરિવાર ઘાઘોદર (કચ્છ-વાગડ) હાલ-મુંબઈ.

- શ્રી હેમેન્દ્રભાઈ માણેકલાલ સંઘવી - મુંબઈ
- શ્રી ભૂપેન્દ્રભાઈ શાંતિલાલ શાહ - નાસિક
- શ્રી ઉકચન્દજી જુગરાજજી સાલેચા - અમદાવાદ
- શ્રી જ્યોતીન્દ્રભાઈ જે શાહ - અમદાવાદ
- શ્રી દિપકભાઈ રમણિકલાલ શાહ - અમદાવાદ
- શ્રી કાંતિલાલ એન. શાહ - ચેન્નઈ
- શ્રી પ્રવિણચંદ્ર હિંમતલાલ વ્યાસ - અમદાવાદ
- શ્રી ધીરેન્દ્રભાઈ કાંતિલાલ પારેખ - મુંબઈ
- અ. સૌ. માનકુંવરબેન નરોત્તમદાસ મહેતા પરિવાર મોટી વાવડી, હાલ-મુંબઈ
- શ્રીમતી કલાવતીબેન સોમચંદ ત્રિભુવનદાસ દોશી પરિવાર
  હસ્તે અનિલભાઈ સંગમનેર
- શ્રી મહારાષ્ટ ભુવન ચાતુર્માસ આરાધકો
  વિ.સં.૨૦૬૬, પાલીતાણા
- વિરતિ પરિવાર, અમદાવાદ
- અ.સૌ.ચંદ્રાવતી પુત્ર-દેવેન્દ્રના આત્મશ્રેયાર્થે
  શ્રી શાંતીલાલ ઉમેદચંદ ચાવાલા, સુરત.
- શ્રી છબીલભાઈ અમુલકભાઈ શાહ, ઘોટીવાળા, હાલ-મુંબઈ
- સ્વ. કુસુમબેન ચીનુભાઈ પાનાચંદ, ડાભલાવાળા, હાલ-નાસીક



## ✣ અસજ્ઝાય ✣

**સૂર્યગ્રહણ...... અસ્વાધ્યાય...... અને કલ્પસૂત્રવાંચન...**

**.... સકલ શ્રી સંઘને શાસ્ત્રાનુસારી માર્ગદર્શન :-**

ચાલુ વર્ષના એટલે કે વિ.સં.૨૦૪૪ ના શ્રાવણ વદ ૦))ને રવિવાર તા. ૧૧.૯.૧૯૮૮ ના દિવસે સૂર્યગ્રહણ છે. તેનો સમય મુંબઈમાં ૭ ક. ૨૨મિ. થી ૯.ક. ૨૮ મિ. સુધીનો છે. શ્રાવણ વદ ૦)) નો દિવસ એ કલ્પધરનો દિવસ છે. શ્રી કલ્પસૂત્રના વાંચનનો પ્રારંભ પર્યુષણાના ચોથા દિવસથી થાય છે અને એ દિવસથી બરાબર પાંચમે દિવસે શ્રી સંવત્સરી મહાપર્વની આરાધના થાય છે. જૈનશાસ્ત્રોમાં ગ્રહણનો અસ્વાધ્યાય અવશ્ય માનેલો છે. પણ આવશ્યક

કરણીમાં તે બાધક ગણાતો નથી. દા.ત. અમાસના દિવસે કે કોઈપણ દિવસે અસજ્ઝાય હોય, છતાં પ્રતિક્રમણ અવશ્ય કરણીય હોવાથી તે સમયે કરાય છે. ગ્રહણ સંધ્યા અવસરે જ હોય તો પણ તે સમયે પ્રતિક્રમણ કરાય છે. કદાચ સંધ્યા સમય પૂર્વે ગ્રહણ મુક્ત થાય તો પણ તેનો અસ્વાધ્યાયકાલ ચાલુ હોઈને, તે દિવસે સાંજનું તેમજ પડવાની સવારનું પ્રતિક્રમણ તે અસજ્ઝાય કાલમાં જ થાય છે. જ્યારે વરસાદ વગેરેની અસજ્ઝાય હોય અને તે દિવસે ચૌદશ હોય તો ય તે ચૌદશના પક્ખી પ્રતિક્રમણમાં શ્રી પાક્ષિક સૂત્ર આદિ બોલાય છે જ. આવશ્યક તરીકે શ્રી કલ્પસૂત્ર સાથે આ દ્રષ્ટાંતો શા માટે વિચારણીય ન ગણાય ? અસજ્ઝાય હોય છતાં પણ શ્રી કલ્પસૂત્ર વાંચનની આવશ્યકતા સમજવા માટે આ દ્રષ્ટાંતો બેશક, મહત્ત્વપૂર્ણ જ છે. **શ્રી સેનપ્રશ્ન**માં શ્રી કલ્પસૂત્રના વાંચનમાં પાસેની અસજ્ઝાય ન ટાળી શકાય. તો તેનો બાધ નહિ ગણતાં તે વાંચવાની આજ્ઞા આપી છે, પરંતુ **શ્રી ભગવતીજી સૂત્ર** આદિ વંચાતું હોય અને અસજ્ઝાય ટાળી શકાય તેમ ન હોય તો તે પણ વંચાય એવી આજ્ઞા નથી આપી. શ્રી પર્યુષણા મહાપર્વમાં જ શ્રી કલ્પસૂત્ર વાંચવું અવશ્ય કર્તવ્ય છે અને તે પણ જૈન શાસ્ત્રના "**पञ्चभिर्दिवसैर्नवभिः क्षणै**" આ નિયમથી પાંચ દિવસ અને નવક્ષણથી જ, એ દીવા જેવી સ્પષ્ટ સમજી શકાય તેવી વાત છે. 'કલ્પધર એટલે શ્રી કલ્પસૂત્ર વાંચવાનો પ્રથમ દિવસ, તે અઠ્ઠાઈધરના દિવસથી ચોથે દિવસે આવવો જોઈએ અને શ્રી સંવત્સરી પર્વ કલ્પધરના દિવસથી પાંચમે દિવસે આવવું જોઈએ' આ નિયમનો કોઈ ઈન્કાર કરી શકે તેમ નથી.

આથી, ભવભીરૂ આત્માઓએ શ્રી કલ્પસૂત્ર શ્રાવણ વદ અમાસ, રવિવાર, તા. ૧૧-૯-૧૯૮૮ ના શ્રી કલ્પધરના દિવસે જ વાંચવું - સાંભળવું યોગ્ય જણાય છે, તે દિવસથી પાંચમે દિવસે શ્રી સંવત્સરી પર્વ પણ શાસ્ત્રની મર્યાદા પ્રમાણે બરાબર આવી રહે છે. અને ગ્રહણનો ટાઈમ ટાળી શકાય તો તેને માટે વાંધો નહિ હોવાથી શાસ્ત્રદ્રષ્ટિથી જોતાં શ્રાવણ વદ અમાસ અને રવિવારે સવારે ૯ ક.-૩૦ મિ. પછી શ્રી કલ્પસૂત્રની પહેલી વાચના કરવી અને બીજી વાચના બપોરના ક્રમ મુજબ કરવી વ્યાજબી ગણાય છે.

આ વિષયમાં સકલાગમરહસ્યવેદી પરમ ગીતાર્થ સ્વનામધન્ય સ્વ. પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજાનો નીચેનો પ્રશ્નોત્તર ખૂબ જ ધ્યાનપૂર્વક વાંચવા જેવો છે.

**૧. સભા : સં. ૧૯૮૯ના શ્રાવણ વદિ ૦)) ના દિવસે સૂર્યગ્રહણ છે, તો તે દિવસે અસ્વાધ્યાય હોવાથી શ્રી કલ્પસૂત્ર વંચાય ?**

**પૂજ્યશ્રી** : શ્રી કલ્પસૂત્ર વાંચવું અવશ્ય કરણીય છે, અને અવશ્ય કરણીમાં અસ્વાધ્યાય બાધક ગણાતો નથી. જેમ આસો સુદિ ૧૪ અને ચૈત્ર સુદિ ૧૪ ને દિવસે પાક્ષિક પ્રતિક્રમણમાં પક્ખીસૂત્ર વિગેરેનો પાઠ થાય છે, અર્થાત્ પક્ખીસૂત્ર વિગેરે બોલાય છે, તથા પૂર્ણ માસીની સંધ્યાના અવસરે ચંદ્રગ્રહણ હોય અને અમાવાસ્યાની સંધ્યાના અવસરે સૂર્યગ્રહણ હોય, તો પણ તે દિવસે તે જ અવસરે પ્રતિક્રમણ કરવામાં આવે છે. વિશાખા નક્ષત્રથી આરંભી મૃગશિર નક્ષત્ર સુધી વરસાદ, વીજલી કે ગર્જાવર થાય તો

અસ્વાધ્યાય કહ્યો છે, તેવો અસ્વાધ્યાય ચતુર્દશીને દિવસે હોય તો પણ પ્રતિક્રમણ અવશ્ય કરણીય હોવાથી તેનો અસ્વાધ્યાય નથી. તે જ પ્રમાણે શ્રી કલ્પસૂત્ર વાંચવામાં અસ્વાધ્યાય બાધક જણાતો નથી. તથા **સેનપ્રશ્નના** ત્રીજા ઉલ્લાસના ૧૮૯માં પ્રશ્નમાં લખ્યું છે કે

**"कल्पसूत्रे वाच्यमाने पार्श्वेऽस्वाध्यायो भवेत्तदपनयनं च कर्तुं न शक्यते तदा तद्वाचनं शुद्ध्यति न वेति प्रश्नोऽत्रोत्तरं -- पार्श्वेऽस्वाध्यायो भवति तथाऽप्यवश्य करणीयत्वात्कल्पसूत्रवाचनं शुद्ध्यतीति ॥१८९॥ "**

**સારાંશ** – 'જે મકાનમાં શ્રી કલ્પસૂત્ર વંચાય છે તેની પાસે અસ્વાધ્યાય હોય અને તેને દૂર કરવાને સમર્થ ન હોય તો ત્યાં શ્રી કલ્પસૂત્ર વંચાય કે નહિ ? આનો ઉત્તર - પાસે અસ્વાધ્યાય હોય, તો પણ અવશ્ય કરણીય હોવાથી શ્રી કલ્પસૂત્રનું વાંચવું શુદ્ધ ગણાય છે.

આ પાઠથી જેમ પાસે અસ્વાધ્યાય હોય તો પણ શ્રી કલ્પસૂત્ર વંચાય, તેવી રીતે જે ગ્રહણની અસજ્ઝાય છે તે પણ દૂર થઈ શકે તેમ નથી તેથી વાંચવાનો કોઈ બાધ જણાતો નથી.

**વિવિધ પ્રશ્નોત્તર :** ભાગ -૨, પૃ. ૨૮૧. (જિનવાણી. વ.૧૩/અં.૧+૨)

★ ***નિષિદ્ધકાળમાં*** કરેલ પઠન - પાઠન જ્ઞાનાવરણીયાદિ કર્મો બંધાવે છે

# ✣ આગમ-શાસ્ત્ર ✣

**૨. સભા : ત્રિપદીમાંથી આખી દ્વાદશાંગી કેવી રીતે ઉભી થાય ?**

**પૂજ્યશ્રી** : સમજી જ લેવું કે જેવી રીતે શ્રી તીર્થંકરદેવો તીર્થની સ્થાપના કરવાનું પુણ્ય લઈને આવ્યા છે, તેવી રીતે શ્રી ગણધરદેવો પણ પૂર્વની આરાધના દ્વારા દ્વાદશાંગી ગુંથવાની શક્તિ લઈને આવ્યા છે. તીર્થપતિ રાજાના સ્થાને છે. દુનિયામાં પણ કહેવાય છે કે-રાજતંત્ર ચલાવે મંત્રી અને માલિક રાજા કહેવાય. રાજાઓ કાંઈ તંત્રની વ્યવસ્થા કરવા ન બેસે, પણ હુકમ જ ચલાવે. કારણ કે મહત્તામાં ખામી આવે. ઉપકાર તો એ રચે તો જ થાય, અને બીજા રચે તો ન જ થાય એ સ્થિતિ નથી. (જિ.વ.૨/અં.૧૩)

---

**૩. સભા : 'નવસ્મરણ રોજ ગણવાથી શો લાભ ?'**

**પૂજ્યશ્રી** : નવસ્મરણમાં નવકાર, ઉવસગ્ગહરં, સંતિકરં, વિગેરે સ્તોત્રો આવે છે. તેમાં પંચ પરમેષ્ઠિ ભગવંતો તથા શ્રી મહાવીર સ્વામી ભગવાન, શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન, શ્રી ઋષભદેવ ભગવાન વિગેરે પરમાત્માઓની સ્તવના આવે છે. આ સ્તોત્રો દ્વારા ભાવપૂર્વક તે પરમાત્માઓની સ્તવના કરનારાનું મિથ્યાત્વ ભાગી જાય, અવિરતિ ક્ષીણ થઈ જાય, કષાયો નાશ પામે અને મન-વચન-કાયાના યોગો સુધરી જાય. આ સ્તોત્રો દ્વારા આત્મા ભગવાનની ભક્તિમાં તન્મય બની જાય. એ તન્મયતા આત્માને પરમાત્મા બનાવી શકે છે.

**૪. સભા : 'પણ નવસ્મરણ ગણનારને બીજો શું લાભ થાય ?'**

**પૂજ્યશ્રી** : એને સાધુ થવાની ભાવના થાય. કારણ નવસ્મરણમાં પરમાત્માના ગુણોની સ્તવના છે. પરમાત્માની સ્તવના એ ભક્તિ યોગ છે. ભગવાનની સાચી ભક્તિ તે પરમતારકની આજ્ઞાના પાલનમાં જ છે. કહ્યું છે કે-'**વીતરાગ સપર્યાયા, સ્તવાજ્ઞા પાલનં પરમ્**' 'હે વીતરાગ ! તારી પૂજા કરતાં તારી આજ્ઞાનું પાલન એ શ્રેષ્ઠ છે.' સાધુપણા સિવાય ભગવાનની આજ્ઞાનું સંપૂર્ણ પણે પાલન શકય નથી. તેથી એને નિરંતર સાધુ થવાના કોડ થયા કરે.

**૫. સભા : નવસ્મરણ ગણે અને આવશ્યક ન કરે તો ચાલે ?**

**પૂજ્યશ્રી** : નવસ્મરણ ગણનારો ભગવાનનો ભક્ત હોવાથી ભગવાનની આજ્ઞાનો પ્રેમી હોય. આવશ્યક કરવાની ભગવાનની આજ્ઞા છે. એટલે તે આવશ્યકનો પણ પ્રેમી જ હોય. તેથી શક્તિ અને સંયોગ હોય તો તે આવશ્યક કર્યા વિના રહે જ નહિ. કદાચ કોઈ કારણસર ન કરી શકે તો પણ તેની કરવાની ભાવના તો જીવંત હોય. એટલે આવો પ્રશ્ન તેને કદી ઉપસ્થિત થાય નહિ.

તમે એક વાત ખાસ ધ્યાનમાં રાખો કે-આ નવસ્મરણાદિ સ્તોત્રો એ ભગવાનની ઉત્કટ ભક્તિના સ્તોત્રો છે. તેમાં ઠામ ઠામ મોક્ષની વાતો ભરી છે. ભક્તિપૂર્વક નવસ્મરણ ગણનારને સિવાય મોક્ષ કંઈ જોઈતું ન હોય. એ ભગવાનનો ભક્ત હોવાથી સંસારનો વૈરી હોય. સંસારનો વૈરી સાંસારિક પદાર્થો

માટે નવસ્મરણ ગણે એ બને નહિ. સાંસારિક પદાર્થોની આશંસાથી નવસ્મરણ ગણનારો ભગવાનનો સાચો ભક્ત નથી. અને સાચા ભક્ત બન્યા વિના આ ભક્તિના સ્તોત્રો ગણવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી.

નવસ્મરણમાં તમે જે ભગવંતોની સ્તવના કરો છો તે બધા ક્યાં ગયા છે ?

**સભા** : **મોક્ષમાં**

**પૂજ્યશ્રી** : તમારે ક્યાં જવું છે ?

**સભા** : **મોક્ષમાં**

**પૂજ્યશ્રી** : જેની સ્તવના કરાય તે જ્યાં ગયા છે ત્યાં જવું ન હોય, જેની સ્તવના કરાય તે જેને છોડીને લાત મારીને ગયા છે તેને છોડવું-લાત મારવી ન હોય પણ તેને જ મેળવવું હોય-વળગી રહેવું હોય, તો તેવાને નવસ્મરણ કાંઈ લાભ આપે નહિ. વળી, નવસ્મરણ ગણનારો પોતે જેની સ્તવના કરે છે તે પરમાત્માઓ શું શું કહી ગયા છે, મારા માટે શું કરણીય-શું અકરણીય, શું હેય-શું ઉપાદેય ફરમાવી ગયા છે-એ બધું જાણવાનો અર્થી હોય જ. એ જાણીને હેયને છોડવાનો અને ઉપાદેયને સ્વીકારવાનો યથાશક્ય પ્રયત્ન પણ તેનો ચાલુ જ હોય. આવો નવસ્મરણનો ગણનારો પરમાત્માએ જેને આવશ્યક કર્ત્તવ્યો તરીકે ફરમાવ્યા છે તે પ્રત્યે બેદરકારી સેવનારો હોય જ નહિ. અસ્તુ.

(જિ.વ.૮/અં.૧-૨)

** સિદ્ધાન્ત અખંડ માનવો જોઈએ, કદાચ અમલ શક્તિ મુજબ થાય.*

**ક. સભા : આગમનો અધિકાર સહુને મળી શકે ?**

**પૂજ્યશ્રી** : યોગ્યતા વિના આગમનો અધિકાર ન જ હોય ! ઉપકારી પુરુષોએ તો સાધુઓને પણ તરત અધિકાર નથી આપ્યો; તેઓથી પણ *અમુક દીક્ષાપર્યાય પછી, અમુક તપ કર્યા બાદ અને પરિણામમાં સ્થિરતા આવ્યા પછી જ વાંચી શકાય છે, તો પછી ગૃહસ્થને અધિકાર હોય જ ક્યાંથી ? પણ આ બધું સમજવાની કાળજી નહિ કરનારાઓ અને યથેચ્છપણે પરમ ઉપકારી જ્ઞાની મહાપુરુષોને 'ઇંદ્રજાળિયા, અહમિંદ્રો અને અંગારા' વગેરે વગેરે વિશેષણોથી નવાજનારાઓ તથા શાસ્ત્રોને ફતવાશાસ્ત્ર કહી ભસ્મીભૂત કરવાની વાતો કરનારા, પાછી પોતાની વાતોની પુષ્ટિ માટે આ વીસમી સદીમાં પરમપ્રભાવક તરીકે વિશ્વવિશ્રુત પ્રસિદ્ધિને પામેલા, પ્રાતઃસ્મરણીય, પૂજ્યપાદ પરમ ગુરુદેવ, આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી (શ્રી આત્મારામજી) મહારાજાના નામનો પણ આશરો લેવાનો દાવો કરે છે ! ખરેખર, આ દાવો તેમની જાતને વધુ કલંકિત કરે છે, કારણ કે - તેમ કરીને તેઓ એક પુણ્યપુરુષની ઘોર આશાતના કરે છે.

---

*સાધુ ભગવંતો કેટલા વર્ષના પર્યાય બાદ ક્યાં ક્યાં આગમ વાંચી શકે તેની નોંધ.

गुरुणावि सुत्तदाणं विहिणा जोग्गाण चेव कायव्वं ।
सुत्ताणुसारओ खलु, सिद्धायरिया इहाहरणं ॥२१॥

सूत्रानुसारश्चायम् : -

तिवरिसपरियागस्स उ, आचारपकप्पनाम अज्झयणं ।
चउवरिसस्स उ सम्मं, सूयगडं नाम अंगंति ॥१॥

दसकप्पव्ववहारा, संवच्छरपणगदिक्खियस्सेवा ।
ठाणं समवाओ च्चिय, दो अंगे अट्ठवरिसस्स ॥२॥
दस वासस्स विवाहो, एक्कारसवासयस्स इमे उ ।
खुड्डियविमाणमाई, अज्झयणा पंच नायव्वा ॥३॥
बारसवासस्स तहा, अरुणुववायइ पंच अज्झयणा ।
तेरसवासस्स तहा, उट्ठाणसुयाउया चउरो ॥४॥
चोद्दसवासस्स तहा, आसीविसभावणं जिणा बिंति ।
पन्नरसवासगस्स य, दिट्ठीविसभावणं तह य ॥५॥
सोलसवासाईसु य, एगुत्तरवड्ढिएसु जहसंखं ।
चारणभावण-महासुविणभावणा तेयग्गिनिसग्गा ॥६॥
एगूणवासगस्स उ दिट्ठिवाओ दुवालसमभंगं ।
संपुन्नवीसवरिसो, अणुवाई सव्वसुत्तस्स ॥७॥ इति
श्रमणीस्तु प्रतीत्याऽकालचारित्वादिपरिहारलक्षणः सूत्रानुसारः।

–ઉપદેશ–ભાગ–૧–વ્યવહારભાષ્ય

જે પુણ્યપુરુષ પૂર્વના મહર્ષિઓની આજ્ઞામાં જ રહીને પરમાત્મા શ્રી મહાવીરદેવના શાસનની આરાધના કરવા દ્વારા જગતના આત્માઓને પ્રભુના માર્ગમાં સ્થાપન કરનારા હતા, તે પુણ્યપુરુષનું નામ એક ભયંકર પાપકર્મમાં જોડવું, એના જેવી ભયંકર ઠગબાજી બીજી કઈ હોઈ શકે ? જો સાચા દિલથી તેઓ આ પુણ્યપુરુષને પણ માનતા જ હોત, તો પણ તેઓ આવું પાપકર્મ કરવાની ધૃષ્ટતા કરી પોતાના જીવનને નષ્ટભ્રષ્ટ ન જ કરત. એ પુણ્યપુરુષે તો સ્પષ્ટ ફરમાવ્યું છે કે -

"मेरी श्रद्धा एसी नहीं है किं, पूर्वाचार्यो के अनुसारे बिना समाधान कर सकुं. मेरी कल्पना से कुछ जैनमत सत्य नहीं हो सकता है । जैनमत तो अपने स्वरुप से ही सत्य बनेगा, जे कर मेरी कल्पना ही सत्य कारण होवे, तब तो किसी पूर्वाचार्यों की अपेक्षा न रहेगी, तब तो जिसके मनमें जो अर्थ अच्छा लगे सो अर्थ कर लेवेगा ।"

"इसी वास्ते मेरी एसी श्रद्धा है कि जो जैनमत में प्रामाणिक अरु पंचांगीकारक आचार्य लिखे गये हैं, उनके अनुसार की हमको कथन करना चाहिये, परन्तु स्वकपोल-कल्पित नहीं, जे कर कोई स्वकपोलकल्पित मानेगा वो जैनमती कदापि नहीं बन सकेगा अरु उसकी कल्पना भी सर्वथा सत्य नहीं होवेगी."

વિચારો કે - આ રીતે સર્વથા શ્રી સર્વજ્ઞદેવની આજ્ઞાના જ શરણે સમર્પિત થઈ ગયેલા પુણ્યપુરુષની છાયા લેવાની લાયકાત પણ એ આજના ઉચ્છૃંખલો ધરાવી શકે છે ખરા ? નહિ જ. તો પછી જે પુણ્યપુરુષ, પૂર્વના આજ્ઞાધર મહર્ષિઓ આગળ પોતાની બુદ્ધિને યત્કિંચિત્ માનનાર છે અને જે પુણ્યપુરુષ પોતાની બુદ્ધિને માત્ર એ આજ્ઞાધારી મહર્ષિઓની આજ્ઞાને આધીન બનાવવામાં જ જીવનશ્રેય સમજે છે, તે પુણ્યપુરુષનો આશરો લેવાનો દાવો તેવાઓ કઈ રીતે કરી શકે છે ? વિચારવામાં આવે તો ખુલ્લેખુલ્લું સમજી શકાય તેમ છે કે આજનો કોઈ પણ ઉચ્છૃંખલ જમાનાવાદી કે જે આગમો, આગમોના રચયિતા મહાપુરુષો અને આગમવિહિત અનુષ્ઠાનોની અવગણના કરી, જમાનાના નામે નવો જ ધર્મ રચવાની અને જ્ઞાનપ્રચારના નામે આરંભાદિકને વધારનારી અનેક કુપ્રવૃત્તિઓને ચલાવવાની તથા ઉપકારના નામે શીલધર્મનો સંહાર કરવાની વાતો કરનારા આ પુણ્યપુરુષનો આશ્રય લેવાનો દાવો કોઈ પણ પ્રકારે કરી શકે તેમ નથી જ. (સં.સ્વ.દ. ભાગ-૧)



## ❖ આચાર્ય ❖

૭. સભા : ઉપકારની દૃષ્ટિએ માર્ગના પ્રકાશક હોવાથી જેમ શ્રી અરિહંત પરમાત્માને પ્રથમ પદે મૂક્યા, તેમ શ્રી આચાર્ય ભગવાન પણ માર્ગના પ્રકાશક છે તો શ્રી સિદ્ધ પરમાત્માને બદલે તેમને બીજા પદે કેમ ન મૂક્યા ?

પૂજ્યશ્રી : શ્રી આચાર્ય ભગવાન, શ્રી સિદ્ધ આદિના સ્વરૂપના અને સમ્યગ્દર્શનાદિરૂપ મોક્ષમાર્ગના પ્રકાશક છે. એ વાત સાચી છે પણ શ્રી અરિહંત પરમાત્માનું કહેલું કહેનારા હોઈ બીજા પદે આવી શકે તેમ નથી.

(જિ. વ.૭/અં-૧૨)

**૮. સભા : આચાર્યને શ્રી તીર્થંકર સમાન કહ્યાં છે ?**

**પૂજ્યશ્રી** : *હા, નવ પ્રકારે આચાર્યની શ્રી તીર્થંકરદેવ સાથે સમાનતા બતાવી છે. શ્રીસંઘના આ સ્વરૂપને સમજનાર એવું પગલું ન ભરે કે જેથી સંઘત્વ તો જાય, પણ માણસાઈ પણ જાય. સો-બસો આદમીનું ટોળું કે એકાદ ગામનું અમુક ટોળું જાહેર કરે કે, 'અમુક' સાધુને તથા નૂતન દીક્ષિતને સાધુ ન માનવા ' એટલે બધા માની લે? 'બાળદીક્ષા અને અજ્ઞાનીઓને પૂછયા વિના થતી બીજી દીક્ષા શાસ્ત્રાનુસારી નથી, એમ પોતાની મતિકલ્પનાથી માની લઈ, ગુણવાનને પણ નિર્ગુણી માનવા-મનાવવાની વાતો કેમ ચાલી શકે ? રસ્તે જનારો કહી દે કે, પંચમ જ્યોર્જ રાજા નથી, એટલે આખું હિંદ માની લે ? મોટો ભાગ એમ કહેવા લાગી જાય, તોયે ઘણા એવા સમજુ પુરુષો છે, કે જેઓ 'માન્યા વિના છૂટકો નથી' એમ સમજે છે; કારણ કે, સત્તા કોની ? અને સિક્કો કોનો ? અમુક માણસ આદમી નથી, એમ કહી દીધે કેમ ચાલે ? એનાં કારણો અને લક્ષણો બતાવવાં જોઈએ અને એમ થાય તો સાંભળનાર પણ જરા વિચારે. (સં. સ્વ. દ. ભાગ-૧)

** મહાદયાળું ધર્માચાર્યો કદાચ તાડનતર્જન કરે તો પણ તેને મહાદયાળું જ કહ્યા છે.*

જુઓ **સંબોધ પ્રકરણ** સુગુરૂ સ્વરૂપ-અધિકાર ગાથા : ૧૪૭ થી ૧૫૪



## ✤ આત્મા ✤

આત્મા ત્રણ પ્રકારના છે. બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા વચ્ચે મહાત્મા પણ આવે.

**૯. સભા : પૂર્વે કહેલા ત્રણે આત્માઓ કયા ગુણઠાણે હોય ?**

**પૂજ્યશ્રી** : બહિરાત્મા પહેલા ગુણઠાણે હોય. ચોથેથી એ અંતરાત્મા કહેવાય. છઠ્ઠેથી મહાત્મા અને તેરમે ગુણઠાણે પરમાત્મા બને. દુનિયાની વસ્તુને પોતાની માને તે બહિરાત્મા, શરીરને 'હું' માને તે બહિરાત્મા. 'હું' શરીરથી જુદો, એમ માને તે અંતરાત્મા. શરીરને જે પર માને, તે સંસારની

બીજી ચીજને પોતાની માને ? સંસારનું સ્વરૂપ સમજી શકે, શરીરાદિથી આત્માને ભિન્ન માને તે અંતરાત્મા ચોથે, પાંચમે ગુણઠાણે હોય. છટ્ઠે મહાત્મા બની આગળ વધતાં વધતાં તે પરમાત્મા થાય. પરમ આત્મા તે પરમાત્મા. છટ્ઠે પહોંચીને મહાત્મા બનેલા ટ્રેન કે મોટરમાં બેસે ? કંદમૂળ આદિ ખાય ? વાડી વજીફા રાખે ? વાડીનો પાક સાચવવા કાળજી રાખે એ મહાત્મા કહેવાય ? સાધુ વેષમાં રહીને સાધુએ ન કરવાના કામો કરે તે મહાત્મા કહેવાય કે અધમાત્મા ?

જૈનો ગાડરીઆ પ્રવાહમાં તણાય? વસ્તુના એ વિવેકી હોય કે આંખો મીંચીને જેને તેને માનનારા હોય ? જેને ખાવા-પીવાનો વિવેક ન હોય, એ મહાત્મા ? સર્વ દેવ-ગુરુ-ધર્મ સરખા મનાય ? અરે ! એ દૂર રહ્યું પણ જે દેવગુરુ ધર્મ ન જ માને, તે કયો આત્મા કહેવાય ? આર્યદેશોમાં ગુરુ ન મળવાનો હેતુ શુ હોય ? પોતે પોતાનામાં ગુરુતા માની એટલે બીજા બધા લઘુ જ દેખાય. એ કહે છે કે-હું  અપૂર્ણ ખરો, પણ મેં મારા જેવો પણ કોઈને જોયો નથી ; એમ કહે એટલે શું ? એટલે એમ કે 'હું સર્વથી અધિક' આ તો એક જાતની વાગ્જાળ છે. 'હું અપૂર્ણ ખરો' એમ ન કહે તો કોઈ સાંભળે નહિ. અપૂર્ણ છતાં સર્વથી તો પોતાને અધિક જ માને છે. એવાને દેવ,ગુરૂ, ધર્મ માટે પૂછો તો શું કહે ? એ કહે કે દેવ તો છે જ નહિ. પત્થરને દેવ મનાય નહિ. ગુરૂ આ કાળમાં કોઈ જોવા મળતા નથી. અંતરનો અવાજ એ જ સાચો ધર્મ : આ એની માન્યતા કહે કે- 'શાસ્ત્ર માનું' ખરો પણ મારા અંતરના અવાજને અનુસરવું જોઈએ. શાસ્ત્ર પણ કહી દે કે 'મારે તારૂં શાસ્ત્ર બનવું નથી.'

આવાને આર્ય દેશ તો મળ્યો પણ હૈયામાં અનાર્યતા આવી ગઈ. એ કહે છે કે- 'ગમે તેવી ચીજ પણ અમુક સમયે ખાવામાં હરકત નથી. વસ્તુ અભક્ષ્ય હોય તો પણ સમય આવે ખાવામાં પાપ ન ગણાય' આમ બોલે એ ચાલે ? માનો કે કદી ખાવી પડી ખાધી નહિ પણ ખાવી પડી-તો યે પાપ એ પાપ નહિ ? આવી વાતો અંતરાત્મા કે મહાત્માથી કરાય ?

કલિકાલસર્વજ્ઞ આ. **શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ ફરમાવ્યું છે કે -

**स्याच्छैशवे मातृमुखो, तारुण्ये तरुणीमुखः ।**
**वृद्धभावे सुतमुखो, मूर्खो नान्तर्मुखः क्वचित् ।।१।।**

બાલ્યાવસ્થામાં માનું મોં જુએ, જુવાન થાય એટલે પત્ની સામે જુએ, ઘરડો થાય એટલે છોકરા તરફ જુએ પણ એ ગમાર માણસ પોતાના આત્મા તરફ કદી જોતો નથી.

આ દશા હોય, ત્યાં શું થાય ? આ બધા બહિરાત્માનાં લક્ષણ છે.

**૧૦. સભા** : **બહિરાત્મામાં જુદા જુદા ભેદ હોય ?**

**પૂજ્યશ્રી** : હોય પણ તેની મહત્તા નથી. બધાય પત્થરની ખાણ, કોઈ વાંકો તો કોઈ ગોળ તો કોઈ અણીદાર પણ આખરે બધા જ પત્થર. ભગવાનની મૂર્તિ કયા પત્થરની થાય ? ટાંકણું મારતાં ભાંગી જાય એની ? ના. ટાંકણાનો ઘા ખમી શકે એવા પત્થરની જ મૂર્તિ થાય, એ જ રીતે ધર્મના સિદ્ધાન્તો પચાવી શકે તે અંતરાત્મા બની ધીરે ધીરે પરમાત્મા બની શકે.

**૧૧. સભા : 'મહાત્મા' શબ્દ પારિભાષિક છે ?**

**પૂજ્યશ્રી** : જૈનશાસનમાં એ વાત રૂઢ છે કે જે તત્ત્વદૃષ્ટિ ધરાવતો આત્મા પોતાની સમજનો પૂરો અમલ કરે તે **મહાત્મા**. દુનિયા જેમાં રવડે તેમાં જે ન રવડે તે મહાત્મા. બાકી તો કોઈને રોટલીનો ટુકડો ન મળે અને કોઈને ઘેબર મળે. કોઈને સુવા કંથા પણ ન મળે અને કોઈને સદાયે પુષ્પની શય્યા મળે. ગધેડો રાખમાં આળોટે અને શ્રીમંત પલંગમાં આળોટે, આ બધામાં ભેદ છે પણ એની કોઈ મહત્તા નથી. બધાંયે બહિરાત્મ દશાનાં લક્ષણ છે.

(જિ.વ.૧૨/અં.૮)

**૧૨. સભા : અરૂપી આત્માને કર્મ કેમ લાગે ?**

**પૂજ્યશ્રી** : લાગે અને એને માટે દૃષ્ટાંત પણ છે. અરૂપી જ્ઞાન રૂપી મદિરાપાનના નશાથી અવરાય છે. ત્યાં રૂપીએ અરૂપી જ્ઞાનને જે રીતે પરાઘાત કર્યો, તે રીતે અરૂપી આત્માને પણ રાગદ્વેષના યોગે રૂપી કર્મો ચોંટી શકે છે. કર્મના સંગને લઈને એક દૃષ્ટિએ આત્માને રૂપી પણ કહેવામાં આવ્યો છે, પણ વસ્તુતઃ અરૂપી છે. જ્યારે આત્મામાંથી બધાં કર્મ ચાલ્યાં જશે ત્યાર પછી કર્મ નહિ લાગે. સિદ્ધના આત્માને કર્મ સ્પર્શી શકતું નથી, કારણ કે ત્યાં ચીકાશ નથી. પૌદ્ગલિક ચીકાશના યોગે કર્મરૂપી કચરો લાગુ થાય છે.

(આચારાંગ/ભાગ-૪)

**૧૩. સભા : 'આત્માનું બળ વધારે કે કર્મનું ?'**

**પૂજ્યશ્રી** : આત્મા ઊંઘતો હોય ત્યાં સુધી કર્મનું બળ વધારે અને જાગ્રત થાય ત્યારે આત્માનું બળ વધારે. આજે આત્મા જાગે અને આજે જ બળ આવી જાય એ પણ ન બને. એ તો પ્રવૃત્તિ કરતો કરતો બળ એવું મેળવે કે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય. ઝંપાપાત કરવો એનું નામ બળ નથી. શરીર છૂટતું નથી માટે ગળું ન કાપી નખાય. ગળું કાપી નાખવું એનું નામ બળ નથી. શરીરથી છૂટવા માટે ગળું ન દબાવાય, શરીર તો કર્મજન્ય છે અને હવે નથી જોઈતું એ વિચાર થયો તો જ્ઞાનીએ કહ્યાં મુજબ તપ વિગેરે અનુષ્ઠાન કરવાં જોઈએ. 'ધીમે ધીમે નથી પાલવતું' એમ કહીને પોતાનું ગળું દાબે એ તો દુર્ગતિમાં જાય. આંધળિયાં કરવાનું બળ કામ ન આવે. શરીરથી છૂટવા માટે અનંતજ્ઞાનીની નિશ્રા પકડવી જોઈએ અને એમના ચીલે ચાલવું જોઈએ. બાકી શરીરથી છૂટવા સત્તર વાર ગળાં કાપે તો પણ શરીર આત્માને ન છોડે.

કર્મના-ફંદામાં ફસાયેલા આત્માને એમાંથી છોડાવવા માટે કળ વિના બીજો રસ્તો નથી. જૈનશાસનમાં મુક્તિ કળથી છે બળથી નહિ. મન, વચન, કાયાનું બળ જરા પણ પૌદ્ગલિક પદાર્થો પ્રત્યે વાપરવાનું નથી. એ બળ આત્માની સ્થિરતાના અભ્યાસમાં અજમાવવાનું છે. ધક્કો મારીને વસ્તુ ખસેડવામાં બળ નથી અજમાવવાનું, પણ સંસર્ગના ત્યાગમાં અલગપણાની સ્થિરતામાં એ બળ અજમાવવાનું છે. ભગવાન મહાવીરદેવ અનંતબળી હતા. એમનું આયુષ્ય બહોંતેર વર્ષનું હતું. એ બહોંતેરમાં વર્ષ પહેલાં મુક્તિએ જવા માગે તો જઈ શકે ? નહિ જ. તો શું એમના અનંત બળમાં ખામી છે ? નહિ જ. પણ એ આયુષ્યમાં એ સ્થિતિ હવે કેળવવાની છે કે એ આયુષ્ય પૂરું થયા પછી

આત્માની સાથે કાંઈ પણ વળગણ ન રહે. સંયોગરૂપે કર્મ વળગ્યું છે ત્યાં સુધી આત્મા ભાગી ન શકે. 'સંયમ' શબ્દથી સમ્યગ્દષ્ટિ ન ભાગે.

મુનિને નમસ્કાર સંયમને કઠિન માનીને ન કરાય. દુનિયાના ક્ષુદ્ર પદાર્થોમાં પડેલા પ્રાણીને આ પ્રાપ્તિ અશક્ય છે અને આ મહાપુરુષ પામ્યા માટે એને નમવાનું, એ નમસ્કાર સંયમને કઠિન માનીને નથી કરવાનો. જો એ રીતે કરો તો તો સંયમથી આઘા રહેવું પડે એવો એ નમસ્કાર થાય. સંયમમાં કઠિનતા શાથી લાગે છે ? વિષયોથી વ્યાપ્ત દુનિયામાં રહેવું અને વિષયો ભોગવવા નહિ એ કઠિન, માટે કઠિનતા લાગે છે. વિષયના સેવન કરતાં વિષયના ત્યાગમાં અનંત સુખ છે. આત્મા અનાદિ કાળથી વિષયથી ટેવાયેલો છે અને દુનિયામાં વિષય સામગ્રી મોજૂદ છે. એ હોવા છતાં વિષયના વિરાગી બનવું એ કઠિન લાગે છે. વિષયની સામગ્રી જેની ખાસી અને જેને વિરાગ આવ્યો તેને તેવું સુખ છે કે જેવું સુખ દુનિયાના કોઈ આત્માને નથી.

સમ્યગદષ્ટિ માત્ર સંયમને સુંદર માને છે. સંપૂર્ણ સંયમધરને અવિરતિધર દેવતાઓ પણ નમે છે. જેનામાં વિરતિનો છાંટો નથી એવા દેવો સંયમીની પાછળ ભમે છે એનું કારણ સંયમ મજેનું છે, એની છાયામાં પણ શાંતિ મળે છે. કરોડો દેવો શ્રી જિનેશ્વરદેવની પાછળ ચાલે જ, સાથે રહે જ, કારણ કે એ વાતાવરણમાં પણ સુખનો આસ્વાદ છે. શ્રી જિનેશ્વરદેવ જ્યાં બેસે, ચાલે, બોલે ત્યાં સુખના સાગર રેલાય છે, પણ આ લાભ તે લઈ શકે કે જે સંયમને કઠિન નથી માનતા. તમે તો કઠિન માનો છો એટલે જ તમે કહો છો ને કે 'ડુંગરા દૂરથી રળિયામણા !'

**૧૪. સભા : 'ચોથા ગુણસ્થાનકવાળાને છઠ્ઠે જવાની રુચિ ખરી?'**

**પૂજ્યશ્રી** : એને છઠ્ઠાની રુચિ નિયમા હોય માટે તો ત્યાં રહ્યા છતાં એને જ્ઞાનીએ 'નહિ રહ્યા' જેવો કહ્યો. ભગવાને સંઘમાત્રને અલ્પસંસારી કહ્યો છે. સંઘમાંથી કોઈ નીકળ્યા છે તો કોઈ નીકળવામાં માનવાવાળા છે. સંઘ એ તો કમળ છે ને? મુનિએ બળ વધારે વાપર્યું છે, તમે ઓછું વાપર્યું છે પણ દૃષ્ટિ તો તમારી ત્યાં જ છે. **સમ્યગ્દૃષ્ટિ થયો એટલે પુરુષાર્થનો પૂજારી થયો, ભાગ્યનો પૂજારી મટી ગયો. પુરુષાર્થમાં પણ ધર્મ અને મોક્ષનો જ પુરુષાર્થ, અર્થ અને કામનો નહિ.**

પુરુષાર્થની સફળતા કેવળ મુક્તિ માટે છે, અર્થ-કામ માટે નહિ. દુનિયાદારી માટે થતો પુરુષાર્થ ભાગ્ય હોય તો ફળે છે. અર્થ-કામના પુરુષાર્થને સિદ્ધ કરવા ભાગ્યની જરૂર છે. મુક્તિનો પુરુષાર્થ સિદ્ધ કરવા કશાની જરૂર નથી. એ સાક્ષાત્ ફળ આપે જ્યારે પેલો પરંપરાએ ફળ આપે. પાંચે કારણની જરૂર બધે, પણ મુક્તિનો પુરુષાર્થ કરવા ભાગ્ય ન જોઈએ. જ્ઞાન દર્શન ચારિત્રની આરાધનાથી મુક્તિ મળે. મુક્તિ ભાગ્યથી નહિ, પણ કર્મના ક્ષયે જ મળે.

---

**૧૫. સભા : 'એમાં ભવસ્થિતિની પરિપક્વતા એ કારણ નહિ?'**

**પૂજ્યશ્રી** : જો ભવસ્થિતિને જ પકડી રાખવી હોય તો પછી શ્રી જિનેશ્વરદેવનું કામ શું ? શાસ્ત્રોનુંય કામ શું ? પાકશે ત્યારે જવાશે, એમ રાખવું છે ? સમ્યગ્દૃષ્ટિ આત્મા બધા વિચાર ભૂલી જાય. મુક્તિના પુરુષાર્થમાં જ

લાગી જાય. પ્રયત્ન કરવા છતાં સાધ્ય સિદ્ધ ન થાય તો પછી અંતરાયનો ઉદય કહેવાય.

---

**૧૬. સભા : 'કાચી કેરી પકવવા જેમ ઘાસની જરૂર તેમ ભવસ્થિતિ પકવવા પુરુષાર્થ જરૂરી નહિ ?'**

**પૂજ્યશ્રી** : એ લોકો ત્યાં કહે છે કે અનંતજ્ઞાનીએ જોઈ હશે ત્યારે મુક્તિ થશે, પણ પુરુષાર્થ કરવાનું પણ અનંતજ્ઞાનીએ કહ્યું છે ને ? અનંતજ્ઞાની કહે તે જ ધર્મ.

---

**૧૭. સભા : 'ભગવાન અને ભાગ્યવાન એક ?'**

**પૂજ્યશ્રી** : ભગવાન ભાગ્યવાન જરૂર હોય પણ ભાગ્યવાન ભગવાન હોય જ એવું નથી. આજના શેઠિયાઓ ભાગ્યવાન છે પણ એમાંના ઘણાથી ભગવાન લાખ્ખો જોજન દૂર છે. માટે ભૂલેચૂકે ય શેઠિયાને ભગવાન ન કહેતા, એને ભાગ્યવાન જ કહેવાય. ભગવાન* તો અરિહંતને, ગણધરને, આચાર્ય,

---

***भगोऽर्क-ज्ञान-माहात्म्य-यशो-वैराग्य-मुक्तिषु ।**

**रुप-वीर्य-प्रयत्ने-च्छा-श्री-धर्मे-श्वर्य-योनिषु ।।**

**- कल्पसूत्र सुबोधिका.**

'ભાગ' શબ્દ ૧-સૂર્ય, ૨-જ્ઞાન, ૩-માહાત્મ્ય, ૪-યશ, ૫-વૈરાગ્ય, ૬-મુક્તિ, ૭-રૂપ, ૮-પરાક્રમ, ૯-પ્રયત્ન, ૧૦-ઈચ્છા, ૧૧-શ્રી, ૧૨-ધર્મ, ૧૩-ઐશ્વર્ય અને ૧૪-યોનિ આટલા અર્થમાં વપરાય છે.

ઉપાધ્યાય તથા મુનિને કહેવાય. 'આચાર્ય ભગવંત' કે 'સાધુ ભગવંત' બોલો છો ને ? 'ભગવાન' શબ્દના ચૌદ અર્થ થાય તેમાંથી પહેલો અને છેલ્લો એમ બે અર્થ છોડી દેવાના. એ શબ્દના કરવા હોય તેટલા અર્થ કરાય પણ અહીં મુખ્ય બાર અર્થ લાગુ પડે. શેઠિયા વગેરે ભાગ્યવાન કહેવાય, તે ભાગ્ય હોય ત્યાં સુધી હસે અને ભાગ્ય પરવારે પછી રુએ. રુએ એટલે પછી ભાગ્યવાન નહિ પણ ભાગ્ય ફૂટ્યા. આ ભગવાન તો એવા કે જેને ભાગ્યની પરવા જ નહિ. શુભોદય અને અશુભોદયની જેને દરકાર જ નહિ. અસંખ્યાતા ઇંદ્રો જેમને પૂજવા આવતા તો ય કાંઈ નહિ અને ગોવાળિયા જેમને મારી જતા તો ય કાંઈ નહિ, એવા એ ભગવાન. (આચારાંગ/ભાગ-૮)

**૧૮. સભા : 'આત્મા અને કર્મનો સંયોગ ક્યારથી ?'**

**પૂજ્યશ્રી** : અનાદિથી. એ સંયોગ છે જ. સોનું અને માટીનો સંયોગ સદાનો હતો જ. અમુક લગડીનો અમુક માટી સાથે જે સંયોગ હોય, તેની આદિ કહી શકાય, પણ સામાન્યતઃ સોના અને માટીનો સંયોગ અનાદિ જ કહેવાય. વસ્ત્રના સ્વાભાવિક રંગની આદિ ન પૂછાય. લાલ, પીળા, કાળા રંગના ફેરફારો એમાં થાય પણ મૂળ રંગ તો જે એનો હતો તે છે જ. કર્મનો સંયોગ આત્માને અનાદિથી છે અને એનાથી છૂટા પડવું એ ધર્મ છે. ધર્મના પુરુષાર્થ દ્વારા જીવો પોતાના આત્મપણાએ પ્રગટ થાય છે.

** શીલસંપન્ન આત્માઓ પરસ્ત્રી માટે નપુંસક જ હોય છે.*

**૧૯. સભા : 'ધર્મ સાદિ કે અનાદિ ?'**

**પૂજ્યશ્રી** : ક્ષેત્રની અપેક્ષાએ મહાવિદેહમાં અનાદિ અને કાયમ. ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રમાં સાદિ; વચ્ચે વચ્ચે ન પણ હોય વળી અમુક વખત પછી હોય. વસ્તુ સ્વરૂપે તો એ અનાદિ અને કાયમ છે. **દરેક ક્ષેત્રમાં આત્મધર્મ કાયમ મોજૂદ છે; સાધન ધર્મ મહાવિદેહમાં કાયમ મોજૂદ અને ભરત ઐરવતમાં વચ્ચે વચ્ચે ન પણ હોય.** ધર્મ છે એ વાત ખરી, પણ લાભ તો એને આચરે તેને થાય. દુનિયામાં લક્ષ્મી ઘણી છે તેથી દરિદ્ર ભૂખે ન મરે ? ગામમાં ઘણું અનાજ હોય પણ ઘરમાં ન હોય તો ? અગ્નિ રસોઈ પકાવે, પણ અનાજ ચૂલે ચડાવો તો ને ? અગ્નિ અને અનાજ અલગ રાખો તો રસોઈ ન જ થાય. ધર્મમાં કર્મક્ષય કરવાની તાકાત છે, પણ જે ધર્મ આચરે એનો કર્મક્ષય થાય; ન આચરે એનો શી રીતે થાય ? સઘળા જીવો આત્મપણે પ્રગટ થાય છે. આત્માના બે અર્થ; જીવની હયાતી અથવા પોતે કરેલી કર્મની પરિણતિ. કોઈ પણ જીવ ઉત્પન્ન થાય છે અને મરે છે તે આત્મા છે, તથા તેણે કરેલી કર્મની પરિણતિનો ઉદય છે તેથી ઉત્પત્તિ અને મરણ છે.

**અનાદિસિદ્ધ પદાર્થમાં કારણ ન મગાય :**

દુનિયામાં એવા પણ માણસો છે કે જે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ પંચભૂતના સંયોગથી શરીર રૂપે પેદા થાય તેને ચૈતન્યમય આત્મા માને છે. કોઈ કહે છે કે ઈશ્વરે આત્મા બનાવ્યો. આ શાસ્ત્ર એ વાતોની ના પાડે છે. માટીમાંથી ઘડો થાય તે માટીનો થાય, સોનામાંથી થાય તે સોનાનો થાય, જેવું કારણ તેવી કાર્યોત્પત્તિ થાય. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ

એ પાંચે જડ છે - આત્મામાં બુદ્ધિ, જ્ઞાન વગેરે જે ગુણો દેખાય છે તે પૃથ્વી આદિ એકેય તત્ત્વમાં નથી, તો એનાથી આત્મા ઉત્પન્ન થાય શી રીતે ? જેનામાં જે ગુણો ન હોય તેનાથી તે ગુણો કઈ રીતે ઉત્પન્ન થાય ? માતાના ગર્ભથી શરીર ઉત્પન્ન થયું, પણ આત્મા તો બીજા કર્મના યોગે એમાં આવ્યો. ગુણ વિશેષમાં કારણ ન હોય. ઘઉંથી ઘઉં અને બાજરીથી બાજરી. અનાદિસિદ્ધ પદાર્થમાં કારણ ન મગાય. જે ચીજ બની નથી ત્યાં 'કેમ બની ?' એ ન પૂછાય.

---

**પૂર્વભૂમિકા** : કારણ વિના કાર્ય ન બને તો આકાશ કયા કારણથી બન્યું ? મકાનમાં તો ઈંટ, પત્થર, થાંભલા, લાકડું, લોઢું દેખાય છે, પણ આકાશમાં શું દેખાય છે ? ઈશ્વરે બધું બનાવ્યું એ માનવામાં તો સેંકડો પ્રશ્નો ઊભા થાય છે. જો **પંચભૂતને અનાદિ મનાય તો આત્માને અનાદિ માનવામાં શી ચૂંક આવે ? પંચ ભૂત તો જડ છે, એનાથી ચેતનની ઉત્પત્તિ મનાવવાની મહેનત કરવા કરતાં આત્મા અનાદિ માનવામાં વાંધો શો ?** તલથી તેલ નીકળે પણ રેતીથી તેલ ન નીકળે. જ્યારે રેતીને અનાદિ માનવા તૈયાર છો તો તલને અનાદિ માનવામાં વાંધો ખરો ? નહિ જ. તલ તો તેલની ખાણ છે માટે એમાંથી તેલ નીકળે, પણ પાંચ ભૂતમાં ચૈતન્ય નથી તો આત્મા ક્યાંથી થયો ?

આ બધી વાતોને ખંડિત કરવા આ મહર્ષિ લખે છે કે આત્મા પોતાના આત્મપણાએ પ્રગટ થાય છે. યાદ રાખો કે ખંડન વિના મંડન નથી એમ આ સૂત્રકાર પણ પોકારીને કહે છે. **બૃહત્કલ્પની પીઠિકામાં** પણ આ વાત

જણાવેલી છે. એક સૂત્ર ઉપરથી આ સૂત્રકાર તમામ કુમતોનું ખંડન કરે છે. સૂત્રકાર કહે છે કે 'ઈતર લોકો જે ઈશ્વરથી કે પંચભૂતથી આત્માની ઉત્પત્તિ માને છે તે વ્યાજબી નથી.' આનો જો અત્યારે સંવાદ કરતા જઈએ તો ઘડાઘડી થાય.

**૨૦. સભા : 'છાણમાંથી વીંછી કેમ પ્રગટ્યા ?'**

**પૂજ્યશ્રી** : છાણમાંથી એ શરીર થયું અને એમાં તે આત્મા આવ્યો.

**આત્મા કર્મયોગથી શરીર બાંધે છે.**

માતા-પિતાના રુધિર તથા વીર્ય એ તો શરીર બાંધવાની સામગ્રીઓ, પણ શરીર બાંધનાર તો આત્મા પોતે છે; કર્મયોગથી એ શરીર બાંધે છે. એક જ માતાના ઉદરમાં પેદા થયેલાના રૂપરંગમાં ફેર કેમ ? છાણથી તો શરીર પેદા થાય છે; આત્મા તો પોતે આવે છે. દુનિયાની ચીજોમાંથી જેના ભાગ્યમાં જે, તે તેનો ઉપયોગ કરે. આંબા આટલા બધા આવે છે તેમાંથી જેના ભાગ્યમાં જે આંબો, તે તે ખાય. જેનું જેવું કર્મ તે આત્મા તેવા સ્થાને, તેના ગર્ભમાં પેદા થાય. દુનિયામાં સ્ત્રીઓ તો ઘણી છે, પણ તમારી માતા એક જ કેમ ? અમુક જ કેમ ? કર્મ બંધ એવા પ્રકારનો.

**કર્માધીનને સાધન જોઈએ :**

રુધિર અને વીર્યથી માતા-પિતા શરીર બાંધવાની સામગ્રી આપે છે. ચેતને જડની સામગ્રીથી જડ બાંધ્યું. આત્માએ કર્માધીન થઈ પુદ્ગલ મેળવી તેનો પોતે ઉપયોગ કર્યો. જડ પુદ્ગલોથી જડ શરીર બાંધ્યું. શરીરમાં આત્મા વ્યાપી રહ્યો છે. આત્મા પેદા થયો એમ ન માનો, પણ આત્માએ શરીર પેદા કર્યું એમ

**માનો. છાણના પુદ્ગલને પામીને આત્માએ વીંછી જેવું શરીર બનાવ્યું એમ માનો. પણ છાણમાંથી વીંછીના જીવ પેદા થયા એમ ન માનો. કર્માધીનને** સાધન જોઈએ. જડની સાધનાથી ચેતને ચૈતન્ય પેદા કરવાનું છે. જડના સંયોગમાં રહેલા આત્માએ પોતાની અનંત શક્તિને પ્રગટાવવા જડનો સંયોગ કર્યા વિના છૂટકો જ નથી, કેમ કે એ જડમાં પડ્યો છે. ચક્ષુરિંદ્રિય મળી છે, એનાથી જોઈ શકીએ છીએ. શાસ્ત્રે એનો એવો ઉપયોગ કરવાનું કહ્યું કે જેના યોગે, કદી ચક્ષુ મીંચાઈ જાય તોયે એ આત્મા વસ્તુને સાક્ષાત્ જુએ. આ ચક્ષુ શાશ્વત્ નથી, એ થોડા વખતની છે, થોડા વખત માટે મળી ગઈ છે, તો એવી મહેનત કરવી, એનો એવો ઉપયોગ કરવો જોઈએ કે એ જાય તોયે પરવા નહિ. **ચક્ષુનો સદુપયોગ એ ધર્મ અને દુરુપયોગ એ અધર્મ.**

---

**કર્મ જ બેયને સામગ્રી મેળવી આપે છે.**

**૨૧. સભા : 'ગર્ભજ જીવન ઉત્પન્ન થવાની સામગ્રી માતા–પિતાના યોગે મળી, પણ સંમુચ્છિંમને કોણે મેળવી આપી ?'**

પૂજ્યશ્રી : કર્મે. કર્મ જ બેયને સામગ્રી મેળવી આપે છે. માતા-પિતા તો રોજ સામગ્રી મેળવી આપતા હોય, પણ આત્મા રોજ પ્રગટ થતો નથી. તમે કાંઈ કર્યું છે એવું માનતા જ નહિ.

---

૨૨. સભા : 'તો માતા–પિતાનો ઉપકાર શા માટે મનાય ?'

**પૂજ્યશ્રી** : ઉપકાર નહિ ? ગર્ભમાં આવ્યો આત્મા પણ સાચવ્યો કોણે ? ગર્ભ પાડી નાંખ્યો હોત તો ? માતા-પિતા પણ રક્ષા મોહથી કરે છે માટે તત્ત્વદષ્ટિએ વાત જુદી છે, પણ તમે જે સંયોગોમાં છો તે સંયોગો અનુસાર

તમારે નિમિત્ત માનવા જોઈએ. માતા-પિતાએ શરીર સાચવ્યું, ખીલવ્યું માટે એમનો ઉપકાર જરૂર. એનો બદલો વાળવો જ જોઈએ. માતા-પિતા ઉપર જેને મોહ છે તેનો મોહ દૂર કરવા માટે શાસ્ત્રકારે બોધ આપ્યો કે 'કોના પિતા ! અને કોની માતા !'

---

**૨૩. સભા** : **'તો તો છાણનો પણ ઉપકાર મનાય ?'**

**પૂજ્યશ્રી** : છાણ શરીર સાચવે છે ? સાચવે નહિ તેનો ઉપકાર અને સાચવે-સંભાળે તેના ઉપકારમાં ભેદ નહિ ?

સાધનરૂપ થાય એમાં અને સાધનરૂપ થઈ સાધ્ય પેદા કરે એમાં ભેદ નહિ? માતા ગર્ભમાં નવ માસ પીડા ભલે મોહથી પણ સહે છે ને ? જન્મની પારાવાર પીડા સહે છે અને સાચવીને મોટો કરે છે એ દૃષ્ટિએ ઉપકાર છે. ભલે એ મોહથી કરે છે માટે મોહજન્ય કર્મ એને લાગે, પણ એ માતા-પિતાએ આ રીતે વર્તાવ કર્યો તો જીવાયું ને ? એ ધારત તો ગળું દાબી શકત, દૂધમાં ઝેર પાઈ શકત, સ્તન ઉપર ઝેર ચોપડીને મારી શકત પણ એવું કાંઈ નહિ કરતાં બચાવે એ ઉપકાર નહિ ? બાળકનું જીવન તો માતા-પિતાના હાથમાં છે ને ? આ કમ ઉપકાર છે ? જે વ્યક્તિ જે વસ્તુનો જે પ્રમાણમાં ઉપયોગ કરે તે વ્યક્તિએ પોતે, કર્માધીન છે ત્યાં સુધી એનો ઉપકાર માનવો પડે. હા ! એ વાત ખરી કે એ જ કર્તા અને એને જ સમર્પાવાની મૂર્ખાઈ ન કરાય.

જ્ઞાનીએ અનિત્ય, અશરણ વગેરે ભાવના કહી તે ત્યાગ કરવા માટે, પણ ત્યાગ કરવો ન હોય અને કોઈના આપવાના અવસરે એ ભાવવા માંડે અને 'एगोऽहं नत्थि मे कोई'ની વાતો કરીને કહે કે 'એ મારા નથી, હું એનો નથી.

કોણ લેણદાર ને કોણ દેણદાર !' તો એ દંભ છે. એ તો એ ઉત્તમ ભાવનાઓનું અપમાન છે, સારી ચીજનો દુરુપયોગ છે. આ વાતો ત્યાગ માટે કહી છે. **બાપની મિલકત તમામ પચાવી પાડી કોઈને રાતી પાઈ પણ ન આપવા 'કોના બાપ ને કોના દીકરા !' એમ બોલે એ તો પાપી છે.** લક્ષ્મીની, વિષય-કષાયની મૂર્ચ્છા ઊતરે ત્યારે મા-બાપ રડે ત્યાં એમ કહેવાય કે, 'કોના બાપ ને કોના દીકરા !' આ તો એવા ઉઠાઉગીર કે માનાં અલંકાર લઈને બાયડીને પહેરાવે, બાપની મિલકતથી પેઢી માંડી પોતે માલિક બની બેસે અને પછી બાપ માંદા પડે ત્યારે કહે કે, 'કોના બાપ અને કોની મા !' એના જેવા દંભી કોણ ? **'કોના બાપ અને કોની માં!' એમ સાધુ કહે તો ચાલે, પણ તમે કહો તે ન ચાલે.** (આચારાંગ ભાગ-૯)

---

**પૂર્વભૂમિકા** : આત્મારૂપ સોનું કર્મરૂપ માટીમાં મળેલું છે. કારીગરના હાથમાં જાય તો પોતાના મૂળસ્વરૂપને પામે. અનંત શક્તિ ખરી, પણ કયા આત્માની? જે કર્મની સામે યુદ્ધ કરી તેના પર વિજય મેળવે અને જેને દુનિયાની કોઈપણ વસ્તુ ન મૂંઝવે તેની !

જેમ સોનું સો ટચનું પણ હોય, અઠ્ઠાણું ટચનું પણ હોય, ઓછું પણ હોય, માટીમાં મળેલું પણ હોય, તેમ આત્મા સ્વરૂપે અનંત શક્તિમાન હોવા છતાં અધિક શક્તિમાન, અલ્પ શક્તિમાન તથા શક્તિહીન પણ હોય. શક્તિમાન એવા હોય કે, હાલેચાલે પણ નહિ. શરીરમાં રહેવા છતાં પણ શરીરની પરવા ન કરે, તો અહીં પણ એ આત્મા શક્તિમાન કહેવાય અને જ્યારે સર્વથા શરીરથી છૂટે ત્યારે તો તદ્દન શુદ્ધ કોટિમાં જાય. અનાદિકાળથી એ કર્મોથી લેપાયેલો છે,

માટે એ એનું મૂળસ્વરૂપ ન કહેવાય. સ્ફટિકનો વર્ણ તો સફેદ જ છે, પરંતુ એમાં પરોવેલા રાતા, લીલા, પીળા દોરાને લઈને તેનો તેવો તેવો રંગ દેખાય, માટે એ એનો રંગ નહિ; એ રંગ તો દોરાનો છે. આત્માનું સત્તાગતે સ્વરૂપ તો બધાનું એક જ છે. 'અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્ય' આ સ્વરૂપ બધાનું જ સત્તાગત છે. તે સ્વરૂપ એક જ છે.

**सोऽहं** જપો, પણ ઢોંગ ન કરો.

**૨૪. સભા : सोऽहं તે આ ?**

**પૂજ્યશ્રી** : મળથી રહિત થવાય તો હું તે ! નહિ તો તે, તે અને હું, તે હું ! '**सोऽहं**' ધ્યાનમાં તે (પ્રભુ) '**सः**' અને હું '**अहं**' કેમ ? હું મેલો માટે ! તે '**सः**' કેમ થયા? ખાતાં પીતાં ? ઝોલાં ખાતાં ? ઈરાદાપૂર્વક '**सः**'ની પરવા ન કરે, '**अहं**'ની ક્રિયા ચાલુ રાખે અને '**सोऽहं**' નો જાપ કરે, એને તો એ જાતના જાપના વાયુનો રોગ થયો છે એમ મનાય ! 'ઘરમાં રાચીમાચીને રહું, પત્ની સાથે રસપૂર્વક રહું' એમાં શી હરકત ? એમ માની માત્ર '**सोऽहं**' 'તે હું' નો જાપ કરે, તેથી '**अहं**' મટી '**सः**' કેમ થઈ જવાય ? ધ્યાન, એ તો પ્રચંડ અગ્નિ છે. '**सोऽहं**' જાપના ધ્યાનરૂપ અગ્નિથી આત્માની સાથે લાગેલાં કર્મો બળીને ભસ્મીભૂત થાય છે, આત્મા દીપ્તિમાન થાય છે અને અનાદિનો કચરો સાફ થાય છે; પણ ક્યારે ? એ જ વિચારવાનું છે. '**अहं** ' પણાની ક્રિયાને છોડી, તેના જેવા થવાની ક્રિયા કર્યા વિના કેમ જ થઈ શકાય ?

'अहं' પણાની ક્રિયા ચાલુ રાખે, તો 'सः' થવાય શી રીતે ? 'अहं' ને જ 'सः' માને તે મિથ્યાદૃષ્ટિ છે. તે તે હું એ વાત સાચી, પણ હું તે તે નથી. 'सोऽहं' નો જાપ થાય છે. કાંઈ 'अहं सः' નો જાપ થયો ? નહિ જ. કેમ નહિ ? એ વિચારો. એ વિચારવાથી બધું જ સમજાઈ જશે.

**૨૫. સભા : એકલા જાપથી કર્મક્ષય થાય કે નહિ ?**

**પૂજ્યશ્રી** : અક્ષરમાં તાકાત છે, પણ ફળ ક્યારે મળે ? વિદ્યા તથા મંત્રમાં શક્તિ છે, પણ સાધતાં અટકે તો ફળે? એને ઘર મૂકીને જંગલમાં જવું પડે છે, રાતના એકલા ઘોર સ્મશાનમાં બેસવું પડે છે અને એ પણ નક્કી કરીને કે ગમે તેમ થાય પણ ઊઠીશ નહિ.

ત્યાગી છાપ પાડે, પણ કોના ઉપર ? ત્યાગના અર્થી ઉપર છાપ પાડે, પણ ત્યાગના વૈરી ઉપર નહિ. વારુ ! શાસ્ત્રમાં શક્તિ નથી ? છતાં એ શાસ્ત્રનો નાશ કરવાની ભાવના કેમ જન્મી ? સારી પણ ચીજ ફળે કોને ? મેઘ પલ્લવિત કરે, પણ કોને ? મગશેળિયાને ? મેઘમાં એ તાકાત છે કે, જમીનને ભીંજવે; કસ પૂરીને ફળવતી બનાવે; પણ જમીન ઉપર એ કામ કરે, મગશેળિયા ઉપર કરે ? પુષ્કરાવર્ત મેઘ પણ મગશેળિયાથી થાકે ! મેઘમાં શક્તિ છે, પણ ઉખર ભૂમિમાં પડે તો કાદવ થાય; ત્યાં કોઈ ભૂલથી જાય તો ખૂંચી જાય. વરસાદ ફળદ્રુપ જમીનમાં પડે તો ફળે. સ્વાતિ નક્ષત્રમાં શુક્તિની અંદર પડેલા જળબિન્દુથી મોતી થાય. ફળનો આધાર પાત્ર ઉપર છે ને? વસ્તુ પાત્રના યોગે

ફળે. '**સોઽહં**' નો જાપ કરે અને વેશ્યાને ઘેર આનંદપૂર્વક જાય, એને એ જાપ કેમ ફળે ? આ તો કહે છે કે, '**સોઽહં**' તે હું. માટે ગમે ત્યાં જાઉં, વેશ્યાને ત્યાં પણ જાઉં, કેમ કે, તે હું ! '**સોઽહં**'નો આ રીતે જાપ કરનારા ઢોંગી છે.

**૨૬. સભા : પરવસ્તુમાં જવું એ વેશ્યાગમન છે ને ?**

**પૂજ્યશ્રી** : હું એ જ કહું છું. હાડચામથી મઢેલી કોથળીને સુંદર માની, એનાથી પોતાને જીવતો માને અને કહે કે, '**સોઽહં**' ત્યાં શું ? 'તે હું' અને 'હું આનો (હાડચામનો) પણ' એનો મેળ શી રીતે મળે ? '**સોઽહં**'નો જાપ કરનારે '**અહં**' પણાની ક્રિયા તજવી જોઈએ અને '**સઃ**' થવાય તેવી ક્રિયા કરવી જોઈએ. '**સોઽહં**'નો જાપ કરે અને '**અહં**' પણાની ક્રિયા સારી અને કરવા જેવી છે એમ માને, એ વસ્તુતઃ નાસ્તિક છે. એ ધર્મી તો નથી, પણ સામાન્ય આસ્તિક પણ નથી. કંદમૂળ ખાતી વખતે કહે છે કે, 'પુદ્‌ગલ પુદ્‌ગલને ખાય છે એમાં આત્માને શું ? હું તો ભિન્ન છું !' એને કહીએ કે, 'ત્યારે કોલસા ખા ને!' પણ એ તો ખૂંચે છે ! ત્યાં 'પુદ્‌ગલ પુદ્‌ગલને ખાય' એ સૂત્ર નહિ ? આવો કુપંથ આજે ફેલાઈ રહ્યો છે. આવાઓને '**સોઽહં**'નો જાપ શી રીતે ફળે ?

જે સ્વરૂપ ખીલવવું હોય, તેની પ્રતિપક્ષી વસ્તુને તજવી જોઈએ. આપણે સ્વરૂપે શુદ્ધ તો ખરા, પણ ક્યારે ? આત્મામાં જે કચરો હોય તે કાઢ્યા વિના શુદ્ધ કેમ થવાય ? 'પુદ્‌ગલ પુદ્‌ગલને ખાય, એમાં આત્માને શું ?' આવું કહેનારાને વૈરાગ્ય કેમ આવે ? આ બધા વૈરાગ્યના વૈરી છે અને વૈરાગ્યના વેરી

છે, માટે જ શ્રી જિનેશ્વરદેવના શાસનના વૈરી છે અને શ્રી જિનેશ્વરદેવના શાસનના વૈરી છે, માટે જ એ પરમ નાસ્તિક છે !

**સંસારમાં વૈરાગ્ય ન થાય, એ આશ્ચર્ય !**

'દુનિયા છોડીને સંયમ લીધા પછી દુનિયાની વાત કરવામાં હરકત શી?' એમ માની જેઓ દુનિયાને દુનિયાના માર્ગમાં વધારવાની વાતો કરનારા છે, તેમને પૂછવું જોઈએ કે, 'આપે છોડ્યું શું કામ?' એ કહે કે, 'ખોટું હતું, સંસારમાં ભટકાવનારું હતું તેથી !' તો તરત જ પ્રશ્નકારે કહી દેવું જોઈએ કે, 'ત્યારે તમે ભટકવામાંથી છૂટ્યા અને બીજાને શા માટે ભટકાવો છો?'

**જે છોડ્યું એનું મંડન કરે, એ નાસ્તિક જ છે. સંસાર છોડ્યા પછી સંસારના મંડનની વાત, એ નાસ્તિકતા છે.** નાસ્તિકના શિરે કાંઈ શીંગડાં નથી ઊગતાં ! પોતે જે વસ્તુને ભૂંડી માની, નાશકારક માનીને છોડી પછી બીજા પાસે એની વાત કરવી, એનું મંડન કરવું, એનો અર્થ તો એ છે કે, પોતાને જ ત્યાગ, વૈરાગ્ય ગમ્યો નથી. જો એમ જ હોય તો તો સમ્યક્ત્વ ગયું અને મિથ્યાત્વ આવ્યું. છતાં સમ્યક્ત્વનો ડોળ કરવો, એ તો ભયંકર નાસ્તિકતા છે, એમાં શંકા જ શી ?

**પરલોકની ક્રિયા ન ગમે અને કેવળ આ લોકની જ ક્રિયા ગમે, એ જ નાસ્તિકતા છે.** ભયના સ્થાને જવાની ઈચ્છા કોઈની થાય ? ભૂલથી જઈ ચડે તોયે સાવધાનીથી ચાલે. 'પરલોકની ક્રિયાની જરૂર શી? અમે સ્વતંત્રમાંથી ગમે તેમ ખાઈએ-પીઈએ, હરીએ-ફરીએ, તેમાં સાધુના બાપનું શું જાય? શાસ્ત્ર

અમારી પત્તર કેમ ખાંડે ?' આવું બોલનારા નાસ્તિક છે. આવાને આસ્તિક કહે એ પણ નાસ્તિક છે, અને આવાને શરણે જાય તે કંગાલ છે !

---

૨૭. સભા : નાસ્તિક શબ્દ એ ગાળ છે ?

પૂજ્યશ્રી : પરલોકને સુધારનારી ક્રિયા પ્રત્યે જેનામાં શ્રદ્ધા નથી, તે નાસ્તિક !

---

૨૮. સભા : આ તો વ્યાખ્યા છે.

પૂજ્યશ્રી : આ વ્યાખ્યા જ છે. દુનિયા કહે છે કે, 'જેની પાસે પૈસા ન હોય એ દરિદ્રી!' શું આ ગાળ છે ? નહિ જ, તો પછી 'જેને પરલોકને સુધારનારની ક્રિયા પત્યે શ્રદ્ધા નથી, તે નાસ્તિક !' એમ કહેવાય. એથી આને પણ ગાળ ન જ કહેવાય, પણ વસ્તુની વ્યાખ્યા જ ગણાય. આથી સ્પષ્ટ છે કે, જે એવા હોય, એવાના સાથી, સહાયક, પાલક, પોષક અને પ્રેરક હોય, તે બધા નાસ્તિક અને એવાના જે આગેવાન તે મહાનાસ્તિક !

---

૨૯. સભા : એના પ્રત્યે આસ્તિકની શી ફરજ ?

પૂજ્યશ્રી : પહેલી તો ફરજ એ કે, એના સંગથી દૂર રહેવું. એના સંગથી એટલે સોબતથી દૂર રહેવું. એ આપણને અલગ કરે તો રાજી થવું. શક્તિનો ઉપયોગ કર્યા વગર, વગર મહેનતે એ ખસતા હોય તો એવા ભલા કોણ ?

સ્કંધક મુનિએ ચામડી ઉતારવા આવનારને કહ્યું હતું કે, 'કાયા તજવી તો હતી જ. પણ જાતે ન તજાત, તું તજાવા આવ્યો માટે મહાઉપકારી ! તું ભલે આવ્યો ! તું કહે તેમ ઊભો રહું !' માટે યાદ રાખી લો કે, જે ગુણો પેદા કરવા હોય એની પ્રતિપક્ષી વસ્તુ તજવી જ જોઈએ. તજવા યોગ્ય માનવી જ જોઈએ.

'**सोऽहं**'નો જાપ કરનારા '**सोऽहं सोऽहं**' કરે, ને ભગવાનને કહે કે, 'તું વીતરાગ, તેથી શાંત બેસી રહે અને હું ઘેર જઈને સાહ્યબી ભોગવું; તું ભલે વીતરાગ રહે ને હું રાગી થાઉં, કેમ કે, '**सोऽहं**' તે હું!' તને ભોગો ન ગમ્યા તો ન ભોગવ્યા; મને ગમે છે માટે ભોગવું, કેમ કે, '**सोऽहं**' તે હું.' તને ખાવું ન ગમ્યું તે તેં તપ કર્યા : મને ગમે છે માટે ખૂબ ખાઉં, કેમ કે, '**सोऽहं**' તે હું!' બસ '**सोऽहं सोऽहं**' આવા જાપ કરનારા ને આ રીતે વર્તનારા આવા અજ્ઞાન ભેગા થાય તો શું થાય ? (સં.સ્વ.દ.ભાગ-૧)

** જેમ બીજના મૂળમાં વિશાલ વટવૃક્ષ થવાની શક્તિ રહેલી છે,*
*તેમ આત્મામાં પરમાત્મા થવાની શક્તિ રહેલી છે.*

** પહેલા ગુણઠાણે બહિરાત્મા, ચોથેથી અંતરાત્મા,*
*છઠ્ઠેથી મહાત્મા અને તેરમે ગુણઠાણે પરમાત્મા બને.*



## ❖ આશાતના ❖

**સ્વચ્છંદ કલ્પના આ શાસનમાં ન ચાલે :**

**પૂર્વભૂમિકા** : સ્વચ્છંદ કલ્પનાના પરિણામે કોઈકે શૌચાલયમાં પણ ધાર્મિક પુસ્તક વાંચ્યું. આથી આત્મા ઉંચે ચઢ્યો કે પડ્યો ? આ ગાઢ મિથ્યાત્વ નથી ? જે વસ્તુ ઉચ્ચ માની એની વિડંબનાની ભાવના થાય ?

**૩૦. સભા** : **'કહેવાય છે કે–ભગવાનનું નામ ગમે ત્યાં લેવાય. ?'**

**પૂજ્યશ્રી** : એ ખરૂં, પણ ક્યારે ? ગમે ત્યારે? શૌચાલયમાં ગયા, શરીર બગડ્યું, છેલ્લો સમય લાગે તો નવકાર બોલવાની સંભાળાવવાની છૂટ, પણ રોજ ? અને ફાવે ત્યારે ? ભૂખ લાગે ત્યારે સૂકો રોટલો પણ પચી જાય પણ રોજ ખાઓ તો પચે કે પેટમાં દુઃખે?

**સભા : વખત નકામો ન જાય માટે એમ કર્યું હતું.**

**પૂજ્યશ્રી** : અમુક માણસોની ક્રિયા ગાઢ મિથ્યાત્વનો પ્રચાર કરનારી હોય છે. એવાઓ ધર્મને ભારે નુકશાન પહોંચાડે છે. એવાઓ સમજે છે કે આ દેશમાં ધર્મભાવના પ્રધાન છે, એટલે લોકો આકર્ષાય તેવું કર્યે જાય અને વચ્ચે આવું વિષ ઘાલી દે. પોતાને પચીસમો તીર્થંકર મનાવવાની ભાવનાવાળો પણ એક આત્મા થોડા વખત પહેલા થયો હતો ને? એને જ્યારે કહેવામાં આવ્યું કે- ગૃહીલિંગે કેવળી થયાના દાખલા તો આ શાસનમાં છે, પણ શ્રી અરિહંત તીર્થંકરો તો ગૃહીલિંગે ન જ થાય. એ તો સંયમ લઈને જ થાય, એ નિયમા દીક્ષા લે, એ જ્યાં ભિક્ષા લે ત્યાં પંચદિવ્ય પ્રગટ થાય, એ જ્યાં દેશના દે ત્યાં સમોસરણ રચાય, એ ચ્યવે ત્યારે દેવો દોડાદોડ કરે, જન્મે ત્યારે ઈન્દ્રો મેરૂ ઉપર અભિષેક કરવા લઈ જાય, વિગેરે. ત્યારે એણે કહ્યું કે-'આ તો બધી અતિશયોક્તિ છે. મોટા પુરુષની મહત્તા વધારવા માટે એ બધું લખ્યું છે, બાકી છે કાલ્પનિક.' આવું એણે પોતાના ભક્તોમાં મનાવ્યું; કારણ કે આવું મનાવે તો પોતાને તીર્થંકર ગણાવવામાં વાંધો ન આવે. આ બધી ધર્મને આઘાત પહોંચાડનારી પ્રવૃત્તિઓ છે. (જિ.વ-૧/અં-૮)

** માર્ગમાં મુનિ મળે અને રજા મેળવી વંદન કર્યાવગર જઈએ તો મુનિની આશાતના થાય.*



## ❖ ઈતિહાસ ❖

૩૧. સભા : સીતાજીને દીક્ષા આપી ત્યારે શ્રી રામચંદ્રજી વગેરે ત્યાં આવીને તોફાન કરત તો ?'

પૂજ્યશ્રી : ભૂલ્યા ! આ વાત કદી બને જ નહિ, પણ માની લો કે કદાચ બને તો ઇંદ્ર બધાને પહોંચી વળવા સમર્થ હતા. જે કાળમાં વિરોધીઓ બળવત્તર હોય, ત્યારે નાની સંખ્યામાં રહેલા પણ ધર્મીનું બળ એવું હોય છે કે પેલાઓને પાછા જવું જ પડે શાસન જયવંતુ છે. શાસન રહેવાનું ત્યાંસુધી રક્ષક પણ જયવંતા રહેવાના જ ! જો એમ ન ચાલે તો તો અરાજકતા થાય ! સજ્જનો જીવી શકે જ નહિ ! સારો કાળ હોય ત્યારે સજ્જનને સહેવું ન પડે, વગર સહ્યે સાધ્ય સાધી શકે એ વાત ખરી, અને ખરાબ કાળમાં વેઠવું પડે પણ કાંઈ નાશ ન પામી જાય. હરેક કાળે જેવા જેવા વિરોધી હતા, તેવા તેવા રક્ષક હતા. હોય છે, વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ હશે.

**૩૨. સભા : લક્ષ્મણ પર રામનો મોહ ખરોને ?**

**પૂજ્યશ્રી** : અરે, એ મોહ તો ભયંકર ! છ મહિના શ્રી લક્ષ્મણજીનું શબ લઈ શ્રી રામચંદ્રજી ફર્યા છે. સેનાપતિ, કે જે દીક્ષા લઈ દેવલોક ગયો હતો. એના પ્રતિબોધથી શ્રી રામચંદ્રજી બોધ પામ્યા છે. શ્રી લક્ષ્મણજી કેવી રીતે મૃત્યુ પામ્યા, એ જાણો છો ? ઈંદ્રસભામાં રામ અને લક્ષ્મણના સ્નેહની વાતને સાંભળીને બે દેવતાઓ કૌતુકથી પરીક્ષા કરવા શ્રી લક્ષ્મણજીના મકાન ઉપર આવ્યા અને માયાથી શ્રી લક્ષ્મણજીના આખા અંતઃપુરને શ્રી રામચંદ્રજી મરી ગયા હોય, એવી રીતે રોતું બતાવ્યું. એ રીતે રોતા અંતઃપુરને જોઈને શ્રી લક્ષ્મણજી બોલ્યા કેઃ-'શું મારા જીવિતના પણ જીવિતરૂપ મારા ભાઈ મરણ પામ્યા ? હા ! છલઘાતી કૃતાંતે શું કર્યું ?'-આ પ્રમાણે બોલતાં શ્રી લક્ષ્મણજીનું જીવિત, તે વચનની સાથે જ નાશ પામ્યું. શ્રી લક્ષ્મણજીને મરેલા જોઈને દેવતાઓ પણ ઘણા જ ખિન્ન થયા અને પોતાની ખૂબ નિંદા કરતા, પોતાના દેવલોકમાં ચાલ્યા ગયા. આ બાજુ શ્રી લક્ષ્મણજીનું અંતઃપુર આક્રંદ કરવા લાગ્યું. આ આક્રંદને સાંભળી શ્રી રામચંદ્રજી આવ્યા અને બોલ્યા કેઃ-'વગર જાણ્યે આ અપમંગલ શું આરંભ્યું છે ? હું પણ જીવું છું અને મારો ભાઈ પણ જીવે છે. ભાઈને કોઈ મોટી વ્યાધિની પીડા છે, ઔષધથી મટી જશે.'-એમ કહી વૈદ્યાદિકને બોલાવ્યા. સઘળા ઉપાયો નિષ્ફળ ગયા. આથી આખા કુટુંબમાં ભયંકર આક્રંદ ચાલ્યું. સર્વત્ર શોક છવાઈ ગયો. શ્રી રામચંદ્રજી પણ મૂર્છિત થયા. મૂર્ચ્છા વળ્યા પછી વિલાપ કરવા લાગ્યા આ સમયે શ્રી રામચંદ્રજીના પુત્રો 'લવણ' ને 'અંકુશ' પિતાજીને નમસ્કાર કરીને કહેવા લાગ્યા કેઃ-

'લઘુપિતાના મૃત્યુથી અમે આજે સંસારથી ઘણા જ ભય પામ્યા છીએ. સર્વને માટે આ મૃત્યુ અકસ્માત આવે છે : માટે મનુષ્યોએ મૂલથી જ પરલોકની સાધના માટે તત્પર થઈને રહેવું જોઈએ : માટે અમને દીક્ષા માટે અનુમતિ આપો, કારણ કે હવે આ લઘુપિતા વિનાના ઘરમાં રહેવું એ યોગ્ય નથી.' ભાગ્યશાલિ ! કહો આ સમય દીક્ષાની અનુમતિ માગવા જેવો તમને લાગે છે ? અહીંયા ઔચિત્ય અને અનૌચિત્યની ચર્ચા કરનારાઓને બોલવાનું સ્થાન રહી શકે છે ? વૈરાગ્ય, એ એવી વસ્તુ છે કે-ત્યાં સાંસારિક વ્યવહારોને વાસ્તવિક રીતિએ સ્થાન નથી. અને આજે જે વ્યવહારોની ચિંતા છે, તે સૂચવે છે કે વિરાગીના વિરાગમાં શિથિલતા છે, અને બીજાઓને વૈરાગ્યની કિંમત નથી. અન્યથા આ દશા હોય જ નહિ. આ બાજુ શ્રી રામચંદ્રજી તો ભયંકર શોકાવસ્થામાં છે. આ અવસ્થામાં રજા આપે, એ પણ અશક્ય જેવું છે. આથી એ બન્ને પુણ્યશાલી અને પરમ વિરક્ત આત્માઓ માત્ર આટલું કહીને જ ચાલતા થયા અને દીક્ષા અંગીકાર કરી, આરાધી, અને મોક્ષે ગયા.

---

**પૂર્વભૂમિકા** : પેથડશાહના પિતાએ મૃત્યુ સમયે પેથડશાહને બોલાવીને પૂછ્યું કે-'કરોડોની મિલકત છે તેમાંથી તું કહે તેટલી રાખું, બાકીની વાપરી નાખું.' પિતા પાસે સુવર્ણસિદ્ધિ પણ હતી. વિદ્યાથી એ સિદ્ધ થાય. પેથડશાહે એ સુવર્ણ સિદ્ધિ પોતાના માટે રાખીને બાકીની બધી મિલકત વાપરી નાંખવા જણાવ્યું. પિતાજીએ કહ્યું કે આ બધી મિલકત આપની કમાએલી છે અને આપ વાપરો મારે એમાંથી એક પાઈ પણ ન જોઈએ.

**૩૩. સભા** : 'સુવર્ણ સિદ્ધિ તો માગી ને?'

**પૂજ્યશ્રી** : માગી, પણ એ તે, વિદ્યા હતી, ફળે કે નહિ તે શંકા હતી. છતાં એક પાઈ પણ ન રાખવા કહ્યું. 'બધું વાપરો, માત્ર ચોપડા આપો, ઉઘરાણી વસૂલ કરી રોટલા ખાઈશું' એવું કોઈ દીકરાએ એના બાપને કહ્યું ખરૂં ? ત્યાગની વાતને સમજવાનો પ્રયત્ન કરો, ઉડાવવાની કોશિષ ન કરો !

પિતાએ તમામ મિલકત સાતે ય ક્ષેત્રમાં વાપરી નાખી. પાછળથી ભાગ્યયોગે સુવર્ણસિદ્ધિ પણ ન ફળી. પણ કોઈ દિવસ પેથડશાહને ગ્લાનિ ન આવી. સામાન્ય સ્થિતિમાં વર્ષો ગાળ્યા પણ પ્રભુપૂજા, ધર્મ-ક્રિયા, વ્યાખ્યાન શ્રવણાદિ ન મૂક્યાં. આવી મનોવૃત્તિ જ્યાં હોય ત્યાં લક્ષ્મીને આવ્યા વિના ચાલે? પછી તે અઢળક લક્ષ્મી કમાયા અને ધર્મકાર્યોમાં પુષ્કળ સદ્વ્યય કર્યો.

જર, જમીન અને જોરૂ-પુણ્યયોગે મળ્યાં છે પણ એ તમારાં નથી. તમારી માલિકીમાં છે ત્યાં સુધી એની પાસે કામ લઈ લો. આજે ઘણા કહે છે કે 'ઘરમાં પણ અમારૂં ચલણ નથી.' પણ શાથી નથી ? જર, જમીન અને જોરૂ (સ્ત્રી) માટે ઝઘડા કર્યા કરે, એ ત્રણની પાછળ ચોવીસે કલાક ભૂતની જેમ ભમ્યા કરે અને એમાં જ રચ્યા-પચ્યા રહે; આ રીતે તમે એની ગુલામી સ્વીકારો પછી એ તમારી પર સત્તા ન જમાવે ? તેમ જ ગુલામીમાં જીવો તો સ્ત્રી કે લક્ષ્મી તમારા પર સત્તા કેમ ન જમાવે ? તમે લક્ષ્મીના માલિક નથી. માલિક કદી મુંઝાય ખરા? માલિક તે કે જેને એની પરવા જ ન હોય.

ધનાજી લક્ષ્મીને જરાયે ગણતા ન હતા, તો લક્ષ્મી એમની પાછળ પાછળ ભમતી હતી. લક્ષ્મી જુએ ત્યાંથી એ ભાગતા અને લક્ષ્મી એમની પાછળ

દોડતી. એમના પગલાં પડે ત્યાંથી લક્ષ્મી નીકળે અને જ્યાંથી નીકળે ત્યાં જે મળે તેને એ આપી દેતા. એ આટલા ઉદાર હતા તેથી લક્ષ્મી એમની સેવિકા થઈને રહી. જેટલા ત્યાગી એટલા જ સાચી રીતે એ વસ્તુના માલિક.

શ્રી જિનેશ્વરદેવો જેવો દુનિયાની સાહ્યબીનો ભોગવટો કોઈએ કર્યો નથી જીવનના અંત સુધી એવી સાહ્યબી વચ્ચે રહીને મુક્તિએ ગયા. અને જેઓએ લક્ષ્મીની ગુલામી કરી તે એવા રવડયા કે પત્તો જ નથી.

**૩૪. સભા : શાલિભદ્રને એવી સાહ્યબી નહિ ?**

**પૂજ્યશ્રી** : શાલિભદ્રની સાહ્યબી તીર્થંકર પરમાત્માની સાહ્યબી પાસે કોઈ વિસાતમાં નહિ. અરે, પગની રજ સરખી પણ નહિ. ભગવાન, માતાના ગર્ભમાં આવે ત્યારથી દેવો તથા ઈંદ્ર દોડાદોડ કરે. જન્મે ત્યારે ચોસઠે ઈંદ્રો મેરૂ પર્વત ઉપર હાજર થઈ જાય. એમની સાથે ક્રીડા કરવા પણ દેવો આવે. એમની કાયાની કાળજી ચોવિસે કલાક ઈંદ્રો કર્યા કરે. શાલિભદ્રજીને તો એક પિતા દેવ તરીકે તેમની સંભાળ લેતા, જ્યારે પરમાત્માની સેવામાં તો સંખ્યાતા અસંખ્યાતા ઈંદ્રો અને દેવો છે. જન્માભિષેક સમયે મેરુપર્વત ઉપર એ બધા દેવો અને ઈંદ્રો આવે. ત્યાં ક્ષીરસમુદ્ર વગેરેના જળથી સ્નાન કરાવે. અને તે પણ કેટલા જળથી ? શું આ સાહ્યબી બીજાને મળે ?

** એકવાર વાંચેલો સાચો ઈતિહાસ બીજી વાર વાંચતા જેને આનંદ ન આવે તે, સાચો વાંચનાર જ નથી.*

૩૫. સભા : એ જળ કેવું ?

**પૂજ્યશ્રી** : ઘી, સાકરથી મિશ્રિત કઢેલા દૂધ જેવું. તમે ત્યાં ગયા હો તો પીવા જ માંડો. ભગવાનના હાથના અંગૂઠામાં ઈંદ્ર, અમૃતનો સંચાર કરે. સ્તનપાનની એમને જરૂર નહિ. ક્ષુધા લાગે ત્યારે દૂધ માટે એમને રડવું ન પડે. અંગૂઠે અમૃત છતાં એ પરમાત્માનો વિરાગ કેવો ? ઈંદ્રો આવે છતાં સામું ન જુએ. એ આવે ને જાય પણ તેમને કાંઈ અસર ન હોય. તમારી પાસે કોઈ સામાન્ય દેવ પણ આવે તો ? અને જો વરદાન માંગવાનું કહે તો ? શું માગો ? અરે, માગવાના વિચારમાં જ સન્નિપાત થઈ જાય. દેવો તમારી પાસે નથી આવતા એ જ સારૂં છે. કારણ, જ્યાં જર, જમીન ને જોરૂની ગુલામી છે, ત્યાં જો દેવો વરદાન માગવાનું કહે તો મોકાણ જ મંડાઈ જાય. એ ત્રણના રસિયા પાસે દેવો ન આવે, જ્યારે દેવ ગુરૂ અને ધર્મ એ ત્રણેના રસિયાને દેવો શોધતા ફરે.

દેવ, ગુરુ, ધર્મ ના રસિયા પાસે દેવો પ્રગટ થઈને વરદાન માગવાનું કહે તો યે એ ન માગે. એ તો કહે કે શ્રી જિનેશ્વરદેવની ભક્તિ મળી એટલે મને બધું જ મળી ગયું છે. કદી દેવ બહુ માગવાનું કહે તો પેલો પોતાની ભક્તિનું જે ફળ મળવાનું હોય તે માગે, ત્યારે દેવને કહેવું પડે કે એ ભક્તિનું ફળ આપવાનું સામર્થ્ય હોત તો તારી સેવા શા માટે કરત ? હું જ એ ફળ મેળવીને બેસી ન જાત ? પેલો કહે કે તો મારે બીજા કોઈ ફળનો ખપ નથી.

માટે કહ્યું કે- 'સમ્યગ્દષ્ટિ આત્મા સંસારમાં રમે નહિ' એ ધન વગેરેનો ગુલામ ન હોય પણ માલિક હોય.

**૩૬. સભા : આવી વાણી સાંભળવાથી સાચી વાત ન સમજાય ?**

**પૂજ્યશ્રી** : મોહાન્ધ જીવોને ન સમજાય. રાજ્ય ખોટું, રિદ્ધિ ખોટી એમ ભગવાન પોતે કહે તો યે કહેનારા હતા કે -એ તો ભગવાન છે માટે કહે પણ આપણે એવું બધું કાંઈ થોડું માની લેવાય ? પછી રાજ્ય ગયું ત્યારે ભલે રોયા, પણ પહેલા તો ન જ સમજ્યા. (જિ.વ.-૧૨/અં.-૯)

---

**૩૭. સભા : 'શ્રેણિક મહારાજા સમકિતી છતાં ભાન ભૂલ્યા હતા ને ?'**

**પૂજ્યશ્રી** : ના, એ ભાન ભૂલ્યા જ નથી. આજની નોવેલોમાં ગપ્પા ઘણા આવે છે. શ્રેણિક મહારાજા અવિરતિધર હતાં છતાં તીર્થંકર નામકર્મ નિકાચી શક્યા એવું સ્થાપવા માટે આજના અવિરતિવાદીઓ એ દૃષ્ટાંત આગળ કરે છે, અને એ રીતે મનાવવા માગે છે કે 'વિરતિધર જ મુક્તિમાં જાય એવો નિયમ નથી; અવિરતિધરો પણ જાય. માટે અમે એ રીતે જઈએ તો વાંધો શો ?' આવા તર્કવાદીઓ પણ પાકવાના. એવું સમજીને જ પૂ. ઉપાધ્યાયજી મહારાજાએ કહ્યું કે-

**'શ્રેણિક સરિખા રે અવિરતિ થોડલા....'**

માટે એમનો દાખલો ન લો ! એ લોકો મહાપુરુષોને પોતાને ફાવતી ઢબે બહાર મૂકવા માગે છે. સમ્યગ્દૃષ્ટિએ આવું સાહિત્ય વાંચવું ઘટે નહિ. વાંચવા લાયક લાગે તો પણ એ વંચાય ત્યારે કે જ્યારે એ ગીતાર્થની દૃષ્ટિમાંથી પસાર થયેલ હોય. તીર્થંકર નામકર્મની નિકાચનામાં અરિહંતપદની એમની ભક્તિ કઈ અને કેટલી ? રોમરોમમાં અરિહંત પદોની ભક્તિ ભરી હતી. ભગવાન મહાવીર

દેવનું નામ સાંભળતાં જ એમની રોમરાજી વિકસ્વર થતી હતી. એમાં જ એ આત્માનું કલ્યાણ માનતા હતા. સમ્યકત્વ એવું અવિચલ હતું કે દેવતા પણ ચલાયમાન ન કરી શકે, તો બીજાની શી તાકાત ?

---

**૩૮. સભા : 'એ વિરતિધર ન હતા તો તપ વિના અરિહંત પદની આરાધના શી રીતે કરી ?**

**પૂજ્યશ્રી** : શ્રેણિક મહારાજાએ વગર તપે અરિહંતપદ આરાધ્યું. ઉપવાસ કરનારા જ અરિહંતપદ આરાધી શકે એવો નિયમ નથી, ભગવાનના નામ, સ્થિતિ, પદ અને કરણીની એમને અખૂટ અનુમોદના હતી, અખૂટ રાગ હતો અને ભગવાનની આજ્ઞા માટે એ પ્રાણ આપવા પણ તૈયાર હતા. હૃદય એવું રંગાયેલું હોય તો જ એ થઈ શકે, જેમ ગૃહીલિંગે રહેલા, જીંદગી સુધી અવિરતિપણાની પાપ પ્રવૃત્તિમાં પડ્યા હોય છતાં અંતે એક અંતમુહૂર્તમાં ભાવથી સર્વવિરતિપણું પામી, અપ્રમત્તાવસ્થામાં આવી ક્ષપકશ્રેણી માંડી કેવળજ્ઞાન પામી મુક્તિપદે જાય છે ને ? એવી રીતે અહીં પણ અરિહંતપદ પ્રત્યેના તીવ્ર પરિણામ થવાથી એમણે ઉત્કટ આરાધના કરીને તીર્થંકર નામકર્મ નિકાચ્યું-પણ એ દૃષ્ટાંતથી આરાધનાની કરણી બંધ ન થાય.

---

**૩૯. સભા : 'એ ભવમાં જ તીર્થંકરનામ કર્મ બાંધ્યું ?**

**પૂજ્યશ્રી** : બાંધ્યું પૂર્વે પણ હોય, પણ નિકાચ્યું એ ભવમાં. માત્ર બાંધ્યું હોય, પણ નિકાચના ન કરી હોય તો એ દળિયાં વિખરાઈ પણ જાય. નિકાચના થયા પછી ફેરફાર થાય નહિ. ત્રીજે ભવે એ તીર્થંકર થાય જ.

**૪૦. સભા : શ્રેણિક રાજાએ નરકનું આયુષ્ય ક્યારે બાંધ્યું. ?**

**પૂજ્યશ્રી** : સમ્યકત્વ થયા પહેલાં : સમ્યકત્વની પ્રાપ્તિ નરકનું આયુષ્ય બંધાયા પછી થઈ છે. (જિ. વ. ૧૨/અં. ૧૨)

---

**૪૧. સભા : શ્રેણિક મહારાજા પણ ત્રિકાલ પૂજા કરતા અને પુણિયો શ્રાવક પણ ત્રિકાલ પૂજા કરતો. છતાં પુણિયાનો શ્રેણિક મહારાજાએ ઉદ્ધાર ન કર્યો ?**

**પૂજ્યશ્રી** : એ પુણ્યાત્મા, તમે કહેવા માગો છો એવો ઉદ્ધારનો અર્થી નહોતો. પેલા એમની ભક્તિ કરે એ યોગ્ય પણ આ તો ભક્તિથી બેપરવા હતો. વળી બીજી વાત એ પણ વિચારવા યોગ્ય છે કે પાપોદય હોય ત્યારે એના માટે

ઈંદ્ર તો સંગમની સાથે થયેલ કારણથી ન આવ્યા પણ બીજા કેમ ન આવ્યા ? કહેવું જ પડશે કે ભગવાનનો તીવ્ર કર્મોદય હતો માટે ઈંદ્રોનો અનુપયોગ હતો. એવા પણ દીન હોય કે જેને જોયા છતાં, સામામાં ઉદારતા છતાં દાતારને એને દેવાનો વિચાર જ ન આવે. સામો દાતાર ઉદાર હોય, વસ્તુ આપવા યોગ્ય હોય, લેનાર પણ તૈયાર હોય પણ લેનારનું લાભાંતરાય કર્મ એ કામ કરે કે દાતારને એના સંબંધી વિચાર જ ન આવે અથવા 'એ કેવો હશે ?' એમ પણ થાય.

સાધર્મિકને સારી સ્થિતિમાં કેવી રીતે મૂકવો એ પણ વિધિ છે. 'લે અલ્યા

લઈ જા' એમ કહીને સાધર્મિકને મદદ ન કરાય, એ તો અવજ્ઞા કરી ગણાય. પુણ્યાત્માઓ સાધર્મિકને ઊંચી કોટિમાં એવી રીતે મૂકતા હતા કે પેલો જાણે પણ નહિ અને મૂકનારના મનમાં પણ એ નહિ કે એને મેં સારી સ્થિતિમાં મૂક્યો. આજ તો એક માગે અને એક ખેંચે એ દશા છે. **શ્રી જૈનશાસનની તો એ ખૂબી છે કે આપનાર 'લો' કહે અને લેનાર 'ના' કહે. 'મને આપો' એમ દીનતાથી કહેનાર એ જૈનશાસનનું પાત્ર નથી. પાપથી રક્ષણ કરે એનું નામ પાત્ર છે.** દાતારને પાપથી બચાવે એ પાત્ર તે કેવુંક હોય એ વિચારો.

આખા મગધનો માલિક પણ ત્રિકાળ પૂજા કરે અને પુણિયો શ્રાવક પણ ત્રિકાળ પૂજા કરે. આજે ન તો શ્રીમાન ત્રિકાળ પૂજા કરે કે ન તો દરિદ્રી કરે. શ્રીમાન કહે કે વ્યવસ્થામાંથી પાર નથી આવતો અને દરિદ્રી કહે કે ઈચ્છાનુસાર મળતું નથી. કોઈ પુણ્યવાન હોય, પરમ શ્રાવક હોય એ કરતા હોય એનો ઈન્કાર નથી પણ મોટા પ્રમાણમાં જે છે તે કહેવાય છે. શ્રી જૈનશાસનમાં તો શ્રીમંત અને દરિદ્રી બેયને માટે મુક્તિ ખુલ્લી છે, એ શાસન બેયને માટે સમાન છે પણ સેવતાં આવડે તો. એને બરાબર સેવાય તો મુક્તિ આપનાર એ શાસન છે.

શ્રી જૈનશાસનને પામેલો શ્રીમાન શ્રીમંતાઈના તથા દરિદ્રી દરિદ્રતાનો વિચાર ન કરે પણ એ તો ધર્મ જ સેવે. શ્રીમાન માને કે શ્રીમંતાઈ એ પુણ્યોદયનો પ્રતાપ છે અને દરિદ્રી માને કે દરિદ્રતા એ પાપોદયનો પ્રતાપ છે. એ પ્રમાણે માનવાથી શ્રીમંત, શ્રીમંતાઈમાં રાચેમાચે નહિ : અને દરિદ્રી, દરિદ્રતાથી ઊં ઊં ઊં ન કરે, વિચારો કે 'એ બેય કેવા !' અને વિચારીને કહો કે 'ક્યાં છે તે દશા અને ક્યાં છે તે ભક્તિ ?' (આચારાંગ ભાગ-૬)

**૪૨. સભા : 'શ્રેણિક આદિને ભાવ વિરતિધર કહેવાય ?'**

**પૂજ્યશ્રી** : ન કહેવાય. જે સંયમના પરિણામમાં ઝીલે એને ભાવ વિરતિધર કહેવાય અને પરિણામવાળો તો પ્રાયઃ શીઘ્ર કાર્ય કરે. અવિરતિની ક્રિયા વખતે સમ્યક્ત્વ જાય જ, એ કાયદો નથી; જાય પણ અને ન પણ જાય. સમ્યક્ત્વ એ ક્રિયાને ખોટી મનાવે છે અને મોહ એને પકડાવે છે; પણ મોહની એ તાકાત નથી કે ત્યાં સમ્યક્ત્વનો ઘાત કરે. મુનિનો મોહ કેવળ કોરો હોય છે. ન મિથ્યાત્વનો કે ન અવિરતિનો. રાગદ્વેષાદિ છે તો મોહના ઘરના ને ? મોહના પ્રકારો અનેક છે. મુનિને પણ હર્ષ, શોકાદિ છે, ઉદયમાં રતિ વગેરે છે. વસ્ત્રાદિ પ્રત્યે કદી પ્રેમ પણ થાય પરંતુ એટલા માત્રથી અવિરતિ ન આવે. અતિચાર લાગે, ત્રુટિ આવે પણ મૂળ ન જાય. (આચારાંગ ભાગ-૧૨)

**૪૩. સભા : મરુદેવા માતાએ પૂર્વે તપ નહોતો કર્યો ?**

**પૂજ્યશ્રી** : પણ અંતર્મુહૂર્તમાં એવો કર્યો કે જે સંસારના બધા તપને ભુલાવી દે. એ અંતર્મુહૂર્તનો તપ અત્યંત કઠિન. ભુજાથી સ્વયંભૂરમણ તરવો સહેલો પણ આ તપ કરવો અઘરો. છઠ્ઠા સાતમા ગુણઠાણાથી આગળ વધવું એ મહાભારત કામ છે. બારમું ગુણઠાણું એ વિશ્રાંતિનું સ્થાન ગણાય છે. જબરદસ્ત પુરૂષાર્થ કરીને આવેલો આત્મા કર્મપ્રકૃતિઓને જડ મૂળથી નાશ કરતો કરતો આવેલો આત્મા ત્યાં વિશ્રાંતિ લે છે. કેવળજ્ઞાનના પ્રકાશ પહેલાં ત્યાં પ્રાતિભજ્ઞાન થાય છે. તેરમાં ગુણઠાણે કેવળજ્ઞાનનો સૂર્યોદય થતાં પહેલાંનો એ અરુણોદયનો કાળ છે. અંધારેથી એકદમ અજવાળે આવતાં

આંખો અંજાઈ જાય તેથી અનાદિકાળના અંધારામાંથી લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન થતાં પહેલાં આ પ્રાતિભજ્ઞાન થાય છે. એનો કાળ અતિ અલ્પ છે અનુભવરૂપ એ પ્રાતિભજ્ઞાન થયું કે તરત કેવળજ્ઞાન પેદા થઈ જાય છે. બીજા કોઈ તપમાં નિકાચિત કર્મોને ખપાવવાની તાકાત નથી. આ શુકલધ્યાનરૂપ તપ નિકાચિત કર્મોને ખપાવી શકે છે. (આચારાંગ ભાગ-૭)

---

**૪૪. સભા : 'જેમ ચંદનબાળાની માતાએ શીલ માટે શરીરનો ત્યાગ કર્યો તે રીતે શરીરનો ત્યાગ કરનારની ગતિ સારી થઈ શકે?'**

**પૂજ્યશ્રી** : શીલ માટે શરીર મૂક્યું એ લાભ મોટો. અંત વખતે દુર્ધ્યાન ન થાય તો ગતિ સારી જ થાય, દુર્ધ્યાન થાય તો દુર્ગતિ. કર્મરાજા પર મોટા ચમરબંધીની શરમ પડતી નથી. સારા કહેવરાવ્યા પછી અનીતિ કરો તે ન ચાલે. ઘણો વખત સૂત્રાનુસારી ભાષા બોલે અને છેવટે સૂત્ર વિરુદ્ધ ગપ્પાં મારે એ બચી ન શકે. આ શાસનમાં પોલ નથી. (આચારાંગ ભાગ-૮)

---

**પૂર્વભૂમિકા** : રાવણના ત્યાગની આપણે પ્રશંસા ન કરી અને રામના યુદ્ધથી આપણને ગ્લાનિ ન થઈ. સીતાના શીલ પ્રત્યે પ્રેમ થાય પણ મંદોદરીની પતિભક્તિ માટે પ્રેમ થાય ? ન જ થાય. સીતાને રાવણને તાબે થવા મંદોદરી પોતે સમજાવવા આવે છે એમાં એનો ત્યાગ ઓછો છે? સીતાને રાવણને તાબે થાય તો સોળ હજારનું અંતઃપુર સીતાને તાબે થવા તૈયાર છે એમ એ સીતાને જણાવે છે. પોતે જાણે છે કે સીતા આવે તો પછી પોતે પટ્ટરાણી પદે ન રહે અને

પોતાનો મોટામાં મોટો ભાગીદાર પેદા થાય છે. એ ભાગીદાર એવો કે પછી રાવણ મૂળરૂપે પોતાની પાસે કદી ન આવે. એના આવા ત્યાગને અને આવી પતિભક્તિને વખાણાય ? નહિ જ. પતિના ઉન્માર્ગને પુષ્ટિ આપે એ યોગ્ય છે? નહિ જ.

**૪૫. સભા : મંદોદરીની આ પ્રવૃત્તિથી એના સતીપણાને બાધ નહિ ?**

**પૂજ્યશ્રી** : સતીપણાની વ્યાખ્યા બોલો. પોતે મન, વચન, કાયાથી પરપુરુષને ઈચ્છવો નહિ, સેવવો નહિ એ જ ને ? એમાં બાધ ક્યાં આવ્યો? વળી પોતે એ કામને ખોટું પણ માને છે. રાવણને કહ્યું પણ છે કે- 'આ પાપકાર્ય છે, તમારા જેવાને છાજતું નથી.' છતાં રાવણ માનતો નથી. પછી રાવણના મોકલવાથી પોતે ન છૂટકે ગઈ છે.

**સભા : કાર્તિક શેઠે તાપસને પારણું કરાવ્યું હતું તેવું જ આ થયું.**

**પૂજ્યશ્રી** : આપણો મુદ્દો એ છે કે આવી પતિભક્તિની અને તે ખાતર પોતે આપવા પડતા ભોગની આ શાસનમાં ફૂટી કોડીની કિંમત નથી. બાકી મંદોદરી દીકરો દીકરી પરણાવે કે નહિ ?બ્રહ્મચારી બાપ પણ દીકરીને ન પરણાવે ? પહેલા દીક્ષા લેવા સમજાવે પણ દીકરી ન તૈયાર થાય તો પછી લગ્ન ન કરે ? હા, જો દીકરીને દીક્ષા માટે ન કહે અને ઈરાદાપૂર્વક સંસારમાં યોજે તો એ દોષ.

તમે વ્રતની હદ સમજો. વાત ચાલે છે ગૃહસ્થની અને પ્રશ્ન સાધ્વીની કક્ષાના કરો છો. મંદોદરી સાધ્વી નથી. એનું પચ્ચક્ખાણ ત્રિવિધ ત્રિવિધ છે ? નહિ જ . ગુણના રાગી બનો પણ ગુણીના રાગી બનતા પહેલાં ત્રાજવું લઈને

તોલ કરો, પછી ડહાપણ ડહોળો. **ગુણને હૈયાથી હાથ જોડો પણ ગુણીને હાથ જોડતાં પહેલાં જરા ઊભા રહો.** ઢેઢવાડે પણ ગુણ હોય એમાં વાંધો નહિ પણ ગુણ શા માટેનો છે એ જોવું પડે . મંદોદરીમાં સમ્યકત્વ હતું પણ એ મોહમાં પડેલી હતી. પતિને કામ પાપરૂપ છે. એમ સમજાવે છે, સીતાનો ફીટકાર પણ સહી લે છે, એ સમ્યક્ત્વ નથી ? સીતા પ્રત્યે એને હૈયાનું માન પણ છે.

---

**૪૬. સભા : 'મંદોદરીનો મોહ મિથ્યાત્વના ઘરનો નહિ ?**

**પૂજ્યશ્રી** : નહિ; એ અવિરતિના ઘરનો.

---

**૪૭. સભા : રાવણને નિયમ હતો માટે બલાત્કાર ન કર્યો પણ બલાત્કાર કર્યો હોત તો સીતાજી શું કરત ?**

**પૂજ્યશ્રી** : તો સીતાજી પ્રાણત્યાગ કરત. ત્યાં પ્રાણની કિંમત ન હતી, ધર્મની કિંમત હતી. (જિ. વ. ૧૪/અં. ૩-૪)

---

**૪૮. સભા : 'રાવણ સમકિતી છતાં આવી આચરણા કેમ કરી ?'**

**પૂજ્યશ્રી** : મોહ બહુ ભયંકર છે. વિષયકષાયમાં પડેલા ક્યારે પાગલ થાય એ કહેવાય નહિ. દેશવિરતિના ધર્મને સરસવની ઉપમા આપી. કેમકે ધર્મ તો ત્યાં નહિ જેવો જ, બાકી બધું તો બીજું ને ? પોતે દીકરા પણ પોતાના બાપના કહેવરાવે. કાંઈ બાપની જગ્યાએ ભગવાનનું નામ ન દે. ભગવાનનું નામ તો કોઈ પૂછે કે 'દેવ કોણ ?' ત્યારે કહે. તેને ગરજ મંદિર તથા ઉપાશ્રયની વધારે કે ઘર તથા દુકાનની ? ગમે તેવો હોય તો પણ ભલે બેસે અહીં પણ ચિંતા ત્યાંની કરે. એને અહીંથી ખસતાં, ગુસ્સો આવતાં કે માન નડતાં વાર કેટલી ? જરા

પણ નહીં. આપણે સમજાવીએ કે 'ભાઈ ! આમ ન થાય' તો તરત કહી દે કે 'એ આપને ખબર ન પડે.' વળી પોતાને ડાહ્યામાં ખપાવવા કહે કે 'એ બોલી ગયો એનું મને કાંઈ નથી પણ આજ એ બોલ્યો ને કાલે બીજો બોલે; જો એવું બધું ચલાવી લઈએ તો અમારો વ્યવહાર ન નભે.' એટલે પોતાનો એ વ્યવહાર ચલાવવા સેંકડો ઊંધાં-ચત્તાં કર્યા વિના એ રહે નહિ. આ બધી બહુ નીચી કોટિની વાતો છે ?

**સમ્યક્ત્વ શું કામ કરે છે ?**

રાવણ ગમે તેવો પણ કોણ ? રમણીનો રાગી, રાજ્યનો લોભી, નિયાણું કરીને આવેલો, નિયમા નરકે જનારો; પોતે જેટલું ભેગું કર્યું છે તેની મમતા છૂટી જાય ખરી ? નહિ જ. સમ્યક્ત્વ છે એટલે અવસરે અવસરે ચેતે પણ ખરો. વાલીમુનિએ પહાડ દબાવ્યો ત્યારે રાવણને લોહીની ઊલટી થઈ, પોતાની ભૂલ સમજાઈ કે તરત મહાત્માએ અંગૂઠો ઉપાડી લીધો; ત્યારે રાવણ બહાર આવીને પ્રશ્ચાત્તાપ કરે છે અને આવીને મુનિને વંદન કરે છે. સમ્યક્ત્વ ન હોય તો આ બને ? ઊલટો વેર વધારે રાખી, ન ચાલ્યું માટે ચાલ્યો જાય. આ તો મુનિ પાસે આવીને કહે છે કે 'મહાત્મન્! જેવા તમે ઉપકારી છો તેવો જ હું અપકારી છું, જેટલા તમે ઉત્તમ છો તેટલો જ હું અધમ છું, આપ તો જીવનદાતા છો અને મને જીવતો રાખવામાં આપની ઉપકારબુદ્ધિ જ કારણભૂત છે.' આજે તો બળવાન કદી ક્ષુદ્રને પકડીને દયાથી છોડી મૂકે તો પણ પેલો બબડે કે - 'જોયું? પકડ્યો ભલે પણ કંઈ હાથ ચલાવી શક્યો ? શાનો ચલાવે ? માલ શું છે એનામાં ?' નબળો નબળો પણ ઉપરથી ડામ દેતો હોય એવાં વેણ કાઢે.' પકડાયો કેમ ?' એ ન વિચારે. મિથ્યાદષ્ટિ હીણકર્મી આત્મા ઉપકારના નતીજામાં પણ આવું આવું બોલે.

**આગમની સેવામાં જેટલી શિથિલતા તેટલી આત્માની ખરાબી :**

આપણે વિરોધી સામે કડક થઈએ છીએ તેનો હેતુ પણ આ છે. જો ધીમા શબ્દો બોલીએ તો તરત આક્ષેપ કરે કે 'જોયું ? અંદર પોલ છે નહિ તો બોલ્યા વિના રહે ? પણ બોલે ક્યાંથી ?' કડક બોલવાથી ગુસ્સાખોર ભલે કહે પણ 'અંદર પોલ છે' એમ નથી કહેવાતું. 'પોલ છે' એમ કહેવા માટે તો અરધો પોણો કલાક વિચારી લેખ લખે તેમાં આડુંઅવળું પહેલાં ચીતરી પછી ડચકાં ખાતાં જરા લખે કે અહીં પોલ જણાય છે.' કેમકે ખાતરી છે કે સામે દારૂગોળો તૈયાર છે; પડકાર થયા વિના નહિ રહે. આપણે જો ધીમા શબ્દોમાં તેમને કહીએ કે- 'અરે ભાઈ ! નાહકના નાદાન બની શાસન કેમ ડહોળો છો ?' તો તરત કહે કે - 'જોયું ! હવે મહારાજ સમજી ગયા કે જો વધારે બોલવા જઈશું તો આ લોકો આપણી છાતી પર ચઢી બધી પોલ ખુલ્લી કરી દેશે.' તમે એ લોકોની પેરવી સમજો. વાતવાતમાં એ જાત પર વાત લાવે છે તેનો હેતુ એક જ છે કે -કાંઈ કરતાં અટકે. પણ એ અટકે કોણ ? જેને આગમ કરતાં પણ પોતાની જાત વધારે લાગતી હોય તે, જે આગમને પોતાની જાત કરતાં ઊતરતું માનતો હોય તે.

---

**૪૯. સભા : 'બધાનું મનોબળ કાંઈ સરખું હોય ?'**

**પૂજ્યશ્રી** : ન પણ હોય. પરંતુ ત્યાં પણ કારણ શું ? કર્મનું એટલું જોર છે માટે ને ? મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને મન-વચન-કાયાને બહેકાવનારી ચીજો આત્માને દબાવે છે ત્યારે ને ? એમાં જરાયે બચાવ ન ચાલે. આની-આ **આગમની સેવામાં જેટલી શિથિલતા તેટલી આત્માની ખરાબી સમજવી.**

નામકર્મ તો નાશ પામવાનું છે ને ? જે આગમના યોગે નામના, પૂજા, પ્રતિષ્ઠા મળી, તે મળ્યા પછી એ જ આગમને એક બાજુ મૂકવાં અને જે નામકર્મના નાશ વિના મુક્તિ નથી એ નામકર્મના યોગે જ મળેલી નામનાને આગમના ભોગે સાચવવી એમાં ડહાપણ છે કે મૂર્ખતા ?

**૫૦. સભા : 'ભગવાન તો ગયા, એમનાં નામકર્મનો તો નાશ થયો થતાં આજે પણ તેમનું સ્મરણ, પૂજા, સન્માન સત્કાર છે ને ?'**

**પૂજ્યશ્રી** : નામકર્મના નાશ વિના મુક્તિ નથી જ. ભગવાનના આત્માથી છૂટા પડેલા નામકર્મનાં પુદ્‌ગલો પણ આ કામ કરે છે. એમણે જગત ઉપર અનુપમ ઉપકાર કર્યો માટે એનું સ્મરણ થાય છે. મમતા મૂકી, રાજ ઋદ્ધિ અને શરીર સુધ્ધાં તજ્યાં, ઉપસર્ગો વેઠી ઘાતીકર્મ ખપાવી કેવળજ્ઞાન મેળવ્યું, ધર્મતીર્થની સ્થાપના કરી, સત્યનું પ્રકાશન કર્યું, પાખંડીઓ સામે અડગ રહ્યા અને નામકર્મને આધીન ન થયા માટે એમના નામનું સ્મરણ આજે થાય છે. તીર્થંકર નામકર્મનો વિપાક કેવળજ્ઞાન થયા પછી જ ઉદયમાં આવે છે. જો તીર્થંકર નામકર્મના વિપાકથી મળતી દિવ્ય ઋદ્ધિ બીજા કોઈ જીવને મળે તો એ એને પચાવી શકે જ નહિ અને મુક્તિએ જઈ શકે નહિ. તીર્થંકર નામકર્મના વિપાકોદયમાં પૌદ્‌ગલિક સામગ્રી એટલી બધી આવીને હાજર થાય છે કે કાચો પોચો ત્યાં વિરાગી રહી શકે નહિ. એમની બેઠક, ઊઠક બધું જુદું. અહમહમિકાથી (હું પહેલો, હું પહેલો એવી પડાપડીથી) અસંખ્યાતા ઇંદ્રોની સેવા બીજા કોઈ પચાવી શકે ? નહિ જ. હું તો ખરી વાત કહું કે ચાર પાઘડીઓ

જો સીધી આવીને અમારા પગમાં નમે તોય હૃદયમાં ઉછાળો આવે એવી આજની અમારી હાલત છે. **ચારસોની ગાળ સાંભળવી સહેલી પણ ચારનો નમસ્કાર ઝીલીને પચાવવો કઠિન. ગમ ખાનારા ઘણા પણ 'આપ મહાવિદ્વાન' એ પ્રશંસાના શબ્દો સાંભળીને પચાવનાર થોડા; અધવચ્ચે જ કુટાઈમરનારા ઘણા.** (સં.સ્વ.દ.ભાગ-૩)

જેને આજ્ઞા સમજવી નથી, અપાયમાં શ્રદ્ધા નથી, વિપાકને વિચારવા નથી અને લોકસ્વરૂપનું ચિંતન કરવું નથી એ ધર્મધ્યાન શું કરે ? એને તો આર્ત રૌદ્ર હોય : પૈસા, પ્રમદા અને પુત્રાદિ પરિવારના વિચારો ચાલતા હોય; જે જોયું, જે જાણ્યું કે જે અનુભવ્યું હોય તેના વિચાર થાય. '**सोऽहं**'ના જાપ માત્રથી કેવળી થવાતું હોત તો બધા કેવળી થઈ જાત; '**स**' કોણ ? ને '**अहं**' કોણ ! એનો જાપ કરનારને ખબર જ નથી. ઘણા કહે છે 'મેં સિદ્ધશિલા જોઈ' પણ એ તો સાંભળેલા શબ્દોથી થયેલી કલ્પના છે. આત્માના સ્વરૂપનું જેને ભાન ન હોય એ ધ્યાન કોનું ધરે ? શાસ્ત્રે '**ज्ञानक्रियाभ्यां मोक्षः**'કહ્યું પણ એકલા જ્ઞાનથી મોક્ષ ન કહ્યું.

---

**૫૧. સભા** : **'જ્ઞાનમાં રમણતા એ પૂર્ણ ક્રિયા નહિ?'**

**પૂજ્યશ્રી** : ખરી, પણ જ્ઞાનમાં રમણતા આવે ક્યારે ? એ માટે બીજી કેટલી ક્રિયાઓ કરવી પડે ? આત્મા યોગ્ય ક્રિયામાં લીન થાય ત્યારે જ જ્ઞાન રમણતા ધ્યાન આવે.

**દુનિયા અર્થકામના ધ્યાનમાં લીન છે :**

અર્થકામનું ધ્યાન તો દુનિયામાં ચાલુ જ છે. દુનિયા તેમાં તન્મય છે. એવી તન્મયતા અહીં થવી જોઈએ. એ થાય તો પ્રમાદ જાય અને સાતમું ગુણસ્થાનક આવે. નિરાલંબન ધર્મધ્યાન તો સાતમે ગુણસ્થાનકે છે. ચોથે, પાંચમે, છઠ્ઠે ધર્માભિમુખપણું છે; પણ ત્યાં ધર્મધ્યાન નથી, કેમ કે હજી આત્મા તદાકાર બન્યો નથી. શાસ્ત્ર વાંચ્યે કાંઈ ધર્મધ્યાન નથી આવતું. પ્રમાદ નાશ પામે, અવિરતિ જાય, વિરતિ આવે પછી સાતમું ગુણઠાણું આવે ત્યારે ત્યાં નિરાલંબન ધર્મધ્યાન થાય. ચોથે, પાંચમે, છઠ્ઠે સાલંબન ધર્મધ્યાન હોય છે. ત્યાં નિરાલંબન ધર્મધ્યાનની પ્રાપ્તિ નથી. દેવ, ગુરુ, ધર્મ, શાસ્ત્ર, ધર્માનુષ્ઠાન વગેરે પ્રત્યે રાગ, એના વિરોધીઓ પ્રત્યે દ્વેષ, એની સામે આક્રમણ આવે ત્યાં ક્રોધ, એનું ગૌરવ જાળવવા માન, એને સાચવવા ને કેળવવા માયા અને એને વધુ ને વધુ ખીલવવા લોભ, એ બધાં આત્માને ધર્મધ્યાન તરફ વાળનારાં સાધનો છે. નાના સાધુને નવો લોચ કઠિન લાગે ત્યારે એને સમજાવાય કે 'તું મહા ભાગ્યવાન કે તારા માથે ઇંદ્ર પણ છત્ર ધરે છે.' આથી એ આનંદથી લોચ કરાવે. હવે 'ઇંદ્ર છત્ર ધરે છે' એ વાત દેખીતી મૃષા છે. પણ હિતકર છે, માટે મૃષા નથી. જેમાં સ્વ-પરનું કલ્યાણ હોય એને મૃષા ન કહેવાય. જે એને મૃષા કહે છે તેને સ્વ-પરના હિતનું જ્ઞાન નથી.

**અપ્રશસ્ત સામે પ્રશસ્તનો મોરચો માંડો !**

દુશ્મન સામે એની જાતના જ લડવૈયા ઊભા રાખવા પડે. કૂતરા સામે સિંહથી ન લડાય. ત્યાં કૂતરા જ ઊભા રાખવા પડે. મારવાડમાં પહાડી પ્રદેશમાં

'મેણા' નામની એક લૂંટારાની જાત વસે છે. ત્યાં મુસાફરી કરવી હોય ત્યારે એની જાતનો જ વળાવો સાથે રાખવો પડે. મોટો પૈસાવાળો તલવાર પાસે રાખીને અનેક સાથીઓને સાથે લઈને જતો હોય. પણ પેલો પહાડ પરથી પથરા ગબડાવે ત્યાં એ શું કરે ? ઘણા સાથીઓ સાથે હોવાથી માનો કે લૂંટાય નહિ. પણ માર તો જરૂર ખાય. કદી એ પકડાઈ જાય તો પણ પેલા એમ ને એમ મિલકત ન લે પણ મારીને લે. એમ ને એમ લે તો એ દયાદાન ગણાય માટે મારીને લે એવી એ જાત છે, માટે બચવું હોય તો એની જાતનો વળાવો સાથે લેવો જ જોઈએ. સામે જેવી જાત હોય તેવી જાતના તમામ રંગ કરવા જ પડે.

**૫૨. સભા : 'શ્રી મલ્લિનાથ ભગવાનની માયા પ્રશસ્ત હતી?'**

**પૂજ્યશ્રી** : ત્યાં એમાં મોટાઈ મેળવવાનો અપ્રશસ્ત ભાવ સાથે આવી ગયો છે; માટે તો એમણે સ્ત્રીવેદ બાંધ્યો છે. અપ્રશસ્ત ભાવ ન આવવાની જાગૃતિ જોઈએ જ. અપ્રશસ્ત કષાયો સામે પ્રશસ્ત કષાયો ગોઠવાય તો આત્મા ફાવે. પેલા બે લઢે તેમાં ફાવટ આત્માને આવે. પહેલાં જે પ્રેમ દુનિયા માટે હતો તે હવે દેવ-ગુરુ-ધર્મ માટે થાય; પોતાની જાત, પત્ની અને છોકરાં માટે પૈસા ખર્ચતો તે હવે દેવ-ગુરુ-ધર્મ માટે ખર્ચે, ક્રોધાદિ કષાયો દુન્યવી પદાર્થો માટે કરતો તે હવે દેવ-ગુરુ-ધર્મની રક્ષા માટે કરે એટલે એ ભાઈબંધે દિશા પલટી. એ દિશામાં જેમ જેમ આગળ વધે તેમ તેમ કષાય મંદ પડે.

**આ તો મુત્સદ્દીગીરી થઈ !**

નીચેની સોબતમાં ફસાયા તો તેમાંથી છૂટવા એમાંથી કાંઈક સારા

માણસને સાથે લેવામાં ફાયદો છે. પુણ્ય ગ્રાહ્ય એટલા માટે જ છે કે એ પણ કર્મની જ જાતિનું છતાં કાંઈક ઠીક છે. પાપ લોઢાની બેડી અને પુણ્ય સોનાની બેડી. પાપમાં ફસાયા તો એનાથી બચવા પુણ્યની જરૂર છે. એકલું જ પાપ હોય તો બચાવે કોણ ? પુણ્યને સાથી બનાવાય તો એ પોતાની જાતના (પાપ)ને હઠાવે.

---

**૫૩. સભા** : **'શરૂઆતમાં પુણ્ય એકાંતે જરૂરી ?'**

**પૂજ્યશ્રી** : ના.કર્મનો ક્ષય જ થતો હોય તો પુણ્યનું કામ નથી. પુણ્ય આવે એનો ઈન્કાર નથી. પુણ્યાનુબંધી પુણ્યને ઉપાદેય માનવાનો હેતુ એ જ છે કે એ પાપની સામે ઊભું રહે અને એને હઠાવે. ખરાબ ચીજથી પણ લાભ થતો હોય તે લઈ લેવો. કર્મક્ષયની ક્રિયા શરૂ કરી એટલે એ ક્ષય પૂરો ન થાય ત્યાં સુધી પુણ્ય બંધાય જ. જ્ઞાનીએ બતાવેલી દરેક ક્રિયા એવી છે કે એ સાધવા માંડી અને જો પૂરી ન સધાય, તોય સહાયરૂપ તો જરૂર થવાની અર્થાત્ પુણ્ય બંધાવાનું જ. એટલે જ દુનિયાના રંગરાગમાં રંગાયેલો કાંઈ ન કરે તોય જ્ઞાનીએ એને દાન દેવાનું કહ્યું. આ રીતે જ્ઞાનીએ પાપની ઈમારતમાં કાણું પાડ્યું. રસ્તો ખોલ્યો. આજે પાઈનું દાન દેનારો આવતી કાલે પૈસાનું દેશે અને છેવટે બધું જ તજશે. રંગરાગમાં પડેલો શીલમાં ના પડે, તપથી તોબાહ પોકારે પણ દાનમાં ના ન પાડે. એને દાન દેતો કર્યો એટલે માનવું કે મોહના ઘરમાં છીદ્ર પડ્યું. બે દિવસે, ચાર દિવસે પણ એ દાન શા માટે ! એવો વિચાર એને આવે. એના ઘરમાં ધર્મરાજાનો સૈનિક પેઠો. ધર્મ અને મોહ એ બેયની સેના અંદર ગોઠવાઈ ગઈ એમ સમજો.

સભા : 'આ તો મુત્સદ્દીગીરી થઈ!'

પૂજ્યશ્રી : એ મુત્સદ્દીગીરી વિના ચાલે તેમ નથી. આત્મકલ્યાણ માટે એ ઘણી જરૂરી છે. નિર્દય લૂંટારાને સાથી તરીકે ન લેવાય પણ લૂંટનો ધંધો કરવા છતાં થોડી પણ શાહુકારી સ્વીકારતા હોય તેને લેવાય. 'મેણા'માં પણ બે જાત હોય છે. એક તો કેવળ લૂંટારા અને બીજા પ્રમાણિકતાને પણ જાણનારા અને શાહુકારો સાથે સંબંધ રાખનારા લૂંટારા. એવાને સાથી કર્યો હોય તો પેલા કેવળ લૂંટારાને ભાગવું પડે. આત્મા અનાદિકાળથી કર્મથી બંધાયો છે, એમાંથી છટકવું છે તો એમાં ગભરાય એ ન પાલવે. મુત્સદ્દીગીરી કેળવી એનાં પ્રતિપક્ષી સાધનોનો ઉપયોગ કરવો જ પડે.

**નિર્દોષ પ્રેમ કોને કહેવાય ?**

ઘરબારથી છૂટવા દેવ-ગુરુ-ધર્મ પર રાગ કરવો જ પડે. ત્યાં એકદમ ઉતાવળે 'રાગ એ પાપ' કહેનારા મૂર્ખ છે. 'રાગ એ પાપ' એ પાઠ જ્યાં ત્યાં લાગુ કરવાનું એમને ભણાવ્યું કોણે ? પહેલા ઉપવાસમાં આર્ત્તધ્યાન થવાનો પૂરો સંભવ છે. આજનાઓ કહે છે કે, 'આર્ત્તધ્યાનથી દુર્ગતિ થાય માટે ઉપવાસ ન કરવો.' પણ પહેલા ઉપવાસે તો મોટે ભાગે આર્ત્તધ્યાન થવાનું. પછી જેમ જેમ ઉપવાસનો અભ્યાસ વધે તેમ તેમ આર્ત્તધ્યાન ઓછું થતું જાય અને શુભ ભાવના વધતી જાય. બાકી ઉપવાસ ન કરે તેને શું આર્ત્તધ્યાન નથી ? આનંદથી ખાવુંપીવું એ કયું ધ્યાન ?

સભા : 'નિર્દોષ આર્ત્તધ્યાન.'

પૂજ્યશ્રી : રંગ રાખ્યો ! આર્ત્તધ્યાન અને નિર્દોષ ! ભારે મેળ બેસાડ્યો.

ધન્યવાદ આપવા જોઈએ. આજે વાતવાતમાં બોલે છે કે નિર્દોષ પ્રેમ. કઈ જગ્યાએ ? વિષયવાસનાના પાત્ર પર નિર્દોષ પ્રેમ ન હોય. વિષયવાસના જેનાથી ખસે એ પાત્ર પર પ્રેમ તે નિર્દોષ પ્રેમ. દેવ-ગુરુ-ધર્મ એ ત્રણનો પ્રેમ, દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણનો પ્રેમ તે નિર્દોષ પ્રેમ છે આ તો કહે છે કે 'મને મારાં બાળકો પર નિર્દોષ પ્રેમ છે!' એ બધી વાતો ફક્ત બોલવામાં છે. હું કહી ગયો છું કે બાળકના અંગોપાંગ મુલાયમ લાગે છે, એની કાલી ભાષા ગમે છે, વગેરે સ્વાર્થના કારણે જ પ્રેમ છે. સ્વાર્થ ઘવાતો લાગે ત્યાં એ જ પાત્ર ઉપર દ્વેષ જાગતાં વાર લાગતી નથી. ધર્મ કરતાં તકલીફ પડે, આર્ત્તધ્યાન થાય તોય એનો અભ્યાસ ચાલુ રાખવાનું શાસ્ત્ર ફરમાવે છે. એ કરતાં કરતાં જતે દિવસે આર્ત્તધ્યાન આપોઆપ બંધ થશે.

**કષાય પ્રશસ્ત ક્યારે કહેવાય ?**

આત્માના ગુણો પ્રગટાવવા બાહ્ય આલંબનોની જરૂર છે. જો એમ ન હોય તો પ્રશસ્ત કષાયનાં વખાણ શાસ્ત્ર ન જ કરત. **પ્રશસ્ત કષાયમાં પોતાની નામનાની કે મોટાઈની ભાવના આવે તો માર્યા જવાય. પ્રશસ્ત કષાયના બહાના તળે બીજાનું ભૂંડું તો ન જ ઈચ્છાય. એ રીતે પ્રશસ્ત કષાયમાં અપ્રશસ્ત ભાવના ન પોષાય તેની ખાતરી જરૂરી છે.**

શ્રીસંઘનાં ચિત્ત ક્ષુદ્ર ન હોય. મોટો માણસ નાના માણસોના દોષ ગણ્યા ન કરે. નાનામાં તો દોષ હોય જ. દોષ છે માટે તો એ નાનો કહેવાય છે. નાનાના દોષોને સહી ન લે તે મોટો માણસ થવાને લાયક જ નથી. સો રૂપિયાના પગારદાર જેવું પાંચ રૂપિયાનો પગારદાર કામ નહિ જ કરવાનો. પાંચ

રૂપિયાના પગારદારને બજારમાં ચીજવસ્તુઓના ભાવતાલ કરવા મોકલો તો એ ગોટાળા જ વાળે એમાં નવાઈ શી ? 'નાનો બગાડે છે' એમ મોટાથી ફરિયાદ ન કરાય. કેમ કે, નાનાના હાથે બગડી જવું સહેલું છે. એ બગાડતો નથી પણ એનાથી બગડી જાય છે. 'એ બગાડે છે' એમ માનીને જો મોટો એનું બગાડે તો એ મોટો નાનાથી પણ અધમ કોટિનો છે.

**સારો માણસ ખોટું કરે તે વધારે ટીકાપાત્ર :**

રાજા પણ હલકા માણસોના દોષ જોયા કરે તો એનાથી રાજ્ય ન થાય. સામાન્ય માણસ કાયદાનો ભંગ કરે તો જજ બહુ ટીકા ન કરે. ભીલ કે કોળી-વાઘરીએ ચોરી કરી હોય તો બે-ચાર મહિનાની સજા કરી કેસ પતાવી દે. લાંબી ટીકા-ટિપ્પણ ન કરે, કેમ કે, એ ક્ષુદ્ર જાત છે. તક મળે તો એ ચોરી કર્યા વિના રહે એ મુશ્કેલ. પરંતુ જો કોઈ સારા ઘરનો સુખી ગણાતો ચોરી કરે તો જજ ટીકા કર્યા વિના ન રહે. એ ચુકાદામાં લખે કે, 'આવા સારા ગણાતા માણસો પણ ચોરી કરે તો એ રાજ્યને માટે શ્રાપરૂપ છે.' શાહુકારો ચોરી કરે તો રાજ્ય કેમ નભે ? હલકા માણસોની વાત જુદી છે એમ રાજ્યકર્તાઓ પણ વિચારે.

**તો.... એ મોટા થવાને લાયક નથી :**

શ્રીસંઘના ચિત્ત ઉત્તમ જોઈએ. વાતવાતમાં ફલાણાએ આમ કર્યું ને ઢીંકણાએ તેમ કર્યું એવા વિચારો એને ન આવે. એવા વિચારો જેને આવતા હોય તે પ્રશસ્ત કષાયને લાયક નથી. **પ્રશસ્ત કષાયનો અધિકારી તે છે કે જેનામાં ઘણા દોષ ગળી જવાની** તાકાત હોય. પોતાનું અપમાન કે પોતાની જાત ઉપર આવતી આપત્તિની ચિંતા એને ન હોય. મોટાના દુશ્મન ઘણા એ

સામાન્ય નિયમ. સારામાં સારો અને સાચામાં સાચો જજ ન્યાયી ચુકાદો આપે તો પણ જેના ઉપર હુકમનામું થાય કે જેને સજા થાય તે તો એ ચુકાદાને અન્યાયી જ માને. ન્યાયાધીશને ગાળો જ આપે. અપીલ કરે તેમાં એ ન્યાયાધીશની ભૂલ જ બતાવે ને લખે કે 'વિદ્વાન મેજિસ્ટ્રેટે ભૂલ કરી છે માટે આ કેસની ફરી તપાસ થવી જરૂરી છે.' **સારા તથા મોટા માણસો તરફ દુર્ભાવ રાખી એમની નિંદા કરનારા ઘણા હોય છે. જો મોટાઓ એમના બકવાદની કિંમત આંકે તો શાસ્ત્ર કહે છે કે એ મોટા થવાને લાયક જ નથી.**

**રૂપ પણ પ્રભાવક બને !**

પ્રશસ્ત કષાયો વિના અપ્રશસ્ત કષાયોને કાઢી શકાય તેમ નથી. ભગવાન મહાવીર ઉપર ગૌતમ મહારાજાને રાગ થયો તો એ સમકિત પામ્યા ને? મહાઅભિમાનથી જીવતા આવ્યા ત્યાં ભગવાનને દેખતાં જ થયું કે 'કાંક છે.' એ કાંકમાંથી જ રાંકપણું ગયું. એ કાંકમાં એમણે કાંઈ ભગવાનના આત્મગુણો નહોતા જોયા. શાસ્ત્ર કહે છે કે, અરિહંતનું રૂપ, સાહ્યબી અને દેખાવ પ્રશસ્ત કોટિનાં હોય છે. દુનિયાના માણસોને એવું રૂપ ન સાંપડે. જે રૂપ કામી આત્માને મળ્યું હોય તો ભયંકર છે એ જ રૂપ સમ્યગ્દષ્ટિને મળ્યું હોય તો પ્રભાવના કરનાર છે. શ્રી જિનેશ્વરદેવોનું તથા આચાર્ય ભગવંતોનું રૂપ જોઈને ઘણા ધર્મ પામે. આચાર્યના રૂપરંગ અને વ્યક્તિત્વ જોઈને પણ ઘણા પાખંડીઓ નિરુત્તર થઈ જાય. ત્યાં રૂપ પણ એ કામ કરે છે. એ રૂપ ઘણા આત્માને આત્મધર્મમાં વાળવામાં નિમિત્ત બને છે.

**૫૪. સભા : 'ગૌતમ મહારાજાને રાગ ભગવાનના શરીર પર થયો, ગુણ પર થયો કે આત્મા પર થયો?'**

**પૂજ્યશ્રી** : પહેલાં તો શરીરનાં જ દર્શન થાય છે ને ? એ જોઈને વિચારે છે કે દેવોનાં જે જે વર્ણન મેં વાંચ્યાં છે તે આ દેવ નથી; કેમ કે તે દરેકમાં અમુક અમુક ખામી છે. જ્યારે આમનામાં તો એક પણ ખામી દેખાતી નથી, 'સઘળા દોષરહિત અને સઘળા ગુણ સહિત વીતરાગ દેવ તે આ', એમ પછી એમને તરત જ વિચાર આવે છે. પહેલું રૂપસ્થ ધ્યાન પછી પદસ્થ વગેરે ધ્યાન છે.

**વૈરાગ્યપોષક સંગીત એ સાચી કળા છે :**

'મારા મનના સંશય કહે તો સર્વજ્ઞ માનું' એ વિચાર તો એમને પછી જરા ઊંડા ઊતરવાથી આવે છે. પણ ઊંડા ઉતારનાર તો એ રૂપ ને ? શ્રી તીર્થંકરદેવની આંતરિક શોભાની તો શી વાત કરવી ! પણ એ જ્યાં વિરાજમાન હોય ત્યાં દેવો આજુબાજુનો બહારનો દેખાવ પણ એવો કરે કે દુશ્મનને પણ જોવાના કોડ થાય; અનેક જીવોને એ સમોસરણમાં દાખલ થવાનું મન થાય અને અંદરનું વાતાવરણ એવું કે ગુસ્સાખોરનો પણ ગુસ્સો શાંત થઈ જાય. મોટડાઓના ચહેરાનું નૂર પણ એવું હોય કે પ્રતિસ્પર્ધીને બેસાડી દે. જો એમ ન થાય તો પુણ્યની એટલી ખામી. પૂર્વાચાર્યોમાં એ પ્રભાવ હતો કે એમના રૂપરંગ જોઈને પાખંડીઓ થંભી જતા. બાલમુનિને જોઈને બધાની આંખો ખેંચાય એનું કારણ ? મોટા મુનિઓ જેવી એની કાંઈ આચરણા નથી; પણ બાળશરીરના કારણે એની થોડી ઘણી પણ આચરણા આકર્ષિત કરે છે. મોટા મુનિ અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરે તોય થાય કે કરે, પણ બાલમુનિ ફક્ત એક ઉપવાસ કરે તોય દરેકને આશ્ચર્ય થાય. કારણ ? આવું નાજુક શરીર અને આ

ભાર ? રૂપ એ પણ ગુણ છે. માટે તો શાસ્ત્રે કહ્યું કે મંદિરો એવાં બનાવરાવવાં કે પાખંડીઓની પણ આંખો ખેંચાય. 'નથી પ્રવેશવું' એમ નક્કી કર્યું હોય તોય અંદર જવાનું મન થઈ જાય. એ મંદિરની ભીંતો જ એને બોલાવે. શ્રી જિનેશ્વર દેવની યોજનગામિની દેશનાનો ધ્વનિ પણ એવો મીઠો કે પાખંડીઓ પણ ખેંચાઈને આવે ને સાંભળીને આનંદ પામે. સ્તવન તો એક જ હોય પણ કોઈ ગમે તેમ બોલી જાય ને કોઈ મધુર સ્વરે ગાય તો તેમાં ભાવમાં ફેર પડે ને ? સંગીતને કળા કહી છે. રૂપરંગના પોષણ માટેનું સંગીત એ કળા નહિ, વૈરાગ્યપોષક સંગીત એ કળા. (સં.સ્વ.દ.ભાગ-૩)

**૫૫. સભા** : **'શોક કર્યો ત્યારે ગૌતમ મહારાજાને કેટલાં જ્ઞાન ?'**

**પૂજ્યશ્રી** : ચાર જ્ઞાન. એમના જેવો કોઈ જ્ઞાની નહિ. એ શોક ગુણના રાગનો છે. એ શોક દુર્ગતિમાં ન લઈ જાય, પણ કેવળજ્ઞાન અપાવે છે. પણ એવો શોક કરતાં આવડવો જોઈએ. (આચારાંગ ભાગ-૯)

** સીતાનો ત્યાગ એ રામની ભયંકર ભૂલ ગણાય છે*
*તેમ રામરાજ્યનો એક આદર્શ પણ ગણાય છે*



## ❖ કર્તવ્ય ❖

**૫૬. સભા : 'દીકરા ઉપર પ્રેમ રાખવો, એ ગૃહસ્થની ફરજ ખરી કે નહિ ?'**

**પૂજ્યશ્રી** : એ ફરજ ધર્મરૂપ કે મોહરૂપ ? આજે ફરજનો અર્થ ધર્મમાં લઈ જવાય છે, માટે એ નક્કી કરો કે, ફરજ ધર્મરૂપ કે મોહરૂપ ? એમ કહો કે, જન્મ આપ્યો, ઉપાધિ વહોરી, માટે હાથ ફેરવવો જોઈએ. નવરાવવો - ધોવરાવવો પડે એ ઠીક, પણ હું પૂછું છું કે, એ બધું ઉપાદેય તરીકે માનીને કરવા જોગું ખરું કે નહિ ? કહેવું જ પડશે કે નહિ જ, કારણ કે, સમ્યગ્દષ્ટિ રાજાઓ પણ માનતા કે, 'રાજ્યના માલિક બન્યા માટે બધું કરવું પડે છે અને એથી રાજ્યનું પાપ અમારી સાથે આવે છે.'

શ્રી ભરત મહારાજાએ શ્રી બાહુબલીજી સાથે ભયંકર યુદ્ધ કર્યું અને ચક્ર મૂકવાની અનીતિ પણ કરી ચૂક્યા, પણ જ્યારે શ્રી બાહુબલીજી ચેત્યા અને એમણે મુનિપણું લીધું કે તરત જ શ્રી ભરત મહારાજા શ્રી બાહુબલીજીના ચરણમાં નમી પડ્યા અને સ્પષ્ટ શબ્દોમાં બોલ્યા કે -

'તેં મારા પ્રત્યેની અનુકંપાથી રાજ્યનો ત્યાગ કર્યો માટે તું ધન્ય છે અને હું પાપી છું, કારણ કે, અસંતુષ્ટ હોવાના કારણે દુર્મદ બનેલા એવા મેં તારા ઉપર ઉપદ્રવ કર્યો છે !

જેઓ પોતાની શક્તિને જાણતા નથી, જેઓ અન્યાય કરે છે અને જેઓ લોભથી જિતાય છે, તેઓમાં હું ધુરંધર છું !!

'રાજ્ય એ ભવતરુનું બીજ છે' એમ જેઓ નથી જાણતા તેઓ અધમ છે અને જાણતાં છતાં પણ તેનો ત્યાગ નહિ કરનારો હું તેઓના કરતાં પણ વિશેષ અધમ છું !!!

તું જ પિતાનો પુત્ર છો કે જેથી પિતાના પંથે અનુગમન કરે છે, હું પણ તે પિતાનો પુત્ર ત્યારે જ ગણાઉં કે જ્યારે તારા જેવો થાઉં !!!!'

આવા આવા અનુપમ પ્રસંગોનો અભ્યાસ કરી કરીને તમે જે જે દુનિયાદારીની ક્રિયા કરો તેને પુણ્યરૂપ મનાવવા આગ્રહી ન બનો, પણ પુણ્યરૂપ બનાવવા પ્રયત્નવાન્ બનો. પુણ્યના અંશ એમાં નાંખતાં આવડે, તો જરૂર એ પણ પુણ્યરૂપ બને; આખા પાપસ્થાનકને પલટાવી પુણ્યસ્થાનક બનાવી શકાય; પણ તે પહેલાં સત્ય કબૂલવું જ પડશે કે, ઘરબાર અને કુટુંબ આદિ ભારરૂપ છે. માટે તમે જો પાપસ્થાપકને પુણ્યસ્થાપક તરીકે સમજાવી શકતા હો તો મને ખુશીથી સમજાવો અને જો તેમ ન હોય તો કબૂલ કરો.

**એ તો વાંદરાને દારૂ પાઈ નિસરણી આપવા જેવું !**


તમે પ્રતિક્રમણ બે વાર કરો છો ? બધાયે શ્રાવક છો ને ? જો જૈન કુળના આચારો સાચવ્યા હોત, તો આજે આ વિગ્રહ જ ન હોત. જન્મથી માંડીને

ધર્મક્રિયામાં રંગ નથી, તેનું જ આ તોફાન છે. જેઓ ધર્મથી વિપરીત બન્યા છે તેઓને જેટલું ભણાવાય તેટલું નુકસાન છે; વાંદરાઓને દારૂ પાઈને નિસરણી આપવા જેવું છે. આવડત વિનાના રૂપાળા દીકરાને પણ પેઢી સોંપાય ? એવાને ચાવી આપવામાં પણ હરકત ખરીને ? શેઠિયા મુનીમને ચાવી આપે છે, પણ નાલાયક દીકરાને નથી આપતા. નાલાયકાતના કારણે તો વેપારીઓ ઘરના માણસોને પેઢીથી બહાર રાખી, બહારના માણસને વધારે પગાર આપી પેઢીનું કામ ચલાવે છે.

**આ ઉપરથી સમાજનાં સંતાનોને સહાય કરવાનો નિષેધ ન માનતા ! સાધર્મિકને સહાય કરવા માટે તો પોતાના ભોગે પણ બધું જ કરવાની છૂટ છે. પોતે ભૂખ્યા રહીને પણ સાધર્મિકની ભક્તિ કરવી, એ પણ અનુપમ છે. પોતાનાં સંતાનને જેટલું કલ્યાણકારી ભણાવો તેટલું જ સમાજનાં સંતાનોને પણ ભણાવો; પણ એ સમાજનાં સંતાન જોઈએ ને ?**

ખેર ! તમારા સમાજનાં કદી ન હોય તો પણ કૃતઘ્ન સમાજનાં તો ન જ જોઈએ. એવાં તો ન જ જોઈએ, કે, જે જેના પૈસાથી ભણે તેને જ કાલે સવારે કહે કે, અમને ભણવાની સહાય આપનારા બેવકૂફ, ગધ્ધા અને અભણ છે. એવાને તો કહેવું જોઈએ કે, ઓ હૈયા વિનાના ! એનામાં ઉદારતા છે અને તું ભણ્યો છતાં પણ તારામાં એ ઉદારતા ન આવી, માટે એ ભણેલો અને તું અભણ છે. વિચારો કે, ભણેલો કોણ ? અને પંડિત કોણ ?

(સં.સ્વ.દ.ભાગર)



## ❖ કેવળી-કેવળજ્ઞાન ❖

**૫૭. સભા : જો ચૌદમા પહેલાં બંધ પડે જ છે, તો પછી કેવળજ્ઞાની વીતરાગદેવોને પણ બંધ પડે ?**

**પૂજ્યશ્રી** : શ્રી વીતરાગ પરમાત્માથી થતી ક્રિયા રાગદ્વેષ વિનાની છે. શ્રી કેવળજ્ઞાનીમાં રાગદ્વેષ નથી છતાં યોગ છે માટે એમને ય બંધ તો ચાલુ છે : પણ એ બંધ કેવો ? આવ્યો કે ગયો એવો. પહેલે સમયે બંધ થાય, બીજે સમયે ભોગવાય અને ત્રીજે સમયે જાય. શ્રી કેવળજ્ઞાનીને બંધ જ નહિ એમ નહિ. એ તો શ્રી વીતરાગ પરમાત્માની વાત થઈ, પણ જ્યાં હિંસા-અહિંસાનું વર્ણન છે, ત્યાં એક સ્થળે સ્પષ્ટ પણે આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરતાં જન્તૂપમર્દનની પણ વાત જણાવી છે અને કહ્યું છે કે - આજ્ઞાની આરાધના કરતાં કરતાં જો વિરાધના થાય તો તે બંધ પહેલે સમયે બંધાય છે, બીજે સમયે નિર્જરે છે અને

ત્રીજે સમયે અકર્મતા છે. આ બંધની કિંમત શી ? એ પ્રકારની વિરાધનાના બંધની એ વાત કરી, પણ આજ્ઞાની આરાધનાથી કર્મની નિર્જરા જ થાય છે એ સાથે કહ્યું. કોઈ કહેશે કે-જન્તૂપમર્દન જેવી ક્રિયા અને એમાં આરાધના ? અને એ આરાધનામાં વળી કર્મની નિર્જરા ? તો કે-હા, આરાધનાથી કર્મનિર્જરા અને આરાધનામાં થઈ જતી. વિરાધનાના યોગે જે બંધ પડે તેય એવો કે એક સમયે બંધાયો, બીજે સમયે ભોગવાયો અને ત્રીજે સમયે ગયો. હવે વિચારો કે એવા બંધથી ડરીને આરાધના મૂકાય ? અગર એવા બંધના નામે તેવી આરાધનાને માટે એલફેલ બોલાય ? નહિ જ : માટે કહેવાય છે કે - બંધના નામ માત્રથી ગભરાઈ આજ્ઞાથી વિહિત ક્રિયાનો ભૂલેચૂકે પણ અપલાપ ન કરતા. એવો અપલાપ એજ ઘોર વિરાધના છે અને એનાથી ભયંકર અશુભ બંધ પડે, એમાં કશી જ નવાઈ નથી. (જિ. વ. ૩/અં. ૨૩-૨૪)

---

**૫૮. સભા : 'કેવળજ્ઞાનીને ઉપયોગ મૂકવો પડે ?'**

**પૂજ્યશ્રી** : ના, ન મૂકવો પડે. આરિસાનો ગુણ જ એ કે એમાં બધી ચીજો એની મેળે પ્રતિબિંબિત થાય. કેવળજ્ઞાનમાં ત્રણે જગત સંક્રમિત થાય જ. કેવળજ્ઞાન પ્રગટ ક્યારે થાય ? મુક્તિ ક્યારે મળે ? એક પણ જડનો સંસર્ગ ન રહે ત્યારે. જડનો સંસર્ગ દૂર ક્યારે થાય ? ત્યાગ આવશે ત્યારે. ધર્મની પરીક્ષાની જડ આ છે.

---

**૫૯. સભા : અંતકૃત કેવળી થાય એવા કેવળજ્ઞાનની ખબર પડે ?**

**પૂજ્યશ્રી** : દેવતા આવે અને મહોત્સવ કરે તેથી ખબર પડે. કેવળજ્ઞાન

થાય ત્યારે મોટા ભાગે દેવતા આવે છે પરન્તુ, કોઈ ગૃહસ્થને કેવળજ્ઞાન થાય અને અનુપયોગથી દેવતા ન આવે તો પોતાને કેવળજ્ઞાન થયાનું એ બીજાને જણાવે નહિ. ગુરુ છદ્મસ્થ હોય, શિષ્યને કેવળજ્ઞાન થાય અને ગુરુ જાણે નહિ, તો ત્યાં સુધી પોતાને કેવળજ્ઞાન થયાનું શિષ્ય, ગુરુને જણાવે નહિ.

(જિ. વ. ૧૪/અં. ૫)

---

**૬૦. સભા : શ્રુતકેવળી પણ છદ્મસ્થ ગણાય ને ?**

**પૂજ્યશ્રી** : કેવળજ્ઞાન ઉત્પન્ન ન થાય ત્યાં સુધી બધા ય છદ્મસ્થ. શ્રુતકેવળી દેશના દેવા બેસે ત્યારે સામાને ખ્યાલ ન આવે કે 'આ કેવળી નથી.' -પણ શાસ્ત્ર કહે છે કે 'એમને પણ અનુપયોગ સુલભ છે.' ઉપયોગ મૂકે તો ખ્યાલ આવે, પણ અનુપયોગ સુલભ છે.

ચૌદ પૂર્વીમાં એ તાકાત હોય છે કે 'દેશના દેતાં દેતાં શંકા પડે તો આહારક શરીર બનાવી, શ્રી તીર્થંકરદેવ જ્યાં વિચરતા હોય ત્યાં મોકલી, એમની પાસેથી પ્રશ્નનો ખુલાસો મેળવી લાવીને ઉત્તર દે : પણ કોઈને ખબર સરખીય ન પડે કે આમ થયું.' ભૂલ થાય જ'-એ કાયદો નહિ : પણ છદ્મસ્થ છે ત્યાં સુધી ભૂલનો સંભવ તો ખરો. એ બધાય શ્રી જિનેશ્વરદેવોએ કહેલું જ કહે.

શ્રી જિનેશ્વરદેવ પોતે તો સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી દેશના ન દે : પોતે તીર્થ સ્થાપનાર છે, તેથી તે તો સર્વજ્ઞ થાય ત્યાં સુધી પ્રાયઃ મૌન જ રહે : અને શાસનમાં રહેલાએ તો શ્રી જિનેશ્વરદેવનું કહેલું કહેવાનું છે : પોતાના ઘરનું કશું જ કહેવાનું નથી : એટલે કેવળજ્ઞાન થયા વિના પણ દેશના દે.

૬૧. સભા : 'મુનિનો અર્થ મૌન ધરે તે' –એમ ખરો ને ?

પૂજ્યશ્રી : એ મૌન એકેન્દ્રિયનું નહિ : પાપક્રિયામાં મૌન રહેવું-પાપમાર્ગની પ્રવૃત્તિમાં ન બોલવું એ મૌન છે ? અશુભ પ્રવૃત્તિને રોકવા માટે તો બોલવું એ જ ખરૂં મૌન ! મૂંગા રહેવું એવું મૌન તો એકેન્દ્રિય જીવોને કાયમનું છે. મૌનનો અર્થ એ કે પાપકારી વચન ન બોલે સ્વપરઘાતક વચન ન બોલે. સ્વ-પરરક્ષા થાય-ભલું થાય, ત્યાં ન બોલે તે મૌની નથી પણ મુર્ખ છે. મૌન રાખે તે મુનિ એ ખરૂ પણ એ મૌન એકેંદ્રિયનું નહિ : મુનિપણાને છાજતું મૌન.

જેમ મુનિવર શ્રી મેતાર્ય મૌન રહ્યા તેમ ! જો સાચું બોલે તો ક્રૌંચ પક્ષીનો જીવ જાય અને ખોટું બોલે તો સ્વઆત્મા હણાય : માટે ત્યાં મૌન વ્યાજબી.

ધર્મનો ઘાત થતો હોય, આત્મકલ્યાણકારી ક્રિયાનો નાશ થતો હોય અને સિદ્ધાંતનો લોપ થતો હોય, છતાંયે મૌન રાખવું, એ મુનિપણાને છાજતું નથી.

આ જ કારણે કલિકાળસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ ફરમાવ્યું કે 'ધર્મનો ધ્વંસ, ક્રિયાનો લોપ અને પોતાના સિદ્ધાંતનો નાશ થતો હોય, તો શક્તિમાને વગર પૂછ્યે પણ અવશ્ય બોલવું જોઈએ.' અને વાત પણ ખરી છે 'તારક વસ્તુનો નાશ થતો હોય, તે વખતે છતી શક્તિએ મૌન રહેવું, એના જેવો બીજો આત્મઘાત પણ કયો છે ?'

૬૨. સભા : પણ એ બોલવાથી અશાંતિ થતી હોય તો ?

પૂજ્યશ્રી : ધર્મ અને સત્ય સિદ્ધાન્તનો લોપ થયા પછી રહેલી શાંતિ એ શાંતિ છે ? એમાં તે ભયંકર અશાંતિની ચિતાઓ ખડકાયેલી છે. જે કાંઈ શાંતિ

દેખાય છે, તે આ સિદ્ધાંતની હયાતીના પ્રતાપે છે. અરે, ત્યાં સુધી લખ્યું છે કે 'ચંદ્રસૂર્ય નિયમિત ગતિ કરે છે તેમાં પણ ધર્મનો જ પ્રભાવ છે !' દુર્જનોમાં એવી તાકાત કેમ નથી આવતી કે બધા સજ્જનોને કચડી શકે ! આવે ક્યાંથી? સજ્જનો પાસે જીવતો અને જાગતો ધર્મ બેઠો છે : ધર્મ હોય ત્યાં સુધી દુર્જનોના એ મનોરથો કદી જ ન ફળે, કારણ કે ધર્મનો પ્રભાવ કાંઈ જેવો-તેવો નથી.

(આચારાંગ ભાગ-૧)

**૬૩. સભા : 'ગૃહસ્થપણામાં સંયમ સ્પર્શે ?' કેવળજ્ઞાન થાય ?**

**પૂજ્યશ્રી** : ગુણ સ્પર્શે તો થાય બધું પણ એ ગૃહસ્થપણું એનું કારણ નહિ. 'ગૃહસ્થપણામાં રહ્યા માટે થયું' એમ એ પોતે પણ કહે નહિ. સિદ્ધગિરિએ જ કેવળજ્ઞાન થાય એ કાયદો નહિ, ગુણ સ્પર્શે તો કસાઈવાડે પણ કેવળજ્ઞાન થાય, પણ કસાઈવાડાને કેવળજ્ઞાનનું સાધન કે સંયમનું સાધન ન કહેવાય. કેવળજ્ઞાનનું સાધન તો શ્રી સિદ્ધગિરિને કહેવાય. પ્રભુને બચકું ભર્યું એ નિમિત્તે ચંડકોશિયાને જાતિસ્મરણજ્ઞાન થયું માટે બચકાં ભરવાં એ તે જ્ઞાનનું કારણ છે ? નહિ જ.

જો એમ ધર્મ મળે તો સંગમને કેમ લાભ ન થયો ? ખરાબ ચીજથી કોઈ વખત સારાની પ્રાપ્તિ થઈ જાય એ વાત જુદી પણ એ એનું કારણ ન કહેવાય. દરમાં હાથ ઘાલવાથી સાપને બદલે કોઈ વખત હાર પણ મળી જાય પણ તેથી હાર મળવાનું સ્થળ દર ગણાય ? અને દરેક દરમાં એમ હાથ ઘલાય ? ગૃહસ્થપણામાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ભલે પણ એ એનું કારણ નથી.

પૂર્વસંસ્કારના બળે વગર ભણે કોઈ પંડિત થાય, જેમ શ્રી જિનેશ્વરદેવ ગર્ભથી જ ત્રણ જ્ઞાનવાળા હોય છે, પણ એ કાંઈ બધા માટે સામાન્ય કાયદો નથી. પંડિત બનવા ઈચ્છનારે ભણવું જ જોઈએ. સમ્યગદૃષ્ટિ તે કે જે દરેક વસ્તુનો સ્પષ્ટપણે વિવેક કરે. ધૂળમાંથી પણ કોઈ વખત પૈસા મળે, કોઈને રસ્તામાં પડી ગયેલો હીરો ધૂળમાંથી મળે તેથી હવે દુકાન બંધ કરી ધૂળ ચાળવા બેસવું છે ? પૈસો કે હીરો ધૂળમાંથી કોઈ વખતે કોઈને મળે ભલે પણ એ મળવાનું ધૂળ કાંઈ સાધન નથી. ગૃહસ્થપણારૂપી ધૂળમાંથી કોઈને ક્વચિત્ સંયમરૂપી હીરો સ્પર્શી જાય પણ સંયમ સ્પર્શવાનું એ સાધન તો નથી જ. એને એનું સાધન માનનારાઓ મિથ્યાદૃષ્ટિ છે.

---

**૬૪. સભા : કેવળજ્ઞાની આહાર લેવા જાય ?**

**પૂજ્યશ્રી** : જાય. શ્રી જિનેશ્વરદેવ ન જાય, કેમ કે પદસ્થ છે. આચાર્ય ન જાય. કેવલી જાય કેમ કે એ પાંચમા પદે છે. જૈનશાસનની મર્યાદા ન્યારી છે.

(આચારાંગ ભાગ-૮)

---

**૬૫. સભા : 'અપંગને કે અંધને કેવળજ્ઞાન થાય?'**

**પૂજ્યશ્રી** : સંભવિત છે. કેવળજ્ઞાનમાં એ વસ્તુઓ બાધક નથી. તીર્થસ્થાપના પૂર્વે કેવળજ્ઞાન થયું હોવું જ જોઈએ. તેનો હેતુ એ છે કે મુક્તિમાર્ગના નિરૂપણમાં ફેરફારનો સંભવ જ નહિ. આપણા જ્ઞાનમાં શંકા થાય પણ કેવળજ્ઞાનમાં એક પણ શંકાને અવકાશ નથી. આપણું જ્ઞાન મેલું

અને અધૂરું છે, એ જ્ઞાન ચોખ્ખું અને પરિપૂર્ણ છે. આપણને પુદ્ગલના સંયોગો મૂંઝવે છે, એમને મૂંઝવતા નથી. આંખ સામે રૂપ આવે તે આપણા ચેતનને મૂંઝવે છે. શાસ્ત્ર કહે છે કે જ્યાં સુધી રૂપ આત્માને મૂંઝવે છે ત્યાં સુધી સામે એવાં રૂપ રાખવાં કે જેથી પેલાં રૂપ આત્માને મૂંઝવી ન જાય. એ રૂપ ન મૂંઝવે ત્યાર પછી મૂર્તિનાં દર્શનનું કામ નથી. રમણીના રૂપથી મૂંઝાનારો આત્મા સાચું આત્મધ્યાન કરે એ સંભવિત નથી. (સં.સ્વ.દ ભાગ-૩)

**૬૬. સભા : 'કેવળજ્ઞાન ક્રમથી મળે ?'**

**પૂજ્યશ્રી** : ના ! મતિ, શ્રુત હોય પણ અવધિ કે મનઃપર્યવ ન હોય તો પણ મળે.

**૬૭. સભા : 'જ્ઞાન ઉદ્યોતનો આજનો જમાનો ક્રમની વાત કરે છે ને ?'**

**પૂજ્યશ્રી** : આજે તો જ્ઞાન છે જ ક્યાં ? જ્ઞાન ઓછું ને આડંબર ઘણો છે. જ્યાં જ્ઞાન હોય ત્યાં તો શાંતિના શેરડા હોય, શુભ ભાવના ફુવારા ઊડે, જ્ઞાન વધે તેમ ઉચ્ચતા વધે પણ ઉચ્છૃંખલતા ન આવે. દેવ ગુરુ ધર્મ માટે મરજી આવે તેમ બોલનારાને જ્ઞાની કેમ કહેવાય ? જ્યારે સમ્યગ્દર્શન ઢીલું થયું એટલે જ્ઞાન ગયું. શાહુકારી ગઈ એટલે બજારની આબરૂ રદ. આ મુંબઈમાં એ નિયમ હતો કે કોઈ પણ સારી ચીજ જવેરી બજારમાંથી નીકળે પણ હવે કાયદો થયો કે ભગવાનનો વરઘોડો ઝવેરી બજારમાંથી ન કાઢવો. એ શાથી ? મૂર્ખાઓની મૂર્ખાઈથી ને ? શાહુકારો વસે એ વિસ્તારમાં ગાળો ન બોલાય, એલફેલ ન

બોલાય. ગૃહસ્થના પાડોશમાં વસનારાથી હલકી ભાષા ન બોલાય. ભાષા પણ સારી બોલાવી પડે. ઝવેરી બજારમાંથી સાધુ નીકળે, પ્રભુનો કે ગુરુનો વરઘોડો નીકળે ત્યારે મોતી ઊડે કે પથરા ઊડે ? મોતી ન હોય તો પથરા ઉડાડાય એવું ખરું ? પથરા કોણ ઉડાડે ? આ બધી અધમ મનોવૃત્તિનાં પરિણામ છે. આજના એ જ્ઞાનીઓની પરીક્ષા લેવાય તો ખબર પડે. મહાપુરુષોની રચેલી એકાદ પંક્તિ લઈ ગાયા કરે કે-

'શુ મુંડે શું લોચે રે.'

પણ એ પંક્તિના રચનારાએ પોતે જ મુંડાવ્યું એનું એ બોલનારાને ભાન નથી. એ પંક્તિના રચનારા મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા છે. એમણે દીક્ષા નાની વયમાં જ લીધી છે; અને આજે એમનાં વચન ટંકશાળી ગણાય છે, એમના વચન પર મદાર બંધાય છે, એમનાં વચનોની સાક્ષી અપાય છે. બાલ્યકાળમાં દીક્ષા લઈને જ્ઞાનાભ્યાસ કર્યો, તો તેઓ આ બધું પામ્યા ને ? પેલા પંક્તિ ગાનારાઓની જેમ પોસા, પડિકમણા કરવા ઘરમાં પડી રહ્યા હોત તો ? કહે છે કે, 'એ તો પોસા પડિકમણા કરવા ઘરમાં રહ્યા છે.' એમની વાત તો જુઓ ! ઘરમાં રહીને તો થાય ત્યારે કરે, કદી ન પણ કરે, જ્યારે સાધુને તો કાયમ છે. ઉપાધ્યાયજી મહારાજા તો ફરમાવે છે કે નાની વયના સાધુઓથી તો તીર્થ અવિચ્છિન્ન છે. એમણે એ પણ કહ્યું કે મિથ્યાદષ્ટિને દ્રવ્ય સમકિતનો આરોપ કરીને દીક્ષા આપી શકાય. જો બધામાં ભાવ ચારિત્ર જોવા જાય તો શાસનનો નાશ થાય. (સં.સ્વ.દ.ભાગ-૩)

## ❖ ક્ષમાપના ❖

**૬૮. સભા : સામો મિચ્છામિ દુક્કડં ન કરે તો તે ક્યાં જાય ?**

**પૂજ્યશ્રી** : ક્ષમાપના ન કરે અને એક વર્ષથી અધિક કષાયભાવ રહી જાય તો તે વ્યક્તિ સંઘ બહાર મૂકવા યોગ્ય બની જાય છે. વાર્ષિક પર્વ આવે છતાં અંગત વૈર રહી જાય, એવું ન બનવું જોઈએ. જો બને તો તે અનંતાનુબંધી કષાયનો ઉદય થયો ગણાય. એ થાય એટલે મિથ્યાત્વ આવે અને સમ્યક્ત્વ જાય. માટે સ્વાર્થ, અર્થ-કામ કે માનપાન આદિ માટે જે કાંઈ ભૂલો કરી હોય તેની અવશ્ય ક્ષમા માગી લેવી અને આપી દેવી. આ રીતે બાર મહિને શાહુકારી ચૂકવી દેવી, ઉધાર ન રાખવું. શ્રી જૈનશાસનની આ પાયાની આરાધના છે. એમાં ખામી આવે તે ચાલી શકે નહિ.

---

**૬૯. સભા : ક્ષમા માગવા જતાં ગૂનાનો એકરાર કરતાં જો સામી વ્યક્તિ સજા કરાવે તો ?**

**પૂજ્યશ્રી** : તો એ સજાને સહી લેવી. વાસ્તવમાં સાચા ભાવે ગૂનો કબૂલ કરનારને સરકાર પણ મોટા ભાગે સજા કરતી નથી, માફી આપે છે; અને કરે છે તો બહુ ઓછી કરે છે. મૂળ વાત એ છે કે દરેકે પોતાના હૈયામાંથી વૈરભાવ કાઢી નાંખી ક્ષમાપના કરવી જોઈએ. એક ક્ષમા માગે અને બીજો ન આપે તો ક્ષમા માગનાર આરાધક છે, ક્ષમા ન આપનાર વિરાધક છે. આપણે આરાધક બનવું છે માટે આ પર્વના અવસરે સાચા ભાવે ક્ષમાપના કરી લેવી છે.

(જિ. વ. ૯/અં. ૧-૨)



# ✣ ખાદી ✣

**૭૦. સભા : વિલાયતી કાપડ પહેરવું કે ખાદી પહેરવી સારી ? એમાં આપનો શો મત છે ?**

**પૂજ્યશ્રી** : આ પ્રશ્નનો અનેકવાર ઉત્તર અપાઈ ગયો છે. આખા જગતને નિર્ગ્રંથ પરિગ્રહરહિત થવાનો ઉપદેશ સાધુઓ આપે છે. એમ પૂછવામાં આવે કે 'બંગલો બંધાવું કે ઝુંપડી બંધાવું ? એમાં આપનો શો મત ? કયું સારૂં ? સાધુ શો મત આપે ? સાધુ તો એક જ કહે કે 'બંગલોય છોડવા લાયક છે અને ઝુંપડી પણ છોડવા લાયક છે, ત્યાં બંધાવવાની વાત જ શી ?' કોઈ પૂછે કે-'ઘી ખાઉં

તો સારૂં કે દૂધ પીઉં તો સારૂં ?' એને ઘી યે છોડવાનું અને દૂધેય છોડવાનું કહેવાય. જે સાધુઓ દુનિયાની કોઈ પ્રવૃત્તિ, કે જેમાં થોડો પણ પાપનો અંશ હોય, તે માટે સંમતિ ધરાવતા નથી, તેઓ આ પ્રશ્નમાં મત કઈ રીતે આપે તે સમજાવો ! દુનિયાની કોઈ પણ પ્રવૃત્તિ જેમાં અધિક યા ઓછું પાપ હોય, તેવી પ્રવૃત્તિઓ જેણે કરવાનો, બીજા પાસે કરાવવાનો અને કરનારને સારૂં માનવાનો ત્યાગ કર્યો છે, તેવા સાધુ દુનિયાની પ્રવૃત્તિમાં પોતાનો મત આપે કઈ રીતે ? પારકે પૈસે વહેપાર કરવો એ સારો કે ઘરની મૂડીએ કરવો એ સારો ? -એમાં સાધુ શું કહે ? 'ચૂલામાં હાથ ઘાલું તો સારૂં કે ઓલામાં ઘાલું એ સારૂ ?- એમાં સાધુ શું કહે? સાધુ તો એમ જ કહે કે-'ચૂલા ને ઓલા બેઉમાં અગ્નિ હોય છે. જે સાધુઓએ દુનિયાની સઘળી પાપ પ્રવૃત્તિમાંથી હાથ ખંખેરી નાખ્યા છે, જાત માટે પાપપ્રવૃત્તિ મૂકી દીધી છે, એટલું જ નહિ પણ માતા પિતા ને બીજાના ઉપકારીની પણ સેવા છોડી, એકલી શ્રી જિનેશ્વરદેવની સેવા સ્વીકારી છે, તેની પાસે દુનિયાની પ્રવૃત્તિમાં મત માગવો, એ મારા માનવા પ્રમાણે વધારે પડતો આગ્રહ છે! પહેરેલું કઢાવવાની વાત કરનાર પાસે શું પહેરવું એમ કેમ પૂછાય ? ખાવા-પીવા કે પહેરવા-ઓઢવાની વાત સાધુ પાસે પૂછવી. એ નકામી વાત છે. સાધુનો મત કાઢવામાં છે, પહેરવામાં નથી. નહિ વાપરવામાં છે. વાપરવામાં નથી. (જિ. વ. ૧૩/અં. ૩)

** પહેરેલું કઢાવવાની વાત કરનાર પાસે શું પહેરવું એમ કેમ પૂછાય ?*

## ✤ ગુરૂ ✤

**૭૧. સભા : ગુરૂ તો પાષાણને પણ પલાળે ને ?**

**પૂજ્યશ્રી** : જેમાં થોડી પણ યોગ્યતા રહેલી હોય તેને, પણ મગશેલીયા પાષાણને નહિ. ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા પણ કહે છે કે- યોગ્યને ધર્મ દેવાય પણ અયોગ્યને નહિ.' ભગવાન શ્રી તીર્થંકરદેવ પણ અભવ્ય તથા દુર્ભવ્ય આદિને ન સુધારી શકે. શિખરની ટોચ પર પુષ્કરાવર્ત મેઘ વરસે તોયે એ ન ભીંજાય. જ્યાં પાણી જ ટકે નહિ ત્યાં અંકુરો કોણ ફોડી શકે ? અયોગ્યને યોગ્ય બનાવવાનું જો કારખાનું હોત, તો પરમ ઉપકારી શ્રી તીર્થંકરદેવો અભવ્યને ભવ્ય ન બનાવત ? એવા મહાપુરુષો થયા છે કે-ધાર્યું કામ આપે, પણ ક્યાં ? યોગ્યતા હોય ત્યાં ! હઠીલા જમાલિને ખુદ ભગવાન પણ સુધારી ન શક્યા.

'ગોષ્ઠામાહિલ' નામના નિહ્નવને સમજાવવા શ્રી ફલ્ગુરક્ષિત આચાર્યે એક એક આચાર્યને ભેગા કર્યા, સંપૂર્ણ સંઘને એકઠો કર્યો, બધાએ એને સમજાવ્યો પણ ન માન્યાં. એકે એક આચાર્યે એને કહ્યું કે- 'તું ખોટો છે અને ફલ્ગુરક્ષિત આચાર્ય સાચા છે.'-તોયે એ માનવાની ના પાડે છે અને કહે છે કે-'તીર્થંકર કહે તો માનું.'

શ્રીસંઘ દેવીને આરાધે છે અને દેવી આવે છે, દેવીને શ્રી સીમંધરસ્વામીની પાસે મોકલે છે, દેવી જાય છે ત્યારે એને વિઘ્ન ન થાય માટે શ્રીસંઘ કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભો રહે છે.

દેવી પણ આવીને કહે છે કે-ભગવાન શ્રી સીમંધરસ્વામી કહે છે કે-ફલ્ગુરક્ષિત સાથે સમસ્ત સંઘ સાચો છે અને ગોષ્ઠામાહિલ ખોટો છે.'

તોયે ગોષ્ઠામાહિલે ન માન્યું અને કહ્યું કે-'દેવી જુઠ્ઠી છે; એ જાય શી રીતે?'

એ વખતે આખા શ્રીસંઘે એમને સંઘ બાહર મૂકી દીધા. જ્યાં યોગ્યતાનો અણુ ન હોય ત્યાં શું થાય ? સંસર્ગવશાત્ કિંવા અશુભોદયવશાત્ આવેલી અયોગ્યતાને કાઢવા પ્રયત્ન જરૂર થાય. સલાહ પણ દેવાય અને હાથ પણ ફેરવાય; સમજતો હોય તો બધું કરાય પણ સમજે નહિ અને 'ઊહું ઊહું' કરે તો? જેનામાં પરિવર્તિત થવાની લાયકાત નથી તે અયોગ્ય. તેવાના નાયક બનવાની જરૂર પણ શી? (સં.સ્વ.દ.ભાગ-૧)

**સભા** : ગુરૂમાં કયા ગુણો હોવા જોઈએ.

**પૂજ્યશ્રી** : કલિકાળસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ ફરમાવ્યું કે -

***"શ્રી જિનેશ્વરદેવના શાસનમાં તે જ ગુરૂઓ માનેલા છે કે – જેઓ મહાવ્રતોને ધરનારા હોય, ધરેલાં મહાવ્રતોના પાલનમાં ધીર હોય, નિર્દોષ ભિક્ષામાત્રથી આજીવિકા ચલાવનારા હોય, સામાયિકમાં સ્થિર રહેનારા હોય અને ધર્મના ઉપદેશક હોય."**

---

ટિપ્પણી : * **महाव्रतधरा धीरा, भैक्ष्यमात्रोपजीविनः ।**

**सामायिकस्था धर्मोप-देशका गुरवो मताः ॥८॥**

જેઓમાં આ ગુણો ન હોય અને એનાથી વિપરીત જીવન જીવતા હોય તે ગુરુ નથી પણ કુગુરુ છે; આવા જ્યારે કુગુરુઓ ગુરુપદે ચઢી બેઠા, ત્યારે દશમા તીર્થંકર **શ્રી શીતળનાથ સ્વામીએ** પણ કહી દીધું કે - 'ગૃહસ્થ એ ગુરુ ન હોય. આરંભી, સમારંભી, પરિગ્રહી, અબ્રહ્મચારી ગુરુ ન હોય.' આ વિષયમાં ખોટું સ્વાતંત્ર્ય કામ ન જ લાગે. જૈનશાસનનું સ્વાતંત્ર્ય કોઈ જુદું જ છે. જ્ઞાની પુરુષોને પણ તાબે ન થવું અને ઈચ્છા મુજબ વર્તવું' - આવી સ્વતંત્રતામાં માનનારાઓ સાથે આપણો મેળ ન જ મળે. **આગમની આજ્ઞાને આધીન વર્તવું, એ જ સ્વતન્ત્ર થવાનો રાજમાર્ગ છે.**

---

**૭૨. સભા : આપને આપના ગુરૂદેવનો પરિચય ક્યારે અને કેવી રીતે થયો? એમના જીવનના વિશેષ ગુણો કયા ? આપને કયો ગુણ વધારે ગમ્યો?**

**પૂજ્યશ્રી** : મારા ગુરૂદેવમાં એક એવું આકર્ષણ હતું કે ઉપાશ્રયમાં કોઇ પણ છોકરો આવ્યો હોય તો તેમની પાસે ગયા વિના ન રહે, જ્યારે જુઓ ત્યારે એમની પાસે કોઇ ને કોઇ બાળક બેઠું જ હોય, એમનામાં એવો અજબ પ્રભાવ હતો કે એકવાર એમની પાસે જે બાળક જાય એનામાં જો લાયકાત હોય અને શક્તિ હોય તો સાધુ થયા વિના રહે નહિ અને જે ન થઇ શકે તે રોજ એમને અને એમણે કહેલી વાતને યાદ કર્યા વિના રહી શકે નહી. ન જાણે એઓશ્રી શું કરતાં હશે ?

હું જ્યારે એઓશ્રીના પરિચયમાં આવ્યો ત્યારે એક જ વખતના પરિચયમાં મેં નિર્ણય લીધો કે મારે વહેલામાં વહેલી દીક્ષા લેવી અને એમના જ શિષ્ય થવું

અને એ નિર્ણયનો મેં તરત જ અમલ પણ કર્યો.

એમનો મોટામાં મોટો ગુણ એ હતો કે એમની પાસે આવનાર દરેક પાસે એમની એક જ અપેક્ષા હતી કે ''બધા શાસ્ત્ર મુજબ જ બોલતા અને લખતા થાય !'' કારણ કે આ ગુણ જેનામાં આવે તેનામાં બીજા બધા ગુણો આપોઆપ સહજ રીતે આવી જાય છે.

તેઓશ્રીના જીવનમાં જે શ્રેષ્ઠ બહ્યચર્ય, વિશુદ્ધ સંયમ, વિશિષ્ટ વિવેક, અત્યંત નમ્રતા, શ્રેષ્ઠ વિનય, ઉત્કૃષ્ટ નિરીહતા, કઠોર તપ અને ત્યાગ હતો. એ દરેકના મૂળમાં શાસ્ત્રમુજબ જીવવા અને બોલવાના આગ્રહરૂપે આ ગુણ રહેલો હતો.

જેના જીવનમાં શાસ્ત્રમુજબ જીવવા અને બોલવાના આગ્રહ સ્વરૂપ ગુણ ન હોય તેના જીવનમાં ગમે તેવું ઉંચું સંયમ કે તપ-ત્યાગ હોય તેની શ્રી જૈનશાસનમાં કુટી કોડીની પણ કિંમત નથી.

તેઓશ્રી પોતાના સમાગમમાં આવનાર સાથે એવી રીતે વાત કરતા કે સાંભળનારને સાધુ થવાનું જ મન થાય, અને સાધુ થઇને અહીં આવનાર શાસ્ત્રમુજબ જીવનાર અને બોલનાર થાય એ માટે એમનો અથાગ પ્રયત્ન હતો, જેના પ્રતાપે આજે અમે અહીં સુધી પહોંચ્યા છીએ.

(શિરસાડ મુકામે સિદ્ધાન્ત મહોદધિ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજાની** ઓગણીસમી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તક ગુણાનુવાદ પ્રસંગે થયેલ પ્રવચન-માંથી) (જિ.વ. ૧૦/અં.૨૩-૨૪)



## ✣ ગોચરી ✣

**૭૩. સભા : ભિક્ષા માગવી તે લાંછન નહિ ?**

**પૂજ્યશ્રી** : પેટને માટે માંગવું એ લાંછન, પણ ધર્મ રક્ષણ માટે ભૂષણ ! જેમ તમે પેટ માટે ટીપ કરવા જાઓ તો લાંછન અને મંદિર માટે જાઓ તો ભૂષણ છે. શરીર દ્વારા પ્રભુઆજ્ઞાનું પાલન થઈ શકે એ માટે પેટમાં નાંખવું, આ શરીર દ્વારા ભગવાનના માર્ગની વધુ આરાધના થાય તે માટે ભિક્ષા માગવી, તે

લાંછન નથી પેટના અર્થી ભિક્ષુક જુદા અને આત્મકલ્યાણના અર્થી ભિક્ષુક જુદા. આપે તેને 'ધર્મ-લાભ' અને ન આપે એને ય 'ધર્મલાભ.' પેસતાંયે 'ધર્મલાભ' અને નિકળતાંયે 'ધર્મલાભ.' ભિક્ષા નહિ આપી માટે એને- 'પાપલાભ થાઓ, એમ નહિ. માટે એમાં જ ગુરુતત્ત્વ હોય એ જ શ્રી જૈનશાસનમાં ગુરૂ તરીકે પૂજાય છે. (જિ.વ. ૨/અં. ૧૩)

**૭૪. સભા : મુનિને ઘી–દૂધ વહોરાવાય ?**

**પૂજ્યશ્રી** : તમારે તો ભક્તિપૂર્વક વહોરાવવાનાં, શું લેવું અને શું ન લેવું તે મુનિ જોશે.

**૭૫. સભા : મુનિનું સંયમ સચવાય એ બુદ્ધિએ ન વહોરાવીએ તો ?**

**પૂજ્યશ્રી** : એ ભાંજગડમાં તમે ન પડો, પડ્યા તો ગુમાવશો. વિગય કયારે લેવી, ક્યારે ન લેવી, ક્યારે અને કોને મના, કયારે અને કોને છૂટ એ બધું મુનિ જાણે કે તમે ? સારી ચીજ સુપાત્રે દેવાની ભાવના તમારે તો ખીલવવાની જ. શાલિભદ્રે પૂર્વભવમાં મુનિને ખીર વહોરાવી ત્યાં મુનિને એ પચશે કે નહિ એ વિચાર ન કર્યો. પૂર્વભવમાં ભગવાન ઋષભદેવના જીવે ઘી વહોરાવીને સમ્યકત્વ લીધું ને ? શું લેવું શું ન લેવું તે જોવાનું કામ મુનિનું છે. અધિકાર બહારની વાત તમે ન કરો. અમુક ચીજ ખપે કે નહિ એમ પૂછો ત્યાં જો હું 'ન ખપે' કહું તો કહેશે કે 'તો ઘી-દૂધ ખાય છે કેમ ?' અને જો ખપે એમ કહું તો કહેશે કે 'ઘી-દૂધ ખાવા નીકળ્યા છે.' બેય રીતે ઊંધું લે. કેટલાક પ્રશ્નના

**જવાબ એકદમ અમુક જ એમ ન અપાય.** દેનારે તો ભક્તિથી દેવાનું છે, અપાયેલા આહારની વ્યવસ્થા ગીતાર્થ ગુરુની આજ્ઞા મુજબ મુનિઓ પરસ્પર સમજશે અને કરશે. ઉપસર્ગ સહેવાની મુનિની ફરજ ખરી પણ ઉપસર્ગ લાવવાની તમારી ફરજ ખરી? મુનિને ઉપસર્ગ આવે તો તમારી ફરજ એ સહેવા દેવાની કે દૂર કરવાની ? મુનિ બીમાર પડે તો તમારી ફરજ તો વૈદ્ય લાવવાની જ, મુનિ ઔષધ વાપરવાની ના પાડે એ વાત જુદી. મુનિ ના પાડે તોય તમારી ફરજ તો ઉપચાર કરવાની રહે છે. તમે તો મુનિને ઘી-દૂધ ઘરજો, મુનિને લેવાં હશે તો લેશે, નહિ લેવાં હોય તો ના પાડશે. (આચારાંગ ભાગ-૮)

---

**પૂર્વભૂમિકા :** જૈન એ વિશિષ્ટ વર્ગ છે. પ્રભુનો સંઘ અનુપમ છે. મનુષ્ય બધા, પણ સંઘમાં બધા નહિ. સંઘમાં તો ખાલી જૈનો. પણ એ જૈન કોને કહેવા? ખોટી ઉદારતા કે દહીં-દૂધિયા નીતિ ત્યાં ન ચાલે. નોકરને જો શેઠ સાંજે વેળાસર ખાવા જવા ન દે, તો નોકર કહી શકે કે 'તમે જૈન કહેવડાવો ભલે પણ હકીકતમાં જૈન નથી; લાચાર છું કે નોકરી કરવી પડે છે.' પૂજા ન કરતા નોકરને શેઠ કહી શકે છે કે - 'તું જૈન છે અને પૂજા નથી કરતો ? આ કેમ ચાલે?

**સભા : 'આજે તો ધર્મક્રિયા ન કરનારને જ નોકરી માટે પહેલી પસંદગી આપે.'**

**પૂજ્યશ્રી** : માટે તો હું કહું છું કે આ બધી તમારા જૈનપણાની કસોટી છે.

**સાધુ–શ્રાવકની મર્યાદા :**

આપણે શ્રી સંઘનું વર્ણન કરી રહ્યા છીએ. શ્રી સંઘ એ ત્રિકાળ પૂજ્ય છે, પણ સંઘત્વ હોય તો. મુનિ અને શ્રાવક સંઘનું જ અંગ પણ મર્યાદા અલગ છે. ગૃહસ્થના ઘરની ભિક્ષા લાવે છતાં પ્રમાદથી પણ મુનિ જો ગૃહસ્થના દેખતાં એ વાપરે તો શાસ્ત્રે એને આજ્ઞાભંજક કહ્યો છે. મુનિ એકાસણું કરતા હોય, ગૃહસ્થ આવી ચડે, સ્થળ સગવડની ખામીને કારણે ગૃહસ્થ જોઈ જાય તેમ હોય, તો મુનિ ચાલુ એકાસણું કરતાં ઊઠીને આઘે જાય તોયે એકાસણાનું પચ્ચક્ખાણ ન ભાંગે.

**૭૬. સભા : 'મુનિ ગૃહસ્થના દેખતાં ન ખાય તેનું કારણ?'**

**પૂજ્યશ્રી** : કારણ ઘણાં છે. ગમે તેવો તોયે ગૃહસ્થ. સાધુના પાત્રમાં સામાન્ય ચીજ પણ હોય અને સારી પણ હોય. પેલો ગૃહસ્થ પરિણત પણ હોય ને અપરિણત પણ હોય તેને ક્યારે કયા વિચાર આવે તે શું કહેવાય ? માટે આ બાબતમાં વધુ ન બોલાવો-સાનમાં સમજો. ગમે તેવો શ્રાવક તોયે ગૃહસ્થ. શાસ્ત્રકારે એને તપાવેલા લોઢાના ગોળા જેવો કહ્યો. ચપટો પણ ન કહયો પરંતુ ગોળો જ કહ્યો, કેમ કે એ ગબડે જ. ગોળો પણ તપાવેલા લોઢાનો, એટલે લાલઘૂમ હોય. જ્યાં ગબડે ત્યાં બાળે. બાળે એટલે કાળું કરે. એ ગોળો ઢાળમાં બહુ ગબડે. ઘણા ગોળા તો ઢાળ પર જ છે. કોઈક જ ખાડા ઉપર રહી ટકેલા છે. આવા ગોળાઓથી સાધુએ સાવધ રહેવું ઘટે. એ ગોળાના સંપર્કમાં આવી જે સાવધ ન રહ્યા અને પોતાની ફરજ ચૂક્યા તે ચંપાયા. પાળેમાં જંગલી જાનવરોએ કેટલાય માલિકનાં અંગો ફાડી ખાધાં, એ જાણો છો ને ? પેલો

માલિક 'હું છું, હું છું' કરે પણ તે પેલો સાંભળે ? એ તો કહે કે 'મને તારા લોહીના સ્વાદની ગંધ આવી ગઈ છે. હવે ન છોડું.' કોઈ બળવાન હોય ને જડબું મજબૂત હાથે પકડી રાખી છટકીને બચી જાય, તો એ વાત જુદી. (સં.સ્વ.દ.ભાગ-૨)

**૭૭. સભા : ધર્મરુચિ અણગારને આજ્ઞા આહાર પરઠવવાની હતી છતાં ખાઈ કેમ ગયા ?**

**પૂજ્યશ્રી** : એ આજ્ઞાના મર્મને સમજ્યા માટે. આહારના એક બિંદુથી અનેક જીવોની વિરાધના જોઈ ત્યારે ગુરુની આજ્ઞા પરઠવવાની હતી, ક્યાં કે જ્યાં જીવની વિરાધના ન થાય ત્યાં, માટે શરીરમાં પરઠવ્યો. નારદને ગુરુએ આજ્ઞા તો કૂકડો મારવાની કરી હતી પણ ક્યાં, કે જ્યાં કોઈ ન જુએ ત્યાં. નારદ સમજ્યા કે આ આજ્ઞા કૂકડો મારવાની નથી, પણ નહિ મારવાની છે, માટે આજ્ઞાનો સાર સમજો. ગુરુ શિષ્યને આહાર કરવાની આજ્ઞા તો આપે છે, પણ સંયમનિર્વાહ માટે, સર્પ જેમ દરમાં જાય તે રીતે કોળિયો મોંમાં ઉતારવા માટે, નહિ કે ટેસ્ટ કરવા. (આચારાંગ ભાગ-૫)

** આહાર પુણ્યથી મળે છે પરંતુ એ પણ પુણ્યોદય જેને ગમે તે સાધુપણું પાળી ન શકે.*



## ✤ ગ્રહણ ✤

**૭૮. સભા : ગ્રહણ વખતે દેરાસરો બંધ રાખવા જરૂરી છે ?**

**પૂજ્યશ્રી** : વર્તમાનમાં આ પણ એક વિવાદાસ્પદ મુદ્દો બનેલો છે. 'ગ્રહણના સમયે દેરાસરો બંધ રાખવા જોઈએ'- એવી એક માન્યતા અને પ્રવૃત્તિ ચાલે છે કે જેને કોઈ શાસ્ત્રનો ટેકો હોય કે એવી કોઈ સુવિહિત પરંપરા પણ હોય તેવું જાણવામાં આવેલ નથી. આ વિષયમાં શાન્તતપોમૂર્તિ

વયોવૃધ્ધ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **સિદ્ધિસૂરીશ્વરજી મહારાજા** (પૂ.શ્રી બાપજી મહારાજા) તથા સિદ્ધાન્ત મહોદધિ આરાધ્યપાદ તારક ગુરુદેવ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજા**નું મન્તવ્ય શું હતું અને તેઓ આ વિષયમાં શું આચરણા કરતા હતા તે હકીકત સ્વ.પરમ ગુરૂદેવ પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ પોતાના ઉપર આવેલા ભાવનગરના તે સમયના અગ્રણી સ્વ. શ્રાદ્ધવર્ય શ્રી કુંવરજી આણંદજીના પત્રના જવાબમાં જે સ્પષ્ટ માર્ગદર્શન રૂપે જણાવેલ છે તે તેમના જ શબ્દોમાં અત્રે રજુ કરીએ છીએ. શ્રી કુંવરજીભાઈ તરફથી વિ.સં.૨૦૦૦ ના શ્રાવણ સુદિ - ૧૧ તા.૩૧-૭-૧૯૪૪ના રોજ પત્ર લખાયેલો છે અને તેનો જવાબ આરાધ્યપાદ ગુરુદેવશ્રીજી તરફથી અમદાવાદ-શ્રી દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરથી વિ.સં.૨૦૦૦ના શ્રાવણ વદિ-૧ના રોજ અપાયેલ છે.

**૧. શ્રી કું. આ. પ્રશ્ન પત્ર :**

"ગ્રહણ વખતે દેરાસરો ઉઘાડાં રાખવાની અને વ્યાખ્યાન વાંચવાની જે પ્રવૃત્તિ કરવામાં આવી તેમાં આપ સંમત છો? આ.શ્રી વિજય સિદ્ધિ સૂરિ શું તેમાં સંમત છે ? આજ સુધી ચાલી આવતી અને આપણા પૂર્વપુરુષોએ આદર આપેલી ગ્રહણ વખતે દેરાસરો બંધ રાખવાની અને વ્યાખ્યાન વાણી ન કરવાની પ્રવૃત્તિ શું ભૂલભરેલી હતી ? આ બાબતનો સ્પષ્ટપણે નિડરતાથી જવાબ આપવા કૃપા કરશો. મારો આપના પ્રત્યે ગુરુભાવ હોવાથી આ પત્ર લખવાનું સાહસ કર્યું છે. આપનો આવેલ ઉત્તર પ્રગટ ન કરવાની આપની આજ્ઞા થશે તો તેમ કરીશ.

## ૨. સ્વ. પૂ. ગુરુદેવશ્રીનો જવાબ :

"ગ્રહણ વખતે દેરાસરો ઉઘાડાં રાખવાની અને વ્યાખ્યાન વાંચવાની જે પ્રવૃત્તિ કરવામાં આવી તેમાં આપ સમ્મત છો? "આવો પ્રશ્ન પૂછવાનું મન થયું તે જ આશ્ચર્યજનક છે. કારણ કે મારા સાધુઓ કોઈ પણ શાસ્ત્રથી અબાધિત પ્રવૃત્તિ કે પ્રરૂપણા કરે તેમાં મારી સમ્મતિ જ હોય અને આ પ્રવૃત્તિ શાસ્ત્રબાધિત નથી. આરાધ્યપાદ સંઘસ્થવિર શાન્તતપોમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય સિદ્ધિ સૂરીશ્વરજી મહારાજા શ્રી જૈન વિદ્યાશાળામાં બિરાજમાન છે ત્યાં મંદિર પણ ખુલ્લું હતું અને વ્યાખ્યાન પણ ચાલું હતું. ગ્રહણને અંગે સૂત્રનો અસ્વાધ્યાય છે પણ દર્શન- પૂજનનો તથા ઉપદેશ આદિનો પણ નિષેધ તો અમે જાણ્યો નથી અને આચર્યો પણ નથી.

"આપનો આવેલ ઉત્તર પ્રગટ ન કરવાની આપની આજ્ઞા થશે તો તેમ કરીશ ? તો જણાવવાનું કે - તમે પ્રગટ કરો તો મને જરા પણ હરકત નથી. સત્યને સમજી અને સ્વીકારી જીવનને સફલ કરો એ જ એક અભિલાષા"

આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાશે કે, ગ્રહણ વખતે દેરાસર ખુલ્લાં રાખવાની પ્રવૃત્તિ શાસ્ત્ર અબાધિત છે. એવું ઉપરોક્ત પૂજ્યપુરુષોનું શાસ્ત્રાબાધિત મન્તવ્ય છે. તેને સકલ શ્રી સંઘ અનુસરનારો બને એ જ એક મંગલ કામના. (જિ. વ. ૧૩/અં. ૧+૨)

** માર્ગનો જ્ઞાતા અવસરે જ બોલે તોય અધર્મ અને માર્ગનો અજ્ઞાતા બોલ્યા કરે તોય અધર્મ !*

## ✣ જિનપૂજા ✣

૭૯. સભા : પૂજાનાં દ્રવ્યો સુંઘાય ?

પૂજ્યશ્રી : લેવા ગયા પછી પરીક્ષા માટે સુંઘાય અને બીજાં લેવાય. બધાં સુઘવાં પડે એમ તો નહિને ? પૂજા માટેનાં દ્રવ્યો ન સુંઘવાં એ મર્યાદા જુદી છે અને આ વાત જુદી છે. ગુરુ તથા ગ્લાનાદિ માટે પથ્ય ઔષધાદિમાં ઉપયોગ એ પણ પ્રશસ્ત ઉપયોગ. સાધુઓનાં અન્નપાન યોગ્યાયોગ્ય છે કે નહિ તે જાણવા માટે ઉપયોગ એય પ્રશસ્ત ઉપયોગ. સૌએ મર્યાદા મુજબ વર્તવાનું. વાત એ કે-પૌદ્ગલિક ભાવનાથી સુંઘવું નહિ જોઈએ. બાકી ભક્તિ માટે મર્યાદા મુજબ સુંઘાય તો તે પ્રશસ્ત ઉપયોગ કહેવાય. સુગંધનો રાગ અને દુર્ગંધનો દ્વેષ એ અપ્રશસ્ત ઉપયોગ સુગંધ લેવા માટે સુંઘવું એ અપ્રશસ્ત ઉપયોગ. દુર્ગંધનો દ્વેષ એય અપ્રશસ્ત ઉપયોગ. (જિ. વ. ૪/અં. ૩)

**મંદિરમાં મોક્ષ યાદ આવે છે ?**

મંદિરમાં જઈને ભગવાનના દર્શન કરો ત્યારે યાદ આવે છે કે - આ તો બધા મોક્ષમાં પહોંચી ગયા છે અને આપણને પોકાર કરીને કહી ગયા છે કે- 'આ સંસાર તમારૂં સ્થાન નથી. મોક્ષ જ તમારૂં સ્થાન છે. મોક્ષમાં પહોંચવાનો ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સાધના છે. અમે તે સાધના કરીને મોક્ષે જઈએ છીએ. તમારે પણ તમારા સ્થાને પહોંચવું હોય તો તે ઉપાયની સાધના કરો.' આ બધું ભગવાનની પૂજા કરતાં તમને યાદ આવે ? જેઓ રોજ પૂજા કરે છે, જેની પૂજા કરે છે તે મોક્ષમાં ગયા છે એ પણ જાણે છે, છતાં તેઓને મોક્ષે જવાનું મન ન થાય તો તેઓની દશા કેવી ગણાય ?

**દાતા નહિ પણ માર્ગદર્શક :**

તમે રોજ પૂજા કરો છો તો તમારો રોજનો પૂજાનો ખર્ચો કેટલો ? અને તેની સામે રોજનો ઘરનો ખર્ચો કેટલો ? આનો હિસાબ મને આપશો ? જે માણસ ઘર સારી રીતે ચલાવી શકે તે રોજ સ્વદ્રવ્યથી ભગવાનની પૂજા સારી રીતે ન કરી શકે ? (જિ. વ. ૪/અં. ૩)

**૮૦. સભા : સારી રીતે એટલે ?**

**પૂજ્યશ્રી** : સારી રીતે એટલે પૂજાના બધા દ્રવ્યો ઉચ્ચ પ્રકારના હોય. નૈવેદ્ય તાજુ અને ઘરનું બનાવેલું, ફળફુલ તાજા અને ઉત્તમ પ્રકારના, દૂધ ગાયનું ચોક્ખું અને ઘી પણ એવા જ પ્રકારનું, ચોખા પણ અખંડ અને ઊંચી જાતના. તમારે ત્યાં રોજ નૈવેદ્ય માટે સારી મીઠાઈ બને છે ? શાકભાજી લેવા જાઓ ત્યારે ઉત્તમ પ્રકારના ફળ ફૂલ લેતા આવો ?

**૮૧. સભા : 'આ બધું તો મરજીયાત છે ને?'**

**પૂજ્યશ્રી** : શક્તિ સંપન્ન માટે શાસ્ત્રકારોએ હંમેશા સ્વદ્રવ્યથી ઉત્તમ પ્રકારે અષ્ટપ્રકારી આદિ પૂજા કરવાનું વિધાન કર્યું છે તે તમને યાદ નથી ? શક્તિ છતાં સારી રીતે ન કરો તે ગૂનો છે. મંદિર હોય છતાં દર્શન ન કરે તેને અનાદરનું પાપ લાગે અને દર્શન કરે છતાં અવિધિથી કરે તો તેનું ય પાપ લાગે.

**૮૨. સભા : 'ભગવાન સજા માફ ન કરે ?'**

**પૂજ્યશ્રી** : ભગવાન કોઈને સજા કરતા નથી અને કોઈની સજા માફ પણ કરતા નથી. આપણે શરીર અને ઈન્દ્રિયોને આધીન બનીને પાપ કરીએ અને પછી તેની સજા ભોગવવાનો સમય આવે ત્યારે ભગવાનના માથે નાંખીએ તો તેમાં ભગવાન શું કરે ? ભગવાન તો સુખ દુઃખના ઉપાય જણાવે. તેમની આજ્ઞા મુજબ વર્તે તેને સુખ મળે અને અંતે તે ભગવાન બને. તેમની આજ્ઞાથી વિપરીત રીતે વર્તે તેને દુઃખ મળે. આજ્ઞાની આરાધના અને વિરાધના પરિણામે પુણ્ય પાપનો બંધ કરાવી સુખ દુઃખ આપે છે. રાગ-દ્વેષથી રહિત ભગવાન સુખ દુઃખના દાતા નથી. ભૌતિક સુખ દુઃખની જંજાળથી મુક્ત બની આત્માના સ્વાભાવિક શાશ્વત સુખની પ્રાપ્તિ શાથી થાય તેના ઉપાય બતાવનારા ભગવાન તો માર્ગદર્શક છે.

**'મહારાજ ! મને શનિ નડે છે.' એક પ્રસંગ :**

ભગવાનની પૂજા ભગવાન બનવા માટે કરવાની છે. ભગવાન બનવા સાધુ થવું પડે તેથી સાધુ બનવા માટે પૂજા કરવાની છે. આજે તો સંસાર સુખના ભૂખ્યા લોકો પોતાનો સ્વાર્થ સાધવા ભગવાનની પૂજા વધુ સારી રીતે કરતા હોય છે. મારા અનુભવનો એક પ્રસંગ છે. હું રોજ મંદિરે જાઉં ત્યારે એક ભાઈને નિયમિતપણે ભગવાનની અષ્ટપ્રકારી પૂજા સુંદર રીતે કરતાં જોઉં. તેની પૂજાની તમામ સામગ્રી બહુ ઉત્તમ કોટિની અને જોતાં ગમી જાય એવી. ફળ-ફૂલ-નૈવેદ્ય વિગેરે બધુ જોતાં આલ્હાદ ઉપજે એવું-પ્રતિમાજી અને સિદ્ધચક્રજી માટે અંગલુહણા એકદમ સફેદ અને વળી જુદાં જુદાં. એકના

બીજામાં નહિ વાપરવાના કોઈ પણ સામગ્રીને હાથ લગાડતાં પહેલા હાથ ધોઈ, સ્વચ્છ કરી ધૂપથી ધુપિત કરી પછી જ તે વસ્તુ હાથમાં લેવાની તેમ કરતાં ભૂલથી પણ પોતાના વસ્ત્ર વિગેરેને કે જમીનને હાથ લાગી જાય તો ફરી ધોઈને સ્વચ્છ કરવાના. આમ લાગલાગટ ચાર છ દિવસ સુધી એકધારી મેં તેની આવા પ્રકારની પૂજા જોઈ એટલે મને મનમાં જરા લોભ જાગ્યો કે આવો માણસ રોજ વ્યાખ્યાન સાંભળતો થાય તો જરૂર આગળ વધી જાય. જીવ કોઈ ભાગ્યશાળી છે. તેને પ્રેરણા કરવી જોઈએ. એક દિવસ હું દર્શન કરી મંદિરની બહાર તે ભાઈની રાહ જોઈને થોડીવાર ઊભો રહ્યો એવામાં તે ભાઈ બહાર નીકળ્યા એટલે ઉભા રાખીને કહ્યું કે - 'મહાનુભાવ ! બહુ સુંદર રીતે ભગવાનની પૂજા કરો છો. ભાગ્યશાળી છો. પરંતુ વ્યાખ્યાનમાં કેમ દેખાતા નથી ?' આટલું કહેતા તો તે જરા ગરમ થઈ ગયો અને મને કહે કે વ્યાખ્યાનમાં શું આવું ? તમારા વ્યાખ્યાનમાં આવે છે શું ? ' મેં કહ્યું કેમ ? શું આવે છે ? તો કહે કે- 'તમારી પાસે સાધુ બનવા સિવાય બીજું સાંભળવા જ શું મળે છે ?' મેં કહ્યું - ભાગ્યશાળી ! તો પછી તમે આવી સુંદર જિન પૂજા શા માટે કરો છો ? તો કહે 'મહારાજ ! મને શનિ નડે છે. એ શનિની નડતર દૂર કરવાં હું આ બધું કરું છું. કાંઈ સાધુ થવા માટે કરતો નથી.' તેની આ વાત સાંભળી હું મૌન બની ચાલવા માંડયો. મને થયું કે મારી ઓળખવામાં ભૂલ થઈ. આમ સંસારના સ્વાર્થ માટે બહુ સારી રીતે પૂજા કરનારા આજે ઘણા છે. તેઓ ભૌતિક સ્વાર્થ માટે જો સારી રીતે પુજા કરી શકે તો સંસારથી છૂટવાની ભાવનાવાળા શક્તિ મુજબ ઉત્તમ પ્રકારે સ્વદ્રવ્યથી પૂજા ન કરી શકે. ? (જિ. વ. ૬/અં. ૨૧)

**૮૩. સભા : દ્રવ્યપૂજા સાધુ પોતે નથી કરતા માટે પાપ છે પાપ હોય તો શ્રાવકને દ્રવ્યપૂજા કરવા યોગ્ય છે એમ કેમ કહો ?**

**પૂજ્યશ્રી** : દ્રવ્યપૂજામાં પાપ છે માટે સાધુ નથી કરતા એમ નથી. ભગવાનની પૂજામાં પાપ કેમ મનાય ? ત્યાં અધિકારીપણાનો સવાલ છે. સાધુ દ્રવ્યપૂજાનો અધિકારી નથી. શ્રાવકને દ્રવ્યપૂજા અવશ્ય કરણીય છે પથારીમાં પડેલા દીકરાને બાપ દવા પાય કે નહિ ? પાય જ પણ પોતે ન પીવે. કારણ, પોતાને રોગ નથી. દીકરો રોગી છે. એ વખતે દીકરો કહે કે 'બાપાજી તમે નથી પીતા તો મને કેમ પાઓ છો ?' તો એ ચાલે ? દીકરો માંદો થાય તો ડોકટરને ઘેર બોલાવી પચાસ રૂપિયા વીઝીટ ફીના ખર્ચી દવા લાવે અને પોતે પાય. રોગ સારો નથી. દવાનો પ્રેમ નથી ને ? દવા કરવાથી પરિણામ સારૂં માન્યું તો દવા કરે છે ને ? દવા પીતાં મોઢું કંટાણું કરે તોય પાય છે ને ? ડોકટર કહે કે ચાહ નહિ આપવાની તો કહી દે કે'નહિ આપું' બાપ ચાહ પીવે અને દીકરો માંગે તોયે ન આપે. પોતે દવા ન પીયે અને દીકરાને પાય. એ જ રીતે શ્રાવકને પરિગ્રહ રૂપી રોગ લાગ્યો છે, મુનિને નથી. શ્રાવકને પરિગ્રહરૂપી રોગ વળગ્યો છે. તે કાઢવા દ્રવ્યપૂજાની જરૂર છે. મુનિને એ રોગ નથી માટે એને દ્રવ્યપૂજા કરવાની નથી. તમે દીક્ષા લો તો તમારા માટે પૂજા વિધેય નહિં રહે. જ્યાં સુધી ખાટલે પડ્યા છો ત્યાં સુધી ત્યાંથી બેઠા કરવા માટે પૂજા એ પરમ ઔષધ છે. એમાં પાપ નથી. એ ઔષધ સેવવું પડે છે. એ ખામી છે. સાધુને તો રોગ નથી. માટે નથી કરતાં. બાકી પૂજામાં પાપ મનાય ? પરિગ્રહરોગથી ઘેરાયેલા તમને પરિગ્રહનો ત્યાગ કરાવવા માટે પૂજા એ ઔષધ રૂપ છે. જેમ

ત્યાં રોગી દીકરો ઔષધ પીતો થઈ જાય તો બાપ રાજી થાય કહે કે - કેવો ડાહ્યો થઈ ગયો કે પોતાની મેળે દવા પી જાય છે. રોજ આમ પીવે તો આનંદ થાય. એ જ રીતે તમે પૂજા કરો તો અમને આનંદ થાય. અમે પ્રશંસા કરીએ. ધન્યવાદ દઈએ. તમે હીરાની આંગી કરો, રોજ સુંદર ભક્તિ કરો તો અમે તમારા વખાણ કરીએ, કેમ કે તમે જાતે દવા પીતા થયા, હોંશે હોંશે ઔષધ લેતા થયા, એટલે ખાત્રી થઈ કે હવે તમારો રોગ જવાનો, નિરોગીએ દવા પીવી એ મૂર્ખતા છે. નિરોગી બાપ રોગી દીકરાને દવા ન પાય ? માટે દ્રવ્યપૂજાનો નિષેધ કરનારા મિથ્યાદષ્ટિ છે. (જિ.વ.૧૨/અં.૧૨)

---

**૮૪. સભા : સગવડના અભાવે જેઓ જિનપૂજા કર્યા વિના રહી જતા હોય તેમને સગવડ આપવામાં આવે તો લાભ થાય ને ?**

**પૂજ્યશ્રી** : શ્રી જિનપૂજા કરવાની સગવડ કરી આપવાનું મન થાય એ સારૂં છે, તમને એમ થાય કે-'અમે તો અમારા દ્રવ્યથી રોજ શ્રી જિનપૂજા કરીએ છીએ, પણ ઘણાઓ એવા છે કે જેમની પાસે એ સગવડ નથી, તેઓ પણ શ્રી જિનપૂજાના લાભથી વંચિત ન રહી જાય, માટે અમારે અમારા દ્રવ્યનો એ માટે પણ વ્યય કરવો'-આવો વિચાર કરો, તો તે તમારે માટે લાભનું કારણ છે, પણ શ્રી જિનપૂજા કરનારનો પોતાનો મનોભાવ કેવો હોય, એની આ વાત છે.

---

** પ્રભુની પૂજા કરનારા પૂજારીનાં કપડાં મેલાં હોય એ શ્રી સંઘનું ભવિષ્ય મેલું સૂચવે છે.*

**૮૫. સભા : બીજાના દ્રવ્યથી પૂજા કરનારને સારો ભાવ આવે જ નહિ ?**

**પૂજ્યશ્રી** : બીજાના દ્રવ્યથી શ્રી જિનપૂજા કરનારને માટે સારો ભાવ આવવાનું કારણ કયું ? પોતાની પાસે શ્રી જિનપૂજાને માટે ખર્ચી શકાય એ પ્રમાણેનું દ્રવ્ય નથી અને શ્રી જિનપૂજાથી વંચિત રહેવું એ ગમતું નથી, માટે પારકા દ્રવ્યથી શ્રી જિનપૂજા કરતો હોય, તો એને 'પૂજામાં પારકું દ્રવ્ય વાપરવું પડે છે અને પોતાનું દ્રવ્ય વાપરી શકતો નથી' એ ખટકે છે, એ નક્કી થાય છે; એટલે એની ઈચ્છા તો પોતાના દ્રવ્યથી જ પૂજા કરવાની થઈને ? શક્તિ નથી એ પૂરતો જ એ પારકા દ્રવ્યથી પૂજા કરે છે ને ? તક મળે તો પોતાના દ્રવ્યથી પૂજા કરવાને એ ચૂકે નહિ ને ? આવી મનોવૃત્તિ હોય તો સારો ભાવ આવી શકે, કારણ કે-જેણે પરિગ્રહની મૂર્ચ્છા ઉતારીને પૂજાનું સાધન આપ્યું, તેની એ અનુમોદના કરતો જ હોય. પણ વિચારવા જેવી વાત તો એ છે કે આજે જે લોકો પોતાના દ્રવ્યનો વ્યય કર્યા વિના પૂજા કરે છે, તેઓ શું એવા ગરીબડા છે કે-પૂજાને માટે કાંઈ ખર્ચ કરી શકે જ નહિ ? જે શ્રાવકો ધનહીન હોય, તેઓને માટે તો શાસ્ત્રે કહ્યું છે કે -એવા શ્રાવકોએ ઘેર સામાયિક લેવું. પછી જો કોઈનું એવું દેવું ન હોય, કે જે દેવાને કારણે ધર્મની લઘુતા થવાનો પ્રસંગ ઉપસ્થિત થવા પામે તેમ હોય, તો એ શ્રાવક સામાયિકમાં રહીને અને ઈર્યાસમિતિ આદિના ઉપયોગવાળો બનીને શ્રી જિનમંદિરે જાય. શ્રી જિનમંદિરમાં જઈને એ શ્રાવક જુએ કે અહી મારી કાયાથી બની શકે એવું કોઈ ગૃહસ્થનું દેવપૂજાની સામગ્રીનું કાર્ય છે ખરૂં ? જેમ કે કોઈ ધનવાન શ્રાવકે પ્રભુપૂજા માટે પુષ્પો મેળવ્યાં હોય અને તે પુષ્પોની ગુંથણી કરવાની હોય. આવું કોઈ કાર્ય હોય તો એ શ્રાવક

**સામાયિકને પારીને એ કાર્ય કરવા દ્વારા દ્રવ્યપૂજાનો લાભ લઈ લે.** શાસ્ત્રે અહીં સ્પષ્ટ કર્યું છે કે-દ્રવ્યપૂજાની સામગ્રી પોતાની પાસે છે નહિ અને દ્રવ્યપૂજા માટે જરૂરી સામગ્રીનો ખર્ચ નિર્ધનપણાને કારણે પોતે કરી શકે તેમ નથી, એટલે સામાયિક પારીને પારકી સામગ્રી દ્વારા એ એ પ્રમાણેનો લાભ લે, તે યોગ્ય જ છે. વળી શાસ્ત્રે એમ પણ કહ્યું છે કે રોજ જે અષ્ટપ્રકારી આદિ પૂજા કરી શકે તેમ ન હોય, તેણે છેવટ રોજ અક્ષતપૂજા કરવા દ્વારા પણ પૂજાનું આચરણ કરવું.

**સંઘની સામગ્રીથી પૂજા કરનારાઓ**

શાસ્ત્રોમાં આવી આવી સ્પષ્ટ વાતો કહેલી હોવા છતાં પણ, શ્રાવકો પાસે દેવદ્રવ્યના કેશર આદિથી પૂજા કરાવવાની વાતો આજે શાસ્ત્રપાઠોના નામે પણ કરવામાં આવે છે અને તેમાં દહાડે દહાડે સમ્મતિ આપનારા વધતા જાય છે. શ્રી જિનપૂજા અંગે આજે કેટલેક સ્થળે નહાવા આદિની વ્યવસ્થા થયેલી છે, પણ ત્યાં શું બને છે એ તો જુઓ ! નહાનારા ૧૫૦૦ ને પૂજા કરનારા ૫૦૦ જેવી દશા આવી લાગી છે. પૂજા કરનારા પણ પૂજા કરે છે તે જાણે ઉપકાર કરતા હોય એવું વર્તન મોટે ભાગે રાખે છે. પૂજા કરીને વાટકી ને થાળી ગમે તેમ રખડતી મૂકી દે છે ને ? પૂજાનાં કપડાં કાઢીને જેમ તેમ ફેંકી દે છે ને ? પૂજાનાં કપડાં માટે ય શાસ્ત્રે તો એ વિધિ કહ્યો છે કે બને ત્યાં સુધી બીજાનાં કપડાં પહેરવાં નહિ અને પોતાના કપડાં પણ બહું જ ચોખ્ખાં રાખવા, નહિ તો આશાતનાનું પાપ લાગે. કેટલાક પૂજા કરનારાઓ ભગવાનને તિલક કરે છે, તે ય એવા અવિવેકથી કરે છે કે જાણે પૂજાની કાળજી જ ન હોય. ભગવાન પ્રત્યે

એને કેટલું બહુમાન હશે, એવો વિચાર એને પૂજા કરતો જોઈને આવી જાય. જો ભગવાન પ્રત્યે સાચો ભક્તિભાવ હોત, 'ભગવાનની પૂજા મારે મારા દ્રવ્યથી જ કરવી જોઈએ'-એવો ખ્યાલ હોત અને 'હું કમનશીબ છું કે મારા દ્રવ્યથી હું શ્રી જિનપૂજા કરવાને સમર્થ નથી' એમ લાગતું હોત, તો એ કદાચ સંઘે કરેલી વ્યવસ્થાનો લાભ લઈને પૂજા કરત, પણ તે એવી રીતે કરત કે એની પ્રભુભક્તિ અને ભક્તિ કરવાની મનોજાગૃતિ જણાઈ આવત, પોતાના દ્રવ્યથી પૂજા કરનારાઓને એ હાથ જોડતો હોત અને પોતાની કાયાથી શ્રી જિનમન્દિરની તથા શ્રી જિનમન્દિરની સામગ્રીની જેટલી સારસંભાલ થઈ શકે તેમ હોય, તે કરવાને ચૂકતો ન હોત આજે તો આવી સામાન્ય વાતો, સાધુઓ કહે તો ય, કેટલાકોને તે ભારે લાગે છે.

**પોતાના દ્રવ્યથી જ ધર્મકૃત્ય કરવાના આગ્રહવાળા બે નોકરોનું મનનીય ઉદાહરણ :**

ભગવાનની પૂજા કરવાનો સાચો ભાવ જેના હૈયામાં પ્રગટે, તેને પોતાના ખર્ચે પૂજા સામગ્રી મેળવવાનું મન થયા વિના રહે જ નહિ, એને એમ જ થાય કે-'મારે પૂજા કરવી હોય અને મારી પૂજાનું ફલ જો મારે મેળવવું હોય તો મારે મારી શક્તિ મુજબ પણ મારા ખર્ચે જ મેળવેલી સામગ્રીથી ભગવાનની પૂજા કરવી જોઈએ.'

શાસ્ત્રમાં અભયંકર નામના શેઠના બે નોકરોની કથા આવે છે. એ કથા તો લાંબી છે, પણ એની શરૂઆતનો ભાગ આ વિચારણામાં ઉપયોગી છે.

અભયંકર શેઠ જેવા સુખી હતા, તેવા જ ધર્મનિષ્ઠ હતા. એમને ત્યાં બે

નોકરો હતા. એક નોકર ઘરના કામકાજને માટે રાખેલો હતો અને એક નોકર ગાયોને ચરવાને લઈ જવાને માટે રાખેલો હતો.

એ બન્ને નોકરો જોતા કે-'આપણો શેઠ સુખી છે અને રોજ પૂજા દાન આદિ ધર્મને પણ આચરે છે.' બન્ને નોકરો ભદ્રક પ્રકૃતિના હોવાથી બન્નેના હૈયા ઉપર શેઠની ધર્મકરણીની સારી છાપ પડતી હતી.

બીજાની ધર્મકરણીની પણ સારી છાપ તેના જ હૈયામાં પડે છે, કે જેનામાં કાંઈક પણ યોગ્યતા હોય. લાયક આત્માઓ જ સારી ચીજને પણ સારી નજરે જોઈ શકે છે. નાલાયકો તો સારાં કામ કરે નહિ અને સારાં કામ કરનારની નિન્દાદિ કરવા દ્વારા પાપ બાંધે. જેનું મિથ્યાત્વ જોરદાર હોય, તે સારાની સારી કરણીને પણ સારી કરણી તરીકે જોઈ શકે નહિ. અનુમોદનામાં પણ ધર્મ કહ્યો છે, તે અમથો નથી કહ્યો, અનુમોદના કરવાને માટે ય હૈયાની લાયકાત જોઈએ છે. જે ચીજ ગમે નહિ, તેની અનુમોદના સાચા ભાવે થાય શી રીતે ? અને સાચા ભાવે અનુમોદના કરનારો તક મળે તો એ ચીજ પોતે કર્યા અને કરાવ્યા વિના પણ રહે શાનો ?

એક વાર બન્ને નોકરો એકલા બેઠા બેઠા વાતો કરતા હતા. તેમાં પોતાના શેઠની વાત નીકળી. બન્ને જણા વિચારવા લાગ્યા કે -'આપણા શેઠ બહુ ભાગ્યશાલી ! આપણા શેઠના ત્રણેય કાલ સારા ! કેમ કે -પૂર્વ ભવમાં આપણા શેઠે સારાં કાર્યો કરેલાં, એટલે આ ભવમાં આપણા શેઠ પુણ્યનો ભોગવટો કરી રહ્યા છે અને આ ભવમાં શેઠ એવાં કાર્યો કરે છે, કે જેથી તે આવતા ભવમાં પણ સુગતિ પામીને સુખને જ ભોગવનારા બનવાના !' પોતાના શેઠને અંગે આવો

વિચાર કરવા સાથે એ બન્નેએ પોતાનો વિચાર પણ કર્યો કે-'આપણે પૂર્વે કાંઈ સારૂં કરેલું નહિ એટલે આ ભવમાં આપણી આવી સ્થિતિ છે અને આ ભવમાં પણ આપણે કાંઈ કરી શકતા નથી, એટલે આપણો આવતો ભવ પણ નકામો જ નિવડવાનો છે !'

પોતાના બન્ને નોકરો અંદર અંદર આ વાત કરતા હતા, તે ભાગ્યવશાત્ શેઠના કાને પડી ગઈ. પોતાના નોકરોની આ વાતને સાંભળીને, શેઠને થયું કે-'જીવો લાયક છે. આવા જીવોને જો યોગ્ય સામગ્રીનો યોગ કરી આપ્યો હોય, તો જરૂર આ જીવો ધર્મને પામી જાય !'

શેઠે આ વાત ધ્યાનમાં રાખી લીધી અને ચોમાસીનો દિવસ આવ્યો, એટલે શ્રી જિનમંદિરે પૂજા કરવા જતાં શેઠે પોતાના એ બન્ને નોકરોને સાથે લીધા. નોકરોને શ્રી જિનમંદિરે લઈ જવા હતા, એટલે એમને પણ શેઠે ઠીક ઠીક વસ્ત્રાદિ પહેરાવ્યાં અને પછી કહ્યું કે-'ભગવાન શ્રી જિનેશ્વરદેવનું પૂજન કરવાને માટે તમે આ પુષ્પોને ગ્રહણ કરો !'

એ વખતે પેલા બન્ને જણા કહે છે કે 'એ તો જેનાં પુષ્પો હોય, તેને ફલ મળે. અમારે તો મજુરી માત્ર થઈ કહેવાય.' આમ કહીને એમણે પોતાના વતીની પૂજા માટે શેઠનાં પુષ્પોને ગ્રહણ કરવાની ના પાડી દીધી !

શું ભણેલા છે ? શા સંસ્કાર છે ? કેટલી સમજણ છે ? કાંઈ નહિ, પણ આ તો સામાન્ય અક્કલનો સવાલ છે ને ? 'શેઠનાં ફૂલ અમે ભગવાનને ચઢાવીએ, તેમાં અમને શું ફળ મળે?' -એટલું, એ અજ્ઞાન અને અસંસ્કારી નોકરોને પણ સમજાયું અને શ્રાવકના કુળમાં ઉત્પન્ન થયેલા, ગુરૂઓના

પરિચયમાં આવેલા, વ્યવહારમાં કુશલ બનેલા તમને આવો વિચાર ન આવે, તો સમજવું શું ? તમને એમ ન સૂઝે કે 'પૂજા કરવી છે મારે, પૂજાનું ફલ મેળવવું છે મારે અને કોઈની વાટકી, કોઈનું કેસર, કોઈનાં ફૂલ લઈને હું પૂજા કરૂં, એમાં મારૂં વળે શું ?'

શેઠે પોતાના બન્ને નોકરોને ભગવાનની પુષ્પ પૂજા કરવાને માટે બહુ બહુ સમજાવ્યા, પણ તે એકના બે થયા નહિ ! એક જ વાત કે 'કરીએ તો અમારાં પુષ્પોથી પૂજા કરીએ, બાકી નહિ!' નોકરોના આવા વલણથી શેઠ ગુસ્સે થતા નથી, કારણ કે શેઠ સમજુ છે.

પછી શેઠ એ બન્ને નોકરોને ગુરૂ મહારાજની પાસે લઈ જાય છે અને ગુરૂ મહારાજને વાત કરે છે. ગુરૂ મહારાજ નોકરોના મનોભાવને સમજી જાય છે. ગુરૂ મહારાજને પણ લાગે છે કે 'જીવો લાયક છે.' ગુરૂ મહારાજ એ બન્નેને કહે છે કે 'પુષ્પથી પણ ભગવાનની પૂજા જો ભાવપૂર્વક કરી હોય, તો તે ઘણા મોટા ફલને દેનારી થાય છે; તમારી પાસે થોડું પણ દ્રવ્ય છે કે નહિ ?'

ગુરૂ મહારાજે આ પ્રમાણે પૂછયું, પણ શેઠનાં પુષ્પોથી પૂજા કરવાનો ઉપદેશ આપ્યો નહિ.

ગુરૂ મહારાજે એ પ્રમાણે પૂછવાથી, શેઠના એ બે નોકરોમાં જે ગાયોને ચરાવવાનું કામ કરનારો હતો, તે બોલ્યો કે-'ગુરુદેવ ! મારી પાસે દ્રવ્ય તો છે, પણ તે ઘણું થોડું છે. મારી પાસે આખી પચીસ કોડી જ છે !'

એટલે ગુરૂ મહારાજે કહ્યું કે 'થોડું પણ તપ અને દાન આદિ જો પોતાની શક્તિને ગોપવ્યા વિના શુદ્ધ ભાવથી કરવામાં આવે, તો તેથી વિપુલ ફલની

પ્રાપ્તિ થાય છે!'

ગુરૂ મહારાજના મુખેથી આવો જવાબ સાંભળતાં, એ ગોપાલક નોકરને બહુ જ આનંદ થયો. એને લાગ્યું કે-'આટલામાં પણ હું ભગવાનની ભક્તિ કરી શકું છું, એટલે બસ છે !' તરત જ તે ત્યાંથી ઉઠ્યો. શેઠ પણ સાથે ગયા. પોતાની પાસે જે દ્રવ્ય હતું તે સર્વ દ્રવ્યના એ નોકરે પુષ્પો ખરીદ્યાં અને એ પુષ્પો દ્વારા એણે બહુ ઉલ્લાસ પૂર્વક ભગવાન શ્રી જિનેશ્વરદેવની પૂજા કરી !

આ રીતે ગુરૂ મહારાજ પાસેથી ઉઠીને ગોપાલક નોકર પૂજા કરવા ગયો, પણ બીજો નોકર ઉઠ્યો નહિ. એનું મન તત્કાલ ઉદ્વિગ્ન બની ગયું. એને થયું કે-'એની પાસે એટલું થોડું પણ દ્રવ્ય હતું અને મારી પાસે કાંઈ નથી ! હું શું કરૂં?'

ઉદ્વિગ્નપણે તે આવો વિચાર કરતો હતો, ત્યાં જ એક માણસને તેણે ગુરુ મહારાજ પાસે પ્રત્યાખ્યાન કરતો જોયો. ગુરુ મહારાજ પચ્ચક્ખાણ આપી રહ્યા, એટલે શેઠનું ઘરકામ કરનાર આ નોકરે ગુરૂ મહારાજને પૂછ્યું કે-હે ભગવન્ ! આ માણસે આ શું કર્યું ?

ગુરૂ મહારાજ કહે છે-'ભદ્ર ! આ માણસે આજે તપ કર્યો.' આમ કહીને ગુરૂ મહારાજે તેને તપના અંગીકારનો વિધિ સમજાવ્યો અને તપ કરવાથી કેવું ફળ મળે છે તે પણ તેને કહ્યું.

આ સાંભળીને એ નોકરે તરત જ તપ કરવાનો નિર્ણય કરી લીધો. એને લાગ્યું કે-'પૈસા નથી તો પૈસા વિના પણ થઈ શકે એવું આ ઉત્તમ કાર્ય છે !' પાસે પૈસા હોત તો પૂજા કર્યા વિના રહેત નહિ, પણ પૈસા નહોતા એટલે મન

લાચાર બની ગયું હતું. પૈસા વિના પણ થઈ શકે તેમ હોય તો જે ધર્મકૃત્ય થઈ શકે તે કરવાની મનોવૃત્તિ તો હતી જ, એટલે એણે ઝટ ગુરૂ મહારાજની પાસેથી ઉપવાસનું પચ્ચક્ખાણ કરી લીધું.

છતે પૈસે પૈસા વગર થતો ધર્મ શોધે, એ તો પૈસાની મૂર્ચ્છાનો અતિરેક ગણાય. પૈસાવાળો તો પૈસાથી થતો ધર્મ પણ કરે અને સાથે સાથે કાયાદિકથી થઈ શકે તેવો ધર્મ પણ કરે. જેની પાસે જે હોય, તેનો શક્તિ મુજબ ધર્મ કરવામાં ઉપયોગ કરે. તમને આ વાત તો સમજાય છે ને ? આણે પૈસા બચાવવાને માટે, પૈસા વગર થઈ શકે એવો ધર્મ નહોતો શોધ્યો.

સારો શેઠ મળવાથી આ રીતે બંને નોકરો ધર્મ કાર્ય કરી શક્યા. તમારા નોકરમાં લાયકાત ભાળો, તો એને ધર્મ પમાડવાનું મન તમને થાય ને ? તમારા ઘરનું કોઈ ધર્મથી વંચિત ન રહી જાય, એવી ઈચ્છા તો ખરી ને ? તમે તમારાથી બનતી મહેનત કરો, છતાં કોઈ ધર્મને ન પામી શકે તો વાત જુદી છે, પણ તમારા મનમાં તો એમ ખરૂં ને કે-આ બધાને ધર્મ પમાડવો છે ! તમારા નોકરોને તમારી કરણી જોઈને શું વિચાર આવે ? નોકરમાં યોગ્યતા હોય, તો તમારી બધી રીતભાત તો એવી ને કે-એને તમારી પુણ્યાઈની પ્રશંસા કરવાનું મન થાય જ !

આવાં ઉદાહરણો જ્યારે જ્યારે સાંભળો, ત્યારે ત્યારે જાતનો પણ વિચાર કરનારા બનો ! વિચાર કરવો કે - 'અભયંકર શેઠની છાપ જેવી તેમના નોકરોના હૈયા ઉપર પડી. તેવી છાપ મારા નોકરોના હૈયા ઉપર મારે માટે પડી છે ખરી ? નથી પડી, તો એમાં દોષ મારો છે કે નોકરોનો છે ? મારી નાલાયકતાથી

મારા નોકરોના હૈયામાં મારે વિષે સારી છાપ પડી નથી કે નોકરો એવા નાલાયક છે કે-હું સારો હોવા છતાં પણ તેમના હૈયા ઉપર મારે વિષે સારી છાપ પડી નથી?' આવો વિચાર કરો, તો એમ થવામાં તમારો દોષ હોય તો તે તમારા ખ્યાલમાં આવે અને એ દોષને કાઢવાનું મન થાય ! 'અભયંકર શેઠ બહુ સારા'-એમ કહીને વાતને માંડી વાળો નહિ. ઝટ વિચાર કરવો કે-'એ શેઠ સારા હતા, તો હું શા માટે સારો બની શકું નહિ ?'

એક પૂજા કરીને અને બીજો ઉપવાસનું પચ્ચક્ખાણ કરીને બંને નોકરો હૈયામાં ખૂબ ખૂબ હર્ષને પામતા શેઠની સાથે શેઠને ઘેર આવ્યા. ભોજનવેળા થઈ હતી. એટલે બંનેને તેમને માટેનાં ભાણા મળી ગયાં.

શેઠનું ઘરકામ કરનાર નોકરે ઉપવાસ કર્યો હતો, છતાં પણ તેણે પોતાનું ભાણું પીરસાવ્યું એણે વિચાર કર્યો કે-'મને આ ભોજન મારા કામના બદલામાં મળે છે, એટલે આ ભોજન મારા હક્કનું છે. આ ભોજન મારૂં રળતર છે, એટલે મારા પુણ્યે જો કોઈ મુનિરાજ અત્યારે અહીં આવી જાય, તો હું તેમને મારૂં આ ભોજન વહોરાવી દઉં !'

ઘરકામ કરનારો નોકર જેવો નોકર પણ કેવો વિચાર કરે છે. એ તો જૂઓ ! શ્રી જિનપૂજામાં પણ પોતાના દ્રવ્યથી જ શ્રી જિનપૂજા કરવાનો આગ્રહ અને ગુરૂને વહોરાવવામાં પણ પોતાના હક્કનું જ ભોજન વહોરાવવાનો આગ્રહ ! ભક્તિનો ભાવ જ્યારે સાચા રૂપમાં પ્રગટે છે, ત્યારે હૈયામાં કેવી સ્ફુરણાઓ પ્રગટે છે, એ જાણવાને માટે આ ઘણું જ સુંદર ઉદાહરણ છે. પારકા દ્રવ્યથી અને હવે તો છેવટ દેવદ્રવ્યના ખર્ચે પણ શ્રી જિનપૂજા કરવા-કરાવવાની વાતો

કરનારાઓ, જો પોતાના હૈયાને ખોલીને આવી વાતોને વિચારે, તો એમને ખ્યાલ આવે કે-એમના વિચારો કેટલા બધા ઉન્માર્ગ તરફ ઘસડાઈ રહ્યા છે !

પેલો નોકર પોતાના રળતરનું ભોજન, કોઈ પણ મુનિરાજ મળી જાય તો તેમને વહોરાવી દેવાનો નિર્ણય કરીને, ઘરના બારણા પાસે આવીને ઊભો રહ્યો. એવામાં ત્યાં એક મુનિરાજ ભિક્ષાને માટે આવી ચઢ્યાં. ગ્લાનાદિકના કાર્યને અંગે એ દિવસે એ મહાત્મા ઉપવાસ કરી શકેલા નહિ, એટલે ભોજનવેળાએ ગોચરી વહોરવાને નીકળેલા, અને પેલા નોકરનું ભાગ્ય એવું સારૂં કે-એ મુનિરાજ ત્યાં જ આવી પહોંચ્યા.

મુનિરાજને જોતા તો આના હર્ષે ઉછાળો માર્યો ! એને તરત જ વિચાર આવ્યો કે-'રંક એવો હું કયાં અને આવા મુનિરાજ કયાં ? તેમાં વળી મારું રળેલું દ્રવ્ય કયાં ?' મારા જેવાં રંકને આવા મુનિરાજનો યોગ ક્યાંથી થાય અને કદાચ આવા મુનિરાજનો યોગ મને થઈ જાય, પણ તે વખતે આવા મુનિરાજને આપી શકાય એવું દ્રવ્ય મારી પાસે મારાં રળતરનું ક્યાંથી હોય ? એ વખતે એને એમ પણ થાય છે કે - 'આ બધો યોગ સૂચવે છે કે આવતા ભવમાં ચોકકસ મને કોઈ અદ્‌ભુત સંપત્તિ પ્રાપ્ત થવાની છે ! આવી સામગ્રી કદી પણ અન્યથા થાય નહિ !' આ વિચારમાં ખૂબ આનંદ અને સંતોષપૂર્વક એ નોકરે પોતાનું સઘળું ય ભોજન મુનિરાજને વહોરાવી દીધું.

શેઠ આ બધું જોતા હતા અને એ જોઈને પ્રસન્ન થતા હતા ! પોતાના નોકરને આ પ્રમાણે સઘળું ય મુનિરાજને વહોરાવી દેતો જોઈને શેઠ પણ ખૂબ પ્રમોદ પામ્યા.

શેઠે પોતાના નોકરોને પણ કેવું ભોજન પીરસાવ્યું હશે ? તમારે ત્યાં તો મોટે ભાગે શેઠનું ખાણું જૂદું અને નોકરનું ખાણું જુદું, એમ જ ને ? કહે છે કે નોકર ઉપર સારી છાપ પડતી નથી, પણ નોકર ઉપર સારી છાપ પડે એવો તમારો વ્યવહાર જ ક્યાં છે ?

શેઠે જોયું કે આણે તો કાંઈ પણ રાખ્યા સિવાય પોતાનું બધું ભોજન વહોરાવી દીધું છે, એટલુે શેઠે તેના ભાણામાં બીજું ભોજન પીરસાવવા માંડ્યું, કેમ કે-એમને ખબર નહોતી કે આણે આજે ઉપવાસ કર્યો છે.

ગોપાલક નોકર સાથે શેઠ જ્યારે શ્રી જિનમંન્દિરમાં ગયેલા, તે વખતે આણે ઉપવાસનું પચ્ચક્ખાણ કરી લીધેલું અને પછી કોઈને ય એણે એ વિષે કહેલું નહિ. ઉપવાસ કર્યાનો એને હર્ષ ઘણો હતો, પણ પોતાના હર્ષને પોતાના હૈયામાં સમાવવાની લાયકાત એનામાં હતી. એ નોકરે જે સંયોગોમાં ઉપવાસનું પચ્ચક્ખ્ખાણ કર્યું હતું, તે સંયોગોમાં તમે કોઈ ધર્મકૃત્ય કર્યું હોય તો એ બીજાઓને કહ્યા વિના તમે રહી શકો ખરા ? પોતાની પાસે કાંઈ પણ ધન નહિ હોવાથી જ એ પૂજા કર્યા વિના રહી ગયો હતો, એટલે એને તો એમ કહેવાનું સ્હેજે મન થઈ જાય કે-'મારા મિત્રે પૂજા કરી, તો મેં પણ વગર પૈસે ય અપૂર્વ કર્યું છે !'

શેઠે જ્યારે ફરીથી ભોજન પીરસવાનું કહ્યું, ત્યારે આણે ના પડી અને કહ્યું કે - 'આજે મારે ઉપવાસ છે.'

શેઠ કહે છે કે-'તો પછી તેં પહેલાં શા માટે ભોજન લીધું હતું ?'

શેઠના મનને એમ કે-આ મુનિરાજને વહોરાવી દીધું, એટલા માટે તો

ઉપવાસ કરવાને ઇચ્છતો નથી ને ?

પેલો નોકર કહે છે કે-'એ ભોજન મારૂં હતું, એટલે મારા ભોજનનો હું શા માટે ત્યાગ કરૂં ? એટલે કે-મારા હક્કના ભોજનનો મને ગમતો ઉપયોગ કરવાને બદલે, એનો ત્યાગ હું શું કામ કરૂં ?

આવા જવાબથી શેઠ અધિક પ્રસન્ન થયા અને શેઠે આ બનાવ બન્યો તે દિવસથી તો તે બન્ને નોકરો ઉપર અધિક વાત્સલ્ય કરવા માંડ્યું, કેમ કે હવે તો એ નોકરો હોવા છતાં પણ સાધર્મિક થઇ ગયા ને ?

**શ્રાવકોને ડૂબાવી દેવાનો ધંધો :**

અભયંકર શેઠના બે નોકરો નહોતા પૂજાની વિધિને જાણતા કે નહોતા ભગવાન શ્રી જિનેશ્વર દેવોના ગુણસમૂહને પિછાનતા પણ પોતાના શેઠને લીધે એમને પૂજા કરવાનું મન થયું હતું અને 'દેવપૂજા એ પુણ્યકરણી છે અને આ ભગવાન એ દેવ છે'-એવી ઓઘ સમજ હતી. એના યોગે, એમના હૈયામાં પોતાના દ્રવ્યથી પૂજા કરવાનો શુભ પરિણામ જન્મ્યો ને ? એ બન્ને નોકરોને તે પછી જે ભાવોલ્લાસ જન્મ્યો, તે ભાવોલ્લાસ જો તેમણે શેઠનાં પુષ્પોથી પૂજા કરી હોત, તો જન્મત ખરો ? 'અમારે પૂજા કરવી હોય તો અમારા દ્રવ્યથી જ કરવી જોઇએ'-એ પ્રકારની એમની મનોદશાએ, એમને કેવા સુન્દર ભાવોલ્લાસની તક પમાડી ? તમે પારકા દ્રવ્યથી પૂજા કરો. તેમાં આજ મારૂં દ્રવ્યવાનપણું સાર્થક થયું'.- એવો ભાવ પ્રગટવાને કાંઇ અવકાશ છે ખરો ? ખરેખર, ભક્તિના ભાવમાં ખામી આવી છે, એટલે જ આજે આડા-અવળા વિચારો સૂઝે છે. શ્રી જિનમંદિરમાં રાખેલી સામગ્રીથી જ પૂજાદિ કરનારાઓ વિવેકહીનપણે

વર્તે છે, તેનું કારણ શું ? પોતાની સામાન્ય કિંમતી ચીજને જેટલી સાચવે છે, તેટલી દેરાસરની ભારે કિંમતની ચીજને પણ સાચવતા નથી; જ્યારે ખરી રીતે તો શ્રી જિનમંદિરની કે સંઘની નાનામાં નાની સાધારણ ચીજને પણ સારામાં સારી રીતે સાચવવી જોઇએ. આજે 'મારે મારા દ્રવ્યથી જ શ્રી જિનપૂજા કરવી જોઇએ'- એ વાત વિસરાતી જાય છે અને એથી જે સ્થળે જૈનોનાં સંખ્યાબંધ ઘરો હોય, તેમાં પણ સુખી સ્થિતિવાળાં ઘરો હોય, ત્યાં પણ કેસર-સુખડ આદિના ખર્ચને માટે બૂમો પડવા લાગી છે. આના ઉપાય તરીકે દેવદ્રવ્યથી શ્રી જિનપૂજન કરવાનું કહેવાને બદલે, સામગ્રી સંપન્ન જૈનોને પોત પોતાની સામગ્રીથી શક્તિ મુજબ પૂજા કરવાનો ઉપદેશ આપવો જોઇએ. દેવદ્રવ્યના રક્ષણ માટે પણ આ ઉપાય વ્યાજબી નથી. દેવદ્રવ્યનો દુરૂપયોગ થતો અટકાવવો હોય અને સદુપયોગ કરી લેવો હોય તો આજે જીર્ણ મંદિરો ઓછાં નથી. બધાં જીર્ણ મંદિરોનો ઉદ્ધાર કરવાનો નિર્ણય કરો, તો તેને પહોંચી વળે એટલું દેવદ્રવ્ય પણ નથી, પરન્તુ દેવદ્રવ્યમાંથી શ્રાવકોને માટે પૂજા કરવાની વ્યવસ્થા કરવી અને શ્રાવકોને દેવદ્રવ્યથી આવેલી સામગ્રી દ્વારા પૂજા કરતા બનાવી દેવા, એ તો તેમને તારવાનો નહિ પણ ડૂબાવી દેવાનો ધંધો છે.

**પૂજા ગાંઠના દ્રવ્યથી જ કરવી જોઇએ :**

શ્રી જિનપૂજા કાયિક, વાચિક અને માનસિક એમ ત્રણ પ્રકારે પણ કહી છે. શ્રી જિનપૂજા માટે જરૂરી સામગ્રી પોતે એકઠી કરવી તે કાયિક, દેશાવરાદિથી તે સામગ્રી મંગાવવી તે વાચિક અને નંદનવનનાં પુષ્પો આદિ જે સામગ્રી મેળવી શકાય તેમ નથી, તેની કલ્પના કરવા દ્વારા તેનાથી પૂજા કરવી

તે માનસિક ! પારકી સામગ્રીથી પૂજા કરનારાઓ આ ત્રણમાંથી કયા પ્રકારની પૂજા કરી શકવાના હતા ? શાસ્ત્રોએ તો ગૃહમંદિરમાં ઉત્પન્ન થયેલ દેવદ્રવ્યથી ગૃહમંદિરમાં પૂજા કરવાની પણ મનાઈ કરી છે.ગૃહમંદિરમાં ઉપજેલ દેવદ્રવ્ય દ્વારા સંઘના શ્રી જિનમંદિરમાં પૂજા કરવામાં પણ દોષ કહ્યો છે અને ગાંઠના દ્રવ્યથી જ શ્રી જિનપૂજા કરવી જોઇએ એવું વિધાન કર્યું છે. તીર્થયાત્રાએ જતાં કોઈએ ધર્મકૃત્યમાં વાપરવા માટે કાંઇ દ્રવ્ય આપ્યું હોય તો તે દ્રવ્યને પોતાના દ્રવ્યની સાથે મેળવી દઇને પૂજાદિ કરવાની શાસ્ત્રે મના કરી છે અને કહ્યું છે કે- 'પહેલાં દેવપૂજાદિ ધર્મકૃત્યો ગાંઠના દ્રવ્યોથી જ કરવાં અને તે પછી બીજાએ જે દ્રવ્ય આપ્યું હોય તેનો સર્વની સાક્ષીએ એટલે કે 'આ અમુકના દ્રવ્યથી કરૂં છું'-એમ કહીને ધર્મકૃત્યો કરવાં. સામુદાયિક ધર્મ કાર્ય કરવાનું હોય, તેમાં જેનો જેટલો ભાગ હોય, તે સર્વ સમક્ષ જાહેર ન કરે તો પણ પુણ્યનો નાશ થાય અને ચોરી આદિનો દોષ લાગે, એમ શાસ્ત્રે કહ્યું છે. આ બધી વાતો વિચારવામાં આવે તો સૌને લાગે કે-આપણે આપણી શક્તિ મુજબ પણ આપણી ગાંઠના દ્રવ્યથી જ શ્રી જિનપૂજા કરવી જોઇએ.

---

**૮૬. સભા : ગમે તેમ પણ શ્રી જિનપૂજા કરે તો તેથી થોડો ઘણો પણ લાભ થાય ને ?**

**પૂજ્યશ્રી** : શ્રી જિનપૂજા ગમે તેમ કરે અને તો પણ તેથી લાભ જ થાય, આવું વળી ક્યાંથી લઇ આવ્યા ? કરે પૂજા પણ આશાતના થાય એવી રીતે કરે, તો ય લાભ થાય ? મનમાં કશો જ સારો ભાવ ન હોય તો ય લાભ જ થાય ?

મનોભાવ ઉપર તો ફલનો મોટો આધાર છે. મનોભાવની તરતમતાના કારણે ફલમાં પણ તરતમતા રહે છે. મનોભાવ વિપરીત પ્રકારનો થઇ જાય તો લાભને બદલે હાનિ પણ થઇ જાય.

શાસ્ત્રમાં બે વણિકેનું ઉદાહરણ આવે છે, એ બે વણિકોમાં એકનું નામ નન્દક હતું અને બીજાનું નામ ભદ્રક હતું. એ બંનેની દુકાનો પાસે પાસે હતી.

નન્દક નામના વણિકે રોજ દેવપુજા કરવાનો નિયમ ગ્રહણ કર્યો હતો. રોજ સવારે તે પહેલાં પૂજા કરવા જતો અને પછી પોતાની દુકાન ખોલતો, જ્યારે ભદ્રક રોજ સવારે ઊઠીને સીધો પોતાની દુકાને જતો.

નન્દક પૂજા કરવાને માટે જતો જોઈને, ભદ્રક રોજ વિચાર કરતો કે-'ધન્ય છે આ નન્દકને, કારણ કે-અન્ય સર્વ કૃત્યોને તજી દઈને આ રોજ સવારે ભગવાન શ્રી જિનેશ્વરદેવની પૂજા કરે છે ! હું કેવો નિર્ધન, પાપી અને ધન કમાવવાની લાલસામાં પડેલો છું, કે જેથી સવારે દિવસ ઉગ્યે અહીં આવું છું અને પામરોનાં મોંઢાં જોઉં છું ! ધિક્કાર છે મારા જીવિતને અને મારા ગોત્રને પણ!' આવા વિચારો એને રોજ આવતા અને શાસ્ત્ર કહે છે કે-'આવા પ્રકારના ધ્યાન રૂપ જલ વડે કરીને એ પોતાના પાપમલને ધોતો હતો તથા પોતાના પુણ્યબીજને સીંચતો હતો.'

એક તરફ પૂજા નહિ કરનારા ભદ્રકની જ્યારે આવી મનોદશા વર્તતી હતી, ત્યારે બીજી તરફ રોજ પૂજા કરનારા નન્દકની એથી ઉલટી જ મનોદશા વર્તતી હતી. નન્દક વિચારતો હતો કે-'હું જે વખતે દેવપૂજા કરવાને જાઉં છું, તે વખતે આ ભદ્રક એકલો જ વેપાર કરે છે, એટલે એ ઘણું ધન કમાઈ જશે! મેં અભિગ્રહ

લઈ લીધો છે, એટલે બીજું કરૂં પણ શું ? બાકી પૂજાનું ફલ તો બહું દૂર છે અને અત્યારે તો મને ધનની જ હાનિ રૂપ ફલ મળી રહ્યું છે!' આવા આવા કુવિકલ્પોથી શાસ્ત્ર કહે છે કે-પોતાની પૂજાના ફલને હારી ગયો !

પૂજા નહિ કરવા છતાં પણ ભદ્રકને સારા મનોભાવના યોગે લાભ થઈ ગયો અને પૂજા કરવા છતાં પણ નન્દકને ખરાબ મનોભાવના યોગે લાભ થવાને બદલે હાનિ પ્રાપ્ત થઈ ! આથી શ્રી જિનપૂજામાં પણ મનોભાવ જેમ બને તેમ સારો જ રાખવો જોઈએ અને પરિણામ સારા રાખ્યા વિના ધાર્યું પરિણામ આવે નહિ. (જિ. વ. ૧૨/અં. ૨૧)

---

૮૭. સભા : 'વર્તમાન કાળમાં ત્રણે કાળની પૂજા એક કાળે કરીએ તો ન ચાલે ?'

**પૂજ્યશ્રી** : શા માટે ચાલે ? 'ચાલે' એમ હું તો કદી ન જ કહું. તમે ત્રિકાળપૂજા કરો તો તમારો પરિવાર પણ સારો પાકે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ આદિના નામે સમયના અભાવની વાત કરતા હો તો તે તમારાં ગપ્પાં છે. તમારી આ વાત ખોટી છે, સ્વીકારાય તેવી નથી. માંદા પડે તો પથારીમાં પડયા રહો છો ને ? ત્યારે પેઢી બંધ રાખવી પડે છે ને ? કરવું હોય તે બધું તમે કરી શકો છો. વેપાર ધંધા સમયસર કરો છો, મોજમઝાનો સમય મેળવી જ લો છો પણ ત્રિકાળપૂજા તમારાથી બનતી નથી. ત્યાં 'સમય નથી' એમ બોલો છો તે સાચું નથી, જૂઠું છે. જૂઠું અહીં ધર્મસ્થાનમાં ન બોલો, એવી મારી તમને સલાહ છે.

---

**૮૮. સભા : દુકાનનો કે નોકરીનો સમય જ એવો હોય તો શું થાય ?**

**પૂજ્યશ્રી** : નોકરી કરનારા પણ ત્રિકાળપૂજા કરતા હોય એવા મેં જોયા છે. ભગવાને કહ્યા મુજબનો શ્રાવકધર્મ પળી શકે જ નહિ તેવો દેશકાળ હજી આવ્યો નથી; અને હજી પાંચમા આરાના છેડા સુધી આવવાનો પણ નથી. તમે ખોટા બચાવ કરો ને હું સાંભળી લઉં અને તમને સાચી વાત ન કરૂં તો હું પણ પાપમાં પડું.

**સભા : 'વ્યક્તિગત કોઈ કરી શકે પણ સમૂહ ન કરી શકે.'**

**પૂજ્યશ્રી** : એ વાત સાચી નથી. ધારે તો આખો સંઘ પણ કરી શકે. એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા તો પાંચમા આરાના છેડા સુધી રહેવાના છે એમ ભગવાન કહી ગયા છે.

**સભા : 'એવી રીતે ત્રિકાળપૂજા કરનારા પણ કોઈ એકાદ મળે.'**

**પૂજ્યશ્રી** : એ મળે તે પણ પાછા મંદિરનું જ વાપરતા હોય. આજના શ્રાવકોનો તો બચાવ પણ કરવા જેવો નથી. તેઓ સમયનું બહાનું કાઢે કે બની શકે તેમ નથી એમ કહે તો તે તદ્દન જૂઠી વાત છે એમ કહ્યા વિના ચાલે નહિ. બાકી અપવાદ દરેકમાં હોઈ શકે છે.

**સભા : 'સમય નથી માટે તો દર્શન કરી ચાંલ્લો કરી નીકળી જઈએ છીએ.'**

**પૂજ્યશ્રી** : 'સમય નથી' એમ કહો છો તે સાચું છે ? પૂજાનો જ સમય નથી-બાકી સંસારના કાર્ય માટે બધો સમય તમને મળે છે. જો આવું જ હોય તો

તમારો આ ચાંલ્લો પણ ખોટો છે. લોકોને ઠગવા માટે છે. કારણ કે પૂજા કરવા માટે ચાંલ્લો કરવાની ભગવાનની આજ્ઞા છે. વળી, ચાંલ્લાવાળાએ તો આજે આબરૂ બગાડી છે. લોકો બોલતા થઈ ગયા કે આ ચાંલ્લાવાળાનો વિશ્વાસ ન કરવો. આ કાંઈ ધર્મની ઓછી ફજેતી કરાવી છે ? આજે તમારા ઉપર વિશ્વાસ રાખે તે કદી ઠગાય નહિ ને ? 'તારી પાસે કદી ખોટું બોલું ?' એમ કહીને જ સામાને ફસાવવાનો ધંધો ન જ કરો ને ?

તમારાં બધાં પાપ ધોવાઈ જાય, તમારી દુર્ગતિ ન થાય પરન્તુ સદ્ગતિ થાય તે માટે આ મહેનત છે. મોક્ષનો અર્થી બનેલો જીવ ભગવાનની ત્રિકાળપૂજા કર્યા વિના રહે નહિ. શ્રી અરિહંત જેવા દેવ મળ્યા, સુસાધુ જેવા ગુરુ મળ્યા, સદ્ધર્મ સમજવા મળ્યો, એવો આત્મા ભગવાનની ત્રિકાળપુજા કેમ ન કરે ? નવકારશી, ચોવિહાર, તિવિહાર કે દુવિહાર જેવું પણ પચ્ચક્ખાણ કેમ ન કરે ? આહારને ભૂંડો માની તેનું વ્યસન ક્યારે છૂટે એવી ભાવનામાં કેમ ન હોય ? આ બધું વિચારવા જેવું નથી ?

---

**૮૯. સભા : 'સાહેબ ! લોકો દૂરદૂરથી આપને સાંભળવા આવે, આપ કેવળ મોક્ષની વાત કરો છો તો પણ તે રસપૂર્વક સાંભળે, આપ ફરમાવો તે બધી વાત સાચી અને કરવા જેવી માને, આપ બેવકૂફ કે અજ્ઞાન કહો છો તે પણ પ્રેમથી સાંભળી લે છતાં આપ સાવ નાપાસ કરો અને એક ટકો પણ માર્ક ન આપો તો નિરાશા ન ઉપજે ?'**

પૂજ્યશ્રી : તમે જે કહ્યું તે પ્રમાણે હૈયાથી માનતા હો તો હું તેમને બધાને

પાસ થયેલા માનું છું, એટલે નિરાશ થવાની જરૂર નથી. બાકી તો આજે મારે માટે પણ કહેનારા કહે છે કે-'આ મહારાજ તો એકલા સાધુપણાની જ વાત કરે છે. તેમની પાસે બીજી કોઈ વાત જ નથી.' તો મારે હવે શું કરવું ? મારી વાત ફેરવવી ? સાધુ અન્યને સાધુ કરવા ન ઈચ્છે તો શું ઈચ્છે ? સાધુપણાની વાત કરવી તે કાંઈ ગૂનો છે ? સાધુ સાધુપણાની વાત ન કરે તો તે જરૂર ગૂનો છે. અલબત્ત, સાધુપણું સમજાવી સમજાવીને આપે, પણ બળાત્કારે ન આપે. ઓઘો અમે કોઈની બગલમાં પરાણે નથી ખોસી દેતા. પરીક્ષા કરીને પછી સાધુપણું આપીએ છીએ. એમ છતાં કોઈ સાધુ ઊંધી રીતે વર્તતા હોય તો અમે પરીક્ષામાં ભૂલ્યા તે અમારો દોષ સ્વીકારીએ છીએ.

**ત્રિકાળપૂજાનો પ્રભાવ :**

તમે હૈયાથી કહો કે ત્રિકાળપૂજા કરવાનું મન થાય છે પણ પ્રમાદ નડે છે. ઘરના બધા જ ત્રિકાળપૂજા કરતા હોત તો ઘરનું વાતાવરણ આનંદમય હોત. કજિયા, કંકાસ વિનાનું ઘર હોત. સાસુ-વહુ, બાપ-દીકરો બધા ભેગાં મળીને સંપીને રહેતાં હોત. આજે તો પરણીને તરત દીકરા અલગ થાય છે. દીકરા મોજ કરે ને મા બાપ ભૂખે મરે છે. આવું શાથી ? ધર્મના અભાવે. તમે બધા બરાબર ધર્મ કરતા હોત તો સાચા સુખી હોત. દુઃખી પણ સુખી હોત અને ગરીબ પણ સુખી હોત. અરે ! માંદા પથારીમાં પડેલા પણ સુખી હોત. માંદા પણ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા નવકારશી કે ચોવિહાર કર્યા વિના ન રહે. શ્રાવક શ્રાવિકા શક્ય હોય ત્યાં સુધી ત્રિકાળપૂજા કર્યા વિના ન રહે.

(જિ.વ.૧૫/અ.૨૧-૨૨)

**૯૦. સભા : 'કોઈએ સારી આંગી બનાવી હોય તો પાછળથી પૂજા કરવા આવનારો તે કાઢી શકે ?**

**પૂજ્યશ્રી** : વિધિ એ છે કે આંગી થયા પછી પૂજા કરવા આવનારો એ આંગી તો જ કાઢી શકે કે એનાથી વધુ સારી આંગી કરવાની પોતાની તૈયારી હોય. જો એમ ન હોય તો માત્ર એક અંગૂઠે તિલક કરી લે. પોતે જો એવી આંગી ન કરી શકે અને આંગી કાઢી નાખે તો તો એ અનેકના બોધિબીજના કારણનો નાશ કરે છે. તિલક પણ શા માટે કરવાના ? એ જ માટે. શ્રી જિનેશ્વર દેવની મૂર્તિના દર્શનથી અનેક ભવ્યાત્માઓ ઉલ્લાસ પામે એ જ અહીં હેતુ છે. એ હેતુ સાચવવાથી પોતાની પૂજાની ભાવના ખંડિત થતી નથી. ત્યાં હકની લડત ન હોય. રૂપાના વરખ કાઢીને સોનાના વરખ ચઢાવવાનો હોય તો ખુશીથી એ એ રીતે આંગી ઉતારીને પૂજા કરે. એની પાસે એકલું સુખડ જ હોય તો નાહક એના સાધર્મીભાઈએ કેસર-બરાસથી કરેલી સુંદર પૂજાને શા માટે બગાડે ? મિષ્ટાન્નના જમણમાં રોટલા ન શોભે. પોતાની શક્તિ ન હોય તો અનુમોદનાથી લાભ લે. દીકરાને કોઈનું જમવાનું આમંત્રણ આવ્યું હોય, ત્યાં જમવાનું સારું હોય તો પોતે જાતે કરેલી રોટલી ખવરાવવાનો મા આગ્રહ ન રાખે.

(આચારાંગ ભાગ-૧૧)

** પ્રભુના અંગે તિલક કરતાં કેટલો સમય લાગે ?*
*અને પોતાના કપાળે ચાંલ્લો કરતાં કેટલો સમય લાગે ?*
*આના પરથી **પ્રભુ પૂજાનું** અને ભક્તિનું મૂલ્ય અંકાય !*

## ✣ જિનમંદિર ✣

**૯૧. સભા : વર્તમાનકાળમાં શ્રી જિનબિંબ આધારભૂત છે પણ આપને લાગતું નથી કે જિનબિંબો હવે ઘણાં થઈ ગયાં છે ?**

**પૂજ્યશ્રી** : ઘણાં એટલે કેટલાં ? સીનેમાંના થીયેટરો, નાટકશાળાઓ અને મોટા મોટા કારખાનાઓ ઘણાં છે તેમ આ મહાનુભાવને ન લાગ્યું અને આ શ્રી જિનબિંબો ઘણા લાગ્યા ! આવાને કેવા કહેવા ?.

---

**૯૨. સભા : શ્રી સિદ્ધગિરિજીમાં ઘણાં મંદિરો છે ને ?**

**પૂજ્યશ્રી** : શ્રી સિદ્ધગિરિજીમાં ઘણાં મંદિરો છે તો ત્યાં ઘણા ઘણા લોકો આવે છે ને ? બાર મહિને ઓછામાં ઓછું એકવાર ન જાઉં તો 'અમુક ચીજોનો ત્યાગ' તેમ ઘણા ભાગ્યશાળીઓ નિયમ કરે છે. ખરા ભાવથી મંદિરે જે જાય તેને જે આનંદ આવે તે બીજાને ન આવે માત્ર લોક વ્યવહાર મુજબ આવે ને જાય તેને ઘણું લાગે પણ તેવાની કાંઈ કિંમત નથી. સંસારથી તરવાનાં સ્થાનો ઘણાં છે કે સંસારમાં ડૂબવાના મોજમઝાદિના સ્થાનો ઘણાં છે ? આવું તો તે જ બોલે અને માને કે જેને મહામિથ્યાત્વનો ઉદય થયો હોય.

શ્રાવક વસે ક્યાં ? જ્યાં શ્રી જિનમંદિર ન હોય, સુસાધુઓનું આવાગમન ન હોય, ધર્મની ચર્ચા કરનારા સાધર્મિક સાથીઓ ન હોય ત્યાં શ્રાવકને રહેવાનું મન પણ ન હોય. આજના શ્રાવકો તો ગામનાં મનોહર મંદિરો મૂકી એવી એવી જગ્યાએ વસ્યા છે કે જ્યાં ભગવાનનું નામ પણ સાંભળવા ન મળે. હવે તો કેટલાક સાધુઓ પણ કહે છે કે અમે પણ જહાજમાં કે પ્લેનમાં બેસી તેમના

ભલા માટે કેમ ન ફરીએ ? શ્રી જૈનશાસનમાં આવું ચાલી શકે ખરૂં ? તમને ખબર છે કે શ્રી આર્ય સુહસ્તિ મહારાજાને જ્યારે શ્રી સંપ્રતિ રાજાએ વિનંતિ કરી કે -'હે ભગવન્ ! આપ અનાર્યદેશમાં વિચરો' ત્યારે શ્રી આર્યસુહસ્તિ મહારાજાએ કહ્યું કે 'જ્યાં સાધુના આચાર જળવાય નહિ ત્યાં સાધુથી જવાય નહિ.'

તે વખતે શ્રી સંપ્રતિ મહારાજાએ કહ્યું કે 'હે ભગવન્ ! ભગવાન શ્રી જિનેશ્વરદેવ અને આપનો સેવક એવો હું જ્યાં સાધુપણાને બાધ પહોંચે ત્યાં વિહાર કરવાની પ્રાર્થના કરું ? માટે આપ સુખેથી ત્યાં વિહાર કરો. આપને શંકા પડે તેવું હોય તો (પ્રથમ) આપના સાધુઓનો વિહાર કરાવો અને પછી આપને યોગ્ય લાગે તો આપ ત્યાં વિહાર કરો.'

શ્રી સંપ્રતિ મહારાજાએ પહેલા પોતાના નોકરોને સાધુ વેષ પહેરાવીને અનાર્યદેશમાં મોકલેલા. તેઓએ સાચા સાધુ કેવા હોય, સાધુના આચાર કેવા હોય તે બધું લોકોને સમજાવીને તેમને સાધુના ભક્ત બનાવ્યા હતા અને પછી શ્રી આર્યસુહસ્તિ સ્વામિને ત્યાં વિચરવા માટે વિનંતિ કરી હતી. આચાર્ય ભગવંતે પોતાના સાધુઓને અનુભવ કરવા પહેલા ત્યાં મોકલ્યા. તેઓએ જણાવ્યું કે 'હે સ્વામિન્ ! આપણે જ્યાં વિચરીએ છીએ તેના કરતા પણ આ દેશ સારો છે. સંયમને જરાપણ બાધ ન પહોંચે તે રીતે સુખેથી વિહાર કરી શકાય તેમ છે.'

તમે બધા તો જૈનો છો, તો તમારો શું વિચાર હોય ? તમારો આધાર કોણ છે? અહીંથી જવાનું છે તો ક્યાં જવું છે ? અહીં કાયમ રહેવાનું નથી. જે ઘરમાં

મઝેથી રહ્યા છો તે ઘર પણ તમારૂં નથી. જે પેઢી મારી પોતાની માનો છો તે પણ તમારી નથી. પૈસા ટકાદિ 'મારૂં મારૂં' કરો છો પણ તે બધું અહીં તમારી ઈચ્છા હોય કે ન હોય તો પણ મૂકીને જ જવાનું છે.

**૯૩. સભા : ઘર ભલે અમારૂં ન હોય પણ દેરાસર તો અમારા બાપનું છે ને? તેમાં તો અમે ગમે તેમ કરીએ ને ?**

**પૂજ્યશ્રી** : જે દેરાસરને પોતાના બાપનું માને તે બાપની ચીજને કેવી રીતે રાખે ? બાપની આબરૂ વધે તેમ જીવે કે બાપની આબરૂ ઉપર પગ મૂકે, બાપની આજ્ઞા મુજબ ન જીવે તે છોકરો, છોકરો કહેવાય ?

ભગવાનનો ઉપકાર હૈયામાં વસી જાય તો કામ થઈ જાય. પછી તમને પરદેશમાં જવાનું મન થાય ખરું ? તમે બધા આ દેશમાં શું ભૂખે મરો છો ? ત્યાં પરદેશમાં ગયેલા બધા સુખી જ થઈ ગયા છે ? તમારી સાથે કોઈ આવવાનું નથી. આ દેશ છોડી પરદેશમાં ગયા તે લોકોએ ભૂલ કરી છે. તેમના પુણ્યે તેઓને આર્યદેશ-આર્યજાતિ અને આર્યકુલ તેમાં ય જૈન જાતિ અને જૈનકુળમાં લાવીને મૂક્યા. પણ તેઓ જ બિચારા હીનકર્મી, માટે આ બધું તેમને ન ગમ્યું. અહીં તો ભગવાનના મંદિર મળે, સાધુનું દર્શન થાય, સાચો ધર્મ સાંભળવા મળે, ધર્મી જનોનો સહવાસ મળે છતાં પણ તે બધું મૂકીને પરદેશમાં ગયા તે શા માટે ? જેને પૈસો અને દુનિયાની મોજમઝા કિંમતી લાગે તેને ભગવાન કિંમતી લાગે ? તમને ભગવાન કિંમતી લાગે છે કે દુનિયાની મોજમઝા અને પૈસો કિંમતી લાગે છે ?

**સભા : ભગવાનને કિંમતી બનાવવા ત્યાં જાય છે !**

**પૂજ્યશ્રી** : ગપ્પાં ન મારો. કોઈનો ખોટો બચાવ ન કરો. તેમને ભગવાન કિંમતી લાગ્યા જ નથી. તમારા બધાની તો વાત થાય તેવી નથી. ખુદ ભગવાન પણ જેમને ન સમજાવી શકે તેવા લોકો આજે પાક્યા છે !

તમને બધાને ભગવાન કિંમતી લાગ્યા છે ખરા ? લાગ્યા હોય તો ભગવાનની ભક્તિમાં કેટલું ધન તમે ખર્ચો છો ? આજના ભક્તો મોટે ભાગે મફતિયા થયા છે. મોટો ભાગ ભગવાનની પૂજા ય મફત કરે છે ! કેમકે, તેઓની પાસે કાંઈ છે જ નહિ ! કેમ બરાબર ને ? તમે પૂજારીને પગાર ક્યાંથી આપો છો ? મંદિરમાંથી કાજો કાઢનારને ય પગાર શેમાંથી આપો ? ભંડારમાંથી.

**૯૪. સભા : ભંડારમાં હોય તે બાપનું કહેવાય ને ? અને બાપનું તો છોકરા વાપરે ને ?**

**પૂજ્યશ્રી** : બાપની મૂડી ખાય તે સાચો દીકરો ન કહેવાય, જાતવાન દીકરો બાપકમાઈથી ન જીવે. આપકમાઈથી જીવે. ભગવાનને બાપ માને તે બાપની મૂડી ખાય નહિ. પણ બાપની પાછળ ફના થાય.

**સભા : આજે તો બાપની મૂડી વગર જીવાય તેમ નથી.**

**પૂજ્યશ્રી** : સુજાત દીકરો મહેનત - મજુરી કરે, કોઈના વાસણ માંજી જીવે પણ બાપની મૂડી સામે આંખ સરખી ન કરે, કમાવાની ત્રેવડ ન હોય તો ય બાપની મૂડી ઉપર ન જીવે.

પાંચ માણિક્યવાળા પુણ્યાત્માની વાત અનેક વાર તમે સાંભળી છે પણ તેને યાદ નથી રાખતા તેના પિતા દેદ શેઠ (મહુવાના હંસરાજ મંત્રી) છેલ્લી અવસ્થામાં હતા ત્યારે તેમણે પોતાના દીકરાને બોલાવ્યો અને કહ્યું કે દીકરા, સાંભળ ! મારે મારી બધી મૂડી સાતે ક્ષેત્રમાં આપવી છે, તારી શી ઈચ્છા છે ?

દીકરો કહે 'પિતાજી ! મૂડી આપની છે. આપને ઠીક લાગે ત્યાં વાપરો. મને પૂછવાની જરૂર નથી.'

આ સાંભળી બાપ ખુશ થયો. પછી પોતાની પાસે રાખેલા પાંચ માણિક્ય જે દરેકની સવા સવા ક્રોડની કિંમત છે તે દીકરાના હાથમાં આપતાં કહે છે કે - 'દીકરા ! આમાંથી ત્રણ તું ધર્મ ખાતે વાપરજે અને બે તારી આજીવિકા માટે રાખજે.' આ સાંભળી દીકરો વિચારે છે કે મારો બાપ કેવો ઉત્તમ ધર્માત્મા છે' હું ધર્મ ન ભૂલી જાઉં તેની કેટલી કાળજી રાખે છે ?

એ દીકરાએ પાંચ માણિક્યનું શું કર્યું તે ખબર છે ને ? એકથી શ્રી સિદ્ધગિરિજીમાં તીર્થમાળ પહેરી, બીજાથી શ્રી ગિરનારજીમાં અને ત્રીજાથી પ્રભાસપાટણમાં તીર્થમાળ પહેરી. અને જે બે બાકી રહ્યાં તે શ્રી કુમારપાળ મહારાજાના ચરણે મૂક્યાં. સમજો છો ? બાપનો સાચો ભક્ત શું કરે ? બાપની મૂડી ક્યાં વપરાય ? નાટક - ચેટક અને મોજમઝામાં વાપરે તે દીકરો કહેવાય કે કુલાંગાર કહેવાય ? તેવાઓ તો બાપની આબરૂનું સત્યાનાશ કાઢે છે.

(જિ. વ. ૧૩/અં.૨૨-૨૩-૨૪)

# ✥ જિનપ્રતિમા ✥

**પૂર્વભૂમિકા** : કેટલાક કહે છે કે -'ભાવમાં દ્રવ્યની શી જરૂર ?' પણ દ્રવ્ય એ ભાવના ખ્યાલ માટે છે. દ્રવ્યમાં જો ભાવને પેદા કરવાની શક્તિ ન હોત, તો તો દ્રવ્યને માનત જ નહિ. મૂર્તિ, એ વીતરાગભાવની દ્યોતક લાગે છે, માટે તો મૂર્તિને સુંદર બનાવવાની વિધિ છે. એ વિધિ માટેના ધનના વ્યયમાં જરાય ઓછપ ન રખાય. આવી મૂર્તિની સામે બેસીને એના ગુણોને યાદ કરે; અને એ ગુણોનું જો ધ્યાન ચાલે તો ત્યાં સાક્ષાત્ અરિહંત ભગવાનનો ભાસ થાય. આથી તો કહેવાય છે કે -

**"સ્વામીગુણ ઓળખી સ્વામીને જે ભજે. દર્શનશુદ્ધતા તેહ પામે; જ્ઞાન-ચારિત્ર-તપ-વીર્ય-ઉલ્લાસથી, કર્મજીતી વસે મુક્તિધામેઃ તારહો."**

જેમ નકશામાં એ ગુણ છે - આખી ભૂગોળને યાદ કરાવે. તેમ શુદ્ધ દ્રવ્ય એ શુદ્ધ ભાવનું કારણ છે, એટલે કે - શુદ્ધ ભાવનું એ ભાન કરાવે છે.

**સાધન વિના સાધ્યસિદ્ધિ થાય જ નહિ.**

શુદ્ધ દ્રવ્યની વધુ સેવા, એ ભાવને પ્રગટ કરવાનું અને ટકાવી રાખવાનું કારણ છે. શુદ્ધ દ્રવ્યનો વધુ સહવાસ કરો, એનું ખૂબ ચિંતન કરો અને ભાવમાં તન્મય બનો. જ્યારે ભાવમય થશો ત્યારે દ્રવ્યની આવશ્યકતા આપોઆપ દૂર થઈ જશે. 'અમુક ગાથા ક્યાં સુધી ગોખવાની ? એમાં રહેલો ભાવ હૃદયમાં રમી જાય ત્યાં સુધી ! ભાવ ન રમે ત્યાં સુધી ગાથા ગોખવી પડે, ધારવી પડે, પાઠ કરવો પડે, સંભારવું પડે, વગેરે કરવા યોગ્ય બધું જ કરવું પડે.

દ્રવ્યમાં તલ્લીન બની ભાવમય બનો; એ બન્યા પછી જ એ છોડાય. પછી તો એ છોડવું નહિ પડે પણ આપોઆપ છૂટી જશે. સૂત્ર કાંઈ ગળે નથી પડતું. 'ઉપન્નેઈ વા, વિગમેઈ વા. ધૂવેઈ વા.' કહેવાથી શું થયું ? એ ત્રિપદીએ તો જ્ઞાનને પ્રગટ કર્યું. એ ત્રિપદી સાધન બની, તેમ પરમાત્માની મૂર્તિ એ સર્વશ્રેષ્ઠ સાધન છે. એને જે ન માને તે વીતરાગતા ન પામે. સાધન વગર તો સાધ્યસિદ્ધિ થાય જ નહિ. હોશિયાર કુંભાર પણ માટી વિના ઘડો શી રીતે બનાવે ?

**કારણને જ કારણ તરીકે મનાય :**

**૯૫. સભા : મૂર્તિ વિના કોઈ વીતરાગ થયા છે ?**

**પૂજ્યશ્રી** : હા, પણ હૃદયમાં મૂર્તિપૂજા વ્યાજબી લાગ્યા પછી. ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા સ્વરચિત **'સંબોધ પ્રકરણ'** નામના પ્રકરણમાં ફરમાવે છે કે -

**૧"જાતિએ કરીને શ્વેતાંબર હોય, દિગમ્બર હોય, બુદ્ધ હોય કે અન્ય કોઈ હોય, પણ જો તેનો આત્મા સમભાવથી ભાવિત થઈ જાય, તો તે અવશ્ય મોક્ષ પામે, એમાં જરા પણ સંદેહ નથી."**

આજના આડંબરીઓ, આ ગાથાના ઉત્તરાર્ધને આઘું રાખી પૂર્વાર્ધના નામે આ પ્રભુશાસનનો ઘાત કરવા માટે અજબ ઉપાયો યોજે છે. અને ભદ્રિક આત્માઓ તે આડંબરીઓના આડંબરથી અંજાઈ જાય છે પણ એમાં અંજાવા જેવું નથી. ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા **"समभावभाविअप्पा"** આ પદથી વસ્તુને તદ્દન સ્પષ્ટ કરે છે અને કહે છે કે - સમભાવ આવ્યો એટલે

જૈનત્વ આવ્યું. સ્વપરભાવમાં માધ્યસ્થ એટલે જ જૈનત્વ.

પુદ્‌ગલ મારાથી પર છે અને હું આત્મા છું : આ પૌદ્‌ગલિક પદાર્થો મારા નહિ અને આત્મગુણો મારા !' આવી ભાવના આવવી જોઈએ. જેનો પૌદ્‌ગલિક સંગ છૂટ્યો તે જ સાચા વીતરાગ; પરિગ્રહ છૂટે તે જ નિર્ગ્રંથ ! 'આ દુન્યવી પદાર્થોમાં કાંઈ મારું નથી, હું એકલો છું, જ્ઞાન, દર્શન અને ચારિત્ર - એ મારું સ્વરૂપ છે' - આ વસ્તુસ્વરૂપને નહિ સમજનારા અજ્ઞાનીઓ ભવાટવીમાં અથડાય. એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? (સં.સ્વ.દ. ભાગ-૧)

---

**૯૬. સભા : 'જે ધર્મ માટે આટલું બધું વર્ણવો તેને રક્ષાની શી જરૂર?'**

**પૂજ્યશ્રી** : ધર્મ તમારી રક્ષા ક્યાં માંગે છે ! હું તમારી ફરજ તમને યાદ આપું છું. ધર્મ, તમારા પર નથી જીવતો. તમારી આબરૂના આધારે ધર્મનું જીવન નથી પણ તમે ફરજહીન ન બનો એમ હું કહું છું. ફરજહીન બનશો તો ખાડામાં જશો, એમ ચેતવું છું. ધર્મ તમારા વિના મરી નહિ જાય, પણ ફરજહીન બન્યા તો મરી જશો. જે ધર્મયોગે આ સ્થિતિ પામ્યા તેની સેવા નહિ કરો તો તમારી ભૂંડી હાલત થશે એમ ચેતવું છું. ફરજભંગનો ગુનો સાબિત થશે અને સજા થશે. તમારા આધારે ધર્મ જીવે છે; એવું ન માનતા. જે ધર્મથી સુખી થયા છતાં એને ભૂલો એ ફરજનો ભંગ છે.

'ભગવાનનો મહિમા વધારવા પૂજીએ છીએ' એવું ન કહેતા, 'અમારે આધારે દેવ, ગુરુ અને ધર્મ છે' એવું ન કહેતા અને ન માનતા પણ 'અમારી સંસારવાસના ઘટે, પાપબંધ ઘટે, પુણ્યબંધ થાય, સારી ગતિ અને સારી

સામગ્રી મળે. જેથી મોક્ષમાર્ગ આરાધી શકાય માટે મૂર્તિ, મંદિર, સેવા, પૂજા તમામ છે' એમ કહો અને એમ માનો !

**મૂર્તિપૂજા કળાની દૃષ્ટિએ નથી !**

**સભા : 'એક જણ તો કહે છે કે, ઘોડિયામાં સૂતેલી, હસતી અને રમતી મૂર્તિ બનાવો.'**

**પૂજ્યશ્રી** : એ લોકોને ફાવે તેવી એ બનાવે અને જુદાં મંદિર કરી જૈન તરીકે જાહેર કરે; ખબર તો પડે ! મૂર્તિમાં તો વીતરાગ-ભાવના જ જોઈએ, પણ વીતરાગતાથી બેપરવા બની મનમાનતી કળાના પૂજારી બનેલાઓ આજે કળાના નામે મૂર્તિના સદ્ભાવ તરફ ઘા કરે છે. શાસ્ત્રે કહ્યું છે, પ્રતિષ્ઠિત, અંજનશલાકા થયેલી મૂર્તિ પૂજાને યોગ્ય છે, પણ અંજનશલાકા થયા વગરની પણ શ્રી અરિહંત પરમાત્માની મૂર્તિની આશાતના ન થાય, એને નખ ન અડાડાય, કેમ કે, આકૃતિ કોની ? ભલે, એમાં મંત્રાક્ષરથી આરોપ નથી થયો માટે પૂજન ન થાય, પણ આશાતના ન થાય. **આપણે મૂર્તિને કળાની દૃષ્ટિએ જ પૂજવા નથી ઈચ્છતા.** એમ કહી શકો કે, પહેલાં સરખા શરીરવાળી સમચતુરસ્ત્ર સંસ્થાનવાળી મૂર્તિ બનતી હતી, લક્ષણસંપન્ન બનતી હતી અને આજે તેવી પ્રાયઃ નથી બનતી.' એમ કહેવામાં હરકત નથી. શાસ્ત્રના જ્ઞાતા પાસે વસ્તુને સમજ્યા વિના જેણે તેણે ભરાવી હોય તો એમ પણ બને, પણ તમે નવી ભરાવો ત્યારે ઉપયોગ રાખો ! શ્રી સંપ્રતિ મહારાજાએ સવાક્રોડ મૂર્તિ ભરાવી તે વિધિપૂર્વક બનાવી છે ને ? તમે પણ એમ કરો; પણ એથી બીજી મૂર્તિમાં વીતરાગતા નથી દેખાતી એમ કહી શકાય તેમ નથી.

જ્યારથી મંદિરમાં ઈલેક્ટ્રિક લાઈટ આવી ત્યારથી વાતારવણ બગડ્યું છે, શુદ્ધિ ગઈ, હવા ભ્રષ્ટ બની. એ લાઈટ જ એવી છે. લાઈટ સ્નિગ્ધ અને કોમળતા ફેલાય તેવી જોઈએ. થોડા દિવસ બટન બંધ રાખીને એ અનુભવ તો કરો ! એ પ્રાચીન વિધિપૂર્વક પ્રથા શરૂ કરી જુઓ ! કઈ ભાવના આવે છે ? સુધારાને બગાડવો અને સુધારાની વાત કરવી એ ક્યાંનો ન્યાય ? મનમાનતી કળાની વાતો કરનારા, આમ પરદેશી વસ્તુના બોયકોટની બૂમ મારે છે અને મંદિરમાં લાઈટ એ લોકો બળાત્કારે પણ મુકાવે એનો અર્થ શો ? નથી ત્યાં મુકાવવાના એ લોકો પ્રયત્નો કરે છે તો કહે કે,પરદેશીનો બોયકોટ ક્યાં થયો ?

ખરેખર, આ લોકોની દશા જ જુદી છે !!! જે સુધારા જોઈએ છે તેનો સંહાર કરે છે અને નથી જોઈતા તે દાખલ કરાવવા મથે છે. આવી આજનાઓની દયાજનક દશા છે. જૈનદષ્ટિએ સ્થાપના માની, વસ્તુ માની, પાછી મન-કલ્પિત કલાના આરોપના બહાને વસ્તુને ઉડાવવાનો પ્રયત્ન કરનારામાં વસ્તુતઃ જૈનત્વ જ નથી.

**ખોટી બળતરા તજો અને વસ્તુ સમજો :**

પાસે પાસે મંદિર હોય અને ખડકાયેલા ઢગલા કહેનારા શું જૈન છે ? પાંચ મંદિરોમાં ત્રણ તો વચ્ચે છે. મંદિર પાસે મંદિર હોય તો વાતાવરણ શુદ્ધ કે ગૃહસ્થના બંગલા હોય તો વાતાવરણ શુદ્ધ ? મંદિર ખડકાયેલા ઢગલા તો બંગલા ઢગલા નહિ ? ઘણી મૂર્તિને પ્રદર્શન કહે છે તો ઘરમાં છોકરા પંદર કેમ? તિજોરીમાં થેલી શા માટે ? થેલીમાં કેટલા ? હજાર ! એક કેમ નહિ ? હીરા, માણેક, પન્ના, વગેરે શા માટે ? ઘરમાં અને તિજોરીમાં બધું જોઈએ તો મંદિરમાં

મૂર્તિ જ મૂર્તિ અને ઉપાશ્રયમાં સાધુ જ સાધુ કેમ ન જોઈએ ? મંદિરમાં મૂર્તિ અને ઉપાશ્રયમાં સાધુ કેટલા જોઈએ ? એક ? નહિ, અનેક જોઈએ. અર્થ-કામની વાસનાની વસ્તુનો તો પાર નથી. ટેબલ, ખુરશી, તળાઈ, ફર્નિચર, ચૂલા, સ્ટવ બધુંય ગોઠવાયેલું તૈયાર, તેમ મંદિરમાં ભગવાન, ભગવાન, જ્યાં જુઓ ત્યાં ભગવાન જ દેખાય અને ઉપાશ્રયમાં સાધુ જ દેખાય અને એમાં આંખમાં બળતરા કેમ થાય છે ?

શ્રી જિનેશ્વરદેવના મંદિર જેવું જગતમાં કોઈ મંદિર નથી. એવી સ્વચ્છતા, સુંદરતા બીજે ક્યાંય નથી. એક સરખા ભાવવાહી શબ્દો બીજે નથી. મંદિરમાં જે આવે તે શું બોલે ? 'ભગવન્ ! મને તારો કહે, 'કોઈ કહે,'સંભવ જિનવર વિનંતી' તો કોઈ કહે કે, **'प्रशमरसनिमग्नं'** તો કોઈ કહે કે, 'નરક નિગોદમાં હું ભમ્યો.' પુરુષ કે સ્ત્રી, નાના કે મોટા, બોલે તો આ ને ? બાળક હોય તો 'જે જે' કહે, હાથ જોડે, પણ કોઈ પૈસા માંગે ? 'ચાર પાઈ અને છ પાઈ આપ' એમ કોઈ કહે? જૈનમંદિર જેવું મંદિર બીજે લાવો તો ખરા ? આવા એકધારા શબ્દ, એકધારી વૈરાગ્યવાસના, એકધારા ઉત્તમ ભાવનાના ફુવારા આ મંદિર સિવાય બીજે ક્યાંય છે ?

---

**૯૭. સભા : 'કેટલાક કહે છે કે, કોઈ મૂર્તિ માથે હાથ દઈને બેસાડો તો કોઈ સૂતી પધરાવો' એમ જુદી જુદી આકૃતિ બનાવો'**

**પૂજ્યશ્રી** : ભગવાન દુઃખી હતા કે લમણે હાથ દેવરાવીએ ? ચોવીસે તીર્થંકર, ત્રણે ચોવીસીના બહોંતેર તીર્થંકર, મહાવિદેહના વીસે તીર્થંકર,

બધાની મૂર્તિ એક જ સરખી, એ જ વીતરાગભાવ દર્શાવનારી હોય. શ્રાવક બધા એને નમે, સ્નાત્ર કરે, પૂજા કરે, ત્યાં ચૈત્યવંદન કરે, સ્તવન બોલે, ફળ-નૈવેદ્ય ધરે. ત્યાં બોલાય શું ? એ જ કે, 'ખોટાથી છોડાવો, ખોટાથી છોડાવો ! બધાં સ્તવનમાં વાત શી ? 'ભગવન્ ! આપ આવા અને હું પાપી - મને તારો.' કોઈ પણ મહાપુરુષનું સ્તવન લ્યો પણ વાત તો એ જ ને ? આમ છતાં પણ આજે જે વિરુદ્ધ વાતાવરણ વિલસી રહ્યું છે, એનું કારણ શ્રીસંઘરૂપ સુરગિરિની સમ્યગ્દર્શનરૂપ શ્રેષ્ઠ વજ્રરત્નમય પીઠમાં શંકા અને કાંક્ષારૂપ દોષે પોલાણ કર્યું છે એ છે. કોઈ પણ રીતે એ પોલાણ પૂરવા જેવું છે. એ દોષોથી અને આગળના દોષોથી થતી દુર્દશાનું વર્ણન હવે પછી. (સં.સ્વ.દ.ભાગ-૨)

** પરમાત્માનો ભાવ નિક્ષેપો જેમ તારક છે*
*તેમ બીજા સ્થાપના વગેરે ત્રણ નિક્ષેપા પણ તેટલા જ તારક છે.*
*પરમાત્માની સ્થાપના નિક્ષેપા સ્વરૂપ*
*મુર્તિપૂજાનો જેઓ વિરોધ કરે છે*
*તેઓનું નામ લેવું એ પણ મહાપાપ છે.*

## ✣ જિનાજ્ઞા ✣

**૯૮. સભા : અત્યારે આજ્ઞા પૂરેપૂરી પળાય છે ?**

**પૂજ્યશ્રી** : મહાનુભાવ ! આવો પ્રશ્ન જ કેમ ઊઠે છે ? નિરંતર સાંભળનારને આ પ્રશ્ન ઊઠે એ જ આશ્ચર્ય છે. કોણ એમ કહે છે કે - આજે આજ્ઞાનું પૂરેપૂરું પાલન સર્વ કોઈથી થાય છે ! શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા પૂરી પળાઈ નથી, જે રીતે ત્યાગ ઉપદેશ્યો છે, તે રીતે પૂરો આરાધાયો નથી, માટે તો સંસારમાં આજ સુધી રખડીએ છીએ. આજ્ઞાના પાલનમાં શક્તિની ન્યૂનાધિકતાના કારણે ઓછાવત્તાપણું હોય અને છે, એમ તો અનેકવાર કહેવાઈ ગયું છે, છતાં આ પ્રશ્ન કેમ થાય છે ? આજે ભણેલો કહેવાતો વર્ગ આજ્ઞાનો વિરોધ કરે છે, એથી જ સમાજને ચેતવવા માટે આજ્ઞાની અખંડતા જાળવી રાખવાનો ઉપદેશ અપાય છે.

---

**વિરોધ કરનાર વ્યક્તિ નથી, પણ વ્યવસ્થિત ટોળું છે :**

**૯૯. સભા : આજ્ઞાનો વિરોધ તો કોઈ મૂર્ખ હશે તે જ કરતો હશે ! બધા ક્યાં કરે છે ?**

**પૂજ્યશ્રી** : હૃદયમાં જે હોય તે જ બોલો ! આમ લોચા ન વાળો. આજે નથી જોઈ શકતા કે કોણ કોણ વિરોધ કરે છે ? તદ્દન મૂર્ખ માણસમાં તો વિરોધ કરવાની શક્તિ શી ? હું કહું છું કે વિરોધ તો આજના કહેવાતા કેટલાક ભણેલાઓ જ કરે છે. અજ્ઞાનપણે ઈરાદાપૂર્વક પોતાની અહંતામાં તણાઈ, શાસ્ત્રવિરુદ્ધ ભાવવાળા લેખો લખીને છાપાંની કોલમો કાળી કરનારા શું પોતાને

ભણેલા નથી કહેવરાવતા ? ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીને બળવાખોર કહેનારા તેમજ આજે આજ્ઞાની બિલકુલ દરકાર કર્યા વિના યથેચ્છપણે યદ્વા તદ્વા બોલનારા અને લખનારા પોતાને શું મૂર્ખ તરીકે ઓળખાવવા તૈયાર છે ? પોતે ધર્મ ન કરે, પ્રભુપૂજા ન કરે, સામાયિક-પ્રતિક્રમણ-પૌષધાદિ ન કરે, કંદમૂળ ખાય, રાત્રિભોજન કરે, એમાં એ બિચારાની પાપી હાલત માટે દયા આવે પણ એમાં અમારું કાંઈ જતું નથી. અભક્ષ્યભક્ષણ કરનાર કદાચ નભે, પણ "અભક્ષ્યભક્ષણ કરવાથી મુક્તિ નથી અટકતી" -એવું કહેનાર તો એક સેકન્ડ પણ શ્રી જિનેશ્વરદેવના શાસનમાં ન નભે. કોઈ કહે છે, 'તમારા જેવા રાત્રે ખાય છે' તો એનો જવાબ એવો આપે કે, 'રાત્રે ખાવું એમ હું કહેતો નથી, પણ એવુંય માનતો નથી કે રાત્રે ખાવાથી મુક્તિ અટકી પડે.' આવાને કેવા કહેવા ? સમ્યગ્દષ્ટિ શ્રાવક આવું બોલે ?

વારુ ! મુક્તિ શાથી અટકે ? સંયમથી કે અસંયમથી ? રાત્રે ખાવાથી કે ન ખાવાથી ? કંદમૂળ ખાવાથી કે ન ખાવાથી ? આ બધા પ્રશ્નો ઉપર સહેજ પણ વિચાર કર્યા વિના, ઉપર મુજબના છળપ્રપંચથી ભરેલા વિચારો પ્રદર્શિત કરનારા અને અનેક કુત્સિત દલીલો કરનારા કહેવાતા ભણેલા-ગણેલા સંખ્યાબંધ માણસો ઊભા થયા છે. તેઓના સંસ્કારો તમામ મનમાં ઘૂસે છે એનો જ આ પ્રતાપ છે કે આવા પ્રશ્નો તમે કરી શકો છો ! (સં.સ્વ.દ.ભાગ-૧)

** શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞા મુજબ ધર્મક્રિયા કરનારા ડાહ્યા દર્દી છે.*

**સંખ્યાના નામે આજ્ઞાને ગૌણ ન કરાય :**

**૧૦૦. સભા : સાહેબ ! તો તો સંખ્યા ઘટે !**

**પૂજ્યશ્રી** : એની હરકત શી ? કારણ કે, એવી સંખ્યાનો મુમુક્ષુઓને એક રતિભર પણ મોહ નથી; એ જ કારણે શ્રીસંઘનું વર્ણન કરતાં ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ સ્પષ્ટ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવ્યું છે કે-

**एगो साहू एगा य, साहुणी सावयो व सड्ढी वा ।**
**आणाजुत्तो संघो, सेसो पुण अट्ठिसंघाओ ।।१।।**

**ભાવાર્થ : "એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા – આ ચાર જ હોય, પણ જો એ આજ્ઞાયુક્ત હોય તો તે સંઘ છે; પણ જો બીજો સમુદાય મોટો પણ હોય પણ તે આજ્ઞારહિત હોય તો તે હાડકાંનો જ ઢગલો છે."**

આથી સ્પષ્ટ જ છે કે, લાખો કે કરોડો હોય તેની હરકત નથી, પણ તે આજ્ઞાને સ્વીકારનારા જોઈએ; પણ આજ્ઞાની સામે થનારા તો તે ન જ જોઈએ. એવાઓ તો લાખોની કે કરોડોની સંખ્યામાં હોય તો પણ ભયંકર છે, એટલે કે **આજ્ઞાપાલક થોડા પણ સારા અને આજ્ઞાની સામે થનારા ઘણા પણ ભયંકર છે, માટે સંખ્યાને હાઉ ધરીનો આજ્ઞારુચિને ઉડાવવી એ કોઈ પણ રીતે યોગ્ય નથી.**

દુનિયામાં શિક્ષકની નજર જમણા હાથના પહેલા નંબર પર હોય કે ડાબા હાથના ? બધા ડાબા નંબરિયા જ હોય તો ? અર્થાત્ બધા રમતિયાળ, અટકચાળા અને ઠોઠ હોય તો માસ્તર પણ રાજીનામું આપે, પણ શાણો

શિક્ષક પોતાની આબરૂ ન જ બગાડે. ભણાવતી વખતે પણ માસ્તર જમણા હાથના છોકરાઓ તરફ જ ખાસ જુએ. પેલા તો સાંભળવું હોય તો સાંભળે, ન સાંભળવું હોય તો ન સાંભળે; એ ઘોંઘાટ કરે ત્યારે જરા ચૂપ રહેવાનું કહી દે. ઘણા નિશાળિયા એવા હોય છે કે, વર્ષો સુધી ડાબા હાથે રહે, નાપાસ થાય, માબાપો માસ્તરને સમજાવીને લાંચ-રુશવતથી ઉપર ચડાવરાવે, વળી પાછા ડાબા હાથે હવા ખાય. એવાઓ આ રીતે ઉપર જાય તો પણ નકામા.

એ જ રીતે આ વીસમી સદીના વિષયાધીન જીવોને કેવળ નાટકચેટક અને સિનેમા વગેરે જોવામાં આનંદ આવે છે. એમાંના કેટલાકને તો ત્યાં દુનિયાનાં પાત્રોને જોવામાં સંતોષ ન થયો, તે હવે પોતાનાં તારક પાત્રોને પણ ત્યાં ઉતારવા માંગે છે.

નાટકચેટક અને સિનેમા વગેરે જોયા પછી એ બધું જોનારને એની બદબોનું ઘેન પ્રાયઃ ઊતરતું નથી, એથી જ કેટલાક તો એમાં ને એમાં જ સડી ગયા, શક્તિ ક્ષીણ થઈ ગઈ. મનની દશા પામર બની ગઈ અને એવાઓનું મગજ સદાય ઘૂમતું જ રહે છે. એવા પામરોને પછી શ્રી જિનમંદિર, ઉપાશ્રય, સાધુ, પૂજા, સામાયિક વ્યાખ્યાન આ બધું ગમતું જ નથી. ખરેખર, વિષયરસિક જીવોની ભાવના વિષયમાં જ તરબોળ હોય છે.

કુપાત્રો જોઈને એમનો આત્મા બહેકી ગયેલો હોય છે. એવાઓને ધર્મ કેમ જ ગમે ? જે પામરો નાટકની ભૂમિ ઉપર પોતાના તરકોને પણ લઈ જવાને ઇચ્છે છે, તેવાઓને વિષયના વિલાસી સિવાય બીજું કયું ઉપનામ આપી શકાય ? પાંચ ઈંદ્રિયના ત્રેવીસ વિષયો છે અને એના પેટા ભેદો અનેક છે.

વિષયની લાલસામાં પડેલા, વિલાસી બનેલા, મોહવ્યગ્ર બનેલા અને મારા-તારામાં જ મરી રહેલાઓ ઉપર આ શાસનથી પણ ઉપકાર ન થાય, એમાં કશું જ આશ્ચર્ય નથી. એથી એવા પામરો ખાતર શાસનમાં ફેરફાર કરવાની વાત સંભવી જ ન શકે.

**સભા : સાહેબ ! એક મુનિ કહે છે કે, 'દુવિહારમાં ચાહ-દૂધની છૂટ જો મૂકવામાં આવે તો ઘણા લોકો પ્રતિક્રમણ કરે માટે તેમ થાય તો સારું !**

**પૂજ્યશ્રી** : શું આવા પણ વેષધારી પડ્યા છે ? ત્યારે તો કોઈ એમ કહે કે, 'ફાવે ત્યાં સુધી દીક્ષા પાળું' તો એવાને દીક્ષા પણ અપાય ? નહિ જ, માટે કહું છું કે, ખરેખર, એવા લોકોની તો અક્કલ જ બહેર મારી ગઈ છે; કારણ કે, અજ્ઞાન પામરોને આવી છૂટો અપાય તો તો પચ્ચક્ખાણ જ ન રહે. આથી જ શાસ્ત્ર કહે છે કે, જે આવે તે ખરા, ઓછા આવે તો ઓછા, ન આવે તો નહિ સહી, પણ શુદ્ધ માર્ગમાં શાસ્ત્રને બાધ લાગે તેવો ફેરફાર ન જ થાય.

પોસહ કરનારે ચાર પ્રહર કે આઠ પ્રહર સામાયિકમાં રહેવું જોઈએ; એ કાયદો છે, પણ એમાં કોઈ મોટો આદમી, મોટો વેપારી કહે કે, 'પોસહ તો કરું પણ તાર-ટપાલ વાંચવાની છૂટ રાખું' તો એ છૂટ અપાય ? નહિ જ, અને અપાય તો તો પરિણામ એ જ આવે કે, સ્વાધ્યાયાદિકને ઠેકાણે તાર-ટપાલ જ ભેગી થાય; આથી સમજો કે, શાસ્ત્રીય મર્યાદાનું મહત્ત્વ ઘણું ઊંચું છે, માટે એમાં પરિવર્તન ન જ થવું જોઈએ.

'આ સ્થાનમાં કોઈ બીડી નથી પીતા, પાન નથી ખાતા' એનું કારણ એ છે કે શ્રી જૈનશાસનની એ મર્યાદા છે અને એના જ યોગે પાન ખાનારા પણ થૂંકીને

આવે છે, પણ હવે એવાઓને એવી છૂટ અપાય તો ? પરિણામ ભયંકર આવે એમાં નવાઈ જ શી ? કારણ કે, વ્યસની તો એવા છે કે, બહાર નીકળતાં જ પાન ખાશે. પણ મર્યાદાને લઈને અહીં ન જ ખાય. એવી ઉત્તમ મર્યાદા, હિતના નામે પણ કેમ જ તોડાય?

**તમારા કહેવાથી અંતરાય ન લાગે :**

કોઈ એમ કહે કે, 'મહારાજ ! મને તલપ લાગી છે માટે બીડી પીવાની છૂટ આપો, નહિ તો બહાર જઈશ, એથી સાંભળવાની ઈચ્છા છતાં મને લાભ નહિ મળે અને એ અંતરાયના ભાગીદાર તમે બનશો.' તો મારે એવા ઉલ્લંઠને તો કહેવું જ પડે કે, તારા જેવાના કહેવાથી અંતરાય લાગે એમ હું માનતો જ નથી, એથી સંભળાવવા ખાતર પણ આવા પાપની આવી છૂટ આપવા તો હું તૈયાર જ નથી.

કેટલાંક ઈતર સ્થાનોમાં જુઓ તો દેખાશે કે, 'કથા પણ ચાલતી હોય અને પાન-બીડી પણ ચાલુ હોય.' પણ આ સ્થાનમાં કાંઈ જ નહિ. એમાં જૈનશાસનની સુંદર મર્યાદાનો જ મહિમા છે. જૈનશાસનની એ જ ખૂબી છે કે, એમાં મંદિરમાં, ઉપાશ્રયમાં, ધર્મસ્થાનમાં કશી જ સંસાર-પોષક ગરબડ જ નહિ. એવો કશો જ ઘોંઘાટ નહિ, મંદિરમાં ખાવાપીવા વગેરેની બધી જ મનાઈ છે. તેમ ઉપાશ્રયમાં પણ એવું જ.

દુનિયાનાં સઘળાં સ્થાનમાં ફરી આવો, આવી ઉત્તમતા બીજે નહિ જ મળે. વળી વિચારો કે, અહીં જ બીડી પીનારા બેસે, આંખ આગળ જ બીડી પીવે અને એમને બીડી પીવામાં પાપ હું બતાવું, તો શું એની એમને અસર થાય ?

**શંકાથી કેમ બચાય ?**

પ્રભુશાસનની દેશનામાં તો બધું તજવાની જ વાત છે, શરીર સુધ્ધાં પણ તજવાની જ વાત છે, ત્યાં પાન, બીડી, ચા વગેરેની છૂટ કેમ જ હોય ? ત્યાગની વાત ચાલે અને એ ત્યાગ જો એ વ્યાખ્યાન ચાલે ત્યાં સુધી પણ અમલમાં ન હોય, તો ભવિષ્યમાં પચ્ચક્ખાણ પણ કરનાર કેમ જ કરે ? આથી સમજો કે, વીસમી સદીના વિષયવિલાસીઓ માટે શાસનની એક પણ ઉત્તમ નીતિ-રીતિ ન જ ફેરવાય.

**વીસમી સદીના વાયરા જોઈએને તેને બાધ ન પહોંચે તેવી ધર્મદેશના ન જ દેવાય. જો એમ દેવા બેસું, તો મને તો કંપારી જ થાય !** કારણ કે, ધર્મની ભાવના સાંભળવા કરતાં દુનિયાના પદાર્થો સાંભળવાની ઈચ્છા ઘણાને છે. હવે એવાઓની ઈચ્છા જોઉં તો વૈરાગ્યની વાત જ ન થાય ! વૈરાગ્યની વાતને તો તાળું જ દેવાય ! શું આમ થાય એ યોગ્ય છે ? નહિ જ, તો તો પછી તમને જ જોઈને બોલું તો તો બોલવાની સ્થિતિમાં ફેરફાર અવશ્યમેવ થાય.

આથી દુનિયામાં જેમ દમિયલ માટે નિસરણી ન ફેરવાય, પણ તેને જ એમ કહેવાય કે, 'તારાથી ન ચડાય તો તું નીચે બેસ, મારાથી બનતી સામગ્રી હું તને આપીશ.' એ જ રીતે આજના સંસારરસિકોને એમ કહેવાય છે કે,'તમારાથી ન થાય તો ન કરો, થોડું કરો, પણ વસ્તુ ન ફેરવાય.' વસ્તુ ફેરવવી એટલે તો દુનિયા ફેરવવા જેવું થયું, માટે એવું તો ન જ થાય; એ જ કારણે પરમ ઉપકારી અને પરમ વીતરાગ એવા શ્રી જિનેશ્વરદેવોએ પણ સનાતન ક્રમ પ્રમાણે વસ્તુ જેવી હતી તેવી જ કહી અને સમર્પી, માટે ત્યાં શંકાને સ્થાન જ નથી.

કલિકાલસર્વજ્ઞ, આચાર્ય ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા કહે છે કે, સર્વજ્ઞે કહેલ હોવાથી એ માર્ગમાં સંદેહ ન જ થાય. છતાં મોહના યોગે સંદેહ થાય તો વિચારવું કે -

એક ; તો મારી મતિની દુર્બળતા છે,

બીજું ; તેવા પ્રકારના મહર્ષિઓના સંયોગનો અભાવ છે,

ત્રીજું ; જાણવાલાયક વસ્તુનું સ્વરૂપ ગહન છે,

ચોથું ; મને જ્ઞાનાવરણીય કર્મનો ઉદય છે,

પાંચમું ; દૃષ્ટાંત કે હેતુ બધી વસ્તુ માટે મળતાં નથી; આટલાં કારણોથી મને સારી રીતે ન સમજાય એ બને પણ સર્વજ્ઞો કદી ખોટું કહેતા જ નથી; પણ સાચું જ કહે છે.

અપકારી ઉપર પણ ઉપકાર કરનાર, રાગ, દ્વેષ અને મોહ ક્ષીણ થયા છે જેમના એવા તે જિનેશ્વર દેવોને અસત્ય બોલવાનો એક પણ હેતુ નથી; માટે શ્રી સર્વજ્ઞ પરમાત્માના વચન ઉપર કે એ તારકને અનુસરીને કહેનારા મહર્ષિઓના વચન ઉપર અવિશ્વાસ કરવાનું કોઈ જ કારણ નથી. (સં.સ્વ.દ.ભાગ-૧)

---

૧૦૧. સભા : ગુણમાં દોષ શી રીતે ?

પૂજ્યશ્રી : હું જણાવી ગયો છું કે, સુંદરતા અને સ્વચ્છતા એ ગુણ છે; વેશ્યાની સુંદરતા અને સ્વચ્છતા એ કુળવધૂને પણ ટપે તેવી હોય છે, પણ ઉપકારીઓએ એની સુંદરતાને અને સ્વચ્છતાને અગ્નિની જ્વાળા જેવી કહી

છે; કારણ કે, એની સુંદરતા અને સ્વચ્છતા અનેકના શીલનો સંહાર કરનારી છે ! એ જ, રીતે વિચારો કે, ઉઠાવગીરની શાહુકારી કેવી ? ઉઠાવગીર સવાયું પણ વ્યાજ આપવાની ના ન પડે, કેમ કે, આપવા હોય તો વાંધો છે ને ? ટિકિટ પણ ચોડી આપે, કારણ કે, એવાને પાંચ લાભ ભેગા કરી નાદાર બનતાં ઓછી જ વાર લાગે છે ? એ તો મનમાં એમ જ બોલે છે કે, 'બસોના લોભે તું સો આપ, પણ એમાંથી હું તને રાતી પાઈ પણ આપવાનો નથી.' આ રીતે દેખાતા ગુણમાં દોષ છુપાયેલા છે; માટે સાવધ થાઓ ! માત્ર બહારથી જ સારું દેખીને ઝુકાય નહિ.

દીવાની જ્યોતના ચળકાટમાં મૂંઝાઈને પતંગિયાં પોતાના પ્રાણ ગુમાવે છે, પણ કલ્યાણના અર્થીએ તો એવું ન જ કરવું જોઈએ. શાસ્ત્ર કહે છે કે, સમ્યક્ત્વને ટકાવી રાખવા ઈચ્છનારે બધી જ પરીક્ષા કરવી પડશે.

દુનિયામાં પ્રકાશ પણ બે જાતના હોય છે. એક જોવામાં સહાય કરે તેવો હોય છે અને બીજો દેખતાને પણ આંધળા બનાવે એવો પણ હોય છે. આજનો પ્રકાશ આંખો બગાડે એવો છે. આજની લાઈટો આંખોના તેજને હણનારી છે અને વિલાસો પેદા કરનારી છે. આંખને જોઈએ એટલા તેજથી વધારે તેજ આપનારો પ્રકાશ આંખ બગાડે છે. સૂક્ષ્મદર્શક યંત્ર બહુ વાર વાપરવાથી આંખો ખલાસ થાય છે, જેમ યંત્ર બનાવટી, તેમ એ વસ્તુનું સ્વરૂપ પણ ભિન્ન બતાવે છે. હોય થોડું અને બતાવે વધારે. ઘીના દીપકથી મંદિરમાં જે શુદ્ધિ હતી, તે આજે નથી. આજે વિલાસિતા છે, પણ તમને એ વાત ગળે નહિ ઊતરે, કેમ કે તમે તો નાટકના શોખમાં એવા જ ટેવાયા છો. આ ઘીના દીપકની જ્યોતિ તો

સ્નિગ્ધ હોય છે કે જેથી આંખનું તેજ વધે, પણ વીસમી સદીવાળા એ વાત કેમ જ માને?

**પાદવિહાર :**

પહેલાં ગાડાં હતાં, ત્યારે એક્સિડન્ટ (અકસ્માત) નહોતા બનતા. કદાચ એ ઊંધાં વળે તો પણ આદમી બચે. આજનાં સાધનો તો એવાં કે જરા અકસ્માત થયો કે અનેક લોકોના જીવ જાય પણ એ વાત આ બધાના મગજમાં ઊતરે ખરી ? કહે કે, 'વીજળીવેગે વધતા જમાનામાં આ બધી વાત ચાલે ? પણ એમને એ ખબર નથી કે સાચી રીતે અને સારી રીતે જીવન જીવવું હશે તો આ જમાનામાં પણ આ જ વાત કરવી પડશે અને જીવનમાં ઉતારવી પડશે. સાચી અને સારી વસ્તુ કોઈએ પણ સાચવી હોય તો શ્રી જૈનશાસને જ સાચવી છે.

શ્રી જૈનશાસનનો સાધુ પગે જ ચાલવાનો. ઉપકારના બહાને પણ એ વાહનનો સ્વીકાર ન કરે. જેના સ્વીકારથી આત્માને હાનિ, તેનાથી ઉપકારની સંભવાના જ કેવી ? એવી દઢ માન્યતા અને શ્રદ્ધા પ્રભુશાસનના સાધુને હોય છે, એ જ કારણે જગદ્‌ગુરુ આચાર્ય ભગવાન શ્રીમદ્‌ વિજય હીરસૂરીશ્વરજી મહારાજાએ વાહન ન જ સ્વીકાર્યું.

દિલ્હી બહુ દૂર હતું, બાદશાહ ઘણો આતુર હતો, તોયે એ મહર્ષિ તો પ્રભુઆજ્ઞા મુજબ પગે ચાલીને જ ગયા; કારણ કે, એ ઉપકારી તો માનતા હતા કે, 'હું વાહનથી જાઉં છતાં બાદશાહ ન પામે તો? અને ભલે હું ન જાઉં અને એથી આતુરતા વધે તોયે વાંધો નથી, કેમ કે, એ આતુરતામાં પણ લાભ જ

રહેલો છે.' સો સો ગાઉ જાય તેવી ઊંટડીઓ તૈયાર હતી, પણ જો એ રીતે ગયા હોત તો બાદશાહ અકબર અહિંસક ન બનત.

બાદશાહને સૂબાઓએ પણ લખ્યું હતું કે, આવા ફકીર આજ સુધી કદી જોયા નથી. 'પક્કો મુસલમાન પણ જેની આવી સ્તુતિ કરે છે એ ફકીર કેવા હશે?' એમ બાદશાહને પણ થયું અને વળી થયું કે, 'પગે ચાલીને આવે છે એ ફકીર કેવા ઉપકારી !' જો વાહન પર ગયા હોત તો બાદશાહ પણ માનત કે, 'એ પણ મારા જેવા જ છે' અસ્તુ. **એવી જ રીતે આજે કળા પણ નથી. આજે તો માત્ર વિકાર છે. આદમી જ કળા વગરનું પૂતળું હોય ત્યાં કળા હોય પણ ક્યાંથી?**

**૧૦૨. સભા : કળા એટલે શું ?**

**પૂજ્યશ્રી : કળા એટલે વસ્તુના સ્વભાવનું પ્રકટીકરણ, ઓપ ચઢાવવો તે કળા નથી, પણ તમે વિભામાં એવા ટેવાયા છો કે, જેથી સ્વભાવ તમને રૂચતો જ નથી;** માટે જ શુદ્ધ સ્વભાવની મશ્કરી કરો છો.

અહીં એમાંના સાંભળવા આવનારા ત્યાં જઈને આ વાત કહેશે, એટલે એ લોકો કહેશે કે, 'હમ્બગ. સાધુનો ધંધો છે કે ખંડન કરે.' પણ એ અજ્ઞાનાઓ સમજતા નથી કે, ખાંડણીમાં ખોટું હોય તે ખંડાય જ. એમાં બીજા કોઈ શું કરે ? સાંબેલાથી ચોખા ન ભાંગી જાય એ કરામત જોઈએ, પણ છોડાં તો ભાંગવાં જ જોઈએ. આ રીતે વસ્તુનો વિવેક નહિ કરી શકનારા એ લોકો સ્વતંત્રતા માંગે છે, પણ પરતંત્ર બનાવનારી વસ્તુઓથી તો ખસતા જ નથી. પહેલાંના લોકો

ઓછા ખર્ચે, ઓછી તકલીફે જીવન નિભાવતા, એમની ધમાલ અને આરંભ થોડા હતા, આગળ ગૃહસ્થના ઘરમાં દિપક એક કે બે કલાક રહેતો અને એ પણ પોતાની સત્તાની વાત હતી, પ્રકાશ ઓછો, ઘોંઘાટ જરા પણ નહિ, વાતાવરણ વિલાસી નહિ એવું પૂર્વે હતું. આજે કેન્દ્રસ્થળ બંધ થાય તો આખી રાત બૂમરાણ ચાલે, કેમ કે, તમારે આખી રાત લાઈટ જોઈએ. આજે સાધન વધ્યાં છે, પણ શાંતિ નથી વધી : ઊલટી અશાંતિ જ વધી છે.

આગળના વેપારીને તાર-ટપાલની રોજ પંચાત નહિ. આજે તો ક્ષણે ક્ષણે તાર-ટપાલની પંચાત. વિચારો કે, **સાધન વધ્યાં પણ પરિણામ શું આવ્યું ? શાંતિ વધી કે અશાંતિ ? જિંદગી, વેઠ અને કામ કરવા માટે છે, કે વેઠ અને કામ એ જિંદગી જીવવા માટે છે ? વેપાર માટે તમે કે તમારા માટે વેપાર ? આજનાં લોકો ધર્મક્રિયા માટે કહે છે કે, 'આ નહિ બને, બહુ કામ છે' પણ કામના માલિક તમે કે તમારું માલિક કામ ? આટલું પણ નહિ વિચારી શકનારા પાછા પોતાની જાતને સ્વતંત્ર કહેવરાવે છે ! આવી મૂર્ખતાના માલિકોને સ્વંતત્ર કહે કોણ ?**

ગુલામી કરે અને ઈલ્કાબ સ્વતંત્રપણાનો રાખે એ કેવા ! આવા ઉઠાવગીરો અગ્રેસર થઈને જીવે ત્યાં સુધી દુનિયામાં સુખ નથી. એવાઓને અગ્રેસર ન જ થવા દેવા જોઈએ. એમને તો એમની ખોલકીમાં જ જીવવા દેવા જોઈએ. એવાઓ પોતાની ખોલકીમાં ભલે ગમે તેવાં બોર્ડ ચીતરે, પણ એવાઓને કહો કે, 'એ બોર્ડ લઈને બહાર આવ્યા તો એ બોર્ડનો અમે ભાંગીને ભુક્કો કરી નાંખશું !' સારી વસ્તુ બહાર મૂકવાનો અમને હક્ક છે, પણ ખોટી વસ્તુઓ બહાર મૂકવાનો તમને હક્ક નથી; રાજ્યનો કાયદો પણ એમ જ કહે છે.

**સ્વભાવનું પ્રગટીકરણ :**

આથી જ આપણે કહીએ છીએ કે, સઘળી જ સ્વભાવસિદ્ધ, માટે જ સત્ય એવી વસ્તુનું પ્રતિપાદન કરનાર શ્રી જિનેશ્વરદેવના આગમમાં શંકાને સ્થાન જ નથી. પણ આ વાત સમ્યગ્દૃષ્ટિ આત્માઓ માટે છે, મિથ્યાદૃષ્ટિઓ અને ભવાભિનંદીપણાથી ભિન્ન આત્માઓ માટે છે, કારણ કે, ઘોર મિથ્યાદૃષ્ટિ તો મરતાં સુધી શંકા કરે જ, કેમ કે, સાચી વાતમાં શંકા ન કરે તો એમનાથી જીવાય જ નહિ.

સ્વભાવસિદ્ધ વસ્તુ સિવાય શાસ્ત્રમાં કાંઈ કહ્યું નથી, એમ સમ્યગ્દૃષ્ટિ તો માને છે, એટલે એના માટે સમ્યક્ત્વમાં દૂષણ લગાડે તેવી શંકાને સ્થાન જ નથી. માર્ગાનુસારીપણાથી સર્વ સંવર સુધી, એટલે કે ચૌદમા ગુણસ્થાનક સુધીની સ્થિતિ તપાસો, એમાં સ્વભાવના પ્રકટીકરણ સિવાય બીજું છે કંઈ ? એમાં જેને બહારનું આવરણ નડ્યું તે ગબડ્યા, માટે બહારના આવરણને જીતવાનું !

પૂજા શ્રી જિનેશ્વરદેવની મૂર્તિની કહી, આવા વેષવાળા અને તથાવિધ ગુણવાળા ગુરુની ઉપાસના કહી, સંસાર છોડવાનું કહેનારા શાસ્ત્રની પૂજા કહી, કરવું દાન, પાળવું શીલ, આચરવો તપ અને વિચારવી સદ્ભાવના, આમાં વાંધો ક્યાં ? પણ આજનાઓ તો એ બધી જ વસ્તુઓને વિપરીત રૂપ આપવામાં પ્રવીણ છે, એટલે એ લોકો તો છોકરાને દૂધ પાય તેને પણ દાન ગણે છે, પણ જાણતા નથી કે, એ તો મોહ છે, એ કારણે એમાં ધર્મ મનાવવો એ ખોટું છે. ઘરની સ્ત્રી માટે સર્જનને લાવે એમાં ઉપકાર નથી, પણ મોહ છે.

આથી જ કહું છું કે, અઢારે પાપસ્થાનકના સ્વરૂપને સમજો !

તમારા સંતાનને મોક્ષમાર્ગે ચડાવવા દૂધ પાઓ તો એ દાન ખરું, પણ એ છે જ ક્યાં ? આ તો સાંભળે કે, મારા છોકરાને મોક્ષમાર્ગે ચડાવનાર કોઈ મળ્યા છે તો એ સાંભળીને એમને અકળામણ થાય છે, કારણ કે, સ્વભાવ જ જુદી રીતે ટેવાયો છે. (સં.સ્વ.દ.ભાગ-૧)

**૧૦૩. સભા : સર્વોપરી સત્તા ચોવીસ તીર્થંકરની કે પચ્ચીસમાની ?**

**પૂજ્યશ્રી** : શાસ્ત્ર કહે છે કે, ચોવીસ તીર્થંકરની આજ્ઞા માને તે સંઘ, પણ જે ચોવીસ તીર્થંકરની આજ્ઞાને ચાવી ખાય તે નહિ; આ તો એવા કે સર્વજ્ઞને પણ પોતાના સેવક બનાવવા નીકળ્યા છે. એવાઓને કોઈ પણ પ્રકારે સંઘમાં ગણી શકાય નહિ. (સં.સ્વ.દ.ભાગ-૨)

** ભગવાનની આજ્ઞાને આધીન થવું એ જ આત્માની સાચી સ્વતંત્રતાને મેળવવાનો રાજમાર્ગ છે.*



## ❖ જિનેશ્વર ❖

**પૂર્વભૂમિકા** : મેરૂની પીઠનાં ચાર વિશેષણ છે. દઢ, રૂઢ, ગાઢ અને અવગાઢ. ગાઢ એટલે જેના મૂળીયાં ઊંડા છે અને અવગાઢ એટલે સામાન્ય નહિ પણ ઘણાં ઘણાં ઊંડાં છે, એવી પીઠ છે. માટે મેરૂ શૈલ શાશ્વત છે. એના પર અનંતા શ્રી તીર્થંકર ભગવંતોના જન્માભિષેક થયા અને હજી અનંતા શ્રી તીર્થંકરદેવોના જન્માભિષેક થશે. એ સમયે અસંખ્યાતા દેવો ત્યાં આવે, નાચે, કૂદે પણ મેરૂ કદી હાલે નહિ. એવી રીતે શ્રી સંઘને પણ કદી ચલાયમાન ન થાય એવો બનાવવો છે.

**૧૦૪. સભા : ભગવાન મહાવીરદેવ વખતે તો મેરૂ કંપ્યો છે ને ?**

**પૂજ્યશ્રી** : એ તો આનંદથી નાચ્યો છે ! એ રીતે નાચવાની તે તમને પણ છૂટ છે. કવિએ ત્યાં કલ્પના કરી છે કે-કોઈ શ્રી તીર્થંકરદેવે પોતાના ચરણથી મારો સ્પર્શ કર્યો નથી. પણ આ પરમાત્માએ કર્યો. તેના હર્ષથી એ નાચી ઊઠ્યો છે. તમે પણ એ રીતે જરૂર નાચો ! એ નાચ્યો છતાં એનું મૂળીયું હાલ્યું નથી. એ પહાડ ગબડીને નીચે પડ્યો નથી. આજે પણ ઊભો છે અને સદાકાળ એ જ રીતે ઊભો રહેવાનો છે. કારણ કે એની પીઠ દઢ, રૂઢ, ગાઢ અને અવગાઢ છે ! રૂઢતા માટે પરિણામની ધારા શુદ્ધ જોઈએ.

(જિ. વ. ૧૧/અં. ૮)

---

**૧૦૫. સભા : ગોશાળા પર શીતલેશ્યા ભગવાને મૂકી ત્યારે ગુણસ્થાનક કયું?**

**પૂજ્યશ્રી** : છટ્ઠું. શ્રી જિનેશ્વરદેવોનું ચારિત્ર છદ્મસ્થકાળમાં પણ ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત કહ્યું છે. એટલે એ છટ્ઠું ગુણઠાણું પણ અતિ ઉચ્ચ કક્ષાનું હોય છે. એ તારકોની છદ્મસ્થકાળમાં પણ અપ્રમત્તાવસ્થા ખરી પણ એ છઠ્ઠા ગુણઠાણાની, સાતમા ગુણસ્થાનકનો કાળ તો ક્રોડ પૂર્વના આયુષ્યમાં પણ દીક્ષા લીધા પછીના આખા જીવનનો ભેગો કરો તો પણ અંતર્મુહૂર્તનો છે, કે જેમાં છેલ્લે ક્ષપકશ્રેણીના યોગે કેવળજ્ઞાન થતા વખતનો સાતમા ગુણઠાણા પછીનો કાળ પણ આવી જાય છે. એક મતે તો છટ્ઠું પણ એક સાથે અંતર્મુહૂર્ત જ વધુમાં વધુ રહે. જાય આવે એ વાત જુદી આ મતે છઠ્ઠા સાતમા

ગુણસ્થાનકમાંથી એક પણ ગુણસ્થાનક અંતર્મુહૂર્ત થી વધારે ટકે નહિ. તરતમતા બધે હોય. (જિ. વ. ૧૨/અંક ૧૬)

---

**૧૦૬. સભા : કરોડ દેવતા છતાં ગોશાળો ઉપસર્ગ કેમ કરી ગયો ?**

**પૂજ્યશ્રી** : જો કે પ્રભુ માટે તો એ બનાવ આશ્ચર્યરૂપ બન્યો છે, છતાંય કર્મના સ્વરૂપની ગમ પડી જાય, તો આ પ્રશ્ન રહે નહિ. સુભૂમ ચક્રવર્તીનું ચર્મરત્ન પકડનાર ચોસઠ હજાર દેવતાને, જ્યારે સુભૂમનું આવી બન્યું ત્યારે, એક સાથે વિચાર થયો કે હું એકલો મૂકી દઉં તેમાં શું વાંધો? આ બધાને સાથે વિચાર શાથી આવ્યો ? સુભૂમના કર્મયોગે ! તીવ્ર કર્મનો ઉદય આવે, ત્યારે સાથે રહેનારાઓની બુદ્ધિમાં વિભ્રમ થાય. ભગવાન પાસે જ્યારે ગોશાળો આવ્યો, ત્યારે જો કે ભગવાને ખુદે બોલવાની ના કહી હતી, છતાં સુનક્ષત્ર અને સર્વાનુભૂતિ - એ બે મુનિઓથી ન રહેવાયું : શું એમાં એમણે ભૂલ કરી ? એ આજ્ઞાભંજક ? શાસ્ત્ર કહે છે કે 'નહિ, એમાં આજ્ઞાભંજનનો ઈરાદો નથી, પ્રભુની ભક્તિ છે.' અને એવી બુદ્ધિ થઈ એનું કારણ પણ ભવિતવ્યતા જ એવી છે, અને એ રીતે એમનું મૃત્યુ સરજાયું છે. જ્ઞાનીની દૃષ્ટિએ જે વસ્તુ નિયત છે, ત્યાં પ્રશ્ન ન હોય ! કોઈ પૂછે કે ભગવાન ખુદ કોઈનું બૂરું નહોતા ઈચ્છતાં, છતાં ગોશાળો ઉપસર્ગ કરવા કેમ આવ્યો ? ભાઈ ! દુર્જનનું એ કામ છે કે સજ્જનો સામે કાદવ ઉડાડવો. સજ્જનોને યેન કેન પ્રકારેણ સંતાપવા, એ દુર્જનોનું કામ છે. સારું-ખોટું જુએ તો એ દુર્જન શાનો ? દુર્જનનું કામ એ કે ન વિચારે, ન માને : એ તો લાખ ફેંકે, વાગે એટલા ખરા. અશુભ કર્મના ઉદય વખતે જીવો સારાને સારા તરીકે સમજી શકતા નથી. (આચારાંગ ભાગ-૧)

---

૧૦૭. સભા : ભગવાને આહારપાણીની વિધિ કેમ ન કહી ?

પૂજ્યશ્રી : કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી શ્રી જિનેશ્વરદેવો ધર્મોપદેશ આપતા નથી. પોતાને ધર્મ સ્થાપવો છે માટે પ્રભુ છદ્મસ્થાવસ્થામાં દેશના ન દે. છદ્મસ્થાવસ્થા અને કેવલી અવસ્થામાં ફરક છે. બીજી વાત, પેલા તો યુગલિયા હતા, કશું જાણતા ન હતા, એમને તો ખુલ્લું સમજાવવું પડે.

---

૧૦૮. સભા : એ સ્થિતિ તો કેવળજ્ઞાન થયા પછી પણ ખરી ને ?

પૂજ્યશ્રી : તીર્થ સ્થપાય ત્યારે જનતામાં એ યોગ્યતા આવી જાય છે. તીર્થ ભગવાને સ્થાપ્યું પણ દાન દેવાની વિધિ તો શ્રેયાંસકુમારે બતાવી ને ? પછી સ્વરૂપ ભગવાને કહ્યું, પણ બતાવી શ્રેયાંસકુમારે. તીર્થ સ્થાપતાં પહેલાં બધાં કારણ આવી જ મળે છે. પ્રભુમાર્ગનું સર્વથા પાલન સર્વથા ત્યાગીવર્ગ કરી શકે છે. સાવદ્ય યોગનો સંપૂર્ણ ત્યાગ જોઈએ, નહિ તો આ શાસનની વસ્તુ પરિણમે જ નહિ.

**ઋષભદેવ ભગવાન એમના કલ્પ મુજબ વર્તે છે :**

ભગવાન શ્રી ઋષભદેવ સ્વામીએ પૂર્વાવસ્થામાં બધું કર્યું પણ પછી કેવળજ્ઞાન પામી જનતા સામે ધર્મ મૂક્યો ત્યારે સર્વ સાવદ્ય યોગના પચ્ચક્ખાણનો અમલ પૂરો કે અધૂરો ? આજે તો ફાવતી વાત લેવી એ માન્યતા થઈ છે. એને લઈને શ્રી જિનેશ્વર દેવનું સ્વરૂપ પમાતું નથી. પહેલા તીર્થંકરનો કલ્પ પણ કળી શકતા નથી. પહેલા તીર્થંકર કઈ રીતે વર્તે તે જોવાની દૃષ્ટિ એમની પાસે નથી. ઋષભદેવ સ્વામી આ અવસર્પિણીના પહેલા તીર્થંકર

હતા. એ થયા ત્યારે જનતાની સ્થિતિ કઈ હતી ? શું ખાવું, શું પીવું, શું કરવું એ કાંઈ લોકો જાણતા ન હતા. એ વખતે ભગવાન એમના કલ્પ મુજબ વર્તે છે, તો પણ એ બધાને શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા સર્વ સાવદ્ય કહે છે. એ જીવન જો પાપવાળું ન હોત તો, નિરવદ્ય હોત તો સર્વસાવદ્ય યોગનું પચ્ચક્ખાણ ભગવાન શું કામ કરત ? એ પચ્ચક્ખાણ કર્યું ત્યારથી પાપ તો કબૂલ્યું ને ? પચ્ચક્ખાણ પછીની કાર્યવાહી વિચારવાની કે નહિ ? એમાં કમી ન રાખી તો કેવળજ્ઞાન પામ્યા, ધર્મ સ્થાપ્યો અને એના સંચાલન માટે ત્યાગીને નીમ્યા. સર્વ સાવદ્યના ત્યાગીથી હવે પૂર્વની કોઈ પણ સાવદ્ય પ્રવૃત્તિની અનુમોદના પણ ન થાય. અનુમોદનાથી કરવું-કરાવવું પણ આવી જાય છે.

**૧૦૯. સભા : ચતુર્વિધ સંઘની સ્થાપના પહેલા તીર્થ તો છે જ નહિ છતાં તીર્થંકર કઈ રીતે તીર્થને નમે છે ?**

**પૂજ્યશ્રી** : તીર્થ તો શાશ્વત છે. તીર્થના યોગે તો પોતે તીર્થંકર બન્યા છે ને? અમુક કાળમાં તીર્થનો ત્યાં અભાવ હતો માટે એ અપેક્ષાએ પોતે એના સ્થાપક પણ તીર્થ તો શાશ્વત. મહાવિદેહમાં તો તીર્થ ખરું ને ?''ભરત ક્ષેત્રના તીર્થને નમું છું.' એમ ભગવાન બોલ્યા છે ? તીર્થ શાશ્વત છે, માટે જેમાં તીર્થ છે તે પૂજ્ય છે.

** રૂપી-અરૂપી બંને પદાર્થોને દેખાડે તેનું નામ શ્રી જિનેશ્વર દેવ !*

**૧૧૦. સભા : શ્રાવકોનો સમૂહ એ પણ સંઘ કહેવાય છે ને ? અમદાવાદનો સંઘ, સુરતનો સંઘ, એ રીતે ઓળખાય છે ને ?**

**પૂજ્યશ્રી** : ત્યાં સમુદાય એટલે સંઘ, એ શબ્દ રૂઢ થયો છે. સંઘનું સ્વરૂપ સમજો.

**૧૧૧. સભા : તો રુઢિમાં આ માન્યતા કેમ રાખી ?**

**પૂજ્યશ્રી** : કેમ કે સંઘમાં સંઘત્વ હતું માટે રુઢિ માન્ય રહી. સંઘત્વ શું, એ સમજો. એ સંઘત્વ ઊડી જાય તો પછી એ સંઘ નહિ પણ ટોળું. તીર્થંકરદેવો પણ તીર્થની પ્રતિષ્ઠા કરે છે. આચાર્ય 'નમો આયરિયાણં' ન બોલે ? પોતે જ આચાર્ય તો છે. છતાં, એમને પણ આચાર્યપદ પૂજ્ય છે. ઉપાધ્યાયપદ તથા સાધુપદને પણ એ નમે છે. પાંચે પદને નમે અને એનો જાપ પણ કરે. એ માને છે કે હું પણ પાંચે પદને ન પૂજું તો મારું પણ કલ્યાણ ન થાય. ઉપાધ્યાય તથા સાધુપદને નીચું માની પદપૂજન એ છોડી દે તો એ આચાર્ય પણ મિથ્યાદૃષ્ટિ થાય. ઉપાધ્યાય તથા સાધુને ન વાંદે પણ એ બન્ને પદને જરૂર વાંદે. પદ તથા વ્યક્તિમાં ભેદ છે, વ્યક્તિમાં નાના મોટાપણું જોવાય, પદમાં તો બધાને નમવાનું.

**૧૧૨. સભા : અરિહંત પાંચે પદને નમે ?**

**પૂજ્યશ્રી** : અરિહંતો તીર્થને નમે છે અને એ તીર્થમાં પાંચે પદ છે.

**૧૧૩. સભા : પાંચે પદનો જાપ કરે ?**

**પૂજ્યશ્રી** : જાપ કરવાનો રહ્યો નથી. કેવળજ્ઞાન નહોતું થયું ત્યાં સુધી બધું હતું. પોતે એ જ ભવમાં મોક્ષે જવાના છે એ નક્કી જાણવા છતાં દીક્ષા લે, ત્યાગ કરે, સંયમ પાળે અને પાંચે પદને નમે છે.

**૧૧૪. સભા : આપ 'અહુાઈજ્જેસુ' બોલો ?**

**પૂજ્યશ્રી** : હા ! તમારે અને અમારે બોલવાનું. સ્થાનફેર છે પણ બોલવાનું તો ખરું. સર્વજ્ઞને જાપ બાકી રહેતો નથી. જાણવાનું તે જાણ્યું અને જોવાનું તે જોયું.

**૧૧૫. સભા : તીર્થંકર બોલે કઈ ભાષામાં ? ૐકાર ધ્વનિ મસ્તકમાંથી નીકળે એમાંથી ભાવ સમજી ગણધર સમજાવે ?**

**પૂજ્યશ્રી** : ના એવો દુભાષિયો કોર્ટની જેમ અહીં નથી. ભગવાન અર્ધમાગધી ભાષામાં બોલે અને તે સર્વને પોતપોતાની ભાષામાં પરિણમે. એ વાણીનો અતિશય છે. ભગવાન માલકોશ રાગમાં બોલે છે. અર્ધમાગધી એટલે એમાં બીજી ભાષા ભળેલી હોય. એ ભાષા સર્વત્ર રૂઢ હોય. દેવતા પણ એ ભાષામાં બોલે. માલકોશ રાગમાં બોલવાનો હેતુ એ કે એમાં રસ વધુ આવે. ભગવાન દેશના દે માલકોશ રાગમાં અને દેવતા એમાં દિવ્યધ્વનિનો સૂર પૂરે. ભગવાનની દેશના મધુર તો છે જ પણ દેવતા તો ભક્તિથી એમ કરે છે.

(આચારાંગ ભાગ-૭)

**૧૧૬. સભા : 'સંસારમાં રહેવા છતાં નિર્લેપ રહી શકે એવા આત્મા હોય ?'**

**પૂજ્યશ્રી** : હોય કદી, પણ તે 'અમે નિર્લેપ છીએ' એમ કહે નહિ.

---

**૧૧૭. સભા : 'સંસારમાં નિર્લેપપણે રહી શકાય છે, એ સિદ્ધાન્તના સમર્થન માટે એમ ન કહે ?'**

**પૂજ્યશ્રી** : સમર્થન માર્ગનું થાય. એવા નિર્લેપ થોડા. માર્ગ કોનું નામ ? જે થોડાને મળે તે માર્ગ કે દરેકને સુલભ હોય તે માર્ગ ?

શ્રી જિનેશ્વરદેવ છદ્મસ્થકાળમાં ગૃહસ્થાશ્રમમાં નિર્લેપ હતા, ભોગો પણ નિર્લેપપણે ભોગવતા હતા, પણ એટલા માટે ભોગો ભોગવવામાં હરકત નથી એમ એમણે કહ્યું ? ઠીક છે, જે આત્મા જેટલે અંશે નિર્લેપ હોય તેટલે અંશે એને લાભ છે પણ નિર્લેપ પોતાની નિર્લેપતાનાં બણગાં ન ફૂંકે. જો પોતાને સર્વથા બંધન નથી તો સંસારમાં રહ્યો છે શા માટે ?

શ્રી જિનેશ્વરદેવોએ પોતા માટે પણ કબૂલ્યું કે જ્યાં સુધી નથી નીકળાતું ત્યાં સુધી ચારિત્રમોહનીયનો ઉદય છે. ભોગ ભોગવવા પડે છે એ પણ કર્મની આધીનતાથી, એ વાતનો એમણે પણ સ્વીકાર કર્યો છે. કર્મ છોડવા માટે ઘણી કાર્યવાહી કરવી પડશે અને તે એવી કે જેથી આત્મા ઘવાય નહિ. જેમ બીજી ક્રિયામાં વિવેકની જરૂર છે, તેમ ધર્મમાં પણ વિવેક આવશ્યક છે. અત્યારે (કાયમી) અનશન કરવાની આ શાસન ના પાડે છે. ખાવામાં, પીવામાં પાપ એ વાત સાચી પણ એ સર્વથા છોડાવવાની અત્યારે સ્થિતિ નથી. એમ કરવા જતાં કર્મ છૂટે થોડાં અને બંધાય ઘણાં ત્યાં શું થાય ? અણાહારીપદની પ્રાપ્તિ

માટે જ ક્રમસર આ બધી ક્રિયા છે એમાં ના નહિ પણ અણાહારી બનવાનાં (અનશનના) પચ્ચક્ખાણ આજે ન અપાય.

---

**૧૧૮. સભા : 'ભગવાન પોતે તેમની પહેલાંના તીર્થંકરના સંતાનિયાને નમે કે નહિ ? અર્થાત્ મહાવીર ભગવાન શ્રી પાર્શ્વનાથ પરમાત્માના સંતાનીયાને ગૃહસ્થપણામાં નમે કે નહિ ?'**

**પૂજ્યશ્રી** : મોટે ભાગે એવો યોગ આવતો જ નથી અને કદાચ આવે તો ઔચિત્ય સાચવે, ઉચિત રીતે વર્તે. ભગવાન માતાપિતાને હાથ નથી જોડતા ? જોડે છે. વાત અનશનની ચાલતી હતી તેમાં અવાંતર પ્રશ્ન થયો. મૂળ વાત પર આવીએ. અત્યારે એવા અનશનનું પચ્ચક્ખાણ ન અપાય કેમ કે ત્યાં પરિણામ ટકે કે નહિ તે વિચારવાનું છે. વિવેક ન ભુલાવો જોઈએ. ક્રમસર આજ્ઞાનુસાર આરાધના થાય.

---

**૧૧૯. સભા : 'જૈનદર્શનમાં હઠયોગ છે કે નહિ ?'**

**પૂજ્યશ્રી** : નિરપેક્ષપણે હઠયોગ કરનારા મિથ્યાદૃષ્ટિ છે. એ તો મન, વચન, કાયાને ખરાબ કરે છે. જૈનદર્શન અપેક્ષાએ બધી વાત સ્વીકારે, નિરપેક્ષપણે કોઈ વાત ન સ્વીકારે.

સૂત્રકાર ધૂતવાદને શરૂ કરતાં પહેલા સ્વજનધૂનન કહે છે, કેમ કે એને 'સહેલું તથા કરી શકાય તેવું' એ ફરમાવે છે. સહેલામાં સહેલો ત્યાગ આ છે. તમને એ નથી લાગતો. જે શ્રાવક લક્ષ્મીની મૂર્ચ્છા ન ઉતારી શકે તે પામર શ્રી

જિનેશ્વરદેવના ચારિત્રને શું પાળે? યોગશાસ્ત્રમાં આ વાત છે. 'क्थं वराकश्चारित्रंदुश्चरं स समाचरेत् ?' એવા શબ્દોમાં કહેલી છે. શ્રી જિનેશ્વરદેવના શાસનને જાણ્યા પછી પૈસાનું મારાપણું ન છોડે, તેએ પરમાત્માનું સંયમ આચરે એ 'ન ભૂતો ન ભવિષ્યતિ.' તુચ્છ એવી લક્ષ્મીમાં જે લેપાય તે ઊંચે આવે? બાહ્ય સંયોગોના ત્યાગમાં અખાડા કરી પોતાને આંતરધર્મી કહેવરાવનારા બધા લુચ્ચા છે, સિવાય બીજી જાતના નથી. વાત આંતર ત્યાગની કરે અને બાહ્ય ત્યાગમાં આમળા જેવું મોટું મીંડું હોય એનું કારણ ? પાછો વળી બચાવ કરે કે 'આંતરત્યાગીને બાહ્ય ત્યાગની જરૂર શી ?' શાસ્ત્રકાર કહે છે કે, 'એ લુચ્ચાની જમાત છે.' એવાઓને અહીંથી ખસેડવા જોઈએ. એવાઓને આ શાસનમાં સ્થાન નથી. આંતરત્યાગ સ્પર્શે તે કદાચ અંતરાયના યોગે બાહ્ય ત્યાગ ન કરી શકે તે બને પણ તે બાહ્યત્યાગની વાતમાં અખાડા ન કરે, 'એમાં હરકત શી?' એમ ન બોલે. કાદવ-કિચ્ચડમાંથી બહાર નીકળવાની ઈચ્છાવાળો 'અહીં આવો, બહુ મજા છે' એમ ન કહે, એમ કહેતો કોઈને કદી સાંભળ્યો છે ? એ તો પગ ઉપાડી બહાર નીકળવા તૈયાર જ હોય, કોઈ કાઢનારની જ રાહ જોતો હોય.

---

**૧૨૦. સભા : 'અનંતજ્ઞાની પાસે કોઈ ધૂર્ત આવીને પ્રશ્ન પૂછે તો જવાબ આપે ?'**

**પૂજ્યશ્રી** : એકલો આવે તો મૌન રહે પણ સભામાં પૂછે તો જવાબ આપે કેમ કે બીજાઓને બચાવવા છે. (આચારાંગ ભાગ-૮)

**૧૨૧. સભા : 'ભગવાનને ગૃહસ્થાશ્રમમાં પચ્ચક્ખાણ નહિ ?'**

**પૂજ્યશ્રી** : નવકારશીનું પણ પચ્ચક્ખાણ નહિ; પણ તમે પચ્ચક્ખાણ વાળા કરતાં એ પચ્ચક્ખાણ વગરના ઘણા ઊંચા. તમે તો નવકારશી કરો, પણ ક્યારે ટાઈમ થાય તેની રાહ જુઓ; એ રાહ ન જુએ. એમનો વીર્યોલ્લાસ એવો કે એ થયો કે આત્મા સીધો ઊંચે જાય. સંયમ લે ત્યારથી જ અભિગ્રહો ભયંકર. પહેલો જ અભિગ્રહ એ કે, જમીન પર બેસવું જ નહિ. પુષ્પની શય્યામાં પોઢનારા, દેવતાઈ સામગ્રીમાં મહાલનારા, સંયમ લે ત્યારથી કેવળજ્ઞાન થાય ત્યાં સુધી બેસે જ નહિ. એમની પ્રતિજ્ઞામાં પોલ નહિ. 'અભી બોલા અભી ફોક' એ તો ગમારોમાં ચાલે. બધા શ્રી તીર્થંકરદેવો માટે એક જ કાયદો, માટે એ જીવનને ન સ્પર્શો. દુનિયાના ગમે તેવા ભોગી પણ ચક્રવર્તીના ભોગને ન ભોગવી શકે, તેમ ગમે તેવો ધર્મી પણ શ્રી તીર્થંકરદેવે આચરેલા ધર્મને એમના જેવો ન આચરી શકે. શ્રી જિનેશ્વરદેવોનું જીવન તો એ જ જીવી શકે.

---

**૧૨૨. સભા : 'શાલિભદ્ર તો દેવતાઈ ભોગ ભોગવતા હતા ને ?'**

**પૂજ્યશ્રી** : એ તો દેવ એને પચે એવાં જ ભોજન આપે. ચક્રવર્તીનાં ભોજન દરેક ન કરી શકે. એનું દૂધ એ જ પીવે, બીજાથી તો એનું ટીપું પણ ન પીવાય. શ્રી તીર્થંકરદેવ દેશના પણ પોતાના આત્માના માટે દે છે; 'પારકાના ભલા માટે દેશના દઈએ છીએ' એવો આડંબર એમણે નથી કર્યો. આપણે જરૂર તેમને ઉપકારી માનીએ પણ એ પોતે તો તીર્થ સ્થાપે ત્યારે પણ ઉદાસીન જ હોય. પંપની સાથે નળનું જોડાણ થાય એટલે પછી પાણી ક્યાંથી આવ્યું, એ

ન પુછાય. એ રીતે શ્રી તીર્થંકરદેવોને કેવળજ્ઞાન થયા પછી બોલાયે જ જાય. એમણે જન્મ લીધો નથી. પણ એમનો જન્મ થયો છે. જન્મ લે એ બીજા, જન્મ તો કર્મથી જ થાય.

---

**૧૨૩. સભા : 'કહ્યું છે ને ! यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ! એ શું?'**

**પૂજ્યશ્રી** : 'જ્યારે જ્યારે ધર્મમાં પડતી આવશે ત્યારે ત્યારે હું અવતાર લઈશ' એ ઈતરોની માન્યતા છે, આપણી નહિ.

મુક્તિ, આત્મા, પરલોક, પુણ્ય, પાપ વગેરે શબ્દોમાં ઈતર દર્શન સાથે શબ્દ-સામ્યતા છે. પણ એટલા માત્રથી શંભુમેળો કરવાનું કહેવું એ મૂર્ખતા છે. એ લોકો પણ આત્મા, મોક્ષ વગેરે માને પણ જૈનશાસનની માન્યતામાં અને એમની માન્યતામાં લાખો ગાઉનું અંતર છે. એમને સ્વરૂપ પૂછો તો વાત અટકશે. સ્વર્ગની વાત પૂછો તો - 'ત્યાં બહુ સુખ છે, દેવાંગનાઓ મળે.' વગેરે કહે, પણ વસ્તુ સ્વરૂપ, ત્યાંની સ્થિતિ, આયુષ્ય, દેહપ્રમાણ એ બધું ક્યાંથી કહે ? શબ્દની સમાનતાથી બધાને સરખા ન મનાય.

**આપણે ઈશ્વર કોને માનીએ ?**

આપણે ઈશ્વર કોને માનીએ છીએ ? રાગ-દ્વેષ ખપાવી એવે સ્થાને જાય કે જ્યાં શરીર નહિ, પ્રાણ નહિ, કશું નહિ. આવી સ્થિતિ પામે એ સિદ્ધ. આ તો કહે છે કે, 'એ પાછો જન્મે, કોઈકનો દીકરો થાય, રાજગાદીએ બેસે, અનેક સ્ત્રીઓ પરણે વગેરે.' કર્માભાવ દશામાં કર્મસદ્ભાવ દશા બતાવવી એ મૂર્ખતા છે. જન્મનો હેતુ શો ? ઈચ્છા કહો તો ઈચ્છા પણ કર્મજન્ય છે.

**૧૨૪. સભા : 'પોતાનું શાસન બગડ્યું જાણીને ન આવે ?'**

**પૂજ્યશ્રી** : પ્રભુએ કોઈ નવું શાસન સ્થાપ્યું જ નથી. અનાદિકાળથી સઘળા શ્રી તીર્થંકરદેવો એક સરખું શાસન સ્થાપતા આવે છે. શાસનનું શું થવાનું એ પોતે જાણી જ રહ્યા છે. હાયવોય કોને થાય ?

**૧૨૫. સભા : 'લોક–કલ્યાણ માટે જન્મે છે ને ?'**

**પૂજ્યશ્રી** : એ માન્યું પણ જન્મે કોના યોગે ? જેમ બીજ વિના અંકુરો નહિ તેમ જન્મ માટે કારણ નહિ ? જન્મનું કારણ કર્મ છે. કર્મના ઉદય વિના જન્મ ન થાય કાર્ય-કારણમાં બાધા પહોંચે તેવી આ શાસનમાં એક પણ વસ્તુની કલ્પના નથી.

અગ્નિનો સ્વભાવ બાળવું એ ખરું, પણ અગ્નિ ક્યારે પ્રગટ થાય ? બે કાષ્ટ ઘસાય ત્યારે. અહીં પણ જન્મવાનું કારણ શું ? આત્માનો સ્વભાવ જ્ઞાનાદિ ગુણ રૂપ ખરો, પણ પ્રગટે ક્યારે ? વળી લોકનું અકલ્યાણ કેમ થયું એ પણ પ્રશ્ન છે ને ? જો ત્યાં કર્મની વાત કરાય તો તો કર્મ કરે બીજા અને બચાવવા એ જાય એમ ? એ બચાવ ટકતો જ નથી. શબ્દ સમાનતાથી તત્ત્વની સમાનતા ન મનાય.

**ફાવતું લેવું એ ગાઢ યા આભિનિવેશિક મિથ્યાત્વ :**

શ્રી જિનેશ્વરદેવોએ ભોગવેલા તથા સેવેલા પદાર્થો ભોગ્ય તથા સેવ્ય, એ ભાવના આવે એ ગાઢ મિથ્યાત્વ છે. અર્થાત્ મિથ્યાત્વનો ગાઢ ઉદય છે. અંધારે કોઈ ન દેખે એ બને; પણ લાઈટ કર્યા છતાં ન દેખે તો એને આંધળો

કહેવો પડે. એ રીતે શ્રી જિનેશ્વરદવેનું શાસન જાણ્યા બાદ, સાંભળ્યા બાદ, એમની આરાધનાના પ્રકાર જાણ્યા પછી પણ 'એ રમ્યા તો અમે કેમ ન રમીએ? એ પરણ્યા તો અમે કેમ ન પરણીએ ?' એ ભાવના આવે તો ગાઢ મિથ્યાત્વનો ઉદય જાણવો. એવા આત્માઓ તો 'જીવરામ ભટ' જેવા છે. એ પડે તોયે પોતાને આંધળા ન જણાવે, પણ 'જમીન પર શું પડ્યું છે' એ જોવા પડ્યા, એમ કહે અને લોહી નીકળે તોય 'એ લાલ છે કે કાળું', એ જોવા કાઢ્યું હતું એમ કહે. એ ગાઢ મિથ્યાત્વ યા આભિનિવેશિક મિથ્યાત્વ છે. એવા લોકો કહે છે કે, 'ભગવાનશ્રી મહાવીરના મા-બાપે શું કર્યું ? શાસ્ત્ર-શિરોમણિ કલ્પસૂત્રમાં પણ આવે છે ને ?' આ રીતે પોતાનો બચાવ કરે છે.

---

**૧૨૬. સભા : 'સાધુ આવું કહે તો ?'**

**પૂજ્યશ્રી** : કહે છે; તમે સમજો તો ભલે, નહિ તો તમે જાણો. ગ્રાહકમાં પરીક્ષા-શક્તિ તો જોઈશે. કાછિયાએ જેવું શાક આપ્યું એ લાવ્યો, એમ કહો તો મૂર્ખમાં ખપો. ભોળા અને અજ્ઞાન તો ડૂબવાના, એનો ઉપાય નથી. 'ધર્મગુરુ' એવા નામ માત્રથી નમવાનું નહિ; એ એવા છે કે નહિ, આજ્ઞા પાળે છે કે નહિ એ ખાસ જોવાનું. ભવાભિનંદી જેમ સંસારમાં ભયંકર તેમ અહીં આવે તો એ વધારે ભયંકર; એ વિદ્વાન બને તો મહાભયંકર.

ભગવાને સર્વસ્વ તજીને સાડા બાર વર્ષ સુધી શરીરને ભયંકર અટવીમાં શા માટે વહેતું મૂક્યું ? આત્મતત્ત્વને શોધવા માટે, દબાયેલા આત્મ સ્વરૂપને પ્રગટાવવા માટે. પોતે અત્યાર સુધી જ્યાં રહ્યા તેને - રંગરાગ, સાહ્યબી,

વિષય-કષાય-એ તમામને ખોટું કબૂલ્યું, સભામાં એમ જ કહ્યું અને ગણધરદેવોએ સૂત્રોમાં એ જ ગૂંથ્યું. શરીરની સેવા કરવી જોઈએ એમ ક્યાંય લખ્યું છે ? શ્રી જિનેશ્વરદેવના જીવનમાંથી ફાવતી વાત લેવી, એ ગાઢ મિથ્યાત્વ છે. જો શરીરની સેવા કરવા યોગ્ય હોત તો સર્વ સાવદ્યના ત્યાગની જરૂર શી હતી? શરીરની શુશ્રૂષા સિવાયના સાવદ્યનો ત્યાગ', એવી શરત છે? નહિ.

**શાસ્ત્ર કહે છે કે આંધળિયાં ન કરો :**

જે સાધુઓ તમને કહેતા હોય તેમને પૂછો કે, 'જેની પાસે તમે પ્રતિજ્ઞા કરી તેને સુગુરુ માનો છો કે કુગુરૂ ? જો કુગુરૂ માનતા હો તો એમ બોલો અને સુગુરુ માનતા હો તો થોભો.' જો શરીરની સેવા જ ધર્મ હોય તો એ પોતે કેમ કરતા નથી એ પૂછો. ગૃહસ્થ કરતાં શરીર તો મુનિનું કિંમતી વધારે છતાં એની સેવા એ કેમ કરતા નથી ? એમણે તો તમારા કરતાં સો ગુણી કરવી જોઈએ ને ? હું તમને કહું છું કે તમે મુક્તિના અભિલાષી થાઓ ! ગ્રાહક તે કે જેને ત્યાં જે માલ મળે તે લેવાની ઈચ્છાવાળો હોય. તમે અર્થી બનો ! એક રૂપિયો ખોટો આવી જાય તો ફેંકી દ્યો છો ને ? જો તમારામાં અર્થીપણું આવે તો શાસ્ત્ર કહે છે કે, એવા કોઈ નામદાર ગુરુની શક્તિ નથી કે તમને ફસાવે. જન્મથી જ તમને કહેવામાં આવે છે કે, આંધળિયાં કરીને દેવ-ગુરુને ન માનતા. એ રીતે માનનારા જૈનકુળમાં જન્મેલા છતાંયે મિથ્યાદષ્ટિ છે. વીતરાગ દેવ અને નિર્ગ્રંથ ગુરુને પણ જો આંખો મીંચીને માન્યા તો સમ્યક્ત્વ દૂર. શાસ્ત્ર કહે છે કે, આંધળિયાં ન કરો. ત્યાં 'અમે તો અજ્ઞાન છીએ' એવો બચાવ ન ચાલે. તો તો પછી કુમતમાં પણ ઘણાંયે ધર્મના અર્થી છે, તો એની મુક્તિ ન થાય ? શાક્ત (અઘોરપંથ) મત તો એવો છે કે, જે ચીજોને જોવી ન ગમે તેની એ પૂજા કરે છે.

એમને મુક્તિ મળે ? જો એમ અજ્ઞાનના બચાવ હોય તો શ્રાવક જ કેમ સાધર્મી? વૈષ્ણવ કેમ નહિ ?

**૧૨૭. સભા : 'જેમ જૈન નવકાર ગણે તો નિર્જરા થાય, તેમ ઈતર જૈનેતર નવકારનો જાપ કરે તો એને નિર્જરા ન થાય ?'**

**પૂજ્યશ્રી** : થાય. પુણ્ય થાય, નિર્જરા પણ થાય, પણ પછી ? રૂપિયો હાથમાં હોય ને માલ લેવા જાઓ તો બજારમાંથી મળે, પણ હાથમાં કાંકરો હોય તો ? ગુરુએ આપ્યું એ લીધું, એમ કહેવા માત્રથી ગુનાનો બચાવ થતો હોય તો ઈતર ગુનેગાર નથી. સાધન ઠીક મળે તો પુણ્યોદય. તમે જૈન જાતિમાં જન્મ્યા એટલા પુણ્યશાળી; પણ જ્યાં સ્વાર્થ સધાય એને જ ગુરુ માનવાનું રાખ્યું તો મૂઆ પડ્યા છો. અર્થ-કામને તજીને નીકળેલાં ગુરુ અર્થ-કામની વાત ન જ કરે, એ તમે નથી જાણતા ? જે તજ્યું એનો ઉપદેશ ન અપાય તે નથી જાણતા? જાણો તો છો, પણ દૃષ્ટિ ખોટી છે. ઝવેરી કોલસાનો વેપાર કરે તો જાણવું કે અક્કલનો અધૂરો છે. પછી એને ત્યાં ઝવેરાત લેવા ન જવાય. તમે સમજી તો બધું શકો છો પણ મારી પાસે બીજું કહેવરાવવા માંગો છો; પણ હું તે ન કહું. (આચારાંગ ભાગ-૮)

**૧૨૮. સભા : 'ભગવાને સુલસાને ધર્મલાભ કેવળજ્ઞાન થયા પછી કહેવરાવ્યો ?'**

**પૂજ્યશ્રી** : ભગવાન કેવળજ્ઞાન થયા પહેલાં બોલે ? નહિ જ.

**૧૨૯. સભા : 'વીતરાગને એવું કહેવરાવવાનો હેતુ શો ?'**

**પૂજ્યશ્રી** : અંબડ નવો શ્રાવક હતો, એને સ્થિર કરવો હતો અને એને સુલસાની સોબત કરાવવી હતી.

---

**૧૩૦. સભા : 'સુલસાને વખાણવાનો હેતુ નહિ ? ભગવાન કોઈને વખાણે?'**

**પૂજ્યશ્રી** : ભગવાન ધર્મીને વખાણે. અંબડને એ દેખાડવું હતું કે સમ્યગદષ્ટિ આવા હોય. આવી સુલસાની દઢતા જોઈ અંબડ પણ સ્થિર થયો, પામી ગયો.

**આજના લોકોની હાલત :**

આવી પરિસ્થિતિમાં સુલસાને એક રૂંવાડે પણ ત્યાં જવાનું મન ન થયું એ કાંઈ કમ વાત છે ? આજે જો કોઈ એવો આવે તો મને લાગે છે કે બધાના ચાંલ્લા ભૂંસાઈ જાય અને મંદિરમાંથી ભગવાનની મૂર્તિ ઉપાડીને એની મૂકે, કેમ કે પેલા તો પરોક્ષ અને આ પ્રત્યક્ષ. કહી દે કે 'ચોવીસ ભલે થયા, પણ ખરો તો આ કે જે હાજરાહજૂર છે.' કોઈ ત્યાં કહે કે - 'પચીસમા તો ન થાય' તો પણ કહી દે કે - *'એમાં વાંધો શો ? ચોવીસે પોતાનું મહત્ત્વ વધારવા કહ્યું હશે, પણ* એમ કહેવામાં એ ભૂલેલા.' આજના લોકોની આ હાલત છે.

**સુલસાની કસોટી કમ નથી થઈ :**

*અંબડે તો દેવ માત્રના રૂપો કર્યા હતાં; દેખતાં જ જોનાર અંજાઈ જાય અને* શ્રદ્ધા થઈ જાય તેવી સ્થિતિ હતી; લબ્ધિથી બ્રહ્મા બન્યો, વિષ્ણુ બન્યો, શંકર

બન્યો અને જિન પણ બન્યો છતાં સુલસા ન ગઈ તે ન જ ગઈ. આ કસોટી કેમ કહેવાય ? આનું નામ સમ્યક્ત્વ. આજ તો એક જણ અહીં બહાર આવી બેસે, માથું જરા ઢાંકી મોંએથી ફૂંક મારે, જરા હો-હો કરે, પચાસને એક પાઠ ભણાવે અને પચાસને વળી બીજા પાઠ ભણાવે અને હવા જરા બહાર ફેલાય કે લોકોનાં ટોળાં ત્યાં ઉમટે. ભગવાનને, આગમને ભૂલીને બધા જ ત્યાં દોડવા માંડે તેવી હાલત છે.

**મેલડી ને નાળિયેર કેમ મનાય છે ?**

હજારો ત્યાં જાય અને કહે કે, 'એમાં કાંઈક છે' તો ડાહ્યો તો કહી દે કે 'એમાં તો કાંઈ નથી, પણ તમારામાં કાંઈક પેઠું છે, જેથી તમારી ડાગળી ખસી ગઈ છે'. આયુષ્ય ન વધે એ તો તમે જાણો છો ને ? ઈંદ્ર મહારાજાએ ક્ષણ માત્ર આયુષ્ય વધારવાનું કહ્યું તો ભગવાન મહાવીરદેવે જાતે જ કહ્યું કે, 'તીર્થંકરો પણ ક્ષણ માત્રનું આયુષ્ય વધારવા સમર્થ નથી.' આ તો તમે જાણો છો ને ? તેમ છતાં છોકરો માંદો પડે ત્યારે મેલડીને નાળિયેર કેમ મનાય છે ? આમાં કયો ગુણ ? એમાં કઈ હેતુશુદ્ધિ ? જો એમાં એવો હેતુ હોય કે 'દીકરો જીવીને દીક્ષા લઈને મોક્ષે જાય' તો એ હેતુ ધરાવનાર મેલડીને માને નહિ અને તે સિવાય બીજો હેતુ હોય તો એ હેતુ ખોટો છે. દુનિયા જ્યારે ગુણની પૂજારી થશે ત્યારે આવા બધાં લાલ-પીળાં ફરી જશે.

**મૂર્તિમાં સ્થાપના વીતરાગની છે :**

તમે મીઠું સાંભળવા કરતાં સાચું પણ કડવું સાંભળવાની ટેવ પાડો. નીરોગી થવાની ઈચ્છાવાળો કડક સ્વભાવના વૈદ્યને શોધે છે. જે માગો તેવી છૂટ આપનાર વૈદ્યને તો ડાહ્યો દરદી લોભિયા તરીકે ઓળખી લે છે.

**૧૩૧. સભા : 'ગુણાભાસને પૂજનારો વખત જતા ગુણને પૂજનારો ન થાય?'**

**પૂજ્યશ્રી** : ગુણને તો નહિ, પણ દુર્ગુણને પૂજતો થાય. રાગનો પૂજારી વૈરાગ્યને પૂજશે, એમ ? વેશ્યાને ત્યાં ભટકનારો કુળવધૂની કિંમત આંકશે ? કોલસાનો પરીક્ષક હીરા પારખશે ?

**૧૩૨. સભા : 'મૂર્તિમાં આરોપ કરીને પૂજા થાય છે ને ?'**

**પૂજ્યશ્રી** : મૂર્તિમાં ગુણાભાસ નથી પણ ગુણ છે, ત્યાં સ્થાપના વીતરાગની છે.

**૧૩૩. સભા : 'અહીં પણ ગુણાભાસમાં ગુણનો આરોપ કરે તો ?'**

**પૂજ્યશ્રી** : ત્યાં દોષનો સદ્ભાવ છે તેનું શું ? મૂર્તિમાં તો દોષ એક પણ નથી. જેને ગુણ ગમે તે હૈયામાં ગુણને અનુમોદે, પણ ગુણાભાસમાં ગુણનું આરોપણ કરવાની જરૂર શી ? પતિત સાધુ ચાલ્યો જતો હોય એનામાં સારા સાધુના ગુણનો આરોપ કરી વંદન કરનારો પોતાનો અનંત સંસાર વધારે છે એમ શાસ્ત્ર કહે છે. મૂર્તિમાં દોષ નથી. મૂર્તિ પાસે આવનારો લઈ જાય તો વીતરાગતા લઈ જાય, નહિ તો એમને એમ જાય; પણ દોષ તો ન લે ને ? આ જીવતાં ગુણાભાસવાળા પૂતળામાંથી તો દોષ પણ લે ને ?

ભગવાન મહાવીરના ગુણો કે સિદ્ધાન્ત જ્યાં જ્યાં દેખાય ત્યાં ત્યાં અમે બહુ રાજી છીએ. તામલી તાપસના તપને આ શાસ્ત્રે કાયકષ્ટ કહ્યું. એ તપને

નવકારશીથી પણ ઓછો કહ્યો. નવકારશીનું પલ્લું ઠેઠ નીચે જાય ત્યારે પેલા તપનું પલ્લું ઠેઠ ઊંચે જાય. સુલસા અંબડના ચમત્કાર જોવા જવાની ચોખ્ખી ના પાડે છે. એ તો કહે છે કે, 'સર્વજ્ઞના અનુયાયીઓને ચમત્કાર વગેરે કાંઈ જોવાનું મન જ ન થાય'. તમે તો સર્વજ્ઞના દીકરા છો ને ? સર્વજ્ઞના દીકરા જ્યાં ત્યાં જોવા ન દોડે, જ્યાં ત્યાં જોવા જવાનું મન એને ન થાય, નાટક, તમાશા, કુતૂહલ વગેરે જોવાની ભાવના સરખી પણ એને ન થાય. પ્રભુની આજ્ઞા પાલનમાં જ એ મક્કમ હોય. આજે ધર્મકથક મળવા દુર્લભ છે.

(આચારાંગ ભાગ-૯)

---

પૂર્વભૂમિકા : હૈયું તન્મય થાય પછી ઊંઘ ન આવે. શ્રી આદિનાથ ભગવાનને એક હજાર વર્ષમાં ફક્ત એક અહોરાત્રિની ઊંઘ, શ્રી મહાવીર ભગવાનને સાડાબાર વર્ષમાં ફક્ત બે ઘડીની ઊંઘ. (આ ઊંઘનો કાળ પણ એક સાથે નહિ, છૂટો છૂટો મળીને) આનું કારણ ? તન્મય હોય એને ઝોકું પણ શાનું આવે ? આજ્ઞાથી ખસે એને આવે.

**૧૩૪. સભા : 'ભગવાનને આજ્ઞા કોની ?'**

**પૂજ્યશ્રી** : અનંતા શ્રી જિનેશ્વરદેવોની. કલ્પસૂત્રમાં શું સાંભળો છો ? ભગવાન જ્યારે સંયમ લેવા પધારે છે ત્યારે કુળવૃદ્ધાઓ આશીર્વાદ આપે છે કે - 'હે ભગવન્! શ્રી જિનોપદિષ્ટ અકુટિલ માર્ગની તમે સમ્યક્પ્રકારે આરાધના કરજો.' દરેક શ્રી તીર્થંકરને અગિયાર કે બાર અંગનું જ્ઞાન તો હોય છે જ, તે મુજબ તેઓ ચાલે છે; અને તો જ એ આરાધી શકે. 'કરેમિ ભંતે' પાઠ બોલે છે કે નહિ ? એ 'કરેમિ ભંતે' શાશ્વતો છે.

**૧૩૫. સભા : 'ભગવાન પ્રતિક્રમણ કરે ?'**

**પૂજ્યશ્રી** : પ્રતિક્રમણ પાપની આલોચના માટે છે. ચોવીસે કલાક પાપને અટકાવીને ધ્યાનમાં રહેનાર ભગવાનને પ્રતિક્રમણની જરૂર નથી.

---

**૧૩૬. સભા : 'સાધુ માટે શો નિયમ ? બાવીસ તીર્થંકરદેવના સાધુ પ્રતિક્રમણ કરે કે નહિ ?'**

**પૂજ્યશ્રી** : બાવીસ તીર્થંકરના સાધુ દોષ લાગ્યો હોય તો પ્રતિક્રમણ કરે. ભગવાન શ્રી આદિનાથના અને ભગવાનશ્રી મહાવીરદેવના સાધુએ તો રોજ પ્રતિક્રમણ કરવાનું જ. બાવીસ તીર્થંકરના સાધુઓ સરળ તથા હોશિયાર છે. દોષ થયો કે નહિ તેઓ તરત જાણી શકે છે અને સરળ હોવાથી છુપાવતા નથી.

(આચારાંગ ભાગ-૧૦)

---

**૧૩૭. સભા : 'કેવળજ્ઞાન સમાન છતાં તીર્થંકર અને સામાન્ય કેવળીમાં આવો ભેદ કેમ ?'**

**પૂજ્યશ્રી** : શેઠિયાને પચીસ લાખની આવક છે અને ઠાકોરને બે લાખની આવક છે અથવા માનો કે શેઠીયા જેટલી આવક છે, પણ સલામ કોણ કોને ભરે ? ત્યાં રાજપુણ્ય છે. ગામ રાજાનું જ કહેવાય. શ્રી જિનેશ્વરદેવ તીર્થંકરનામકર્મના યોગે તીર્થ સ્થાપે છે.

---

** મર્યા પછી ન જન્મવું એનું નામ પરમાત્મા થવું.*

**૧૩૮. સભા : 'કેવળજ્ઞાની તીર્થંકરને નમે પણ તીર્થંકર એમને કેમ ન નમે?'**

**પૂજ્યશ્રી** : પૌદ્ગલિક સંયોગોની મહત્તા છે જ. મોક્ષમાં બન્ને સમાન કોટિના.

**મહાપુરુષો પણ મર્યાદા લંઘતા નથી :**

એક તીર્થંકરદેવની સાથે જઘન્યથી ક્રોડ દેવતા રહે. કેવળજ્ઞાની સાથે કોઈ ન રહે. ભક્તિથી કોઈ રહે તો વાંધો નથી પણ રહે જ એવો નિયમ નહિ. શ્રી જિનેશ્વરદેવ જ્યાં જાય ત્યાં સમવસરણ રચાય, કેવળજ્ઞાની જાય ત્યાં ન રચાય.

---

**૧૩૯. સભા : 'કેવળજ્ઞાની તીર્થંકરદેવને પગે લાગે ?'**

**પૂજ્યશ્રી** : સામાન્ય હાથ જોડે, કેમ કે ભગવાન એ શાસનના નાયક છે, સ્થાપક છે.

---

**૧૪૦. સભા : 'કેવળજ્ઞાની પર્ષદામાં શા માટે બેસે?'**

**પૂજ્યશ્રી** : એ કલ્પ છે. લોક સમજે કે કેવળજ્ઞાની પણ જેની દેશના સાંભળે તે દેશના બીજા કેમ ન સાંભળે ? કેવળજ્ઞાનીને સાંભળવાનું કાંઈ જ છે નહિ. એ તો બધું જાણી રહ્યા છે. ભગવાન શું બોલશે, અત્યારે શું બોલશે, પછી શું બોલશે એ બધું જાણે છે, પણ વિધિ કે મર્યાદાને મહાપુરુષો પણ લંઘતા નથી. શ્રી જિનેશ્વરદેવ પણ **'नमो तित्थस्स'** કહીને જ સમવસરણમાં

બેસે છે. યોગ્ય કક્ષાએ પહોંચેલા આત્માઓ પણ પોતાનો કલ્પ સાચવે છે. પોતે તીર્થપતિ થયા એના પ્રત્યેની કૃતજ્ઞતા હજી વિસર્યા નથી, એમ બતાવે છે. લોકપૂજિતથી પૂજ્ય પ્રત્યે એ પૂજ્ય જગતને એ રીતે દોરે છે. ધર્મનું મૂળ વિનય એમ પ્રતિપાદન કરે છે. કલ્પ, વિધિ, મર્યાદા સાચવવામાં મોટાઓને નાનમ લાગતી જ નથી.

**અપવાદ મૂળને બાધક ન હોય :**

શ્રી સંઘ શ્રી તીર્થંકરદેવની આજ્ઞામાં રહે છે માટે પૂજ્ય

---

**૧૪૧. સભા : 'કોઈ વ્યક્તિ તીર્થંકર જેવી ગુણવાન હોય તો પૂજ્ય મનાય?'**

**પૂજ્યશ્રી** : જેને તીર્થંકરનામકર્મનો ઉદય હોય, જેને કેવળજ્ઞાન થયું હોય, જેને આઠ પ્રાતિહાર્યો પ્રગટ થયા હોય અને જે પૂછે તે પ્રશ્નોના ઉત્તર આપતા હોય તેને તેવા માનવા. શ્રી તીર્થંકરદેવ કેવળજ્ઞાન વિનાના હોય જ નહિ; કેમકે વીતરાગતા-સર્વજ્ઞતા આવ્યા વિના તીર્થંકરનામકર્મનો વિપાક ભોગવવાની લાયકાત હોતી નથી.

---

**૧૪૨. સભા : 'કોઈ વ્યક્તિને એ બધું ન પણ હોય તો ત્યાં અપવાદ નહિ?'**

**પૂજ્યશ્રી** : અપવાદનો અર્થ શો ? પુરુષને સ્તન કેમ નહિ ? એના સ્તનમાંથી દૂધ કેમ ન ઝરે ? ત્યાં અપવાદ નહિ ? અપવાદ ખાતર પણ કોઈ પુરુષે ગર્ભ ધારણ કર્યો ? સૂર્ય ઊગે ત્યારે કોઈ દિવસ અપવાદ ખાતર પણ

અંધારું હોય ? છઠ્ઠા આરામાં શ્રી જિનેશ્વરદેવ હોય એવો અપવાદ ખરો ? જે વસ્તુ સંભવિત જ નહિ તેવો અપવાદ હોય ? અપવાદના સ્વરૂપનો હજી તમને ખ્યાલ નથી. અપવાદ મૂળને બાધક ન હોય. અધવચથી આવા શબ્દો ગોખી જ્યાં ત્યાં તેને વળગાડી તમે તો દાટ વાળ્યાં છે.

**નિશ્ચિત ક્રમે જ શ્રી તીર્થંકરદેવ કેવળજ્ઞાન પામે :**

બીજા આત્મા ગૃહવાસે પણ કેવળજ્ઞાન પામે, અન્ય લિંગે પણ પામે, રસ્તા વચ્ચે પણ પામે, સમુદ્ર કે નદી ઊતરતા ઊતરતા , તરતા કે ડૂબતા પણ પામે, ખાતા-પીતા પણ પામે પણ શ્રી તીર્થંકરદેવ એ રીતે કેવળજ્ઞાન કદી ન પામે. એ તો એ ભવથી પૂર્વના ત્રીજા ભવમાં તીર્થંકરનામ કર્મ નિકાચે જ, પછી જ્યારે માતાના ગર્ભમાં આવે ત્યારે ત્રણ જ્ઞાન લઈને જ આવે, માતાને ચૌદ સ્વપ્ન આવે જ, ત્યાર પછી રીતસર જન્મી રીતસર દાન દઈ, યથા સમયે દીક્ષા લઈ, ઉત્તમ શીલ પાળી, આકરાં તપ તપી, ભાવનામાં અડગ રહી, ઉપસર્ગ પરિષહને સહીને જ કેવળજ્ઞાન પામે. એ વિના ન પામે તે ન જ પામે. આમાં એક પણ ખામી ન ચાલે. એ જન્મે ત્યારે ઈંદ્રાદિ દેવો એમને મેરુ ઉપર લઈ જઈને જન્માભિષેક કરે જ. (આચારાંગ ભાગ-૧૧)

---

પૂર્વભૂમિકા : શ્રી વીતરાગદેવોની સ્તુતિ કરતાં એક મહાપુરુષ કહે છે કે, 'તમારી પાસે સુખ રહે જ એમાં નવાઈ શી ? દુનિયાના પ્રાણીઓ રાગ કરી એમાં પાગલ બને છે, માટે એમને દુઃખ હોય છે, પણ દુનિયાના રાગના ત્યાગમાં કલ્યાણ માનનાર પાસે દુઃખ શી રીતે આવે ?' એ પુણ્યશાળીનું શરીર પણ

એવું કે, એમના પર સહસ્ત્રભાર-પ્રમાણ ચક્રો પડે તો પણ કંઈ ન થાય, એક પણ હાડકું ન ખસે. સંગમે ભગવાન શ્રી મહાવીરદેવ ઉપર સહસ્ત્રભાર-પ્રમાણ ચક્ર મૂક્યું તો જમીનમાં ઘૂસી ગયા, પણ એક હાડકુંય ખસ્યું કે એક લોહીનું ટીંપુ પણ નીકળ્યું ? નહિ જ.

---

**૧૪૩. સભા : જમીનમાં ઘૂસ્યા ?**

**પૂજ્યશ્રી** : હા ! સહસ્ત્રભાર-પ્રમાણ ચક્ર, મૂકનાર પણ દેવ, ગુસ્સામાં આવેલો અને પોતાના તમામ બળથી ચક્ર મૂકે, એટલો બધો બોજો પડે તો ભૂમિને ભેદે એમાં નવાઈ શી ? ભૂમિ ભેદાઈ પણ પ્રભુનું અંગ ન ભેદાયું. આપણા પર તો એક પથરો આવે તોય લોહી નીકળે, મૂર્છા આવે.

તમારે તો શરીરને રોજ પાક જોઈએ ને? આ શરીર એ શાશ્વત ચીજ ખરીને? એટલે એને માટે તો મોંઘા પાક જ જોઈએ ને ? શિયાળામાં પાક અને ઉનાળામાં સરબત, એમ ને ? શરીરની સેવા કરવાથી જ શરીર બળવાન થાય છે એમ ન માનતા. બળવાન શરીર પણ પ્રભુમાર્ગની આરાધનાથી જ મળે છે, કે જે શરીર દ્વારા ધર્મની આરાધના સારી રીતે કરી શકાય અને એથી જ ભયંકર ઉપસર્ગોને સહવા માટે પણ, આરાધનાના યોગે મળેલું શરીર સારી રીતે કામ લાગે.

---

**૧૪૪. સભા : તો પણ ખીલા વખતે ચીસ પાડી ને ?**

**પૂજ્યશ્રી** : ખીલા નાખતી વખતે નહિ પણ કાઢતી વખતે અને તે પણ

ચીસ પાડી નથી, પણ પડાઈ ગઈ. એ ભયંકર ઉપસર્ગ છે. એ પેઠેલા ખીલા લોહી, હાડકાં અને ચામડી સાથે તરબોળ થઈ મળી ગયાં હતાં. એ જ્યારે બહાર ખેંચાય, ત્યારે નસો ખેંચાય અને એથી શરીરના ધર્મ મુજબ એ વખતે ચીસ નીકળી ગઈ. આ ભયંકર ઉપસર્ગ છે.

**૧૪૫. સભા : દરેક અવસર્પિણીના દરેક ચોવીસમા તીર્થંકરને એવા ઉપસર્ગ હોય ?**

**પૂજ્યશ્રી** : ના ! વય વગેરે સરખાં હોય છે. એવી બીજી પણ અમુક અમુક વાતો નિયત છે, બધી નહિ. અસ્તુ.

તમારે મોક્ષસુખ તો જોઈએ છે એમ માનું છું, કદાચ દુનિયાના સુખ વિના ન ચાલતું હોય, તો પણ મુક્તિના ઈરાદે ધર્મ સેવો; આત્માની શુદ્ધિ માટે ક્રિયા કરો ! પણ ખોખા માટે, નામના માટે આજે ઘણે ભાગે થાય છે, એમ ન કરો ! ખોખા માટે કે નામના માટે કરેલી ક્રિયાથી દેખાવમાં થોડું સુખ મળે પણ, પરિણામ ભયંકર આવે, આ રીતે મળતું સુખ એ સાચું સુખ નથી.

આત્મશુદ્ધિ માટે ક્રિયા કરનારના જીવનમાં, વિચારમાં, બોલવામાં, ચાલવામાં ઘણો પલટો આવે. 'આ શું કહેશે, તે શું કહેશે ?' એવી આત્મશુદ્ધિ માટે ક્રિયા કરનારને દરકાર નથી હોતી ; એવી દરકાર જેને હોય એની ક્રિયામાં ભલીવાર ન આવે. એ શરીર સાચવવામાં અને સારો દેખાવ કરવામાં જ મંડી પડે, પણ સાચા ધર્મીને એની દરકાર ન હોય.

**મુનિપણું સાચવવામાં જ મુનિનું કલ્યાણ છે :**

**૧૪૬. સભા : મુનિએ કોઈને માઠું ન લાગે તેવું જ કહેવું જોઈએ ને ? એવું કહે તે જ મહારાજ સરળ કહેવાય ને ?**

**પૂજ્યશ્રી** : હા, એવું કહેનારા મુનિ ચોથા આરાના, પંચમ કાળના કલ્પતરુ, સમયજ્ઞ, સમયના જાણ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના જાણ, જમાનો ઓળખનાર એમ ને ? પાઘડી તથા ટોપીને ખોટું ન લગાડનારા એ જ સરળ અને માર્ગના જાણ એમ ને ?

---

**૧૪૭. સભા : અમે લાવીએ, સામૈયાં કરીએ, ચંદરવા-પુંઠીયાં બાંધીએ અને તમે અમારું ન માનો એ કેમ બને ? એ આજનો મોટો સવાલ છે.**

**પૂજ્યશ્રી** : જૈનશાસનની ખૂબી જ એ છે અને જૈનશાસન અમને કહે છે કે, 'કોઈ તમારી પાછળ ગમે તેટલું કરે તો પણ જિનાજ્ઞાને ભૂલીને તમે એને અનુકૂળ ન થતા. સિદ્ધરાજની ગાદીએ બેસાડતી વખતે ત્રિભુવનપાલને ત્રણ દીકરા હતા. તેમાં વચ્ચેના કુમારપાળ હતા. તંત્ર સેનાપતિના હાથમાં હતું. મોટાને ગાદી આપે તો તો દુનિયા વાજબી કહે જ, નાનાને આપે તો 'નાના પર પ્યાર રાખી એને ગાદી આપી, મોટાઓ તો કમાઈ ખાશે.' - એમ પણ દુનિયા માને, પણ વચ્ચેનાને ગાદી આપી તો પક્ષપાત ગણાય ને ? કાયદેસર કામ કરવાનું એટલે સભા ભરી ત્રણેયને બોલાવ્યા.

પહેલાં મોટાને ગાદીએ બેસવાનું કહ્યું, એટલે ઊભા તો થયા પણ કપડાં સંકોરવા માંડ્યાં; તુર્ત સભાએ એમને બેસાડી દીધા. 'ઊઠતાં ઊઠતાં જેમને

કપડાં સંકોરવાં પડે તે ગાદીનું શું ઉકાળશે ?' એમ કહીને એમને બેસાડી દીધા.

પછી નાના ભાઈને ઊભા થવાનું કહ્યું. એ ઊભા થયા એટલે સભાએ પૂછ્યું કે, 'રાજ્ય શી રીતે કરશો ?' એણે કહ્યું, 'તમે જેમ કહેશો તેમ કરીશ !' સભાએ જણાવ્યું કે, 'અમે કહીએ તે મુજબ રાજ્ય કરનાર જોઈએ તો અમે પોતે ક્યાં નહોતા ? તમે બેસી જાઓ !'

શ્રી કુમારપાળને કહ્યું કે તરત જ તે ઊભા થઈને સિંહાસન ઉપર બેસી ગયા અને 'શી રીતે રાજ કરશો ?' એ પ્રશ્નના જવાબમાં તલવાર કાઢીને બતાવી અને કહ્યું કે - "**यस्य भूजाबलं तस्य राज्यं**"

"જેનું ભુજાબલ તેનું રાજ્ય."

આ જ રીતે મુનિપણાની કિંમત સમજનાર મુનિ પણ તમારું ન માને ! જંગલમાં જવું પડે તો જાય, પણ બીજાઓને માટે પોતાનું ન ખોવે.

મુનિ તમારા માટે મુનિ થયા છે ? ના. ભગવાન શ્રી મહાવીરદેવના વચન માટે એમને એ તારકના વચનમાં વિશ્વાસ છે કે, મુક્તિ એ તારકના વચનપાલનથી જ મળવાની છે. પણ બીજાના વચનપાલનમાં નથી. આથી તમારા હુકમ મુજબ મુનિઓ ચાલે નહિ અને ચાલે તો એ ભગવાનના મુનિઓ નહિ.

જેઓને ભગવાનની આજ્ઞા ન ગમતાં, ગૃહસ્થોની ગુલામી ગમતી હોય, તેઓને જૈનમુનિ મનાય જ કેમ? વળી તમે તમારી બુદ્ધિનો સદુપયોગ કરી વિચારો કે, 'જે મુનિ હોય, તે શ્રી જિનેશ્વરદેવના આગમ મુજબ કહે કે તમે કહો તે મુજબ કહે?' અને શ્રી જિનેશ્વરદેવના આગમ મુજબ કહેનાર 'ઈચ્છા મુજબ

વર્તવામાં અને માનપાનમાં મુક્તિ છે' એમ કહે ખરા કે ? નહિ જ, બાકી જેઓની પાસે હૃદયપૂર્વકનાં મહાવ્રતો ન હોય, જેઓની પાસે પ્રભુનાં આગમ ન હોય, એવા જે ખાખી બંગાળી હોય અને જેઓ ગૃહસ્થો પર પોતાને જીવતા માનતા હોય, તેઓ ભલે તેમ કહે, પણ સાચા મુનિઓ તો તેમ ન જ કહે; કારણ કે, તે પૂજ્યોને તો ખાતરી છે કે, અમે અમારા આયુષ્ય ઉપર જીવીએ છીએ તથા અમારી નામના હોય તો પણ પ્રભુના સંયમનો જ પ્રભાવ છે, એટલે તેવા તારક મુનિવરો તો પોતાનું મુનિપણું પ્રથમ સાચવે અને તેની રક્ષા ખાતર યથાશક્તિ છે, એમ તેઓ દઢતાપૂર્વક માને છે. (સં.સ્વ.દ.ભાગ-૧)

** આ જગતમાં ઉંચામાં ઉંચી ઋદ્ધિ પામ્યાં હોય અને ભોગવતાં ભોગવતાં મર્યા હોય અને મોક્ષે જાય એવો કોઈ આત્મા હોય તો તે **તીર્થંકરોનો** જ આત્મા છે.*

** **તીર્થંકરો** પણ વિના આત્મોપકાર કર્યે પરોપકાર કરતા નથી.*

## ✣ જીવ ✣

**૧૪૮. સભા : ભારે કર્મી અને દુર્લભબોધિમાં ભેદ ?**

**પૂજ્યશ્રી** : હા ! ભેદ છે. ભારેકર્મી ઘણાને કહેવાય. દુર્લભબોધિ અમુકને કહેવાય. માર્ગને ન પામે તે ભારે કર્મી પણ માર્ગને અવગણે તે દુર્લભભોધિ. સારા માણસનું સન્માન ન કરે તે મૂર્ખો પણ અપમાન કરે તે મહામૂર્ખો.

ઓઘ એ રીતે શબ્દો એક સરખી રીતે વપરાય ભલે પણ અર્થભેદ જરૂર છે. જો અર્થભેદ ન હોય તો શબ્દ ભિન્નતા ન સંભવે. ભારેકર્મીનિ આપણે કહી ગયા તે વિચારણા જચતી નથી. 'જે સુખ દેખાતું નથી, જે સુખ કદી સાંભળ્યું નથી, જેનું વર્ણન કેવળી પણ ન કરી શકે, તેવા મોક્ષ સુખને માટે વર્તમાનમાં મળેલા સુખ છોડી દેવાં, એ બને ?' આવું માનનારા ભારેકર્મી છે.

(જિ. વ. ૧૨/અં. ૧૧)

---

**૧૪૯. સભા : તત્ત્વની રૂચિ થાય એને સંસારમાં રમવાનું મન થાય ?**

**પૂજ્યશ્રી** : જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ વગેરે તત્ત્વોને જાણે, એમાં હેય, જ્ઞેય, ઉપાદેય કયા કયા, આ બધું સમજે એને સંસારમાં રમવું ગમે ?

સમ્યગ્દષ્ટિ તે કે જેને ધર્મની સાધનામાં ગમે તેટલા કષ્ટ આવે તો પણ કષ્ટ ન લાગે. જ્યારે હેય જ્ઞેય, ઉપાદેય કયા ક્યા, આ બધું સમજે એને સંસારમાં રમવું ગમે ? (જિ. વ. ૧૨/અં. ૧૬)

## ❖ જ્ઞાન ❖

**૧૫૦. સભા : 'પરમાવધિ'–નો અર્થ શું ?**

**પૂજ્યશ્રી** : જે અવધિજ્ઞાન ઉત્પન્ન થયા પછી અંતર્મુહૂર્તકાળમાં કેવલજ્ઞાનની ઉત્પત્તિ થાય તેનું નામ 'પરમાવધિ' કહેવાય.

(જિ. વ. ૫/અં. ૩)

---

**૧૫૧. સભા : 'જ્ઞાન પહેલું કે વિનય પહેલો'?**

**પૂજ્યશ્રી** : જ્ઞાન મેળવવા માટે વિનય પહેલો જોઇએ કે જ્ઞાન મેળવ્યા પછી ? 'ભણ્યા પહેલાં વિનય આવડે ?' એવું કોઈએ પૂછ્યું ? પૂછાય જ નહિ. પહેલો વિનય કે પહેલા એકડો ? '**पढमं नाणं तओ दया** એ વાક્યને જેમ લઇ પડ્યા છે તેવો આ પ્રશ્ન છે. જે જ્ઞાન દયા માટે મેળવવાનું છે, તે જ્ઞાન ભણતાં પહેલાં જ દયાનો હોમ થતો હોય તો ? તો એ જ્ઞાન છે ? સંપૂર્ણ વિનય જ્ઞાનથી આવે એ વાત ખરી, છતાં વિનય પહેલો અને જ્ઞાન પછી. આજે અહીં જ દેવાળું છે. કેમકે, જિજ્ઞાસા નથી. જો અર્થીપણું આવે તો ગુરુ પાસે હાથ જોડાઈ જ જાય; શા માટે જોડવા ? એવો પ્રશ્ન ન ઊઠે. શ્રીમાનને દેખીને હાથ જોડાય છે, સલામ થઈ જાય છે અને સાધુને દેખીને ન થાય એનું કારણ શું ? કહો કે શ્રીમંતાઈ ગમે છે, સાધુતા ગમતી નથી. પ્રેમ જાગે ત્યાં ભેટી પડતાં વાર શી ? જ્ઞાનનું અર્થીપણું આવે કે વિનય આવે જ. પછી કરડું કહેવાય તોય એ સાંભળવાની શક્તિ એનામાં આવે જ. અને એને જે કહેવાય તે સમજે.

---

**૧૫૨. સભા : 'વિનય વિનય માટે કે જ્ઞાન માટે ?'**

**પૂજ્યશ્રી** : જ્ઞાન માટે.

---

**૧૫૩. સભા : 'જ્ઞાન આવ્યા પછી વિનય જાય ?'**

**પૂજ્યશ્રી** : ન જાય. આત્મસિદ્ધિ માટે ધર્મ છે; આત્મસિદ્ધિ થયા પછી ધર્મ જાય ? ન જ જાય.

અર્થીપણું આવ્યા પછી એને લગતા ગુણો તો કુદરતી રીતે આપોઆપ જ આવે. ગુણો મેળવ્યા નથી આવતા પણ સ્વતઃ આવે છે. યોગ્યતા કેળવો, હૃદય સારું બનાવો, એમાં આશંસાભાવ ન જોઈએ. આશંસારહિતપણે કેવળ નિરાશંસ ભાવે ધર્મ કરવો જોઈએ. અલબત્ત, ધર્મની આશંસા હોય. જે ધર્મમાં બીજી આશંસા હોય તે વસ્તુત : ધર્મ જ નથી. જ્ઞાન મેળવવા વિનય હોય તો ટકે, જો બીજા હેતુ માટે હોય તો ચાલ્યો જાય.

અત્યારે તો મૂળ જ પોલું છે. જ્ઞાન માટે વિનય મુખ્યપણે જોઈએ. અત્યારે તો કહે છે કે 'પહેલાં ભણો પછી વિનયની વાત.' શાસ્ત્ર કહે છે કે, વિનય વિના ભણે તો એ ભણ્યા પછી ઉદ્ધતાઈ આવે. વિનય વિનાનું ભણતર પછી વિનય લાવતું નથી પણ વિનયનો નાશ કરે છે.

શ્રી ગણધરદેવો જાણવા છતાં શ્રી જિનેશ્વરદેવોની દેશના બે હાથ જોડીને ઊભે પગે, ઊંચે કાને, ઉલ્લાસપૂર્વક સાંભળે છે. એકની એક વાત પણ ઉપકારીના મોઢેથી સો વાર સાંભળે તો ય કંટાળે નહિ. એમને તો સાંભળવાની ઈચ્છા થયા જ કરતી હતી. જ્યાં ઉદ્ધતાઈ હોય ત્યાં મોં બગડે. એ તો ઉદ્ધતપણે

કહી દે કે 'રોજ એકની એક વાત કરે છે. કાંઈ નવું તો આવતું જ નથી.' જીવનને ઉપકારી ચીજ રોજ અનેકવાર સાંભળવાથી આનંદ થવો જોઈએ. અગિયાર વાગે રોજ રોટલી, દાળ, ભાત, શાક, ભાણામાં આવે ત્યાં કંટાળો આવે છે ? નહિ, કેમ નહિ ?

**સભા : 'એ પોષક છે.'**

**પૂજ્યશ્રી** : એવો પોષકભાવ અહીં સમજાય તો અહીં પણ એ દશા આવે. દયાની ભાવના આઘી મૂકીને ભણે એ હિંસક થાય કે અહિંસક ? વિનય તથા બહુમાનને વેગળા મૂકીને તથા શિક્ષકને પગારદાર નોકર ગણીને જે ભણે તે પછી જ્ઞાનીને પ્રણામ કરે ? નં જ કરે. આજે તો પુસ્તક વાંચે તે ઉલટાવી નાખે તે રીતે ઉઘાડે અને વાંચી લઈને અદ્ધરથી પછાડે.

**સભા : 'અરે, ખુરશી પર રાખી એના ઉપર બેસે, માથે ઓશીકું પણ કરે અને પગ નીચે પણ રાખે.'**

**પૂજ્યશ્રી** : તેથી સિદ્ધ થાય છે કે જ્ઞાન માટે નથી ભણતા. પૂર્વે તો પુસ્તકનું પાનું ફેરવવું હોય તોયે કેટલી કાળજી રાખતા. આ પુસ્તકના પાનાં છે, એ કાંઈ ગંજીપાનાં પાનાં નથી. પરંતુ, ખરી વાત એ છે કે, જ્ઞાન પ્રત્યે બહુમાન નથી. જેને જ્ઞાન મેળવવા વાંચવાનું તેને અદ્ધરથી પછાડાય ? શિક્ષકને નોકર મનાય ? આજે તો સાફ કહે છે કે, 'શિક્ષકને વળી માન શાં ? એ પગાર લઈને ભણાવે છે.' આગળ વિદ્યાર્થી શિક્ષકનો સમય સાચવતા ત્યારે આજે શિક્ષક વિદ્યાર્થીની સગવડ સાચવે. શિક્ષક પણ પછી ભણાવવાને બદલે

વેઠ જ કાઢે એમાં નવાઈ શી ? એકબીજા પ્રત્યેની ભાવના ન રહી. જ્ઞાન ભણ્યા પછી જે મેળવવાનું તેની શરૂઆત ભણ્યા પહેલાં જ જેનામાં થાય તે જ્ઞાનનો અર્થી. ધર્મ જાણ્યા પહેલાં ધર્મ તથા ગુરુ પ્રત્યે જેને સદ્‌ભાવ પેદા થાય તે ધર્મ પામે. ભલે એ ધર્મ જાણતો ન હોય પણ જાણવાની ઈચ્છાવાળો તો છે ને ? એ ઈચ્છા (જિજ્ઞાસા) માં એ ગુણ છે કે, એની પછીના બધા ગુણો ખેંચાઈને આવે. એ ઈચ્છા જગાડવા માટે પ્રયત્ન કરવાનું આ મહર્ષિ ફરમાવે છે.

આજે તો કહે છે કે - 'એક ક્રિયામાં બે-પાંચ વાર હાથ જોડવા, ખમાસમણાં દેવા. પંચાંગ પ્રણિપાત કરવા એ બધું શું ?' પણ જ્યાં પ્રેમ થાય ત્યાં બધું થાય. બે વાર શું, બાર વાર પણ થાય. ત્યાં 'કેમ થાય ?' એ ન પુછાય. રાજાને પેસતાં તથા નીકળતાં એમ બે ય વાર સલામ ભરવી પડે. 'એમ કેમ ?' એ ન પુછાય, કેમ કે એ રાજા છે. 'એ રાજા છે' એ જ એનો જવાબ. જતાં આવતાં એને પૂંઠ ન કરાય, કેમ કે એ રાજા છે. તેમ અહીં પણ વિનય કરવો, હાથ જોડવા, વંદન કરવું, પંચાંગ પ્રણિપાત કરવા, ત્યાં 'આ બધું કેમ ?' એ ન પુછાય, કેમ કે એ ગુરુ છે. આનો બીજો ઉત્તર નથી. 'એ ગુરુ છે માટે એમને એ બધું કરવું જોઈએ' એ જ ત્યાં ઉત્તર છે. આ તો કહે છે કે 'દલીલથી સમજાવો, દલીલ હોય તો કરો, બાકી એ ગુરુ હોય તો ભલે રહ્યા.' ત્યાં શાસ્ત્ર કહે છે કે, 'તો તું પણ ભલે રહ્યો .' ગુરુને આટલા બધા વિનયનો હેતુ એ જ કે 'એ ગુરુ છે.'

* *ક્રિયાના રસ વગરના એકલા જ્ઞાનની કશી કિંમત નથી.*

'સલામ' એ તો અંગ્રેજોનો, 'કુર્નિસ' એ મુસ્લિમોનો અને 'વંદન' એ જૈનશાસનનો રિવાજ છે. –

૧૫૪. સભા : 'સાધુને વંદન કરવાને બદલે સલામ ભરે તો એ વિનય નહિ?'

પૂજ્યશ્રી : જેનો જે રીતે વિનય થતો હોય તે રીતે કરાય. મિત્ર ભેગો થાય ત્યારે હાથ મિલાવવાને બદલે ધબ્બો મારે તો ? સલામ વગેરેમાં પણ જે કાળમાં જે રાજ્ય હોય એને અનુસરતી વિધિ છે. સલામ એ અંગ્રેજોનો રિવાજ છે. મુસ્લિમ રાજ્યમાં 'કુર્નિસ' નો રિવાજ હતો. એમાં સલામની જેમ હાથ લટકે એ ન ચાલે; એ તો નીચું નમવું પડે, હેઠ જમીનને હાથ લગાડવો પડે, તે માટે આખું અંગ નમે અને પછી હાથ મસ્તકે અડે ત્યારે કુર્નિસ થાય. આ શ્રી જિનેશ્વરદેવનું રાજ્ય સૌથી મોટું છે. જેવું રાજ્ય તેવી વિધિ. અહીં તો પંચાંગ પ્રણિપાત જ જોઈએ. અહીં ખાલી હાથ ઉંચો કરી સલામ કરી દીધે ન ચાલે. એ સલામમાં તો એક પણ અંગ ન નમે, અહીં એવું નાટક કરવાનું નથી; અહીં તો પંચાંગ પ્રણિપાત જ જોઈએ. અહીં તો પાંચે અંગ ભેગાં કરી જમીનને અડાડવાના છે. *દૃષ્ટિ ત્યાં જ સ્થાપવાની છે, આ બધું શા માટે ? એ શ્રી જિનેશ્વરદેવ છે માટે. ત્યાં પછી બીજો પ્રશ્ન ન હોય. એ માટે હેતુ માગે તે અશ્રદ્ધાળુ છે. ખમાસમણમાં એક નહિ ને ત્રણ કેમ ? એનો જવાબ એ છે કે, એ 'દેવગુરુ' છે માટે. પછી પાછું 'કેમ ? કેમ ?' નહિ કર્યા કરવાનું.

---

* परंपराए उ सिवंसि इच्छा, पच्छा उ जाणू–कर–उत्तिमंगं ।
भूमीए काउं धरणीयलंमि, तिक्खुत्तहत्तं अभिवंदिऊण ।।२८।।

भरहेसर चरित्रे ।

આટલું છતાં જે ચર્ચામાં પડે એ દેવગુરુને માનતો જ નથી, એમ મનાય. માનનારને તો એમ થાય કે ખમાસમણાં ત્રણને બદલે ત્રીસ કેમ ન રાખ્યાં ? થાકવાની વાતો કરે છે, પણ પ્રેમ નથી એમ નથી કહેતા. આગળ તો હજારો સાધુ સાથે આવતા હતા; અત્યારે તો એવું નથી ને ?

'અમુક માટે અમુક ચીજ કેમ ?' ત્યાં એમ જ કહેવાય કે અમુક સાધવું છે માટે. મોટા શેઠ આવતા હોય તો સામે લેવા જવાય, 'જી-જી' કરી જીભ સૂકવી દેવાય; આ બધું આપોઆપ કેમ થાય છે ? કારણ કે, ત્યાં લાભ છે એટલે ત્યાં કાંઈ પ્રશ્ન થતો જ નથી. શેઠને સલામ ભરવી, તેમની સાથે રીતસર મર્યાદા જાળવી વાત કરવી, આ બધું એની મેળે આવડે છે. ત્યાં વગર ભણ્યે બધો વિધિ આવડે છે અને અહીં ભણાવવા છતાં તર્ક થયા કરે છે, એનું કારણ ?, સાહેબ પાસે વારંવાર સલામ ભરવી, વારંવાર 'નામદાર, નામદાર' બોલવું, ઘડી-ઘડી ઊભા થવું, વાત-વાતમાં 'આપની મહેરબાની' એમ કીધા કરવું, આ બધાનું કારણ ? ત્યાં પ્રેમ છે, કાંઈક મેળવવાની ઈચ્છા છે. પ્રેમ હોય ત્યાં વિશેષણ દેવાય જ છે. પચીસ વાર નામ આવે તો પચીસ વાર દેવાય અને વગર કહ્યે ત્યાં નામ આગળ 'શ્રી' મુકાઈ જ જાય

આજના લેખકો પૂર્વના મહાપુરુષોનાં નામ આગળથી 'શ્રી' તો ઉડાડે છે, પણ હરિભદ્ર, હેમચંદ્ર, યશોવિજય એમ તોછડાઈથી લખે છે અને પાછા કહે છે કે, 'અમારી ત્યાં કાંઈ અપમાન બુદ્ધિ નથી, અમારી પ્રીતિ તો છે, પણ વારંવાર 'શ્રી'ની શી જરૂર ?' એમ વારંવાર 'શ્રી' ન મૂકવામાં સભ્યતા માનનારા પણ અમુક માટે જેટલી વાર નામ આવે એટલી વાર 'શ્રી' મૂક્યા વગર રહેતા નથી. ત્યાં પૂછો તો કહે કે મુકાઈ જાય છે; અર્થાત્ જ્યાં પોતાને ગમે છે ત્યાં આવે જ છે. પચાસ વાર એ નામ આવે તો પચાસ વાર 'શ્રી' આવે.

**૧૫૫. સભા : 'વિશેષણથી વિશેષ્યની કિંમત વધે કે ઘટે ?'**

**પૂજ્યશ્રી** : વિશેષણ ખોટાં હોય તો ઘટે, સાચાં હોય તો વધે. સાધુને જિનેશ્વર લખે તો કિંમત ઘટે. વિશેષણ એ સ્વરૂપ છે, ખોટું લખે તો એ બહારનો ઓપ છે. 'શ્રી' લાગે તેને લગાડાય જ. જેની જેવી મહત્તા ત્યાં તેમ વર્તાય. પહેલી આ વાત જચે, રુચે, પછી હેતુની મજા આવે. જેને આ ન જચે તેને હેતુ ન અપાય. ત્રણ ખમાસમણા શા માટે ? એનો જવાબ. એ દેવ તથા ગુરુ છે માટે; પછી બીજું કાંઈ ન પુછાય.

**૧૫૬. સભા : 'પાટલૂન પહેર્યું હોય તે ખમાસમણાં શી રીતે આપે ?'**

**પૂજ્યશ્રી** : પાટલૂન એવું ઢીલું પહેરે કે ખમાસમણાં દેતાં વાંધો ન આવે, પણ પહેલી વાત તો એ કે એવું પહેર્યું શા માટે ? એ કાંઈ આર્યાવર્તનો પહેરવેશ છે ? નહિ જ.

**૧૫૭. સભા : 'જાત ભૂલવા–ભૂલવવા તો નહિ પહેર્યું હોય ?'**

**પૂજ્યશ્રી** : તે તમે જાણો. જાત ભૂલવામાં હવે બાકી શી છે ? જૈન છો, શ્રી જિનેશ્વરદેવના અનુયાયી છો, એવું યાદ છે ? અમુક ગુણ માટે અમુક ક્રિયા, એ જેને યાદ આવે તેને, તેને લગતા ગુણો યાદ આવે જ.

**જ્ઞાન માટે જ્ઞાનના આચાર પાળવા જરૂરી :**

અહિંસા, સંયમ, ત્યાગ વગેરે માટે ભણનારમાં તેને લગતા ગુણો જોઈએ જ. એ ગુણો પહેલાં જ જોઈએ. આઠે આચારનું પાલન કરવું જોઈએ. કાળની

કાળજી રાખવી પડે, જ્ઞાન તથા જ્ઞાનીનો વિનય-બહુમાન કરવાં પડે ઉપધાન આદિ તપ કરવો પડે. ગુરુનો અપલાપ ન કરાય, વ્યંજન-અર્થ તથા ઉભયની શુદ્ધિની કાળજી રાખવી પડે. ' હ્રસ્વને બદલે દીર્ઘ આવે તો શો વાંધો ?' એમ ન પુછાય.

**૧૫૮. સભા : 'વ્યંજન તથા અર્થ તો કહ્યા; પછી ઉભય શા માટે ?'**

**પૂજ્યશ્રી** : મહત્તા સ્થાપવા માટે. કેટલીકવાર એકલાં સૂત્ર બોલવાના હોય, કેટલીકવાર એકલો અર્થ કહેવાનો હોય, કેટલીકવાર બેય સાથે પણ હોય. એકેયમાં પોલ ન ચાલે, એ યાદ આપવા માટે કહ્યું.

જેનામાં વિનય તથા બહુમાન ન હોય એ ન ભણી શકે. જ્ઞાન મેળવ્યા પછી જે કરવાનું છે, તે જ્ઞાન મેળવતાં પહેલાં આવવું જોઈએ; પણ તે આજે નથી આવતું એનું કારણ જિજ્ઞાસા નથી. આજના ભણાવનાર ભણનારને ભણતરના અમલ માટે જે કરવાનું છે તે નથી કહેતા, કેમ કે જાણતા જ નથી. પાઠશાળામાં છ કર્મગ્રંથ ભણેલાને પૂછો કે 'શા માટે ભણ્યો ?' તો શું કહેશે ?

**સભા** : **'આજીવિકા માટે.'**

**પૂજ્યશ્રી** : મારા આત્માને આઠે કર્મ વળગ્યાં છે, એ કઈ રીતે કઢાય, તે જાણીને આચરવા માટે ભણ્યાનો ઉત્તર કોઈ નહિ આપે.

** જ્ઞાન ચડવું, યાદ રહેવું એ હજી આસાન છે*
*પણ જ્ઞાન અંતરમાં ઉતરવું એ કઠીન છે.*

**૧૫૯. સભા : 'જ્ઞાન-પ્રાપ્તિમાં કાળના વિચારની જરૂર શી ?'**

**પૂજ્યશ્રી** : એ પણ જ્ઞાન-પ્રાપ્તિમાં સહાયક છે. આ શાસન બધી વસ્તુ તેના તેના સ્થાને માને છે. કોઈ વસ્તુ એવી નથી કે જેને અહીં તેને તેને સ્થાને સ્થાન ન હોય. જે જોઈએ તેવા ભાવને પ્રેરે તેવાં સાધનો જોઈએ. આ બધી વાત ધ્યાનમાં રાખીને દરેક કાર્ય કરવા જેવું છે. ભરત મહારાજાએ શ્રાવકોને જમાડવાનું નક્કી કર્યું. પણ એમને પણ પરીક્ષા નક્કી કરવી પડી કે દરેકને અમુક પ્રશ્નો પૂછવા અને શ્રાવક લાગે તેને દાખલ કરવા. આમાં હેતુ કૃપણતાનો ન હતો. અબજો આવે તેની એમને પરવા નહોતી, પણ કરવાનું કાંઈ અને થાય કાંઈ એવું ન થવું જોઈએ, એ હેતુ હતો. જેને આપવું જોઈએ તેને બદલે બીજા ન લઈ જાય એ મુદ્દો હતો.

વસ્તુ મેળવ્યા પછીના ગુણો, એ મેળવ્યા પહેલાં અંશે પણ આવવા જોઈએ. જ્ઞાન લેતાં પહેલાં વિનય જેને આવતો નથી તેને પછી આવતો જ નથી. જ્ઞાનનું ફળ વિરતિ આવે ખરું પણ તે ક્યારે ? કે જ્યારે તે હેતુથી ભણાય. એ વિના કોઈને વિરતિ આવે તો તે અપવાદ; એમની ગણતરી નહિ. માને ટપલી મારે ત્યારે 'હશે હવે ! બાળક છે, મોટો થાય પછી નહિ મારે' એમ કહીને નિભાવો ખરા ? નિભાવો તો પછી ક્યારેક નહિ સહાય તેવી ધોલ પણ મારશે. માટે બાળકને પણ શરૂથી જ રોકટોક કરો છો ને ? જે બાળક બાલ્યકાળમાં પારકી ચીજ લે અને પોતાની ન દે, તો એને માટે સમજવું કે એ ભવિષ્યમાં કૃપણ અને ઉઠાવગીર થવાનો. 'મારું મારા બાપનું અને તારું મારું સહિયારું' આ રીતે ટેવાયો તો પછી એ એવો જ થવાનો. જે ગુણોવાળો આત્માને બનાવવો હોય તેને માટે જે ક્રિયા કરવાની તે કરતાં પહેલાં અંશે પણ તે ગુણો આવવા જોઈએ.

**૧૬૦. સભા : 'શિક્ષકમાં વિનય ન હોય તો શિષ્યમાં ક્યાંથી આવે ?'**

**પૂજ્યશ્રી** : જૈનશાસનમાં વિનય વગરના શિક્ષક બને ? આ શાસન તો કહે છે કે, જે શિષ્ય ન બને તો ગુરુ ન બને. શ્રી જિનેશ્વરદેવને છોડીને બીજા બધા આ શાસનમાં ગુરુને આધીન છે. પ્રત્યેકબુદ્ધ શિષ્ય ન બનાવે. શ્રી જિનેશ્વરદેવ તો પહેલાં અદ્દભુત શિષ્યભાવ કેળવીને આવ્યા છે, પામવાનું પામ્યા છે માટે એમને ગુરુની જરૂર નથી. વીસે પદની અથવા વીસમાંથી અમુક પદની અથવા એક પણ પદની અપૂર્વ આરાધના વિના તીર્થંકર નામકર્મ નિકાચાય નહિ. એ પદની આરાધના ભારોભાર વિનય હોય તો જ થાય. નમ્રતા આવ્યા વિના એક પણ પદની આરાધના ન થાય. વૈયાવચ્ચ, વિનય, નમ્રતા આવે ત્યારે જ પદની આરાધના થાય. ભૂતકાળમાં કોઈ તીર્થંકર એવા થયા નથી, વર્તમાનમાં છે નહિ અને ભવિષ્યમાં થશે નહિ કે જેમણે વીસ પદની અથવા તેમાંથી અમુકની કે છેવટ એક પણ પદની આરાધના કરી ન હોય અને માટે એમને શિષ્ય થવાની જરૂર નથી. બીજાના ગુરુ ત્યારે જ બનાય કે જ્યારે પહેલા શિષ્ય બન્યો હોય. માથે ગુરુનું નામ ધરાવી પોતે શિષ્યનું નામ ધરાવે એમ નહિ, પણ એવી કાર્યવાહી કરવી જોઈએ, એવો વર્તાવ શીખો. 'ગુરુ શિષ્ય' એ પરંપરા છે. કૂવામાંથી હવાડામાં આવે પણ આંધળા (ખાલી) કૂવાના હવાડામાં તો ધૂળ અને કાંકરા હોય.

આજે તો કહે છે કે 'એક વખત વિદ્યા મેળવી લો પછી જોઈ લેવાશે.' પણ એ રીતે વિદ્યા મેળવ્યા પછી તો મદ એવો આવશે કે ભાન ભુલાશે. ઊંચી ચીજમાં એ ખામી છે કે, આત્મામાં મદ લાવે, માટે પહેલેથી જ નમ્ર બનીને એ

મેળવાય. જે હેતુથી ક્રિયા કરવાની, તે હેતુથી તે ક્રિયા ન કરે તો શાસ્ત્ર કહે છે કે, અજીર્ણ થાય. **જ્ઞાનનું અજીર્ણ અહંકાર છે અને તપનું અજીર્ણ ક્રોધ છે.** જે તેનો હેતુ ન સાચવે તેને એ થાય.

અહિંસા, સંયમ અને તપ : 'ધમ્મો મંગલ' ની ગાથામાં જ્ઞાનીએ આ ક્રમ કહ્યો. ત્યાં પહેલી અહિંસા કેમ ? પહેલો સંયમ કેમ નહિ ? તો કહ્યું કે, સંયમ પણ અહિંસા માટે છે અને તપ સંયમ માટે છે. સૌથી પહેલી અહિંસા; એ જાળવવા, ખીલવવા, વધારવા માટે સંયમ છે. **જે સંયમ પાળતાં અહિંસા જાય, તે સંયમ નથી.** એવો સંયમ ન જોઈએ. શાસ્ત્રે બગલાના સંયમને અસંયમ કહ્યો. બગલો સ્થિર થાય છે, ઈંદ્રિયોને ગોપવી રાખે છે, એને લાભ ખરો ? નહિ. કારણ કે, એ બધું હિંસા માટે કરે છે. એની એ ક્રિયા તો અહિંસાની ઘાતક છે. અહિંસા એ તો ધર્મનો પાયો છે અને સંયમ એ આત્માનું સ્વરૂપ છે.

(આચારાંગ ભાગ-૮)

---

**૧૬૧. સભા : 'જ્ઞાન અને ક્રિયામાં મહત્ત્વ કોનું વધારે ?'**

**પૂજ્યશ્રી** : પૂ. ઉપાધ્યાયજી મહારાજા કહે છે કે, જ્ઞાનનું ઉત્થાપન કરી ક્રિયા કરે છે તે મૂઢ છે, કેમ કે ક્રિયાથી જે મેળવવાનું છે એનું તે ઉત્થાપન કરે છે. એ જ રીતે ક્રિયાનું ઉત્થાપન કરનાર જ્ઞાનીનું પણ સમજવું. ચોથે ગુણઠાણે ચૌદમાની, તેરમાની કે છઠ્ઠાની ક્રિયા ન મંગાય પણ ચોથાની તો જોઈએ ને ?

(આચારાંગ ભાગ-૮)

---

**૧૬૨. સભા : આ કાળમાં અવધિજ્ઞાન ખરું ?**

**પૂજ્યશ્રી** : થઈ શકે. વસ્તુ છે, પણ શ્રુતજ્ઞાન પચાવવાની તાકાત નથી, ત્યાં અવધિની ક્યાં વાત કરવી ? કોઈને થાય એવો ઈન્કાર નથી, કેમકે -વસ્તુ છે, પણ આજ તો ચાર ચોપડી ભણેલો પોતાને વિદ્વાન ગણાવવા માગે છે, જરા પણ આવડત વગર મોટો આડંબર કરાય છે, એવા આડંબરીને તો અવધિજ્ઞાન આવે જ નહિ.

એક મુનિવરને કાજો કાઢતાં અવધિજ્ઞાન થયું હતું. શ્રી જૈનશાસનમાં વિધિ મુજબ અને ભાવનાપૂર્વક કાજો કાઢનારને પણ અવધિજ્ઞાન થાય છે. દંડાસણ ફેરવતાં કોઈ જંતુને હાનિ ન થાય, એવા શુદ્ધ ઉપયોગમાં રહેતાં, ભાવનાશુદ્ધિ વધતાં અવધિજ્ઞાન થયું. એ જ્ઞાનથી દેવલોક જોયો, ત્યાં રિસાયેલી ઈંદ્રાણીને મનાવી રહેલા ઈંદ્રને જોયા, એટલે મુનિને હસવું આવ્યું કે તરત અવધિજ્ઞાન ચાલ્યું ગયું.

આજે કોઈ કહે કે મને અવધિજ્ઞાન થયું છે, તો એના કહેવા માત્રથી એ ન મનાય. કારણ કે જ્ઞાની પોતાને જ્ઞાની તરીકે ઓળખાવવા નથી ઈચ્છતા. જ્ઞાનીમાં ખપવા માટે ગપ્પાં ઘણાં મરાય છે. કોઈ એમ પણ કહે છે કે -'અમે મનના પરિણામ કહીએ છીએ અને અમને દેવલોક આદિ દેખાય છે. વિગેરે.'- એવાને તે તે વસ્તુનું સ્વરૂપ પુછવામાં આવે તો ગોટા જ વાળે. શાસ્ત્રના વાંચનારા જો તે તે વસ્તુનું સ્વરૂપ જાણે, તો જેને જ્ઞાન થાય તે ન જાણે ? ગમે તેમ એમ કોઈ લોચા વાળવા આવે, તે શાસ્ત્રના જ્ઞાતા પાસે ન ફાવે. ડોળ કરનારને આગમ સીધા ન પરિણમે, આગમ ન ગમે. આગમના જ્ઞાનીને

**આડંબરની વૃત્તિ ન સ્પર્શે. જેને આગમ જચે તેને આડંબર સાથે વૈર હોય.**

શાસ્ત્ર રોટલા માટે, માનપાન માટે, પ્રતિષ્ઠા માટે અને આત્મકલ્યાણ માટે પણ વંચાય છે. આગમ જુદા જુદા હેતુથી વંચાય છે, પણ આત્મકલ્યાણ માટે વંચાય તો જ આગમ પરિણમ્યું મનાય. આજે સંસ્થાઓના વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ લે છે, પણ એ એમને ફળતું નથી એનું કારણ શું ? એ જ કે-કેવળ આજીવિકા માટેના ભણતરને ભણવા માટે, નિયમ તરીકે ધાર્મિક શિક્ષણ ભણવું પડે છે માટે ભણે છે. એમને કાંઈ ભણવાની ઈચ્છા નથી કે રસપૂર્વક વાંચે જેથી તે આત્મામાં પરિણમે. એની સામે તત્ત્વની વાત ચાલે ત્યારે એ હસે. ઊલટી મશ્કરી કરે, પણ ધાર્મિક શિક્ષણ વગર ટક્કુ નભતું નથી, માટે જરા વાંચી લે છે. બાકી કહે છે કે-આ તો બધાં ગપ્પાં છે ગપ્પાં. કહો, હવે એવાઓને 'જ્ઞાન પરિણમે શી રીતે?' (સં.સ્વ.દ. ભાગ ૧)

** મોક્ષ જેને સતત યાદ આવે તે અભણ હોય તો પણ તે **મહા જ્ઞાની** છે.*

** શ્રદ્ધાપૂર્વકનું થોડું જ્ઞાન મૂડી છે.*
*શ્રદ્ધાવિનાનું ઘણું જ્ઞાન પણ બોજો છે.*

## ✣ તપસ્યા ✣

**૧૬૩. સભા** : **ભગવાન ગૌતમ મહારાજાને કેવળજ્ઞાન થયું તે દિવસે તપ થાય ?**

**પૂજ્યશ્રી** : હા, જરૂર થાય. અઠ્ઠમ પણ તે નિમિત્તે થઇ શકે છે. જે તપ ન કરે તેને જમાડવા એ પણ મંગલ છે. જમાડનારે પોતે જમવું જ જોઇએ એવો કાયદો નથી. પાંચે ય કલ્યાણકો ઉજવવાનું નક્કી કરાય, તે દિવસે વરઘોડા કઢાય અને પોતાને ઉપવાસ હોય તો પણ સાધર્મિકોને જમાડાય પણ ખરા. વ્યવહારમાં જેમ કંસાર ખાવો જ જોઇએ તેવું અહીં નથી : ઉપવાસ, આયંબીલનો તપ એ જ મંગળ છે. નિર્વાણતિથિને દિવસે ઉપવાસનો નિયમ કરો તો વાંધો નથી. કલ્યાણક દિવસોની તપથી આરાધના કરવામાં કોઇ હરકત નથી.

શોકમાં મંગળ ક્રિયા બંધ ન રહે-ભગવાન મોક્ષે ગયા પણ આપણા તો આધાર ગયા ને ? ભગવાન મુક્તિએ ગયા એ આનંદ પણ આપણે આધાર ગુમાવ્યો તેનો શોક કમ છે ? ઇંદ્રોની આંખમાંથી પાણી નીતરે છે પણ તારકના દેહની ભક્તિ ચાલુ છે. આંસુ તો આધાર ગયો એનાં છે. બેય ક્રિયામાં કર્મનો ક્ષય છે. (જિ. વ. ૯/અં. ૧-૨)

---

**૧૬૪. સભા** : **છઠ્ઠ કરે અને એક ઉપવાસ પછી દુર્ધ્યાન થાય તો ?**

**પૂજ્યશ્રી** : પચ્ચક્ખાણ લીધાં એટલે પ્રતિજ્ઞા થઈ. પ્રતિજ્ઞા ભંગાય નહિ. મુનિને આહાર ન મળે તો એ ચૂલા સળગાવે ખરા ? ના, કેમ કે પ્રતિજ્ઞા છે.

સાધુને બાવીસ પરીષહ અને બાકીના ઉપસર્ગ. પરીષહ ઈરાદાપૂર્વક સહન કરવાના. સહન કરવાનો અભ્યાસ કરવાનો. ક્ષુધા તથા તૃષાને રોગ માન્યા માટે ખાવું-પીવું એ ઔષધ છે. (આચારાંગ ભાગ-૭)

**૧૬૫. સભા : ભાદરવા સુદ પાંચમે પણ ઉપવાસ કરવો જ પડે ?**

**પૂજ્યશ્રી** : મોટું પર્વ આવે ત્યારે આને ગૌણ કરાય. જમાઈ આવે ત્યારે વહાલા દીકરાને આંખને ઈશારે સમજાવનાર માને દીકરા ઉપર પ્રેમ નથી એમ ન કહેવાય. જમાઈ જેટલો જ કંસાર થઈ શકે તેવી દશા હોય તો છોકરો માંદગીનું બહાનું કાઢી તે દિવસે માત્ર દાળભાત ખાઈ લે. ત્યાં શું માનો ? દીકરા પર પ્રેમ નથી ? **આચાર્યશ્રી વિજય સેનસૂરીશ્વરજી મહારાજાએ** કહ્યું કે - શક્તિ હોય, ભાવના પહોંચતી હોય, પરિણામ ટકતા હોય તો ભા-સુદ ૫ નો પણ ઉપવાસ કરે તો એનો ઈન્કાર નથી; પણ તાકાત ન હોય તો વાર્ષિક પર્વની ઉજવણી જરૂર કરે અને તેથી ત્યાં પંચમીની વિરાધના થતી નથી.

(આચારાંગ ભાગ-૧૩)

** સારું ખાવા તપ કરવો તે તપ ન કહેવાય.*
*સારું મળે તો પણ ન ખાવું તેનું નામ તપ !*

## ✤ દાન ✤

**૧૬૬. સભા : સાચા દાનવીર કેવા હોય ?**

**પૂજ્યશ્રી** : આજે તો પારકે પૈસે ધર્મના કાર્યો કરીને માનપત્રો લેનારા ઘણા છે ને તેમાં પાછા પોતાનું સ્ટેટસ માને છે. અને તેવા શ્રીમંતોને વસ્તુપાળ તેજપાળ સાથે સરખાવનારા પણ વિદ્યમાન છે. એવા લોકોએ તો કહેવું જોઈએ કે-'મેં ધન ખર્ચ્યું નથી. યથાશક્તિ બુદ્ધિનો શ્રમ કર્યો છે. હું તો વસ્તુપાલ ને તેજપાલના ચરણની રજ પણ નથી.' પોતાના પૈસા ખર્ચ્યા વિના સાચા દાનવીર ન થવાય 'ધર્માચાર્યોને પૂછ્યા વિના, શાસ્ત્રાધાર વિના કોઈ કામ અમે ન જ કરીએ,' એવું તમારૂં સ્ટેટસ હોવું જોઈએ.

દાનવીર કેવા હોય તે અંગે એક પ્રસંગ જાણવા જેવો છે. મહારાજા કુમારપાળના મંત્રીશ્વર આમ્બડ એક વખત યુદ્ધમાં વિજય પ્રાપ્ત કરીને આવ્યા. ત્યારે મહારાજાએ ખુશ થઈને ભેટમાં ૨૪ ઘોડા ને સુવર્ણના ત્રણ કળશાઓમાં ભરીને ૧ ક્રોડ સોનૈયા આપ્યા. તે લઈને અમ્બડ બહાર નીકળ્યા. અમ્બડની દાનવીર તરીકેની પ્રસિદ્ધિ છે. દાનવીરો હોય, ત્યાં યાચકો પણ હાજર હોય. ઘરે પહોંચતા સુધીમાં ત્રણ સુવર્ણ કળશ સિવાયના ૧ ક્રોડ સોનૈયા ને ૨૪ ઘોડાઓ દાનમાં આપી દીધા. આખા નગરમાં તેમની કીર્તિ ફેલાઈ ગઈ. શું દાનવીર ? લોકો એકવાર તો રાજાનેય ભૂલી જાય તેટલી આબરૂ વધી ગઈ. વિઘ્ન સંતોષીઓએ રાજાના કાનમાં ઝેર રેડ્યું કે 'મહારાજ ! આમ્બડ દાન આપે તેનો વાંધો નથી, પરંતુ આપની આબરૂયે ઢંકાઈ જાય એવી રીતે દાન કરે તે કેમ ચાલે ?' રાજાના હૈયામાં ય તે વાત બેસી ગઈ. આમ્બડ પ્રત્યે અરૂચિ

પેદા થઇ. બીજે દિવસે રાજસભામાં આમ્બડ આવ્યા ત્યારે રાજાએ કહ્યું કે 'તું મારા કરતાં અધિક દાન આપે તે ઠીક નથી. સેવકે સ્વામીથી અધિક દાન ન કરવું જોઇએ' તે વખતે માગધ એક સુંદર કાવ્ય બોલ્યો. મંત્રીશ્વરે ખુશ થઇ તેને એક લાખનું દાન આપ્યું. રાજા અધિક ગુસ્સે થયા. ત્યારે આમ્બડ કહે કે- 'રાજન્! સાચું કહું ? આપ કોણ ? માત્ર ૧૨ ગામના ઠાકોર ત્રિભુવનપાલના દીકરા અને હું તો ૧૮ દેશના અધિપતિ મહારાજા કુમારપાળનો દીકરો. આ તો હજી ઓછું દાન છે'- તે સાંભળીને મહારાજા કુમારપાલ ખુશ થઇ ગયા. સિંહાસન ઉપરથી ઉભા થઇ તેને ભેટી પડ્યા. પુત્ર પદ આપ્યું ને બમણા પ્રસન્ન થયા. આનું નામ દાનવીર. આવા વખતે કોણ ન ગભરાય ? કોડ સોનૈયાના દાન પછી જેને પસ્તાવો ન થયો હોય તે.

અમારે સાચી ખ્યાતિ જોઈએ છે, એમ બોલો. તમે સાચું સ્ટેટસ જાળવો. શ્રાવક ધંધામાં અનીતિ ન કરે. કરોડો રૂા. હોવા છતાં મહારંભ અને મહાપરિગ્રહના કારખાનાં શ્રાવક ન ચલાવે, તેવી તેની આબરૂ હોવી જોઈએ. લોભવશ તેવા કારખાનાં ચલાવતો પણ હોય, તો ય તેની પ્રશંસા ન કરે. પોતાનો પાપોદય છે, એમ જણાવે. શ્રાવક પ્લેનમાં ઉડે તો યે, તેની આબરૂ હોય કે કોઈ તીર્થના કે ધર્મના કામ માટે જ ગયા હશે. શ્રાવક આવા કાર્ય વિના માત્ર ફરવા હરવા પ્લેનમાં ન ઉડે.

** દાન લક્ષ્મીની મૂર્છા ઉતારવા માટે કરવાનું છે પણ લક્ષ્મી મેળવવા માટે કરવાનું નથી.*

**૧૬૭. સભા : તીર્થાદિમાં કાર્ય માટે તો કજીયા કરવા પડે છે ને ?**

**પૂજ્યશ્રી** : જેને જે સારૂં લાગે, તે તેને માટે કજીયા કરે. તમને પૈસો સારો લાગે છે, માટે પૈસા માટે કજીયા કરો છો. મને ધર્મ સારો લાગે છે, તેથી ધર્મ માટે કજીયા કરૂં છું, અને યોગ્યને એ કરવા કહું છું.

**૧૬૮. સભા : કજીયા કર્યા વિના પ્રશ્નો પતાવો ને ?**

**પૂજ્યશ્રી** : જો બધાને પગે પડવાથી પ્રશ્નો ઉકલાતા હોય, તો હું બધાને પગે પડવા પણ તૈયાર છું. બોલો, જાઉં ? તે રીતે મારા જવાથી પ્રશ્નો ઉકેલાશે ? પહેલા એ રીતે ગયો છું અને હજી પણ એ રીતે જવા તૈયાર છું.

ગૃહસ્થો હજારો રૂા. કોઇની પાસેથી લેવાના હોય તે માંડી વાળે પણ પોતાના ચોપડાને કોઇ ખોટો ઠરાવે તે ન ચલાવી લે. તેને પૈસાની કિંમત નથી, આબરૂની કિંમત છે. તમારે પૈસાની કિંમત છે કે આબરૂની ?

**સભા** : **'પૈસાની.'**

**પૂજ્યશ્રી** : પછી તમારી સ્ટેટસની વાત ક્યાં રહી ? સાચા ગૃહસ્થને આબરૂ આગળ પૈસાની કિંમત ન હોય.

**૧૬૯. સભા : 'આપની વાતને સાચી જાહેર કરે પછી તો આપ આપની વાતને મૂકીને સમાધાન કરશો ને ?'**

**પૂજ્યશ્રી** : પૈસા મૂકી દેવાય. સિદ્ધાન્ત ન મૂકાય. સિદ્ધાન્તને મૂકનાર તો ભગવાનના શાસનનો વૈરી છે.

સભા : આજના ધર્મ ક્ષેત્રના ઝઘડાથી નવો વર્ગ ધર્મથી વંચિત રહે છે.'

પૂજ્યશ્રી : ઝઘડાથી વંચિત નથી રહેતો, નવા વર્ગને ધર્મ જોઈતો નથી માટે ઝઘડાને બહાને વંચિત રહે છે. જો નવા વર્ગને ધર્મ જોઈતો હોય તો ઝઘડા શા કારણે થાય છે અને કોણ કરે છે ? તેના મૂળ સુધી તપાસ કરત.

**૧૭૦. સભા : આપણો મુખ્ય સિદ્ધાન્ત તો મોહને મારવાનો છે ને ?**

પૂજ્યશ્રી : મોહને મારવો છે તે મુખ્ય સિદ્ધાન્ત છે. પરંતુ ભગવાનની બધી આજ્ઞાઓ માને તે જ મોહને મારી શકે. ભગવાનની એક પણ આજ્ઞાને મૂકી દે તો તે કદી મોહને મારી ન શકે.

**૧૭૧. સભા : આંધળાના ટોળામાં આંધળા થવું પડે ને ?'**

પૂજ્યશ્રી : આંધળાના ટોળામાં કોઈ દેખતો પોતાની આંખ ફોડે નહિ.

**૧૭૨. સભા : અભિયોગાદિ કારણે તો સિદ્ધાન્ત મૂકાય ને ?'**

પૂજ્યશ્રી : અભિયોગના કારણે પણ માર્ગ આખો સચવાતો હોય, અને ભવિષ્યમાં જળવાઈ રહે એમ જણાતું હોય તો વાત જુદી છે.

** દાનમાં સર્વોત્કૃષ્ટ દાન કોઈ પણ હોય તો એકમાત્ર અભયદાન જ છે.*

**૧૭૩. સભા : બધા સાચી વાત સ્વીકારશે એમ આપ માનો છો ?**

**પૂજ્યશ્રી** : ના. તેથી કંઇ હું મારી શાસ્ત્ર મુજબની સાચી વાત મૂકી ન દઉં. ભગવાન પણ અનેક પાખંડીઓને સાચો માર્ગ સમજાવી ન શક્યા. તો યે સાચો માર્ગ ભગવાને મૂક્યો નથી. ભગવાન પણ સાચો માર્ગ જ સમજાવતા રહ્યા. ભગવાનના માર્ગને મૂકનારા મોટા શેઠ હોય કે મુનિ હોય તે બધા પાખંડી છે.

**૧૭૪. સભા : ભગવાનના કાળમાં પાખંડી હતા ?**

**પૂજ્યશ્રી** : હા ! ૩૬૩ હતા.

**૧૭૫. સભા : સાહેબ ! ખોટી વાત નભે ખરી ?**

**પૂજ્યશ્રી** : હા ! ઘણા અજ્ઞાનીઓ હોય ત્યાં ખોટી વાત પણ નભે. જો બધા ડાહ્યા બને તો ખોટું નભે જ નહિ.

**૧૭૬. સભા : બધા સાચા માર્ગે આવશે ખરા ?**

**પૂજ્યશ્રી** : બધા સાચા માર્ગે આવે તો તે ઉત્તમ છે-પણ દુનિયામાં કદી તે બને તેમ નથી. અમે કદી કજીયા કરતા નથી - કે કરાવતા નથી. પરંતુ કજીયા કે ભાગલાના ભયે સાચી વાત કદી મૂકવાના નથી. અમારા ભૂતકાળમાં થઇ ગયેલા મહાપુરૂષો આ જ રીત આચરતા આવ્યા છે. તે મહાપુરૂષો જો કજીયા કે ભાગલાના ભયે સાચી વાત મૂકીને ખોટા સાથે સમાધાન કરતા આવ્યા હોત તો આજે આપણી પાસે ભગવાનનો શુદ્ધ માર્ગ હોત નહિ. અમને સાચાનો પ્રેમ છે. ખોટી વ્યક્તિઓ ઉપર દ્વેષ નથી. પરંતુ ખોટાની સાથે અમારે બેસવું નથી, પણ

જરૂર પડે દેવાળીચાને અમુક રકમ આપી દો, પણ તેની સાથે બેસો ખરા ? તે તમારી પેઢીએ આવે તો કહી દો ને ? કે તારે જોઈએ તો ખાનગીમાં લઈ જજે. પણ તારે મારી પેઢીએ આવવાનું નહિ. દેવાળીચો દુઃખી હોય તો સુખી કરો, પણ તેની સાથે બેસો નહિ, કારણ આબરૂનો સવાલ છે. તેમ અમારે સિદ્ધાન્તનો સવાલ છે. ભગવાનનાં વચનનો અમલ ઓછો થાય, શક્તિ મુજબ થાય, તે બને પણ ભગવાનના વચનને માનવાની, સ્વીકારવાની વાતમાં તો જરાયે ઢીલાશ ન જ ચાલે.

આપણે મોહ ભૂંડો છે એ વાત ચાલે છે. મોહ ભૂંડો લાગે તેને મોહના પ્રતાપે પ્રાપ્ત થતો જન્મ ભૂંડો લાગે. જન્મ ભૂંડો લાગે તેને અજન્મા થવાનું મન થાય. અજન્મા થવાનું મન થાય. તેનું માનવ જીવનનું લક્ષ્ય નક્કી થયું કહેવાય. હજી મારે તમને મોહની બધી ખરાબીઓ જણાવવી છે. તે અવસરે.

તમે સૌ મોહને ભૂંડો સમજી જન્મ રહિત થઈ શકાય, તેવા માનવ-જન્મનો અજન્મા બનવાના પ્રયત્નોમાં સદુપયોગ કરી અજન્મા બનો, એજ શુભાભિલાષા. (જિ. વ. ૩/અંક ૩)

---

**૧૭૭. સભા : અન્યાય સંપન્ન વિભવની વ્યાખ્યા શું કરવી ?**

**પૂજ્યશ્રી** : માલિક, મિત્ર, સ્વજન અને પોતાના ઉપર વિશ્વાસ મૂકનારને ઠગીને જે દ્રવ્યોપાર્જન કરવામાં આવે તે અન્યાય સંપન્ન વિભવ. આ એની ટૂંકી વ્યાખ્યા છે. આમાં તમારૂં આજનું કહેવાતું કાળુનાણું કે બે નંબરનું નાણું પણ આવી જ જાય છે.

---

**૧૭૮. સભા : આજે તો મોટા ભાગે ધર્મનાં કાર્યો બે નંબરના એટલે કે કાળા નાણાંથી થતાં હોય છે. જિન- મંદિરો, ઉપાશ્રયો, ઉત્સવો વિગેરે આપ જેવાની નિશ્રામાં પણ એવા નાણાંથી થાય છે તેનું શું ?**

**પૂજ્યશ્રી** : અન્યાયસંપન્ન દ્રવ્યોથી ધર્મકાર્યો થાય છે તે વાસ્તવમાં યોગ્ય તો નથી જ. પરંતુ અહીં એક વાત ખાસ વિચારવા જેવી છે. કોઇ એક વ્યક્તિ સંયોગવશ કે લોભવશ અનીતિથી પૈસા કમાય છે. અને તેની ચુંગાલમાંથી છૂટી શક્તો નથી પરંતુ હૈયાથી તે માને છે કે આ એક ઘણું ખોટું કામ છે અને ક્યારે હું એ પાપથી છૂટું ! આવા માણસ પાસે ધન-આવી પડયું હોય તે વખતે તે એમ વિચારે કે-પાપથી પેદા કરેલું આ ધન પાપકાર્યમાં જ વપરાશે તો મારો તો કદી ઉદ્ધાર થવાનો નહી; તો આમાંથી જેટલું બને તેટલું ધન ધર્મ કાર્યોમાં વપરાય તો સારૂં કે જેથી હું પાપકાર્યોથી બચું અને અન્યાયથી કાળાં નાણાં પેદા કરવાની મારી લોભવૃત્તિમાં કાપ આવતો જાય અને વહેલી તકે એ પાપથી મુક્ત બનું . આવી ભાવનાથી એ કાળાં નાણાં ધોળાં કામમાં ખરચતો હોય તો ભલે ખર્ચે, તેને અટકાવાય નહી. તેના હૈયામાં સાચો ડંખ હશે તો તે આ માર્ગે જ ધીરે ધીરે કાળાં નાણાં પેદા કરવાના પાપથી છૂટશે. એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે આવો માણસ કદી છાતી કાઢીને ફરતો નથી. કોઇ તેના ધર્મકાર્યની પ્રશંસા કરે તો તેનું માથું નીચું નમી જાય છે. તે હાથ જોડીને કહે છે કે ભાઇ ! અમારી પ્રશંસા કરવા જેવું નથી અમે તો ઘણા પાપમાં ડૂબેલા છીએ. કાંઇક દેવગુરૂની કૃપા ઉતરી અને થોડા અંશે પુણ્ય જાગ્યું કે આવું પુણ્યકાર્ય કરવાની તક મને મળી.' ગુરૂમહારાજ પાસે પણ તે પોતાના હૈયાના આ ભાવ

વ્યકત કરે છે. ગુરૂમહારાજા પણ તેને સમજાવે કે-ભાગ્યશાળી ! પૈસા હોય તો પરિગ્રહના પાપથી છૂટવાની ભાવનાથી ધર્મકાર્યમાં વાપરવાના છે બાકી ધર્મકાર્યો કરવા માટે ગમે તે રીતે પૈસા કમાવા અગર તો ગમે તે રીતે પૈસા કમાઇ ધર્મકાર્યમાં થોડાં ઘણાં વાપરી નામના આદિ મેળવવાથી આત્માનો ઉદ્ધાર કદી નહિ થાય. ગુરૂનાં આ વચનો તે હૈયાથી સ્વીકારે છે. આવા આત્માના પણ શુભ કાર્યોની જેઓ સમજ્યા વિના ટીકા-ટીપ્પણ કરે છે અને કાળાં નાણાં ધર્મમાં કેમ ખર્ચાય?' એવી બૂમરાણ મચાવે છે તેઓ મૂર્ખ છે. પરનિંદાના વ્યસનવાળા છે. પોતે જાણે કાળા નાણાંથી સર્વથા પર હોય એવો દેખાવ કરી બીજાનાં સારાં પણ કાર્યોને વખોડી પોતાના આત્માને ભારે બનાવે છે.

આ એક વાત થઇ. હવે બીજી વાત. કેટલાક એવા છે કે જેઓ મોજથી કાળા ધંધા કરી પુષ્કળ ધન કમાય છે, ન્યાયનીતિની વાતો કરનારને વેદીયા ગણે છે, 'રાજય ખરાબ છે માટે આમ જ ચાલે, એમ કહી પોતાના ખોટા ધંધાના બચાવ કરે છે અને કીર્તિ, માન, પ્રતિષ્ઠા મેળવવા અને સમાજમાં આગળ પડતું સ્થાન જમાવવા ધર્મમાં પણ થોડા ઘણા પૈસા વાપરે છે, તેમને તેમના ખોટા ધંધાનો જરા પણ ડંખ નથી પણ ઊલટું ગૌરવ છે, માથું ઊંચું રાખી છાતી કાઢીને ફરે છે, ધર્મગુરૂઓની વાત પોતે તો સાંભળે નહી પણ સામો તેમને ઉપદેશ આપે છે, 'ધર્મગુરૂઓ પોતાના ખિસ્સામાં છે' એવું બોલતા પણ અચકાતા નથી-એવાઓ ધર્મમાં પૈસા ખર્ચતા હોય તો પણ ધર્મ માટે તદ્દન નાલાયક છે. એવાનાં ધર્મકાર્ય વખાણવાં લાયક નથી. એવાઓથી તો ધર્મના કાર્યો ઊલટા બગડે છે. સદ્ગુરૂઓ એવાની કદી પ્રશંસા કરતા નથી પરન્તુ

અવસર આવી લાગે તો તેને પણ બે સાચી વાત સંભળાવે છે જેથી તેનું ભાગ્ય હોય તો સુધરે અને નહિ તો ફરી દેખાતો બંધ થઇ જાય. આવાઓ આવતા બંધ થાય તેમાં કશું નુકશાન નથી.

આ બધી વાતો બહુ વિવેકથી વિચારવા જેવી છે.

---

**૧૭૯. સભા : 'કાળા નાણાંથી ધોળાં કામ કરે તો કાળું નાણું ધોળું થઇ જાય?**

**પૂજ્યશ્રી** : કાળાં નાણાંનું દુઃખ ધરનારો, કાળું નાણું રાખ્યું છે એને પોતાની નબળાઇ માનનારો, કાળા નાણાંથી કાળાંકામ ન થઇ જાય એની કાળજીવાલો, કાળાં નાણાં ધોળા કામમાં વાપરે અને વહેલી તકે કાળાં નાણાંના પાપથી છૂટવાની ભાવના રાખે તો એના જેવો કાળા નાણાંને ધોળાં બનાવવાનો બીજો ઉપાય પણ કયો છે ? (જિ.વ.૮/અં.)

---

**પૂર્વભૂમિકા :** 'ઘણા કહે છે કે-દેરાસર ઉપાશ્રયે જઇએ, સેવા પૂજા સામાયિક કરીએ, વ્યાખ્યાન-વાણી સાંભળીએ પછી બીજું કાંઇ કરીએ નહિ. મનમાં સમજીએ કે મહારાજ તો એમની જ વાત કરે દાન દેવાનું કહે પણ પૈસા કેમ કમાવાય છે એની એમને શી ખબર ?

**૧૮૦. સભા : એ આત્મા કઇ કોટિના કહેવાય ?**

**પૂજ્યશ્રી** : એ આત્મા બહુ હીન કોટિના ગણાય. દેવગુરુને પણ ઠગે, સર્વજ્ઞને પણ ઠગે એવા એ છે. ભગવાન પાસે પણ બોલે કાંઇ અને મનમાં હોય

કાંઇ. પ્રભુ પાસે પણ એમનું પાખંડ ચલાવે પણ સર્વજ્ઞ એ બધું ન જાણે ? ગ્રાહકના મનની વાત વેપારી જાણી જાય એ તમે નથી જાણતા ? વેપારી મનમાં કહે કે-બચ્ચા ગમે તેટલી વાતો કર પણ ફસાય એ બીજા. મૂછમાં હસીને વાતો ભલે કરે, એ માણસ જરા કામનો લાગે તો એને કાંઇ કહે નહિ, પણ મનમાં ન સમજે ? વેપારીની પેઢી તો એક ગામમાં હોય જ્યારે સાધુની પેઢી ગામેગામ હોય. શાસ્ત્ર નહિ ભણેલો વેપારી ગ્રાહકને પગ ઉપરથી ઓળખી લે તો શાસ્ત્ર ભણેલા અને બાર મહિને પચીસ, પચાસ અને એથી પણ વધારે ગામનું પાણી પીનારા સાધુ આવાને ન પારખી શકે એવા મૂર્ખ માનો છો ? હું કહું છું કે આટલું યે ન સમજી શકે અને ઠગાય એ ધર્મ સમજાવવાને લાયક નથી. હા ! એ બને કે સાધુ કદી વાત ગળી જાય, મોઢે ન કહે એ બને પણ સમજે નહિ ? ગ્રાહકને ઓળખી શકનારા તમે સાધુને ઠગી આવ્યાની હોંશિયારી કરો છો પણ સાધુ યોગ્યને કહે અને અયોગ્યને ન પણ કહે માટે સાધુ ઠગાયા એવું માનવાની મૂર્ખાઇ ન કરો.

યોગ્યને બધું કહેવાય. જેને વધુ કહેવાય એ તો વધારે ખુશ થાય. જૈનશાસનની રીતિ એવી છે કે જેને વધુ કહેવાય એ તો પોતાને લાયક માને.

ડાહ્યો દીકરો તો બાપાજી કામ બતાવે તેથી ખુશ થાય. પણ 'આટલા નોકર છતાં મને કામ કેમ બતાવે છે ?' એમ ન કહે. એ જાણે કે મારા વિના થાય એવું નહિ હોય માટે જ બાપાજી મને બતાવે છે. નોકરને કહેવાનું એ ન કહે. એ રીતે આચાર્ય તથા ગુરુ જેને વધુ આજ્ઞા કરે. તે શિષ્ય વધુ ખુશ થાય એને ચોવીસે કલાક એ જ ભાવના હોય કે ક્યારે ગુરૂ આજ્ઞા કરે. એ આજ્ઞા કરતાં

ગુરૂને કે આચાર્યને વિચાર કરવો પડે તો શિષ્યની લાયકાતમાં ખામી મનાતી.

ભગવાન શ્રી મહાવીરદેવ વાતવાતમાં શ્રી ગૌતમ મહારાજાને આજ્ઞા કરતા હતા-શાથી ? યોગ્યતા હતી માટે. આજે તો શું કહે ? 'બસ ! મને જ જોયો છે ? મને જ વારંવાર કહેવાનું ? શાસ્ત્ર કહે છે કે આવું બોલનારનું ભાગ્ય ફુટયું સમજવું. આટલા બધામાં પોતાને કહેવાય એ તો પોતાને ભાગ્યશાળી માને. અયોગ્યને કે અપાત્રને કહેવાય ? આમ કહીએ તો કહેશે કે 'મહારાજ ઠગવા માગે છે.' પૂર્વે પણ અગત્યના કામ તો અમુકને જ કહેવાતાં હતાં.

આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, કુમારપાળ રાજાની બધી ચિંતા કરતા, છતાં કુમારપાળ તો એમ જ કહેતા કે એમને તો અનેક, પણ મારે તો એ એક જ. વાતવાતમાં 'અમને જ કેમ ! એ ભાવના હોય ત્યાં સુધી ધર્મ પરિણમ્યો નથી. (જિ. વ. ૧૨/અંક ૯)

---

**૧૮૧. સભા : કેટલાકો એવું વિચારે છે કે પૈસા આપીને કસાઈના હાથમાંથી ગાયને છોડાવીએ તો એ પાછી બીજી લાવીને મારશે, તેથી એવો બચાવ શું કામનો ?' –આ વિચાર વ્યાજબી છે ?**

**પૂજ્યશ્રી** : એ વિચાર તદ્દન ખોટો છે. જો એવું વિચારશો તો બચાવવાનો માર્ગ જ નહિ રહે અને એના પરિણામે દયાનો પણ નાશ થશે : માટે કુવિકલ્પો તજી દયાના સ્વરૂપને સમજો. જે પ્રાણીને બચાવવો હોય જેનું દુઃખ દૂર કરવું હોય, ત્યાં બીજા આવા વિચાર જ ન હોય. હૃદયમાં એવી ઉત્તમતા કેળવો અને એવી ઉત્તમ ભાવના તથા ઉત્તમ દેખાવથી દયા તથા દાન વગેરે કરો કે એ

જોઈને હિંસક પણ અહિંસક થાય. જો યોગ્ય રીતની પ્રવૃત્તિ કરવામાં આવે, તો જરૂર સામા ઉપર છાયા પડે : શુદ્ધ હૃદયથી દયા કે દાન થાય, તો યોગ્ય એવા સામા પર છાયા પડ્યા વિના ન જ રહે. અનુકંપાને શાસ્ત્રકારે ધર્મપ્રભાવનાનું બીજ કહ્યું છે : પણ એ ક્યારે થાય ? કહેવું જ પડશે કે મુઠ્ઠી ખુલ્લી હોય તો ! મુઠ્ઠી બંધ હોય તો ન થાય. ખુલ્લી મુઠ્ઠીએ દેનારની શરમ એવી પડે કે લૂંટારો પણ શાહ બને ! ગુનેગાર પણ એની સામે નીચું જુએ ! જ્યારે બાંધી મૂઠીવાળાને કોઈ ન ગણે ને મુઠ્ઠી ખૂલે ક્યારે ? લક્ષ્મીની મૂર્ચ્છા ઊતરે તો ને ? મૂર્ચ્છા નથી ઊતરતી એના આ બધા કુવિકલ્પો છે. દુનિયાને છોડવાનું ગમતું નથી, એની જ આ ઉપાધિ છે.

દયામાં, દાનમાં, બીજાં ધર્માનુષ્ઠાનોમાં બધે જ વાણિયાવૃત્તિ આવી ક્યાંથી ? હિસાબ ગણીને આપવાનું સૂઝયું ક્યાંથી ? લાભ અને અલાભમાં આત્મા ડોલતો હોય ત્યાં તો હિસાબ ગણાય, પણ જ્યાં લાભનો નિશ્ચય જ હોય ત્યાં હિસાબ ગણવાનો હોય ? પ્રભાવના મુઠ્ઠીથી ન દેવાય, પણ ખોબે દેવાય. વ્યવહારમાં કહેવાય છે કે મહેમાનને ઘીની વાઢીથી ધીમે ધીમે ઘી ન પીરસાય : એ વાઢી તો ઊંધી જ વળવી જોઈએ : મહેમાન ભલે ના કહે, પણ જો પીરસનાર એમાં ઢીલાશ કરે તો આબરૂ જાય : એ ગૃહસ્થનું ઘર ન કહેવાય. એ જ રીત અનુકંપા દાન માટે છે. (આચારાંગ ભાગ-૪)

** બીજાને અભયદાન આપનાર જ નિર્ભય બની શકે છે.*



**કાર્મગ્રંથિક પ્રશ્નોત્તર** (પંચસંગ્રહ પ્રથમ ખંડ)

વર્તમાનમાં નિરસ ગણાતા કર્મગ્રંથ સંબંધી વિષયને પ્રશ્નોત્તરીના માધ્યમે સરસ બનાવવાના પ્રયાસ રૂપે કર્મગ્રંથના અભ્યાસીઓ માટે અત્યંત ઉપકારી અને ઉપયોગી ગ્રંથ.

**મૂળ ગ્રંથકાર :** કર્મશાસ્ત્રમર્મજ્ઞ પ્રકાણ્ડવિદ્વાન શ્રી ચંદ્રમહત્તરાચાર્ય

**રચનાકાળ :** સંભવતઃ ૯મી-૧૦મી સદી



**દીપ પ્રશ્ન**

પ્રશ્નોતર સમુચ્ચયના મૂળ નામ સાથે રચાયેલો, હીર પ્રશ્ન અને સેન પ્રશ્નની જેમ માર્ગદર્શક બને તેવો, અદ્યાવધિ અપ્રગટ ગ્રંથ. (હસ્તલિખિત પ્રતના આધારે લીપ્યન્તર-વર્તમાન ગુજરાતી ભાષામાં અવતરણ-ઉપલબ્ધ થયેલ શાસ્ત્રપાઠો સાથે)

**ગ્રંથકાર : કવિકુલ પ્રદીપ પૂ. પં. શ્રી દીપવિજયજી ગણિવર**



**પ્રાવચનિક પ્રશ્નોત્તર** (તૃત્તીય પડાવ, ચર્તુથ પડાવ, પંચમ પડાવ)

જિનવાણી-સંઘ સ્વરૂપ દર્શન-આચારાંગના પ્રવચન દરમ્યાન સભામાંથી પૂછાયેલા પશ્નોના વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્યશ્રીએ આપેલા સચોટ જવાબોનું સુંદર સંકલન.

**પ્રવચનકાર : વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્ય આચાર્ય ભગવંત**
**શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા**

---

## આગામી પ્રકાશનો

- શ્રી પંચસંગ્રહ દ્વિતીય ખંડમાંથી ચૂંટેલા પ્રશ્નોત્તરોનો સંગ્રહ.
- પૂ.આ.ભ.શ્રી લક્ષ્મીસૂરીશ્વરજી મહારાજા કૃત **પ્રશ્નોત્તર પ્રદીપ.**
- પૂ.મુ.શ્રી હંસવિજયજી કૃત **પ્રશ્નોત્તર પુષ્પમાલા.**
- **મતાંતર પ્રશ્નોત્તર**-આગમ-પ્રકરણ પ્રશ્નોત્તરાદિ ગ્રંથોમાં આવતા પ્રામાણિક મતાંતરોનો સંગ્રહ.
- ૧૧મી શતાબ્દિથી લઈ વિ.સં. ૨૦૬૫ સુધીના પૂ.આચાર્ય-સાધુ તથા સુશ્રાવકોના પ્રશ્નોત્તર ગ્રંથમાંથી ચૂંટેલા ૭-૮ હજાર પ્રશ્નોત્તરનું ૨૦૦થી અધિક વિષયોમાં અકારાદિ ક્રમે વર્ગીકરણ કરી પ્રકાશિત કરવાનું બૃહત્કાર્ય ચાલી રહ્યું છે.



પૃચ્છના
સ્વાધ્યાય
૧૧

પાર્શ્વાભ્યુદય પ્રકાશન
અમદાવાદ

978-93-83984-06-0